આયુર્વેદનો ઇતિહાસ

★

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

આયુર્વેદનો ઇતિહાસ

લેખક

સ્વ. શ્રી. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

: પ્રકાશક :
જેઠાલાલ જીવણલાલ ગાંધી
સહાયક મંત્રી
ગુજરાત વિદ્યાસભા,
ભદ્ર : : અમદાવાદ-૧

ત્રીજું સંસ્કરણ

પ્રત ૨૨૦૦

ઈ. સ. ૧૯૬૬

વિ. સં. ૨૦૨૨

*

કિંમત સાડાત્રણ રૂપિયા

: મુદ્રક :
મણિભાઈ પુ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ : અમદાવાદ

નિવેદન

આયુર્વેદના ઇતિહાસને ઓછાવધુ અંશે નિરૂપવાના ભૂતકાળમાં થયેલા પ્રયત્નોની નોંધ પ્રવેશકમાં કરી છે અને તેમાંથી મને મળેલા લાભનો ઋણસ્વીકાર પણ ત્યાં જ કર્યો છે. પણ અહીં નિરૂપણની મારી પદ્ધતિ વિશે થોડી સ્પષ્ટતા કરવાની છે. આયુર્વેદિક ગ્રન્થકારોના સમયની સંક્ષિપ્ત નોંધ કરીને આયુર્વેદિક સાહિત્યમાં જે વિષયોની ચર્ચા મળે છે તેની નોંધ સવિસ્તર કરવી એ એક પદ્ધતિ છે. જુલિયસ જોલીએ પોતાના 'મેડિસિન' નામના જર્મન ગ્રન્થમાં એ પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. જેને ઉદ્દેશીને એ લખાયો છે તે આયુર્વેદના મૂળ ગ્રન્થોથી અજાણ પ્રાચ્યવિદ્યાના પંડિતોને એવો ગ્રન્થ જ ઉપકારક થાય. પણ આ ઇતિહાસના વાંચનાર માટે આયુર્વેદિક વસ્તુનું એવું સવિસ્તર નિરૂપણ મને આવશ્યક નથી લાગતું. આયુર્વેદના મુખ્ય ગ્રન્થો સુલભ છે; ટિપ્પણીઓમાં પૂરા ઉલ્લેખો આપ્યા છે અને આ ઇતિહાસને વાંચનાર આયુર્વેદિક ગ્રન્થોથી પરિચિત હોવાનો સંભવ છે, એટલે વિશેષ માહિતીના જિજ્ઞાસુઓ મૂળ ગ્રન્થોમાં યથેચ્છ અવગાહન કરી શકશે. અહીં આયુર્વેદશાસ્ત્રના વિકાસક્રમનો ખ્યાલ આવી શકે એટલી વીગતો આપી છે. જોકે ચરક-સુશ્રુતના વર્ણન-પ્રસંગમાં આયુર્વેદનાં જુદાં જુદાં અંગોનાં વસ્તુની વીગતવાર નોંધ કરી હોવાથી વૈદ્યક સિદ્ધાન્તની નવી વાત જેમાં નથી એવા પાછળના ગ્રન્થોની નોંધ ટૂંકામાં લીધી છે.

બીજું આયુર્વેદિક ગ્રન્થકારોના સમયની બાબતમાં તો સંસ્કૃત સાહિત્યના ઇતિહાસની જે સામાન્ય સ્થિતિ છે તે જ સંદિગ્ધ અટકળોવાળી સ્થિતિ આ ઇતિહાસમાં પણ છે અને કોઈપણ ગ્રન્થકારના જીવન વિશે તો અલ્પતમ માહિતી પણ ભાગ્યે જ મળે

છે. આ સ્થિતિમાં ગ્રન્થકારોનાં ચરિત્ર સાથે એના ગ્રન્થોનો સંબંધ દર્શાવે એવો ઇતિહાસ લખવાનો તો સંભવ જ દૂર છે, પણ કાલાનુક્રમને ચુસ્તપણે વળગી રહેલું પણ શક્ય નથી, કારણ કે સમયની સંદિગ્ધતા ઉપરાંત ગ્રન્થો અને તેની ટીકાઓને એવો નિકટ સંબંધ છે કે મૂળ ગ્રન્થની વાત સાથે જ એના ઉપર બસો ચારસો વર્ષ પછી લખાયેલી ટીકાની વાત કરી લેવી જોઈએ. વળી આ સાહિત્યનો ઇતિહાસ છે, રાજકીય કે બીજા બનાવોનો ઇતિહાસ નથી; એટલે આયુર્વેદિક સાહિત્યના ભિન્નભિન્ન પ્રવાહોના સાતત્યને દૃષ્ટિ-પથમાં લેવા માટે પણ કાલાનુક્રમનું ચુસ્ત અનુસરણ જતું કરવું પડે છે. છતાં કાલાનુક્રમ નક્કી કરવાનો બનતો પ્રયાસ કર્યો જ છે. પણ આ ગ્રન્થને પુરાતત્ત્વીય ઊહાપોહનું સંગ્રહસ્થાન બની જતો અટકા-વવાની મતલબથી એ પ્રકારની સવિસ્તર ચર્ચા મૂળમાં ભાગ્યે જ કરી છે, પણ પહેલાં થયેલી ચર્ચાઓના ઉલ્લેખો ટિપ્પણીઓમાં આપીને સંતોષ માન્યો છે.

છેક વિ. સં. ૧૯૭૧માં સૂરતમાં ભરાયેલી ગૂજરાતી સાહિત્ય પરિષદમાં આપેલા 'ગૂજરાતનું વૈદ્યક સાહિત્ય' એ નિબંધ દ્વારા આયુર્વેદના ઇતિહાસને લગતી ચર્ચાનો મેં આરંભ કર્યો અને સં. ૧૯૭૪માં 'આયુર્વેદવિજ્ઞાન' માસિક શરૂ કર્યા પછી આયુર્વેદનો ઇતિહાસ કોઈક દિવસ લખવાની ધારણાથી 'આયુર્વેદવિજ્ઞાન'માં ઐતિહાસિક ઊહાપોહના લેખો—સ્વતંત્ર કે અનુવાદાત્મક—ચાલુ પ્રકટ થયા કરે એવો પ્રયત્ન જારી રાખ્યો. પરિણામે ઠીક સામગ્રી એકઠી થઈ ગઈ હતી અને આ ઇતિહાસ લખતાં પહેલાં થઈ ગયેલા ઐતિહાસિક ઊહાપોહની પુનરુક્તિ કરવાની જરૂર ન હોવાથી મૂળમાં નિર્ણયો આપવાનું અને ટિપ્પણીઓમાં પહેલાં પ્રસિદ્ધ થયેલ ચર્ચાઓના ઉલ્લેખો આપવાનું ધોરણ રાખ્યું છે. ઉલ્લેખોમાં 'આયુર્વેદવિજ્ઞાન' વિશેપ પ્રમાણમાં જોવામાં આવશે; તેનો આ ખુલાસો છે.

આયુર્વેદના મુદ્રિત–અમુદ્રિત સર્વ ગ્રન્થોની એક યાદી પ્રકટ થાય એ બહુ જરૂરનું છે, પણ હજી સુધી એવી સંપૂર્ણ યાદી પ્રકટ થઈ નથી. અમુક અમુક પુસ્તકાલયોની યાદીઓ પહેલાં તથા હાલમાં બહાર પડી છે, પણ એ ઉપરથી એક સંપૂર્ણ યાદી તૈયાર કરવાનો પ્રયત્ન થયો નથી. આયુર્વેદના ઇતિહાસ માટે એવી યાદી અગત્યનું સાધન હોવા છતાં એનો અભાવ ઇતિહાસ લખવામાં નડવાનું કારણ નથી. આયુર્વેદનો સળંગ ઇતિહાસ ઉકેલી શકાય એટલું પ્રત્યેક યુગનું આયુર્વેદિક સાહિત્ય પ્રસિદ્ધ થઈ ગયું છે.

દક્ષિણ ભારતના આયુર્વેદિક સાહિત્યનું જુદું પ્રકરણ કરવું પડ્યું છે. ત્યાંના ઘણા ગ્રન્થો હજી દેવનાગરી લિપિમાં ઉપલબ્ધ નથી, એટલે ફક્ત નામો ઉતારીને સંતોષ માન્યો છે.

ઈ. સ. ૧૩મા ૧૪મા શતક પછીનાં છસો વર્ષમાં ઘણી નાની-મોટી ગ્રન્થરચના થઈ છે. એમાંથી વધારે વપરાતા ગ્રન્થોની વીગતો આપી છે, જ્યારે બાકીનાની છેવટ એક યાદી આપી છે. અલબત્ત, આ યાદી સંપૂર્ણ નથી.

આધુનિક સમયનું વીગતવાર ઐતિહાસિક અવલોકન કરવા જતાં જુદું પુસ્તક થાય એટલી માહિતી ઉપલબ્ધ છે, પણ અહીં તો આધુનિક આયુર્વેદિક પ્રવૃત્તિના ભિન્ન ભિન્ન પ્રકારોની જ નોંધ, આયુર્વેદના સમગ્ર ઇતિહાસમાં આધુનિક સમયનું સ્થાન દર્શાવવા પૂરતી, કરી છે.

મુંબઈ,
કાર્તિક, સં. ૧૯૯૮

દુર્ગાશંકર કે. શાસ્ત્રી

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
પ્રથમ ખંડ	
પ્રવેશક	૩
વૈદિક સમય અને અશ્વિદેવો	૧૨
વેદમાં આયુર્વેદનાં બીજો	૧૫
વેદકાલીન વૈદ્ય	૨૨
વૈદિક ઔષધશાસ્ત્ર	૨૨
વૈદિક શારીર	૨૪
શારીર ક્રિયા	૩૦
રોગવિજ્ઞાન	૩૨
નિદાન	૪૦
કૃમિવિજ્ઞાન	૪૨
શલ્યતંત્ર વગેરે વિષયો	૪૪
દ્વિતીય ખંડ	
આયુર્વેદની સંહિતાઓ	૫૫
ચરક–સુશ્રુતની પરંપરા	૫૭
ભેલસંહિતા	૭૪
હારીતસંહિતા	૭૬
ધન્વંતરિ અને સુશ્રુતનો સમય	૭૬
નાગાર્જુન	૮૦
કાશ્યપસંહિતા અથવા વૃદ્ધજીવકતંત્ર	૮૩
ચરક–સુશ્રુત–ભેલનું પૌર્વાપર્ય	૮૫
ગાય, અશ્વ અને હાથીનું વૈદ્યક	૮૮
પાલકાપ્યનો હસ્ત્યાયુર્વેદ	૯૨
વિલુપ્ત તંત્રો અને સંહિતાઓ	૯૫
પ્રાચીન બૌદ્ધ સાહિત્ય અને આયુર્વેદ	૯૮
અર્થશાસ્ત્ર અને આયુર્વેદ	૧૦૦

કામશાસ્ત્ર અને આયુર્વેદ ૧૦૩
મહાભારત, પુરાણુ અને આયુર્વેદ ૧૦૪
આયુર્વેદ અને દર્શનો તથા ધર્મશાસ્ત્રો ૧૦૬
બીજા દેશોના વૈદ્યક સાથે આયુર્વેદનો સંબંધ ... ૧૦૮
ચરક–સુશ્રુતનું વૈદ્યક ૧૧૪
સંહિતાકાલીન વૈદ્ય ૧૧૫
આયુર્વેદના શારીરાદિ વિષયો ૧૨૪

તૃતીય ખંડ

વાગ્ભટ ૧૫૪
વૃદ્ધત્રયીના ટીકાકારો ૧૬૩
સુશ્રુતના ટીકાકારો ૧૬૫
વાગ્ભટની ટીકાઓ ૧૬૮
વૈદ્યકના સંગ્રહગ્રંથો અને તેના લેખકો ૧૭૪

ચતુર્થ ખંડ

રસવિદ્યા અને રસગ્રંથો ૧૮૭
રસતંત્રોનો યુગ ૧૯૧

પંચમ ખંડ

દક્ષિણ ભારતનું વૈદ્યક ૨૦૯

ષષ્ઠ ખંડ

નિઘંટુઓ ૨૧૭

સપ્તમ ખંડ

પાછલા સંગ્રહગ્રંથો ૨૨૬
નાડીવિદ્યા વગેરે ૨૨૬
આધુનિક સમય ૨૪૫
ઉપસંહાર ૨૬૧
શબ્દસૂચી ૨૬૩

ગુજરાત સરકારનાં ઇનામને પાત્ર ઠરેલાં

શરીરસ્વાસ્થ્ય અને આરોગ્યને લગતાં

મહત્ત્વનાં પ્રકાશનો

કાયાની કરામત ભાગ ૧ અને ૨

પૃ. ૨૭૪ + ૩૩૪

- લેખક -

ડૉ. શિવપ્રસાદ કે. ત્રિવેદી

દરેક ભાગની કિંમત રૂ. ૪/-

માંદગીનાં મૂળ

અથવા

જીવનમાં સાજા રહેવાની કળા

પૃ. ૬૦૮

- લેખક -

ડૉ. શિવપ્રસાદ કે. ત્રિવેદી

કિંમત રૂ. ૭-૫૦

ગુજરાત વિદ્યાસભા : ભદ્ર, અમદાવાદ-૧

આયુર્વેદનો ઇતિહાસ

પ્રવેશક

યુરોપીય પ્રાચ્ય તત્ત્વવેત્તાઓમાંના મોટા ભાગે એવો અભિપ્રાય ફેલાવ્યો છે કે પ્રાચીન ભારતીય લોકોએ આધ્યાત્મિક, ધાર્મિક અને તાર્કિક વિષયોનો જ વિચાર કર્યો છે; ભૌતિક વિષયોને તો સ્પર્શ જ કર્યો નથી. પરિણામે ભૌતિક—પ્રત્યક્ષ ઉપલબ્ધ વિષયોને સમજવાની અશક્તિ હિન્દુઓમાં વંશપરંપરાથી ઊતરી આવી છે. અત્યારે આ દેશના વતનીઓની બુદ્ધિ ભૌતિક વિષયોને ગ્રહણ કરવા સમર્થ છે કે નહિ એ વિશે અથવા તો આ વિષયમાં તેઓની બુદ્ધિશક્તિની ઇયત્તાનાં ઐતિહાસિક કારણો વિશે વિચાર કરવાનો આ પ્રસંગ નથી; પણ પ્રાચીન ભારત ઉપરનો ઉપલો આરોપ સર્વાંશે ખરો નથી એમ આયુર્વેદિક સાહિત્યનો ઇતિહાસ જોતાં સ્પષ્ટ દેખાય છે.

આપણા પૂર્વજોએ અધ્યાત્મવિદ્યામાં તથા ધર્મવિચારમાં અસાધારણ ઉન્નતિ પ્રાપ્ત કરી હતી એ વાત ખરી છે, પણ બધા આર્યો વનમાં બેસીને અધ્યાત્મચિંતન, ધર્મચિંતન કે કાવ્યાદિની રચનામાં ગૂંથાયેલા રહેતા અને જગતમાં શું ચાલે છે, કેમ ચાલે છે, એ બાબતનો એમને વિચાર જ નહોતો આવતો એવી યુરોપીય વિદ્વાનોની કે તેઓને અનુસરનાર કેટલાક અત્રત્ય વિદ્વાનોની માન્યતા જ્યોતિઃશાસ્ત્રના કે આયુર્વેદના વિશાળ સાહિત્યને જોતાં અથવા અર્થશાસ્ત્ર કે મહાભારતના અભ્યાસદ્વારા તત્કાલીન સમાજસ્થિતિનું ચિત્ર જોતાં, યથાર્થ નથી લાગતી.[1] ઊલટું,

---

૧. કવિવર રવીન્દ્રનાથ ઠાકુર આપણી પ્રાચીન સભ્યતાને ઉપવનની સભ્યતા કહે છે તે પણ ઐતિહાસિક દૃષ્ટિએ અર્ધસત્ય છે.

પોતાની આસપાસના જગતમાં શું ચાલે છે એનું સૂક્ષ્મ અવલોકન કરતા અને પોતાનાં અવલોકનોનાં ફળોનો, સાહિત્યદ્વારા, ઉપદેશદ્વારા તથા વ્યવહારમાં સાક્ષાત્ ઉપયોગદ્વારા જગતને લાભ આપવા આ દેશમાં સર્વત્ર ઘૂમતા ઉત્સાહી આર્યોનું ચિત્ર ખડું થાય છે.

વર્તમાનકાળમાં પ્રયોગપદ્ધતિથી તથા સૂક્ષ્મદર્શકયંત્ર, દૂરદર્શકયંત્ર વગેરે ઉપકરણોની મદદથી જે અનેક વિજ્ઞાનશાસ્ત્રોનો અપૂર્વ વિકાસ થયો છે તેનો તો પ્રાચીનકાળમાં સંભવ જ નથી. પણ નરી આંખે કરેલાં સૂક્ષ્મ અને વિશાળ અવલોકનો તથા એ ઉપરથી તીક્ષ્ણ મર્મગ્રાહી બુદ્ધિ વડે પ્રાપ્ત કરેલા અનેક તલસ્પર્શી સિદ્ધાન્તો આયુર્વેદિક સાહિત્યમાં સ્થળે સ્થળે ચતુર જોનારને દેખાય છે.

કોઈ પણ દેશના પ્રાચીન કાળનાં મુખ્ય વિજ્ઞાનશાસ્ત્રો બે : (૧) વૈદું (Science of Medicine) અને (૨) જ્યોતિષ. આ બે મુખ્ય શાસ્ત્રોમાં કેટલાંક અવાંતર શાસ્ત્રોનો સમાવેશ થઈ જાય છે. ફળજ્યોતિષને બાજુએ રાખીએ, એમાં કાંઈ તથ્યાંશ છે કે નહિ એ પ્રશ્નને અનિશ્ચિત માનીએ, પણ ખગોળ અને ગણિત વિષયમાં આ દેશના પ્રાચીન આર્યોએ જે જ્ઞાન મેળવેલું તે જ્યોતિઃશાસ્ત્રના ગ્રંથોમાં જળવાઈ રહ્યું છે.[૧]

આયુર્વેદમાં પણ એકથી વધારે વિજ્ઞાનોનો સમાવેશ થાય છે. અત્યારે પાશ્ચાત્ય વૈદ્યશાસ્ત્રમાં પારંગત થવા માટે જેટલાં શાસ્ત્રોનું જ્ઞાન આવશ્યક ગણાય છે, તેટલાની જૂના વખતમાં આશા ન

---

૧. જ્યોતિઃશાસ્ત્ર આ દેશમાં કેટલું ખેડાયું હતું તે જાણવા માટે જુઓ શ્રી. શં. બા. દીક્ષિતે રચેલ 'ભારતીય જ્યોતિઃશાસ્ત્ર' (મરાઠી), તેમ જ જ્યોતિઃશાસ્ત્રના ગ્રંથોમાં કેવું ઊંચી કક્ષાનું ગણિત છે તે જોવા માટે જુઓ 'આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા'. (પુરાતત્ત્વમંદિર ગ્રન્થાવલી)માં અ. શ્રી. સ્વામીનારાયણનું વ્યાખ્યાન.

રાખી શકાય. પણ શારીર (Anatomy and Physiology) દ્રવ્યગુણશાસ્ત્ર (Materia Medica, Pharmacy), કાયચિકિત્સા, રોગવિજ્ઞાન (Pathology), શલ્ય અને શાલાક્ય તંત્ર (Surgery), પ્રસૂતિતંત્ર (Midwifery & Gynaecology), કૌમારભૃત્ય (Paediatrics), અગદતંત્ર, ((Toxicology), પશ્વાયુર્વેદ (Veterinary Science) વગેરે અનેક વિષયોનું થોડુંઘણું જ્ઞાન પ્રાચીન વૈદ્યોને હતું એમ આયુર્વેદિક સાહિત્ય જોતાં જણાય છે. આ ભૌતિકશાસ્ત્રોનું પ્રાચીન સ્વરૂપ આજના પાશ્ચાત્ય ધોરણથી માપવું ન જોઈએ. એ જમાનામાં બીજા દેશોએ આ વિષયોમાં કેટલી નિપુણતા મેળવી હતી એ ધ્યાનમાં રાખતાં અને એ વખતની સાધનસંપત્તિ જોતાં પ્રાચીન આર્યોએ કેટલી વૈજ્ઞાનિક ગ્રહણશક્તિ (Scientific insight) કેળવી હતી એ જ જોવાનું છે. આપણાં દુર્ભાગ્યે પાછળથી વૈજ્ઞાનિક શોધખોળની બુદ્ધિ આપણા પૂર્વજોમાં ઓછી થઈ ગઈ અને પંડિત વૈદ્યોએ જૂના ગ્રન્થોના અધ્યયનમાં જ સંતોષ માનવા માંડ્યો એટલે ઉપર કહેલાં આયુર્વેદાંગભૂત શાસ્ત્રોનો વિશેષ વિકાસ થયો નહિ; પણ વૈદ્યકને લગતા દરેક વિષયમાં બે હજાર વર્ષ પૂર્વે આયુર્વેદના આચાર્યો કેવા ઉત્સાહથી શોધખોળ કરતા હતા, એમનું અવલોકન કેટલું વિશાળ તથા સૂક્ષ્મ હતું, અને અવલોકનને પરિણામે તેઓ કેવા પ્રમાણપુરઃસર સચોટ સિદ્ધાંતો બાંધતા, એ સમજવા માટે પ્રાચીન આયુર્વેદિક ગ્રન્થો ઉત્તમ સાધન છે.

પ્રાચીન ભારતીય આર્યોની બુદ્ધિની ઉન્નતિ અને અવનતિનો ક્રમ આયુર્વેદના ઇતિહાસમાં અતિ સ્પષ્ટ દેખાય છે. કેટલાક ઇતિહાસપર્યેષકોના મત પ્રમાણે વૈદ્યકવિદ્યાની ઉન્નતિ–અવનતિ ઉપરથી અને એ વિદ્યાની પ્રજામાં થતી કદર ઉપરથી તે તે પ્રજાની સભ્યતાનું માપ નીકળે છે. આ ધોરણ યથાર્થ હો કે ન હો, પણ

આ દેશના ઇતિહાસમાં તો વૈદ્યકવિદ્યાની ઉન્નતિ સાથે આપણી સભ્યતાની, અનેક વિદ્યાઓની તથા કળાઓની પણ ઉન્નતિ થતી દેખાય છે, અને એની અવનતિ સાથે અવનતિ થતી દેખાય છે. ખરી રીતે સર્વ ઉન્નતિનું મૂળ પ્રજાની જીવનશક્તિ છે; અને એ શક્તિના વૃદ્ધિહ્રાસની વૈદ્યકવિદ્યા સારી નિદર્શક છે એટલી વાત નિર્વિવાદ લાગે છે.

'સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ'ના લેખક તરીકે પ્રસિદ્ધ એ. એ. મૅક્ડોનલનાં નીચેનાં વચન ઉપરથી પાશ્ચાત્ય સંસ્કૃતજ્ઞોની વૃત્તિ સ્પષ્ટ દેખાશે:

'પ્રાચીન હિંદીઓના વૈદ્યકગ્રંથોની ખરી કીમત વિશે જે તજ્જ્ઞોએ એ પુસ્તકો તપાસ્યાં છે તેમનો અભિપ્રાય ઊંચો નથી. હિંદુઓની બુદ્ધિએ આ દિશામાં કાંઈ મહાન કર્યું હોય એ સંભવિત નથી, કારણ કે તેણે ભૌતિક વિજ્ઞાન વિશે કદી પણ વલણ બતાવ્યું નથી. શસ્ત્રવિદ્યામાં કાંઈ પણ કીમતી કામ કર્યાનો દાવો હિંદ રાખી શકે તો તે કૃત્રિમ નાક બનાવવાનો છે.'[1]

આ વચનોની પ્રેરક વૃત્તિ સ્પષ્ટ છે. એને વિવેચનની અપેક્ષા નથી. છેલ્લી વાત કબૂલ કર્યા વગર છૂટકો નહોતો, કારણ કે યુરોપીય શસ્ત્રચિકિત્સકો કાપેલાં નાકકાન સાજાં કરવાની શસ્ત્રક્રિયા

---

૧. 'With regard to the intransic value of the works of the old Indian writers on medicine, the opinion of competent judges who have hitherto examined them is not favourable. Nor is it likely that the Indian mind, since it never showed any aptitude for natural science, should have accomplished anything great in this direction. Probably only valuable contribution to surgery to which India can lay claim is the art of forming artificial noses.'

—'Imperial Gazetteer of India,' Vol. II, p. 266

(Rhinplasty) હિંદુસ્તાનમાંથી આધુનિક કાળમાં જ શીખ્યા છે એ ઇતિહાસપ્રસિદ્ધ હકીકત છે. પણ આ એક જ કળા અકસ્માત્ કેમ ઉદ્ભવે? એની પછવાડે શારીર વગેરે શાસ્ત્રોનું જ્ઞાન હોવું જોઈએ, એટલો પણ વિચાર મેક્ડોનલ સાહેબને આવ્યો નથી--કારણ કે હિંદુઓમાં ભૌતિક શાસ્ત્રોનું જ્ઞાન સંભવે જ નહિ એ દૃઢ માન્યતા. આવા પૂર્વગ્રહનો જ બીજો દાખલો જોવો હોય તો "હિંદુઓની વૈદ્યકવિદ્યાનો દશમાથી સોળમા શતકમાં વિકાસ થયો છે અને વાગ્ભટ્ટ, માધવ તથા શાર્ઙ્ગધરના ગ્રન્થોમાં ચરક અને સુશ્રુતનાં બીજ છે" એવો જર્મન પ્રાચ્યતત્ત્વવિદ્ હાસનો મત છે. આ અનુમાન કેટલું હાસ્યાસ્પદ છે એ કહેવાની જરૂર જ નથી. આ દેશના સામાન્ય વૈદ્યો પણ ચરક સુશ્રુત મૂળ ગ્રન્થો છે અને એ ઉપરથી વાગ્ભટ્ટ માધવે ગ્રન્થો લખ્યા છે એટલું જાણે છે. વાગ્ભટ્ટ અને માધવ ચરક સુશ્રુતનો વારંવાર નામથી નિર્દેશ કરે છે. ડૉ. હર્નલ પોતે હાસના ઉપર કહેલા મતને એક મશ્કરી જ ગણે છે. મેક્ડોનલ અને હાસના મતો પાશ્ચાત્ય વિદ્વાનોની આ વિષયની સામાન્ય વૃત્તિના નમૂનારૂપ છે. પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી જોલી હર્નલ જેવાના પ્રયાસોને લીધે આ વલણમાં સુધારો થયો છે. અને એ શુદ્ધ થયેલી દૃષ્ટિના દાખલારૂપે ન્યુબર્ગર (Neuberger)નો અભિપ્રાય ટાંકી શકાય. એ વિદ્વાન કબૂલ કરે છે કે "હિંદુઓનું વૈદ્યક કદાચ એ લોકોની ઉત્તમોત્તમ સિદ્ધિઓને નહિ પહોંચતું હોય, પણ એ શિખરની નજીક તો પહોંચે જ છે. અને જ્ઞાનની સમૃદ્ધિ, તર્કની તલસ્પર્શિતા અને વ્યવસ્થિત વિચારણાને લીધે પ્રાચ્ય વૈદ્યકમાં અગ્રસ્થાન લે છે."[૧]

---

૧. 'The medicine of the Indians, if it does not equal the best achivements of their race, at least nearly approaches them, and owing to its wealth of knowledge, depth of speculation and systematic considera-

આમ અભિપ્રાયમાં સુધારો થયા છતાં ખેદ સાથે કહેવું પડે છે કે સંસ્કૃત સાહિત્યની સર્વ શાખાઓનો અતિ ઝીણવટથી અને ઊંડા ઊતરીને અભ્યાસ કરનાર પ્રાચ્યવિદોએ આયુર્વેદના પ્રાચીન ગ્રન્થોને ઘણાં વર્ષો સુધી એ રીતે જોયા નહિ, અને એ વિષયમાં મત આપવાના જે અધિકારીઓ એટલે કે દાક્તરો તેઓ તો સ્વાભાવિક રીતે પૂર્વગ્રહગ્રસ્ત; પરિણામે આયુર્વેદિક સાહિત્યની પ્રમાણમાં ઉપેક્ષા થઈ છે.

છતાં આયુર્વેદના ઇતિહાસને ઉકેલવાના પ્રયત્નોનોય ઇતિહાસ છે. વિલ્સન, રોયલ અને વાઇઝનાં લખાણો સૌથી જૂનાં છે. વિલ્સનનો પહેલો લેખ છેક ઈ. સ. ૧૮૨૩ માં અને રોયલનો ગ્રન્થ ઈ. સ. ૧૮૩૭ માં પ્રકટ થયેલો, જ્યારે વાઇઝનાં લખાણો ઈ. સ. ૧૮૪૦ અને ૧૮૪૬ માં પ્રગટ થયેલાં.[૧]

અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલાં આ લખાણો ઉપરાંત સ્ટેન્ઝલર અને લેસેન જેવાનાં ફ્રેન્ચમાં તથા શ્રોડર આદિનાં જર્મન ભાષામાં જૂના વખતમાં લખાણો થયાં છે. વળી પ્રાચ્યવિદ્યાના પંડિતોએ પ્રાચ્યવિદ્યાને લગતાં વિવિધ સામયિકોમાં વારંવાર

---

tion takes an outstanding place in the history of oriental medicine.' Neuberger : 'History of Medicine' Trans. by Playfair, Vol. I, p. 437.

૧. (1) **Wilson**—On the Medical and Surgical Sciences of the Hindus ('Oriental Magazine', 1823)
Indian Physicians at Bagdad, 'J. R. A. S.'

(2) **Royle**—'An Essay on the Antiquity of Hindu Medicine,' London, 1837.

(3) **Wise**—'Commentary on the Hindu System of Medicine', Calcutta, 1845. London 1860.
'Medical Knowledge of the Hindus', 'Lancet', Vol. II, 1860.

આયુર્વેદના ઇતિહાસને લગતા વિવિધ વિષયોને સ્પર્શતાં લખાણો આપ્યાં હોય એ સ્વાભાવિક છે, જોકે એ સર્વની અહીં નોંધ કરવી અનાવશ્યક છે.[૧] પણ છેલ્લાં સાઠ વર્ષમાં પાશ્ચાત્ય તેમ જ અત્રત્ય પુરાવિદોએ એક પ્રાચીન વિદ્યા તરીકે તથા વૈદ્યોએ તેમ જ આયુર્વેદપ્રેમી દાક્તરોએ વૈદ્યકવિદ્યાના રસથી આયુર્વેદના ઇતિહાસને ઉકેલવાના જે પ્રબળ પ્રયત્નો કર્યા છે તેની દિગ્દર્શક નોંધ અહીં કરવી જોઈએ.

ઈ. સ. ૧૮૮૦ માં મુંબઈના ડૉ. અન્ના મોરેશ્વર કુન્તે બી. એ., એમ. ડી. એમણે સટીક 'અષ્ટાંગહૃદય'નું સંપાદન કરતાં તેની પ્રસ્તાવનામાં આયુર્વેદના ઇતિહાસની ચર્ચા કરી છે. પછી 'વૈદ્યક શબ્દસિન્ધુ' નામથી વૈદ્યક શબ્દોનો કોશ ઈ. સ. ૧૮૯૪ માં છપાવતાં તેના સંપાદક કવિરાજ શ્રી ઉમેશચન્દ્ર ગુપ્તે આયુર્વેદના ઇતિહાસનું ટૂંકું અવલોકન કર્યું છે. પણ ગ્રન્થાકારે તો આયુર્વેદના ઇતિહાસનો પહેલો ગ્રન્થ ગોંડલના ઠાકોર સાહેબ સર ભગવતસિંહજીનો ઈ. સ. ૧૮૯૬ માં બહાર પડેલો 'એ શૉર્ટ હિસ્ટરી ઑફ આર્યન મેડીકલ સાયન્સ'[૨] જ છે.

જોકે સૂક્ષ્મ અને સ્વતંત્ર અન્વેષણનો દાવો કરી શકે એવું આ પુસ્તક નથી, પણ તે પ્રથમ હોવાથી પાછળનાઓને ઠીક ઠીક ઉપયોગમાં આવ્યું છે. પણ ઊંડા અભ્યાસની અને ઐતિહાસિક અન્વેષણની સ્પષ્ટ પ્રતીતિ કરાવતું, આયુર્વેદના ઇતિહાસનું પહેલું

૧. શ્રી. ગિરીશચંદ્ર મુખોપાધ્યાયના 'હિસ્ટરી ઑફ ઇંડિયન મેડીસીન'ના બીજા ગ્રંથમાં પૃ. ૮૧ થી ૮૭માં 'બિબ્લિઓગ્રાફી ઑફ વર્ક્સ ઑન ઇંડિયન મેડીસીન' આપેલ છે તે જિજ્ઞાસુએ જોવી.

૨. આ અંગ્રેજી પુસ્તકનું શ્રી. ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતાએ કરેલું ગુજરાતી ભાષાન્તર સયાજી સાહિત્યમાળાના ૧૦૦ મા પુષ્પ તરીકે વડોદરાથી પ્રસિદ્ધ થયું છે. પણ દિલગીરી સાથે કહેવું પડે છે કે અતિશય બેદરકારીથી કરવામાં આવેલું હોઈને એ નિરુપયોગી નીવડયું છે.

પુસ્તક તો ઈ. સ. ૧૯૦૧ માં ‘ એન્સાઇક્લોપીડિયા ઑફ઼ ઇંડો–આર્યન રીસર્ચ ’ના એક મણકા તરીકે પ્રકટ થયેલું પ્રો. જુલિઅસ જોલીએ જર્મન ભાષામાં લખેલું ‘ મેડીસીન ’ છે. પછીના પુરાવિદોએ એનો છૂટથી ઉપયોગ કર્યો છે.

તે પછી એ. એફ઼. રૂડોલ્ફ઼ હર્નલે આયુર્વેદના ઐતિહાસિક અન્વેષણને લગતા પ્રકીર્ણ લેખો પુરાતત્ત્વનાં સામયિકોમાં લખીને, ‘ મેડીસીન ઑફ઼ એનશંટ ઇંડિયા ’, ગ્ર. ૧, જેના ઉપોદ્‌ઘાતમાં આયુર્વેદના ઇતિહાસનું નિરૂપણ છે તે, ઈ. સ. ૧૯૦૭ માં પ્રગટ કરીને તથા ‘ નાવનીતક ’ જેવા ગ્રન્થના સંપાદનથી તથા તેના ૧૯૧૪ માં લખેલા ઉપોદ્‌ઘાતથી આયુર્વેદના ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે.

આ સમય દરમિયાન જ પ્રખર રસશાસ્ત્રપંડિત પ્રફુલ્લચન્દ્ર રાયે ઈ. સ. ૧૯૦૨ અને ૧૯૦૯ માં પ્રકટ કરેલા ‘ હિસ્ટરી ઑફ઼ હિન્દુ કેમિસ્ટ્રી ’ના બે ભાગના ઉપોદ્‌ઘાતમાં આયુર્વેદના ઇતિહાસનું તથા રસશાસ્ત્રના સેતિહાસ મૂલ્યનું નિરૂપણ કર્યું છે.[૧] એ જ અરસામાં કવિરાજ શ્રી વિરજાચરણ ગુપ્તે ઈ. સ. ૧૯૦૮ માં પ્રગટ કરેલા ‘ વનૌષધિદર્પણ ’ના ઉપોદ્‌ઘાતમાં આયુર્વેદિક સાહિત્યનું બંગાળીમાં વિવરણ કર્યું છે. પણ આ સર્વથી ઐતિહાસિક નિર્ણયોની અને મૌલિકતાની બાબતમાં ચડી જાય એવો તો મ. મ. કવિરાજ ગણનાથ સેન સરસ્વતીનો ઈ. સ. ૧૯૧૩ માં પ્રકટ થયેલા ‘ પ્રત્યક્ષ શારીર ’નો સંસ્કૃત ઉપોદ્‌ઘાત છે. પછી ઈ. સ. ૧૯૨૩ થી ૨૭ સુધીમાં ‘ હિસ્ટરી ઑફ઼ ઇંડિયન મેડીસીન ’ના ત્રણ ગ્રન્થો પ્રકટ

૧. આ ‘ હિસ્ટરી ઑફ઼ હિન્દુ કેમિસ્ટ્રી ’ નું ભાષાન્તર (જોકે એને ભાષાન્તર કહ્યું છે પણ છે સાર જ) રા. પર્જન્યરાય વૈકુંઠરાય મેઢ એમ. એ., બી. એસસી.નું ગુ. વ. સો. એ. સં. ૧૯૭૩ માં પ્રકાશિત કર્યું છે. પણ એ અસહ્ય દોષોથી દૂષિત છે. એ ભાષાન્તરના દોષોના દાખલાઓ માટે જુઓ આયુર્વેદવિજ્ઞાન ’, પુ. ૪, પૃ. ૩૧૧ ઉપર લખેલું અવલોકન.

કરીને કવિરાજ ડૉ. ગિરીશચન્દ્ર મુખોપાધ્યાયે આયુર્વેદની ઐતિહાસિક ચર્ચામાં ભારે અર્પણ કર્યું છે. પછી પં. હરિપ્રપન્નજીએ ઈ. સ. ૧૯૨૮ માં ' રસયોગસાગર 'ના ઉપોદ્ઘાતમાં વૈદિક આયુર્વેદનું ઘણું વિવરણ કર્યું છે, અને છેવટ નેપાળ–રાજગુરુ પં. હેમરાજ શર્માએ ઈ. સ. ૧૯૩૯માં ' કાશ્યપસંહિતા 'ના સ્વતંત્ર ગ્રન્થ જેવા ઉપોદ્ઘાતમાં આયુર્વેદના પ્રાચીન ઇતિહાસનો અતિ વિસ્તારથી તથા પુષ્કળ ઊહાપોહ કરીને વિચાર કર્યો છે.[૧]

મેં ઉપર નોંધેલા ઐતિહાસિક વિવરણના પ્રયત્નોનો બનતો લાભ લીધો છે. જોકે અંગ્રેજી સિવાયની ફ્રેંચ, જર્મન વગેરે ભાષામાં લખાયેલું સાહિત્ય મેં નથી જોયું, પણ મેં જે નિરૂપણ કર્યું છે તે ઉપર કહેલા ગ્રન્થોમાંથી કોઈ પણ એક અથવા વધારેના અનુવાદરૂપ કે સારરૂપ નથી. પણ આયુર્વેદના મૂળ ગ્રન્થોના અવલોકન ઉપરથી તથા સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં તેમ જ આ દેશના સાંસ્કૃતિક ઇતિહાસમાં આયુર્વેદિક સાહિત્યનું જે સ્થાન મને દેખાય છે તે ઉપરથી સ્વતંત્ર રીતે કરેલું છે.

આયુર્વેદનો સંપૂર્ણ અને વિગતવાર ઇતિહાસ લખવાનો અહીં ઉદ્દેશ નથી. એ માટે થવો જોઈએ તેટલો ઐતિહાસિક ઊહાપોહ થયો નથી. હજી ઘણાં સંદેહસ્થાનો છે. આયુર્વેદના ગ્રન્થો પણ હજી પૂરા છપાયા નથી. જે છપાયા છે તે પણ સુવિવેચિત સંપાદનો નથી. તેમ ગ્રન્થનું કદ પણ મર્યાદિત રાખવાનું હોઈને આ સંક્ષિપ્ત ઐતિહાસિક નિરૂપણ છે.

વળી આ નિરૂપણમાં મારું લક્ષ્ય આયુર્વેદની પ્રાચીનતા કે મહત્તા સ્થાપવાનું પણ નથી; મને આયુર્વેદિક વિચારોનો જે ક્રમ દેખાયો છે તેનું સામાન્ય ચિત્ર દોરવાનું છે.

---

૧. આયુર્વેદના ઇતિહાસ સંબંધી ઉપલબ્ધ સાહિત્યની ઉપલી નોંધ કેવળ દિગ્દર્શક છે, સંપૂર્ણ નથી; એની જરૂર પણ નથી. છતાં જિજ્ઞાસુને એ નોંધમાં ઉલ્લેખિત ગ્રન્થોમાંથી વિશેષ માહિતી જરૂર મળી રહેશે.

વૈદિક સમય અને અશ્વિદેવો

વૈદ્યકનો આરંભ ખરી રીતે મનુષ્યના સામાજિક જીવનના આરંભથી શરૂ થાય છે એમ કહી શકાય. સ્વાભાવિક પ્રેરણાને વશ થઈ કેટલાંક પ્રાણીઓ પણ ઝેરી વનસ્પતિના વારણરૂપ વનસ્પતિને શોધી કાઢી તેનો ઉપયોગ કરે છે, એમ કેટલીકવાર કહેવામાં આવે છે. એ સાચું હોય કે ન હોય, પણ જંગલી મનુષ્યોને વૈદ્યક કહી શકાય એવું કાંઈક જ્ઞાન હોય છે એ તો ચોક્કસ છે, અને આ દેશના મૂળ વતનીઓ પછી જેને સિન્ધુ સંસ્કૃતિ કહેવામાં આવે છે અને જેની નિશાનીઓ મોહેન્જો ડેરો, હરપ્પા વગેરે સ્થળોમાંથી મળી છે[૧] તે લોકો અને દ્રાવિડ જાતિના લોકો[૨] એ બધા પાસે કાંઈક વૈદ્યકજ્ઞાન હતું, અને વૈદિક કાળના પ્રાચીન આર્યોમાં જે પહેલા વૈદ્યો થયા તેઓએ આ મૂળ વતનીઓના વૈદ્યકજ્ઞાનનો કાંઈક લાભ લીધો છે એમ મને લાગે છે.

અશ્વિદેવવિષયક તેમ જ રુદ્રવિષયક વૈદિક કથાઓમાં એ બે દેવોને બીજા કરતાં કાંઈક હલકા ગણવાની જે વાત આવે છે તેનું મૂળ આર્યેતર લોકો અને વૈદિક આર્યો વચ્ચેના વૈદ્યક સંબંધી તથા લિંગપૂજા સંબંધી વ્યવહારમાં રહેલું છે. અશ્વિદેવોને બીજા દેવો કરતાં હલકા ગણવાનો પહેલો ઉલ્લેખ તૈ. સં. (૬–૪–૯–૩), મૈ. સં. (૪–૬૨), શતપથ બ્રાહ્મણ (૪–૧–૫–૧૪) વગેરે બ્રાહ્મણોમાં

---

૧. કોલસા જેવો કાળો પદાર્થ મોહેન્જો ડેરોના ખોદકામમાંથી મળ્યો છે, જે શિલાજિત હોવાનો સંભવ જૂની શોધખોળ ખાતાના કેમિસ્ટના મતે છે. જો એ સાચું હોય તો ઘણું સૂચક છે. ('Mohenjo-daro and its Civilization' Vol. II; કાશ્યપસંહિતાનો ઉપોદ્ઘાત, પૃ. ૨૨૪, ૧.)

૨. ઐતિહાસિક કાળમાં જે દ્રાવિડ વૈદ્યક તરીકે ઓળખાય છે, તેમાં સ્થાનિક અંશો હોવા છતાં એ મુખ્યત્વે આયુર્વેદની જ એક શાખા છે, પણ ઉપર જે કહ્યું છે તે તો પ્રાગ્વૈદિક કાળના દ્રાવિડો વિશે છે.

મળે છે. અને તેમાં વૈદ્યક ધંધા (ભેષક) સાથે સંબંધ હોવાને લીધે મનુષ્યના સમાગમમાં આ દેવોને આવવું પડે છે, માટે તેઓ યજ્ઞના ભાગને લાયક નથી એમ કહેલું છે. આ કથનનો ઐતિહાસિક દૃષ્ટિથી વિચાર કરીએ તો વૈદિક આર્યોમાંથી વૈદ્યક ધંધો કરનારા આર્યો ધંધાનાં કેટલાંક રહસ્યો પડોશી અનાર્યો પાસેથી શીખવા માટે તેઓના સંબંધમાં આવ્યા હોય અને પાછલા બ્રાહ્મણકાલમાં અનાર્યો સાથેના વ્યવહાર તરફ તિરસ્કાર વૃત્તિ ઉત્પન્ન થતાં વૈદ્યોના દેવ ગણાતા અશ્વિદેવો યજ્ઞના ભાગ માટે અયોગ્ય હોવાની દંતકથા ઉત્પન્ન થઈ હોય એવી મારી કલ્પના છે.

અશ્વિદેવો પુરાણોમાં દેવવૈદ્ય તરીકે પ્રસિદ્ધ છે. અને આયુર્વેદિક સાહિત્યની સંપ્રદાયપરંપરામાં અશ્વિદેવો પાસેથી ઇન્દ્રે આયુર્વેદનું જ્ઞાન મેળવ્યું અને તેની પાસેથી ભરદ્વાજે મેળવ્યું એવું સ્પષ્ટ કથન છે. છતાં વેદમાં અશ્વિદેવો એટલે વૈદ્ય-દેવો એવો અર્થ નથી. નિરુક્તકાર સ્પષ્ટ કહે છે કે "દ્યાવાપૃથ્વી એ જ અશ્વિન્ અથવા દિવસ રાત એ જ અશ્વિનો. કેટલાક સૂર્ય અને ચન્દ્રને અશ્વિન કહે છે, પણ ઐતિહાસિકો 'પુણ્ય કર્મ કરનારા રાજાઓ' એવો અર્થ કરે છે."[૧] આ રીતે યાસ્ક જે ઐતિહાસિક અર્થ કરે છે તેને અશ્વિનોનો વૈદિક પર્યાય નરો ટેકો આપે છે.[૨]

ઋગ્વેદમાં અશ્વિનોને દીર્ઘ હાથવાળા અને નિત્ય યુવાન કહ્યા છે.[૩] વૈદિક મંત્રોમાંથી અશ્વિનોનું જે વર્ણન મળે છે તે ઉપરથી ગોલ્ડસ્ટકર જેવો સંસ્કૃતવિદ્ વિદ્વાન ધારે છે કે અશ્વિનોની દેવ-

---

१. तत्र कौ अश्विनौ द्यावापृथिवी इत्येके ।
अहोरात्रौ इत्येके । सूर्यचन्द्रमसौ इत्येके ।
राजानौ पुण्यकृतौ इत्यैतिहासिकाः । निरुक्त १२–१

૨. ઋ. ૧–૩–૨, ૧–૧૮૦–૪ આદિ.

૩. ઋ. ૧–૩–૧, ૭–૬૭–૧૦ આદિ.

કથામાં બે ભિન્ન તત્ત્વો એકત્ર થયેલાં છે: (૧) પ્રાકૃતિક અને (૨) માનુષ. જેમાં અશ્વિનોના પ્રકાશાત્મ રૂપનું વર્ણન છે તે નિરુક્તાનુસાર દ્યાવાપૃથિવી કે સૂર્યચન્દ્ર કે રાત્રિદિવસનું પ્રાકૃતિક રૂપ અને જેમાં વૈદ્યક ઉપચારોની વાત આવે છે તે માનુષ રૂપ.

અશ્વિદેવો વિશે વધારે વિચાર કરવાની જરૂર નથી,[૧] કારણ કે વેદમાં કાંઈ કેવળ અશ્વિદેવને વૈદ્ય કહેલ છે એમ નથી, પણ રુદ્રનેયે વારંવાર ભિષક્ (भिषक्तम) કહેલ છે.[૨] એક રીતે રુદ્રની સ્થિતિ અશ્વિદેવને મળતી છે. જેમ અશ્વિદેવને યજ્ઞમાં ભાગને યોગ્ય નહોતા ગણવામાં આવતા, તેમ જ રુદ્રને પણ નહોતા ગણવામાં આવતા. દક્ષ પ્રજાપતિએ રુદ્રને યજ્ઞમાં ન બોલાવ્યા અને રુદ્રે દક્ષ-યજ્ઞનો ભંગ કર્યો વગેરે કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે.[૩] અશ્વિ અને રુદ્ર ઉપરાંત અગ્નિ, વરુણ, ઇન્દ્ર, મરુત્ તથા સરસ્વતીને પણ ભિષક્ કહેલ છે.[૪] પણ આ પ્રકારના ભિન્ન ભિન્ન દેવને ભિષક્ કહેનારા મંત્રોમાંથી કે ભિષક્દેવવિષયક બીજા મંત્રોમાંથી કે તેની કથાઓમાંથી આયુર્વેદના વિચારોનું મૂળ પકડવા યોગ્ય કશું મળતું નથી;[૫] એટલે એનો વિચાર પડતો મૂકી આયુર્વેદિક વિચારોનો કેટલો અંશ વૈદિક સાહિત્યમાં મળે છે તે જ તપાસીએ.

---

૧. અશ્વિદેવના સમગ્ર વિષય પરત્વે જુઓ 'આયુર્વેદવિજ્ઞાન', પુ. ૨૨, અં. ૪-૫ માં પ્રકટ થયેલો 'અશ્વિદેવો અને આયુર્વેદનો ઇતિહાસ' એ લેખ.

૨. જુઓ ઋ. ૨-૩૩-૪; યજુર્વેદ ૧૬-૫.

૩. જુઓ મારો 'શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ', ૧૯૩૩, પૃ. ૬૨.

૪. અથર્વ. ૫-૨૯-૧; યજુર્વેદ ૨૧-૪, ૨૧-૧૪, ૨૧-૧૫, ૨૮-૯; ઋગ્વેદ ૨-૩૩-૧૩; યજુર્વેદ ૨૧-૩૦.

૫. જેને આ રીતે ઊંડા ઊતરવું હોય તેણે 'આયુર્વેદસંદેશ', ફરવરી, ૧૯૩૪માં 'ભિષક્ કા વૈદિક સ્વરૂપ' એ લેખ તથા 'હિસ્ટરી ઑફ ઇંડિયન મેડીસીન' ગ્રં. ૧-૨ માં અશ્વિ આદિના વિસ્તારથી ઉલ્લેખો આપ્યા છે તે જોવા.

વેદમાં આયુર્વેદનાં બીજો

પૌરાણિક માન્યતા પ્રમાણે વેદ અનાદિ છે અને આપણી બધી વિદ્યાઓનું મૂળ વેદ છે. આ માન્યતામાં એટલું ઐતિહાસિક સત્ય જરૂર છે કે વેદના કાળથી પ્રાચીનતર કાળમાં આપણી નજર પહોંચી શકતી નથી. સંસ્કૃત સાહિત્યની પરંપરામાં વ્યાકરણ, નિરુક્ત વગેરે જેમ વેદાંગ ગણાય છે, તેમ આયુર્વેદ ઉપવેદ ગણાય છે. ચરક અને સુશ્રુત બેયના મત પ્રમાણે આયુર્વેદને અથર્વવેદનો ઉપવેદ ગણવો જોઈએ.[1] બીજા ત્રણ વેદો કરતાં અથર્વવેદમાં વૈદ્યને લગતાં સૂચનો વધારે છે, એટલે આ માન્યતા તદ્દન સ્વાભાવિક છે. છતાં ચરણવ્યૂહમાં આયુર્વેદને ઋગ્વેદનો ઉપવેદ કહ્યો છે, એ આશ્ચર્ય લાગે છે.

વૈદિક સમાજમાં તાવ, શરદી, ઉધરસ, ઝાડા વગેરે વારંવાર થતા રોગોનો તથા લડાઈઓમાં બાણો તથા બીજાં હથિયારો વાગવાથી થતાં વ્રણોનો ઉપાય શોધવા માટે તીક્ષ્ણ વિચારશક્તિવાળા ઋષિઓની બુદ્ધિ પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. આ વિષયમાં વિચારને આગળ વધવા માટે સામગ્રી પણ પુષ્કળ હતી. પંજાબનાં અને હિમાલયનાં પડધારાનાં જંગલો હજારો વનસ્પતિઓથી ભર્યાં હતાં- યજ્ઞોમાં હોમવાનાં પશુના અવયવો કાપી કાપીને હોમવાના હોવાથી વૈદિક ઋષિઓનું શરીરજ્ઞાન વધતું જતું હતું. યુદ્ધોમાં પણ વાગેલાં બાણનાં ફળાં કાઢતાં તથા કપાયેલા અવયવો ઉપર પાટાપીંડી કરતાં શલ્યતંત્ર(Surgery)નું જ્ઞાન મળતું હતું. આવી અનુકૂળ પરિસ્થિતિમાં તીવ્ર બુદ્ધિશાળી તથા પ્રવૃત્તિશીલ વૈદિક

---

१. तत्र भिषजा पृष्ठेनैवं चतुर्णामृक्सामयजुरथर्ववेदानामात्मनोऽथर्ववेदे भक्तिरादेश्या। चरक सू. अ. ३०

इह खलु आयुर्वेदमष्टांगमुपांगमथर्ववेदस्य। सुश्रुत सू. अ. १

ઋષિઓ વૈદ્યક વિદ્યામાં ઊંડા ઊતરે એ સહજ છે. પણ આમ તર્ક ઉપર આધાર રાખવાની જરૂર નથી; એ વખતના વૈદ્યોના વૈદ્યક જ્ઞાનની ચોક્કસ નિશાનીઓ મળે છે,

ઋગ્વેદ અને અથર્વવેદના મંત્રોમાં તથા જુદાજુદા વેદનાં બ્રાહ્મણોમાં વૈદ્યક વિષયને લગતાં સૂચનો છૂટાંછવાયાં છે, જોકે આ જાતનાં સર્વ સૂચનોનો કોઈએ ખાસ અભ્યાસ કર્યો નથી. વૈદિક મંત્રોમાં જે પારિભાષિક શબ્દો છે તેમાંના ઘણા ચરક સુશ્રુતાદિ આયુર્વેદિક સાહિત્યમાં વપરાયા નથી, એટલે વૈદિક વૈદ્યના વૈદ્યક જ્ઞાનનું બરાબર માપ તો નહિ જ આવે. વળી, વેદોમાં મુખ્યત્વે ધાર્મિક વિચારોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, એટલે વેદમાં સૂચન નથી મળતું માટે એ વખતના વૈદ્યને અમુક જ્ઞાન નહિ જ હોય એમ કહેવુંયે મુશ્કેલ છે.

બીજું એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ઋગ્વેદના મંત્રો મોટે ભાગે અથર્વવેદના મંત્રો કરતાં પ્રાચીનતર છે, પણ કેટલીક વાતો ઋગ્વેદના સમયમાં પ્રચાર હોવા છતાં એમાં ન સંગ્રહાતાં અથર્વવેદમાં સંગ્રહાઈ છે. અથર્વવેદના મંત્રોનું વસ્તુ ૧૪ પ્રકારમાં વહેંચાયેલું છે. તેમાંના બે પ્રકારો (૧) ભૈષજ્ય (રોગો અને ભૂત-બાધાને લગતા) મંત્રો, અને (૨) આયુષ્ય (દીર્ઘ જીવન અને તંદુરસ્તી માટેના) મંત્રો આયુર્વેદને લગતા છે. બીજી રીતે કેટલાક શાન્ત અથવા ભેષજ આથર્વાણ અને ઘોર અથવા આભિચારિક આથર્વાણ આવા અથર્વમંત્રોના બે ભાગ પાડે છે. આમાંથી વૈદું પહેલા ભાગમાં આવે છે. અથર્વવેદના વૈદ્યક મંત્રો भेषज નામથી, આરોગ્યકર વનસ્પતિ भेषजी નામથી, અને આરોગ્યકર પાણી भेषजीः એ રીતે બહુવચનાત્મક નામથી વર્ણવાયેલ છે.

ભેષજમાંથી નીકળેલો ભૈષજ્ય શબ્દ ઋગ્વેદમાં કે અથર્વવેદમાં નથી, પણ કૌશિક સૂત્રનાં ભૈષજ્ય પ્રકરણો(૨૫ થી ૩૨)માં અને બ્રાહ્મણોમાં વપરાયો છે.

એટલું તો ચોક્કસ છે કે અથર્વવેદના ભૈષજ્ય મંત્રો તદનુગત ક્રિયાઓ સાથે દુનિયાના કોઈ પણ સાહિત્યમાં જળવાઈ રહેલા પુરાતન વૈદ્યકનો પૂરો હેવાલ રજૂ કરે છે.[1] ઋગ્વેદનાં થોડાંક સૂક્તો, જેમાં આ બાબત છે, તે ખરી રીતે એ જ જાતનાં અને એ જ વિષયનાં છે. (જુઓ ઋ. ૧૦–૧૩૭, ૧૬૧, ૧૬૩; ૧–૧૯૧; ૭–૫૦; ૮–૯૧; ૧૦–૫૭ તથા બીજા છૂટક મંત્રો.) આ જાતના મંત્રોમાં કહેલી કેટલીક વાતો હિંદી આર્યો અને ઈરાની આર્યો જે વખતે સાથે રહેતા હતા તે વખતના જેટલી જૂની હોવી જોઈએ, કારણ કે સં. भेषज શબ્દ સાથે ઈરાની બીસેઝા (Baesaza); भेषज मंत्र સાથે મંથ્ર બીસેઝા (Manthra Baesaza), સોમભેષજ સાથે હોમ બીસેઝા વગેરે શબ્દોનું સામ્ય સ્પષ્ટ સૂચક છે. વળી, અવસ્તાની તંદુરસ્તી અને દીર્ઘ જીવન માટેની પ્રાર્થઓમાં વેદ પેઠે વનસ્પતિઓનો ઉલ્લેખ મળે છે. અવસ્તામાં અને વેદમાં ખસ રોગ માટે पामन् શબ્દ છે. આથી પણ આગળ વધીને એ. કુન્હે નામના પાશ્ચાત્ય પંડિતે તો કૃમિ વિશેના ટ્યુટોનિક જાદુનું તદ્‌-વિષયક વૈદિક મંત્રો સાથે સામ્ય બતાવ્યું છે. પણ આ તો કદાચ કાકતાલીય હોય, અથવા જૂની પ્રજાઓના વિચારની સમાનતાનું પરિણામ હોય.

અથર્વવેદમાં જોકે વૈદ્યક વિષયને લગતા મંત્રો ઘણા છે, પણ તેનું વર્ગીકરણ કરવું મુશ્કેલ છે. કેટલાક શબ્દો રોગવાચક છે એમ સમજાય છે, પણ કયો રોગ વિવક્ષિત છે તે કળાતું નથી, કારણ કે એ શબ્દો ઘણી વાર આયુર્વેદિક સાહિત્યમાં દેખાતા નથી. અને વૈદિક મંત્રોમાં તાવ (तक्मन्) જેવા એક બે રોગ સિવાય કોઈનાં લક્ષણો કહ્યાં નથી. કેટલીક વાર ઘણા

---

૧. એન્સાઇક્લોપીડિયા ઑફ ઇંડો-આર્યન રીસર્ચના એક મણકા તરીકે અથર્વવેદ ઉપર બ્લુમફીલ્ડનું સરસ પુસ્તક પ્રકટ થયું છે, અને તેનો મેં ઘણો ઉપયોગ કર્યો છે.

રોગો એક જ પ્રાર્થનામાં સાથે મૂકી દીધા છે. રોગ અને ભૂતાવેશને જુદા પાડ્યા નથી. રોગનિવારક તરીકે જે કહેલું છે તે માંત્રિક છે કે ઉપચારક્રિયાસૂચક છે, તે પણ ઘણી વાર સ્પષ્ટ નથી થતું. જાદુઈ ચીજો મોટેભાગે વનસ્પતિજન્ય હોય છે, પણ ઘણી વનસ્પતિનાં નામોનો અર્થ સમજાતો નથી. સાંકેતિક ચિકિત્સા (Symbolic treatment)નો દાખલો જોઈએ તો કમળાના પીળા રંગને પીળા સૂર્યમાં તથા પીળાં પક્ષીઓમાં મોકલે છે તથા ગાયના રાતા રંગને એને સ્થાને સ્થાપે છે (અ. ૧–૨૨) એ પૂરતો સૂચક છે. પણ તાવ ઉપર કુષ્ઠ (કઠ) અને ક્ષત ઉપર પીપરની પ્રાર્થના છે તેમાં માદળિયાં તરીકે જ ઉપયોગ ઉદ્દિષ્ટ હશે કે દવા તરીકે પણ, એનો નિર્ણય કોણ કરી શકે?

વેદનાં વૈદ્યકને લગતાં સૂચનોને જરા વિગતથી તપાસીએ એટલે આ વિષય વધારે સ્પષ્ટ થશે. વૈદ્યવાચક સં. भिषक् શબ્દ ઋગ્વેદ સંહિતામાં તથા પાછળના વૈદ્યક સાહિત્યમાં સામાન્ય રીતે વપરાયો છે.[૧] પાછળના ધાર્મિક સાહિત્યમાં વૈદ્યક ધંધાને હલકો ગણ્યો છે.[૨] વૈદ્યક ધંધા તરફની આ અરુચિ છેક યજુર્વેદ સંહિતાઓ જેટલી જૂની ગણાય છે,[૩] જેમાં વૈદ્યક ધંધા (भेषज) સાથે સંબંધ હોવા માટે અશ્વિદેવોનો તિરસ્કાર કર્યો છે. આ ધંધાને લીધે અશ્વિદેવોને મનુષ્યોના સમાગમમાં બીજા દેવો કરતાં વધારે આવવું પડે છે એ માન્યતામાં આભડછેટની વૃત્તિ સ્પષ્ટ દેખાય છે. પણ પ્રાચીનતર વૈદિક

---

૧. ऋ. २–२३–४, ६–५०–७, ९–११२–१ વગેરે; अ. वे. ५–२९–१, ६–२४–२; वा. सं. १६–५, १९–१२, ३०–१०; तै. सं. ६–४–९–२.

૨. જુઓ आ. ध. सू. १–६–१८–२०, १९–१५, गौ. ध. सू. १७–१७; वा. ध. सू. १४–२–१९; विष्णु. ५१–१०.

૩. तै. सं. ६–४–९–३; मै. सं. ४–६–२; श. ब्रा. ४–१–५–१४.

સાહિત્યમાં આ વૃત્તિ નથી દેખાતી. અશ્વિદેવને,[૧] વરુણદેવને[૨] તથા રુદ્રદેવને વૈદ્ય—भिषक् કહ્યા છે. રુદ્રને તો ઋગ્વેદના એક મંત્રમાં भिषक्तम કહ્યા છે,[૩] ત્યારે યજુર્વેદના એક મંત્રમાં દેવોના વૈદ્ય કહ્યા છે.[૪] ઋગ્વેદના એક આખા સૂક્તમાં એક વૈદ્ય પોતાની ઔષધિઓની તથા એના રોગહર ગુણોની પ્રશંસા કરે છે.[૫] વળી, અશ્વિદેવોની આશ્ચર્યકારક ચિકિત્સાના ઉલ્લેખો વેદમાં ઘણે સ્થળે છે. લંગડાને ચાલવાની તથા આંધળાને જોવાની શક્તિ અશ્વિદેવોએ આપ્યાનું અનેક મંત્રોમાં કહ્યું છે.[૬] એક સ્થળે રુજ્રાશ્વને એના પિતાએ આંધળો કર્યો હતો, અને તે આંધળા રુજ્રાશ્વને વૈદ્ય અશ્વિદેવોએ નેત્રો આપ્યાં એમ સ્પષ્ટ મંત્રવચન છે.[૭] વળી, ચ્યવનને તથા પુરંધિના પતિને ફરી યુવાન કર્યાનું ઋગ્વેદમાં જ કહ્યું છે.[૮] એક સૂક્તમાં વિષ્પલાને લોઢાનો પગ આપ્યાનું વર્ણન છે.[૯] વિષ્પલા ઘોડીનું નામ છે એમ કેટલાક વિદ્વાનોનો મત છે. એ જો ખરું હોય તો વધારે આશ્ચર્યકારક ગણાય. અશ્વિદેવોના ચિકિત્સા સંબંધી આ મુખ્ય ચમત્કારો છે. આથી પણ આગળ વધીને એક મંત્રમાં આથર્વણ દધીચ નામના ઋષિને ઘોડાનું માથું લગાડી દીધેલું અને ઘોડાના

---

૧. ऋ. १–११६–१६, १–१५७–६, ८–१८–८, ८–८६–१, १०–१९–३; अ. वे. ७–५३–१ વગેરે.

૨. ऋ. १–२४–९.

૩. ऋ. २–३३–४.

૪. वा. सं. १६–१४.

૫. ऋ. १०–९–७.

૬. ऋ. १–११२–८; १०–३९–३.

૭. ऋ. १–११६–१७.

૮. ऋ. १०–३९–४ તથા १०–३९–७.

૯. ऋ. १–११६–१५, १०–३६.

માથાથી દધીચ ઋષિએ અશ્વિનોને 'મધુ'નો ઉપદેશ કર્યો એમ કહ્યું છે.[1] આ કથા બૃહદારણ્યક ઉપનિષદ (मधुब्राह्मण)માં પણ છે. પુરાણોમાં રુદ્રે યજ્ઞનું માથું કાપી નાખ્યું અને અશ્વિદેવોએ પોતાને યજ્ઞમાં ભાગ આપવાની શરતે પાછું સાંધી આપ્યું એવી કથા છે. આયુર્વેદિક સાહિત્યમાં વૃદ્ધ ચ્યવન રસાયનપ્રયોગથી ફરી યુવાન થયા. (च. चि. अ. १) એ રીતે પહેલાં કહેલ વૈદિક મંત્રનો અનુવાદ છે. અને અશ્વિદેવોએ યજ્ઞનું માથું શસ્ત્રચિકિત્સાથી ફરી સાંધી આપ્યું માટે શલ્યતંત્ર આયુર્વેદનાં આઠ અંગોમાં ઉત્તમ છે, એ રીતે સુશ્રુતે પૌરાણિક કથાનો શલ્યતંત્રની પ્રશંસામાં ઉપયોગ કર્યો છે. (सुश्रुत सू. अ. २)

આંધળાને ફરી દેખતો કરી શકાય, લૂલાને ફરી ચાલતો કરી શકાય, ઘોડીનો પગ ભાંગી ગયો હોય તો એને બદલે લોઢાનો પગ નાખી શકાય, વૃદ્ધ માણસોને ફરી જુવાન કરી શકાય અને છેવટે કપાયેલું માથું પણ સાજું કરી શકાય, એ તો વૈદ્યક વિદ્યાના મોટા ચમત્કારો ગણાય. પણ આજનું મોટરની ઝડપે આગળ વધ્યે જતું પાશ્ચાત્ય વૈદું આ બધું કરી શકતું નથી અને વૈદિક કાળમાં આર્ય વૈદ્યો આ ચમત્કારો કરી શકતા હોય એમ માનવાનું કાંઈ કારણ નથી. મંત્રો પોતે તથા સુશ્રુત વગેરે પણ દેવોમાં–માણસોમાં નહિ–આવી ચમત્કારિક શક્તિ માને છે; છતાં આવા વૈદ્યક સંબંધી ચમત્કારો દેવોને આરોપાય ત્યારે કાંઈક વૈદ્યક એ સમાજમાં ચાલતું હોય ખરું. એ વખતના વૈદ્યો કાંઈક શસ્ત્રચિકિત્સા પણ કરી શકતા હશે, વધારે નહિ તો ઘા ઉપર કોઈ વનસ્પતિનાં પાનની લૂગદી મૂકતા હશે, વહેતા ઘા ઉપર પાટાપીંડી કરતા હશે. અથર્વવેદના એક મંત્રમાં તો સ્પષ્ટ રીતે કપાયેલાં હાડકાંને સાંધનારી ઔષધિનો ઉલ્લેખ છે.[2] બીજે પણ શસ્ત્રસાધ્ય રોગોમાં મંત્રો સાથે ઓષધિ-

---

૧. ऋ. ११७–२२.

૨. ऋ. ४–१२–१.

ઓનો જ ઉપયોગ કરેલો દેખાય છે, સુશ્રુત પેઠે શસ્ત્રચિકિત્સામાં ઉપયોગી શસ્ત્રો, અનુશસ્ત્રો કે યંત્રોનો ઉલ્લેખ નથી. અર્થાત્ સુશ્રુતમાં કહેલી છે તેટલી શસ્ત્રચિકિત્સા વૈદિક સમય પછી ઘણે વખતે વિકસી છે. તો પછી એમાં ન કહેલા ચમત્કારો વૈદિક સમયના વૈદ્યો શસ્ત્રૌ-ષધની મદદથી સાધતા હોય એવી કલ્પના હાસ્યાસ્પદ છે. (દેવો અને દૈવી ચમત્કારોનો અહીં પ્રસંગ જ નથી.)

મંત્રો[1] અને ઓષધિઓ ઉપરાંત વૈદિક ઋષિઓ રોગહર તરીકે પાણી(जलाष)નો પણ ઉપયોગ કરે છે.[2] ઋગ્વેદના એક ઋષિ કહે છે કે 'પાણીમાં અમૃત છે, પાણીમાં ઔષધ છે.'[3] બીજા પણ એ અર્થના અનેક મંત્રો છે.

ઋગ્વેદના વૈદ્યકવિઓએ પાણીમાં જરૂર કાંઈક રોગહર શક્તિ માની છે, પણ આ ભાવના હિંદી અને યુરોપી આર્યો જે વખતે સાથે રહેતા તે વખત જેટલી જૂની છે એમ બેય પ્રજાઓનાં પ્રાચીન સાહિત્યની સરખામણીથી જણાય છે. કદાચ શીત અને ઉષ્ણ સ્નાનના ફાયદા પાણીનો રોગહર મહિમા ગાનાર ઋષિના જાણવામાં હોય; પણ હાલમાં જળોપચારશાસ્ત્ર (Hydropathy)નો જે વિકાસ થયો છે તેને તો આધુનિક જ માનવો પડશે. પાછળના આયુર્વેદિક સાહિત્યમાં જળોપચારની ઝાઝી વાત નથી એ ઉપરથી ઉપલા અનુમાનને પુષ્ટિ મળે છે. હાલમાં મંત્ર સાથે પાણીનું પ્રોક્ષણ કરવામાં આવે છે તેમ એ વખતે પણ મંત્રેલું

૧. ઓષધિ જેટલી જ કે તેથી વધારે રોગહરશક્તિ મંત્રોમાં પ્રાચીન ઋષિઓને માની છે. પંચવિંશ બ્રા. (૧૨-૯-૧૦) કહે છે : मेषजं वा आथर्वणानि—આથર્વણ મંત્રો જ ઔષધો છે.

૨. ऋ. १–४३–४.

૩. ऋ. १–१७–१८.

પાણી છાંટતા હશે કે પીવા આપતા હશે. પાણીને વિશ્વભેષજ આ કારણથી કહ્યું હશે.

વેદકાલીન વૈદ્ય

ઋગ્વેદના વખતમાં જ વૈદ્યક એક ધંધો ગણાતું હતું એમ સૂચવનારાં પ્રમાણો છે.[1] 'હું કવિ છું. મારો પિતા વૈદ્ય છે, અને માતા ખાંડનારી છે. એ રીતે અમે ધનની ઇચ્છાથી જુદું જુદું કામ કરીએ છીએ,' એ મંત્રમાં[2] તથા અન્યત્ર પણ વૈદ્યક ઋગ્વેદના સમયમાંયે ધંધા તરીકે ચાલતું હોય એમ જણાય છે. યજુર્વેદમાં પુરુષમેધનાં બલિઓની ગણતરીમાં વૈદ્યનું પણ નામ છે.[3]

વૈદિક સમયમાં મંત્રો, જળ અને ઓષધિ વડે ઉપચાર કરનાર આથર્વણ વૈદ્ય કેવો હશે એ નીચેના ઋગ્વેદના મંત્રમાં બહુ સુંદર રીતે વર્ણવ્યું છે :

> यत्रौषधीः समग्मत राजानः समिताविव ।
> विप्रः स उच्यते भिषग्रक्षोहामीवचातनः ॥ ऋ. १०–९७

સમિતિમાં જેમ રાજાઓ એકઠા થાય છે તેમ જે વૈદ્ય પાસે ઓષધિઓ એકઠી થઈ હોય તે રાક્ષસોને હણનાર તથા રોગોનો નાશ કરનાર વિપ્ર વૈદ્ય કહેવાય છે.

વૈદિક વૈદ્યનું કર્તવ્ય આ મંત્ર બહુ સ્પષ્ટ રીતે બતાવે છે. આયુર્વેદિક વૈદ્યનો આદર્શ આથી ઘણો આગળ વધેલો છે, અને એની સાધનસંપત્તિ પણ વિશાળ છે.

વૈદિક ઔષધશાસ્ત્ર

વૈદિક સમયના વૈદ્યક વિશે આટલા સામાન્ય વિવેચનથી જ એટલું તો સ્પષ્ટ સમજાયું હશે કે આયુર્વેદના પ્રાચીનતમ ગ્રન્થોમાં

---

૧. ऋ. ९–११२–२.

૨. ऋ. ९–११२–३.

૩. वा. सं. ३०–१०; तै. ब्रा. ३–४–४–६.

જેટલા વૈદ્યક વિષયોની જેટલી વિગતવાર માહિતી છે તેટલી વિગતનો તો વૈદિક સમયમાં સંભવ જ નથી. પણ એ બધા વિષયો વિશે બીજાત્મક સૂચનો પણ વેદમાં મળવાં જોઈએ એવી આશા ખોટી છે. છતાં આશ્ચર્યકારક લાગે એટલા બધા વૈદ્યક વિષયોનું કાંઈક સૂચન વેદોમાં મળે છે. વેદોમાંથી લગભગ સો જેટલી વનસ્પતિઓનાં નામો મેં તારવ્યાં હતાં.[1] પછી મહામહોપાધ્યાય ગૌ. હી. ઓઝાના અભિનંદન ગ્રન્થમાં શ્રી એકેન્દ્રનાથ ઘોષે 'વૈદિક સાહિત્યે ઉદ્‌ભિદેર કથા' નામનો લેખ બંગાળીમાં લખ્યો છે, જેમાં ૧૨૯ વનસ્પતિનામો ઉલ્લેખેલાં છે.[2] પણ આ બધી વનસ્પતિઓનો ઔષધીય ઉપયોગ જાણવામાં હતો એમ કહેવું મુશ્કેલ છે. કેટલીક વનસ્પતિનાં નામો લાકડાંના ઉપયોગને અંગે તો કેટલાંક સૃષ્ટિવર્ણનના પ્રસંગમાં મળે છે.

કેટલાંક નામો વનસ્પતિનામો છે એમ સમજાય છે, પણ કઈ વનસ્પતિ છે તે સમજાતું નથી, કારણ કે પાછલા આયુર્વેદિક સાહિત્યમાં એ નામો દેખાતાં નથી. પણ અઘેડો (अपामार्ग), કઠ (कुष्ठ), ગૂગળ (गुग्गुलु), પીપર (पिप्पली) વગેરે પાછળથી ખૂબ વપરાયેલી વસ્તુઓનો રોગ દૂર કરવામાં ઉપયોગ થયો છે, એ ઘણું સૂચક છે. અલબત્ત, કોઈ પણ વનસ્પતિનો યાંત્રિક ક્રિયાથી તદ્દન છૂટો ઔષધીય ઉપયોગ કહ્યો હોવા બાબતમાં શંકા છે.

વનસ્પતિઓ ઉપરાંત લોઢું, સોનું, સીસું, કલાઈ, કાંસું અને ત્રાંબું એટલી ખનિજ ચીજોની પણ વૈદિક ઋષિઓને માહિતી હતી, પણ દવા તરીકે કોઈ પણ ખનિજના ઉપયોગનો વૈદિક સાહિત્યમાં ઉલ્લેખ હોય એમ જાણવામાં નથી.

---

૧. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન', કાર્તિક, ૧૯૭૮.

૨. શ્રી. એકેન્દ્રનાથ ઘોષના લેખના ગુજરાતી અનુવાદ માટે જુઓ 'આયુર્વેદવિજ્ઞાન' ના ૧૯૩૬ આશ્વિન અને ૧૯૩૭ કાર્તિક અંકો.

વૈદિક શારીર

ઔષધોપચાર માટે જેમ વનસ્પતિજ્ઞાન આવશ્યક છે, તેમ શારીર—શરીરની રચનાનું જ્ઞાન પણ આવશ્યક છે. વૈદિક સાહિત્યમાં મનુષ્યશરીરની રચના વિશે જે ઉલ્લેખો મળે છે તે આશ્ચર્યકારક છે. અથર્વવેદના એક સૂક્ત (अ. वे. १०–२)માં માણસના શરીરનાં હાડકાંઓની જે નોંધ છે તે ચરકના હાડકાંનાં વર્ણનને એટલી બધી મળતી છે કે બેયને સરખાવતાં તરત લાગે છે કે આત્રેય આચાર્યે જે હાડકાંઓનું વર્ણન કર્યું છે તે બધાં હાડકાં અથર્વવેદના આ વૈદ્ય-ઋષિએ જોયેલાં ખરાં. અલબત્ત, અથર્વવેદના આ સૂક્તમાં હાડકાંના વાચક તરીકે પાછલા આયુર્વેદિક સાહિત્યમાં અપ્રયુક્ત એવા કેટલાક શબ્દો વાપર્યા છે. આ શબ્દોનો ડૉ. હર્નલે જે અર્થ વિચારપૂર્વક કર્યો છે[1] તે સ્વીકારવામાં વાંધો નથી, જોકે પં. હરિપ્રપન્નજી કેટલીક બાબતમાં ડૉ. હર્નલથી જુદા પડે છે.[2] વૈદિક સાહિત્યનો અનુક્રમ જોઈએ તો 'શતપથબ્રાહ્મણ' અથર્વવેદ પછી કેટલેક વખતે સંગ્રહાયું છે; એટલે પોતાની ઉન્નતિ સાધ્યે જતા સમાજમાં અથર્વવેદ કરતાં શતપથબ્રાહ્મણમાં વધારે ચોક્કસ જ્ઞાનની નિશાની મળવી જોઈએ. વસ્તુસ્થિતિ પણ એમ જ છે. શતપથ (૧૦–૫–૪–૧૨ તથા ૧૨–૨–૪–૯)માં હાડકાંની જે નોંધ છે તે અથર્વવેદ કરતાં વધારે આગળ વધેલી છે. શતપથમાં જોકે આત્રેય મતાનુસાર ૩૬૦ હાડકાં કહ્યાં છે, પણ કેટલીક વાતો સુશ્રુતની અસ્થિગણનાને મળતી છે. સુશ્રુત પેઠે શતપથ પણ અસ્થિ-જેટલા મજ્જાભાગો માને છે.[3] અથર્વવેદ, શતપથ, ચરક અને સુશ્રુત ચારેયનાં અસ્થિપંજરનાં વર્ણનને સરખાવવાથી સ્પષ્ટ દેખાય

૧. 'સ્ટડીઝ ઇન ધી મેડીસીન ઑફ એનશંટ ઇંડિયા', પૃ. ૧૮૨.

૨. જુઓ 'રસયોગસાગર' નો ઉપોદ્ઘાત.

૩. જુઓ 'સ્ટડીઝ ઇન ધી મેડીસીન ઑફ એનશંટ ઇંડિયા', તથા 'આયુર્વેદવિજ્ઞાન', માર્ગશીર્ષ, ૧૯૭૮.

છે કે આયુર્વેદના આચાર્યોને શરીરનાં બીજાં અંગોનું નહિ તો અસ્થિઓનું ઘણું જ્ઞાન તો વૈદિક ઋષિઓ પાસેથી મળ્યું હતું; અલબત્ત, આયુર્વેદિક આચાર્યોએ સુધારોવધારો તથા વ્યવસ્થા કરી છે એટલી વાત ખરી.

ઘોડાના અસ્થિપંજરનાં હાડકાં પણ યજુર્વેદસંહિતામાં એક સ્થળે ગણ્યાં છે.[1] અસ્થિઓ વિશે ઘણી માહિતી વેદમાં સ્વાભાવિક છે. જે સાદી રીતે વૈદિક ઋષિઓ પશુઓનાં કે મનુષ્યનાં શરીરને કાપીને જોતા તે રીતે શરીરનો સૌથી વધારે સ્થાયી તથા કઠણ ભાગ સહેલાઈથી દેખાય એ સમજી શકાય એવું છે. શરીરના બીજા ભાગો એવી સહેલાઈથી છૂટા પડી શકતા નથી તેમ તરત ધ્યાનમાં પણ આવતા નથી. છતાં મનુષ્યશરીર વિશે વૈદિક ઋષિઓએ કેવી કલ્પના કરી છે તે જોઈએ.

ઐતરેય આરણ્યક (૧–૨–૨)માં મનુષ્યનું શરીર નીચે પ્રમાણે ૧૦૧ વસ્તુઓનું બનેલું કહ્યું છે. શરીરના કુલ ચાર ભાગ, દરેક ભાગમાં ૨૫ અવયવો અને વચલું શરીર ૧૦૧ મું. વળી, સાંખ્યાયન આરણ્યકમાં માથાનાં ત્રણ હાડકાં કહ્યાં છે, ડોકમાં ત્રણ પર્વ, આંગળીઓમાં ત્રણ સાંધાઓ[2] અને અનુકમાં ૩૩ પૃષ્ટિ છે.[3]

અસ્થિપંજરનો જેવો અભ્યાસ ડૉ. હર્નલે કર્યો છે તેવો બાકીના શરીરનો કોઈ પાશ્ચાત્ય લેખકે અભ્યાસ કર્યો જાણ્યામાં નથી. પણ હમણાં પં. હરિપ્રપન્નજીએ સમગ્ર વૈદિક સાહિત્યનું ખૂબ મથન કરીને એમાં મળી આવતો શારીરજ્ઞાનનો વિસ્તાર 'રસયોગ-સાગર'ના ઉપોદ્‌ઘાતમાં પ્રકટ કર્યો છે. પંડિતજીએ હર્નલના મતનું કેટલીક બાબતમાં ખંડન પણ કર્યું છે, પણ અહીં એ બે વિદ્વાનોના

---

૧. वा. सं. २५–१ थी ९.

૨. સુશ્રુતમાંયે દરેક આંગળીમાં ત્રણ ત્રણ સાંધા અને અંગૂઠામાં બબ્બે સાંધા કહ્યા છે.

૩. सां. आ. २–३ थी ६.

મતભેદ ઉપર અભિપ્રાય આપવાનો પ્રસંગ નથી. વળી, પં. હરિપ્રપન્નજીએ પહેલાં શારીરાવયવવાચક ન ગણાયેલા કેટલાક શબ્દોને શારીરાવયવવાચક ગણીને શારીરશબ્દોનું ભંડોળ વધાર્યું છે.[1] અલબત્ત, આવી બાબતમાં મતભેદ રહે જ. વૈદિક, શતપથોક્ત અને સુશ્રુતોક્ત શારીર અવયવોનાં નામોનો જે કોઠો પં. હરિપ્રપન્નજીએ 'રસયોગસાગર'ના ઉપોદ્‌ઘાતનાં પાનાં ૭૩ થી ૭૯ માં આપ્યો છે, તે જિજ્ઞાસુએ જોઈ લેવો. એ કોઠો જોવાથી તથા એના ઉપરનું વિવરણ વાંચવાથી વેદકાલીન ઋષિવૈદ્યોના શારીરજ્ઞાનની વિપુલતા જોઈને આશ્ચર્ય થશે.

પં. હરિપ્રપન્નજીએ વૈદિક શારીરાવયવવાચક સંદિગ્ધ શબ્દોના જે અર્થો કર્યા છે તે સર્વમાન્ય છે એમ કહેવાનું નથી, પણ એમણે પોતાના અર્થની સમર્થક દલીલો પા. ૮૦ થી ૧૪૧ માં વિસ્તારથી આપી છે, જે વિરુદ્ધ મત ધરાવનારે પણ વિચારવા યોગ્ય છે.

શારીર અવયવોનાં ઘણાં નામો અથર્વવેદના ૨–૩૩–૩ સૂક્તમાં મળે છે:—આંખ (अक्षि), નાક (नासिका), કાન (कर्ण), હડપચી (छुबुक), માથું (शीर्ष), મગજ (मस्तिष्क), જીભ (जिह्वा), ડોકનાં હાડકાં (ग्रीवा), ધમની (उष्णिहा), તરુણાસ્થિ (कीकसा), પૃષ્ઠવંશનાં હાડકાં (अनूक्य), ખભા (अंस), બાહુ (बाहु), હૃદય (हृदय), કલોમ (क्लोम),[2] પિત્તાશય (?) (हलीक्ष्ण), પડખાં (पार्श्व), મૂત્રપિંડ

---

૧. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન' ૧૯૮૩ નો અં. ૧૨, જેમાં પંડિતજીના આ પ્રકારના આવિષ્કારની ચર્ચા મેં કરી છે.

૨. કલોમ શબ્દ કયા અવયવનો વાચક છે એ બાબત વૈદ્યોમાં ખૂબ ચર્ચા ચાલી છે, અને ઘણો મતભેદ છે. પં. હરિપ્રપન્નજીએ કલોમનો Gall bladder અર્થ કર્યો છે (જુઓ 'રસયોગસાગર' પા. ૯૮); જ્યારે મ. મ. ગણનાથસેને શ્વાસનલિકા (trachea) અર્થ કર્યો છે. (પ્રત્યક્ષશારીર, ભા. ૨, પા. ૧૭૮). વૈદ્યપંચાનન શ્રી. કત્રે શાસ્ત્રી 'ફેરીંકસ' અર્થ કરે છે. (જુઓ એમનો કલોમનિર્ણય).

(मतस्ने), બરલ (प्लीहा), યકૃત (यकृत), આંતરડાં (आन्त्र), શફરો (वनिष्ठु), પેટ (उदर), કુક્ષિ, ફેફસાં (?) (प्लाशि), નાભિ, સાથળ (ऊरु), ગોઠણ (अष्ठीवत्), પેની (पार्ष्णि), પગનો આગલો ભાગ (प्रपद), ફૂલા (श्रोणि), યોનિ (योनि तथा भंस), અસ્થિ, મજ્જા, સ્નાયુ (स्नाव), લોહીને વહેનારી નાડી (धमनी), હાથ (पाणि), આંગળાં (अंगुलि), નખ, સાંધા (पर्व), ચામડી (त्वच्) એટલાં નામો ઉપરના એક સૂક્તમાં મળે છે.

આ ઉપરાંત અથર્વવેદમાં તથા યજુર્વેદની સંહિતાઓમાં નીચેના શારીરાવયવવાચક શબ્દો મળે છેઃ—કનીનિકા (अ. ૪–૨૦–૩), દાંત અને દન્તમૂલ (अ. ૫–૧૮–૮ અને वा. सं. ૨૫–૧), મન્યા (ધમની અથવા શિરા–अ. ૬–૨૫–૧),[1] પુરીતત્ (वा. सं. ૨૫–૮), વૃક્ક (મૂત્રપિંડ–अ. वे. ૯–૧૨–૧૩), ગવીની–મૂત્રનળી (अ. वे. ૧–૩–૬), બસ્તિ–મૂત્રાશય (अ. वे. ૧–૩–૭), વર્ત્ર–મૂત્રમાર્ગ (अ. वे. ૧–૮–૩૭).

વળી ધમની શબ્દ તો વેદમાં ઘણે સ્થળે છે, પણ અથર્વવેદમાં હિરા શબ્દ મળે છે (अ. वे. ૧–૧૭–૧), તેનો અર્થ અશુદ્ધ રક્ત· વાહિની શિરા કરવો જોઈએ એમ વિદ્વાનોનો મત છે અને હિરા શબ્દનું શિરા સાથે સાદૃશ્ય પણ સૂચક છે.

રસાદિ સાત ધાતુઓમાંથી અસ્થિ અને મજ્જાનો ઉલ્લેખ અથર્વવેદના ઉપર ઉદાહરેલા સૂક્તમાં આવી ગયો છે, પણ અન્યત્ર શુક્ર (रेतः—अ. वे. ૬–૧૧–૨), માંસ (अ. वे. ૧૦–૨–૧), લોહી (असृक्—अ. वे. ૪–૧૨–૪), રસ (अ. वे. ૮–૪–૧૦) અને મેદ (अ. वे. ૪–૨૭–૫)નો ઉલ્લેખ મળે છે. વાયુ, પિત્ત અને કફમાંથી પિત્ત

---

૧. ધમનીના ઉલ્લેખો માટે જુઓ ‘રસયોગસાગર’ નો ઉપોદ્ઘાત, પાન ૧૨૬, ૧૨૭ તથા ‘આયુર્વેદવિજ્ઞાન’ આશ્વિન ૧૯૮૩ માં વૈદ્ય કૃષ્ણ શાસ્ત્રી કવડેનો લેખ.

અને શ્લેષ્માનો સ્પષ્ટ ઉલ્લેખ શતપથમાં છે.[1] (शतपथ ૧૨–૯–૧–૩ અને ૭–૨–૧–૫)

મર્મોનો સામાન્ય ઉલ્લેખ વેદમાં મળે છે (अ. वे. ૮–૩–૧૭), બાકી સુશ્રુતોક્ત ગણતરીનો સંભવ જ નથી. ધમનીના મોટી, મધ્યમ, અને નાની (मह्वी, मध्या, कनिष्ठिका) એવા ભેદો પણ અથર્વવેદમાં કહ્યા છે. (अ. वे. ૧–૧૭–૨)

ઉપર વૈદિક સંહિતાઓમાંથી જે શારીરાવયવવાચક શબ્દો ઉતાર્યા છે, એ જ અથવા એના પર્યાયો શતપથમાં તથા બીજી સંહિતાઓ અને બ્રાહ્મણોમાં પણ મળે છે.[2]

અથર્વવેદના એક સૂક્તમાંથી ઉપર ઉતારેલા શારીરાવયવ-વાચક શબ્દોમાં કેટલાક બાહ્ય અવયવના અને કેટલાક આભ્યન્તર અવયવના વાચક છે. એમાં ખાસ કાંઈ વ્યવસ્થા નથી, કારણ કે

---

૧. પં. હરિપ્રપન્નજીએ अ. वे ૯–૧૫–૬ માં આવેલા मायु નો અર્થ પિત્ત અને अ वे. ૬–૧૪–૧ માં આવેલા बलास નો અર્થ શ્લેષ્મા કર્યો છે. બલાસ રોગનું નામ છે એમ બીજા વૈદિક ટીકાકારોનો મત છે.

૨. शतपथ ૧૨–૯–૧ નાં ૩, ૬ અને ૧૨ માં ઘણા શબ્દો છે. वा. सं. ૧૯–૮૧, ૨૦–૫ થી ૧૩, ૨૫–૧ થી ૯; मै. सा. ૩–૧૧–૮ અને ૯; तै. ब्रा. ૨–૬–૪. વિગતો માટે જુઓ 'રસયોગસાગર' ના ઉપોદ્‌ઘાતમાં પં. હરિપ્રપન્નજીએ આપેલો કોઠો.

પંડિત હરિપ્રપન્નજીએ, ઉપર બતાવ્યું છે તેમ, વેદમાંથી શારીરાવયવ-વાચક નવા શબ્દો કાઢ્યા છે; એટલું જ નહિ, પણ કેટલાક આયુર્વેદમાં વપરાતા શબ્દોના અર્થમાં રહેલા સંદેહનું નિરાકરણ કરવા માટે પણ વૈદિક સાહિત્યનો પુષ્કળ ઉપયોગ કર્યો છે. આ માટે ક્લોમ, ધમની વગેરે શબ્દો ઉપરનું એમનું વિવરણ જોવા જેવું છે. વૈદિક સાહિત્યનો આ રીતે આયુર્વેદિક સાહિત્યના પ્રકાશક તરીકે ઉપયોગ કરવાનો હમણાં હમણાં બીજા આયુર્વેદિક વિદ્વાનો પણ પ્રયાસ કરે છે.

તે તે અવયવમાંથી રોગ દૂર કરવાની વાત એ સૂક્તમાં છે. એ કાંઈ શારીર અવયવોના વર્ણનનું સૂક્ત નથી. વળી, વૈદિક સાહિત્યમાં આયુર્વેદના વર્ગીકરણની કે વ્યવસ્થાની આશા ન જ રખાય.

પણ શરીર વિશે છૂટીછૂટી પુષ્કળ માહિતી વેદોમાં મળે છે. કેટલાક શારીર શબ્દો અને કેટલીક માહિતી વેદમાં એવી મળે છે કે જે પાછલા આયુર્વેદિક સાહિત્યમાં નથી. દાખલા તરીકે, મૂત્રપિંડ માટે वृक्को શબ્દ આયુર્વેદમાં મળે છે, જ્યારે વેદમાં मतस्ने શબ્દ છે જેનો કેટલાક વિદ્વાનો મૂત્રપિંડ અર્થ કરે છે. એ ઉપરાંત વૈદિક સાહિત્યમાં पुरीतत् શબ્દ હૃદયાવરણવાચક કે ક્ષુદ્રાન્ત્રવાચક છે. वनिष्ठु શબ્દનો કોઠામાં સફરો અર્થ આપ્યો છે; પણ કવિરાજ ગણનાથ સેન એનો અર્થ બસ્તિના મૂળમાં રહેલ એક ગાંઠ— Prostrate gland કરે છે.[1] વળી, અથર્વવેદમાં એક गवीना શબ્દ છે, જેનો અર્થ કવિરાજ ગણનાથ સેન મૂત્રપિંડમાંથી બસ્તિમાં મૂત્ર લઈ જનારી બે નળીઓ (Ureters) એમ કરે છે.[2] આયુર્વેદિક સાહિત્યમાં मूत्रवह[3] શબ્દ ઉપરના અર્થને સૂચવે છે. પણ गवीना જેવો શબ્દ વેદમાં હોવા છતાં આયુર્વેદિક આચાર્યોએ તે કેમ નહિ વાપર્યો એ જરા આશ્ચર્યકારક લાગે છે. આયુર્વેદની સંહિતાઓ રચાઈ ત્યારે પણ વેદો દુર્બોધ થઈ ગયા એમ માનીએ કે કાં તો હાલમાં આપણે ખોટો અર્થ કરીએ છીએ એમ માનીએ; પણ વસ્તુસ્થિતિ આવી છે. આવી શંકા થવાનું કારણ પણ છે. કવિરાજ ગણનાથ સેન अ. वे. ૧–૩ ના આધારે गवीना શબ્દોનો મૂત્રવહ નળી અર્થ કરે છે, પણ अ. वे. માં અન્યત્ર ગર્ભાધાનના

---

૧. 'પ્રત્યક્ષ શારીર'નો અંગ્રેજી ઉપોદ્ઘાત, પા. ૧.

૨. यद् आन्त्रेषु गवीन्योर्यद्बस्तावधि संश्रुतं ।
एवा ते मूत्रं मुच्यतां बहिर्बालिति सवकम् ॥ अ. वे. १–३–६

૩. मूत्रबस्तिमभिप्रपन्ने मूत्रवहे द्वे । सु. शा. अ. ९

પ્રસંગમાં गवीनी શબ્દ દ્વિવચનમાં જ જુદા અર્થમાં—ગર્ભાધાનયોગ્ય અવયવના—અર્થમાં વપરાયો છે :

प्रजापते श्रेष्ठेन रूपेणास्या नार्या गवीन्योः।
पुमांसं पुत्रमाधेहि दशमे मासि सूतवे ॥ अ. वे. ५–२–५–१–३

આ ઉપરથી તો गवीनी શબ્દનો વેદકાળમાં નિશ્ચિત અર્થ હોય એમ જણાતું નથી.

શારીરક્રિયા

શારીરરચના વિશે વેદમાં કેટલું બધું છે તે જોયું. પણ હૃદય, ફેફસાં, મહાસ્રોત વગેરે શારીર અવયવોની ભિન્નભિન્ન ક્રિયાઓ, જેથી આ શરીર જીવતું રહે છે તેનું વધારે વર્ણન વેદમાં હોય એ આશા ખોટી છે. આ પ્રાકૃતશારીર (Physiology) શાસ્ત્રનો આ જમાનામાં જ ખાસ વિકાસ થયો છે, ચરક–સુશ્રુતમાં એનો ઝાઝો વિસ્તાર નથી; પણ કેટલીક સાદી માન્યતાઓ પ્રચારમાં આવી ગઈ છે. શરીરનું પંચભૂતાત્મકપણું આયુર્વેદે માન્યું છે. ઉપનિષદના સમયમાં એ માન્યતા પ્રચારમાં આવી હતી (જુઓ तै. उ. वल्ली २). વળી, ઋગ્વેદના અનેક મંત્રોમાં त्रिधातु[1] શબ્દ છે. વેદભાષ્યકાર સાયણાચાર્ય त्रिधातुशर्मનો वातपित्तश्लेष्मधातुत्रयप्रशमनविषयं એવો અર્થ કરે છે. એ અર્થ બરાબર હોય તો આયુર્વેદનો ત્રિદોષવાદ ઋગ્વેદના ઋષિના જાણવામાં હતો એમ ઠરે; પણ એ સંભવિત નથી. સામાન્ય રીતે શરીરના ત્રણ ભાગ વિવક્ષિત હશે. છાંદોગ્ય ઉપનિષદનો ત્રિવૃત્વાદ, જેમાં

---

१. त्रिर्नो अश्विना दिव्यानि भेषजा
त्रिः पार्थिवानि त्रिरुदत्तम द्भ्यः।
ओमानं शंय्योर्मम कायसूनवे
त्रिधातु शर्म वहतं शुभस्पती ॥ ऋ. १–३४–६
तथा ऋ. १–१८३–१, ३–२६–७, ३–५६–६, ४–४२–४ વગેરે જુઓ.

ધાતુ શબ્દ વપરાયો છે, તેને જ આયુર્વેદિક ત્રિદોષવાદનું મૂળ માનવું પડશે. છાં. ઉ. કહે છે કે "ખાધેલું અન્ન ત્રણરૂપે વહેંચાય છે. તેનો સૌથી જાડો ભાગ છે તે મળરૂપ થઈ જાય છે, જે મધ્યભાગ છે તેમાંથી માંસ થાય છે, તેનો જે સૂક્ષ્મ ભાગ છે તે મનરૂપ થાય છે. એ જ રીતે પીધેલા પાણીમાંથી જે સ્થૂળ ભાગ તે મૂત્રરૂપ થાય છે, જે મધ્યભાગ તે લોહીરૂપ થાય છે, જે સૂક્ષ્મ ભાગ તે પ્રાણરૂપ થાય છે."[1]

જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની વાત આયુર્વેદમાં જેવી છે તેવી જ ઉપનિષદોમાં છે (જુઓ પ્રશ્નોપનિષદ ૪). એ જ રીતે પાંચ પ્રાણો અને એનાં કર્મો ઔપનિષદ અને સાંખ્ય સાહિત્યમાંથી આયુર્વેદે લીધાં છે (यस्मिन्प्राण पंचधा संविवेश । मुण्डक).[2] અન્નની પાચનક્રિયા થઈને શરીરના અવયવો બંધાય છે અને શુક્ર એનું શ્રેષ્ઠ પરિણામ છે એટલું ઉપનિષદોમાં મળે છે. વળી, તંત્રોમાં નાડીચક્રનો જબરો વિસ્તાર છે. અંગ્રેજીમાં જેને nervous system કહે છે તેને જ તાંત્રિકોએ નાડીચક્ર કહેલું છે એમ આજે કવિરાજ ગણનાથ સેન વગેરે વિદ્વાન માને છે. તાંત્રિક નાડીચક્રની પ્રત્યેક વિગતનો nervous system સાથે મેળ બેસાડવો જોકે મુશ્કેલ છે, છતાં કેટલીક

---

૧. अन्नमशितं त्रेधा विधीयते। तस्य यः स्थविष्ठो धातुः तत्पुरीषं भवति, यो मध्यमस्तन्मांसं योऽणिष्ठस्तन्मनः। आपः पीतास्त्रेधा विधीयन्ते। तासां यः स्थविष्ठो धातुस्तन्मूत्रं भवति, यो मध्यमस्तल्लोहितं, योऽणिष्ठस्तत्प्राणः॥ छां. उ. ६–५–१–२.

૨. ઇન્દ્રિયોનો ઉલ્લેખ અથર્વવેદમાં (૧૯–૯–૫) અને શતપથમાં મળે છે. અને પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન પાંચે પ્રાણોનાં નામ શતપથ (૧૪–૬–૯–૨૭)માં મળે છે તથા અથર્વવેદ (૧૧–૧૦–૪)માં એક સમાન સિવાય બાકી ચારેનાં નામ મળે છે અને સમાનનું નામ યજુર્વેદ (वा. सं. २२–२३)માં મળે છે.

વાતો અદ્ભુત રીતે મળી રહે છે. આ નાડીઓનો ઉલ્લેખ ઉપનિષદોમાં મળે છે. પ્રશ્નોપનિષદ કહે છે કે "હૃદયમાં આ આત્મા છે ત્યાં એકસો એક નાડીઓ છે, તેમાંથી દરેકની સો સો શાખાઓ છે અને એ પ્રત્યેકમાંથી બોતેર બોતેર હજાર પ્રતિશાખાઓ નીકળે છે. આ બધીમાં વ્યાનવાયુ ફરે છે" (પ્રશ્નોપનિષદ ૩). ટૂંકામાં પ્રાકૃતશારીર વિશે આયુર્વેદમાં જે થોડું વિવેચન છે તેનું બીજ વેદમાં, ખાસ કરીને ઉપનિષદોમાં જ, મળે છે.[1]

વેદમાં રુધિરવાહિની માટે ધમની અને હિરા જેવા શબ્દો મળે છે એ ઉપર નોંધ્યું જ છે. પણ એટલા ઉપરથી શ્રી. વૈદ્ય પં. રામગોપાલ શાસ્ત્રી પેઠે વેદકાલીન ભિષક પરાકાષ્ઠાની ઉન્નતિએ પહોંચ્યો હતો અને સર્વ પ્રકારની રક્તસંચરણની વિધિ જાણતો હતો એમ કહેવું એ ઐતિહાસિક કથન નથી—ભક્તિપ્રેરિત ઊર્મિવાક્ય છે.[2]

રોગવિજ્ઞાન

રોગથી થતું દુઃખ એવું પ્રત્યક્ષ છે કે જંગલીમાં જંગલી મનુષ્ય પણ રોગી સ્થિતિ ઓળખી શકે, છતાં જંગલી માનસ ભૂતાવેશ જેવાં કારણો કલ્પે એ સ્વાભાવિક છે. જેમ જેમ ચિત્ત કેળવાતું જાય, તેમ તેમ રોગનું સ્વરૂપ તથા તેનાં કારણો સ્પષ્ટ સમજાવા લાગે. આથર્વણ વૈદ્યનું રોગજ્ઞાન કેટલું વિસ્તૃત હતું એ ચોક્કસ કહેવું મુશ્કેલ છે, પણ વેદોમાં કેટલાંક રોગનામો તથા એકબે રોગોનાં લક્ષણો સ્પષ્ટ મળે છે.

---

૧. અથર્વવેદ (૨–૧૭–૪ તથા ૨–૧૭–૫)ના વૈશ્વાનર તથા વિશ્વમ્ભર શબ્દોનો પંડિતજીએ જઠરાગ્નિ અર્થ કર્યો છે તે સાચો હોય તોપણ નામથી વિશેષ એ મંત્રોમાં કાંઈ નથી. સાયણે પણ વિશ્વમ્ભરનો અર્થ જઠરાગ્નિ સૂચવ્યો છે.

૨. એથી વિરુદ્ધ આયુર્વેદમાં પણ રક્તસંવહન નથી એવા મત માટે જુઓ હૃદય ઉપર રૈનોલ્ડ એફ. જી. મુલરનો 'આયુર્વેદવિજ્ઞાન' ૧૯૯૧ ના અંકોમાં પ્રસિદ્ધ થયેલો લેખ. ખાસ પૃ. ૧૯૧–૧૯૨.

તાવ માટે આયુર્વેદમાં જ્વર શબ્દ છે, પણ અથર્વવેદમાં **તક્મન્** શબ્દ છે, જે પાછળથી નથી વપરાયો. આ તક્મન્ ટાઢિયા તાવનો વાચક છે એમ જણાય છે. પહેલાં ટાઢ આવવી, પછી ગરમી થવી, વળી એકાંતરો, તરિયો વગેરે ભેદોનો સ્પષ્ટ ઉલ્લેખ છે.[1]

જ્વરને ચરક રોગોમાં મુખ્ય ગણે છે. આજે જ્વર આ દેશના મનુષ્યોની ઘણી મોટી સંખ્યાનો ભોગ લે છે. ચરક–સુશ્રુતના વખતમાં એ એવો જ ભયંકર હશે એમ ચરક–સુશ્રુતનાં વચનો ઉપરથી જણાય છે. અથર્વવેદમાં એની ભયંકરતા સ્પષ્ટ છે—भीमास्ते तक्मन्हेतयः (अ. वे. ५–२२–१०).

તાવની ઓળખાણ (diagnosis) તો આથર્વણ વૈદ્યને પૂરી હતી. આજની પેઠે તે વખતે પણ શરદૃઋતુમાં તાવ વધારે આવતો હશે–तृतीयकं वितृतीयं सदन्दिमुत शारदम् (अ. वे. ५–२२–१३). તાવના ઉધરસ, શરદી, માથાનો દુખાવો વગેરે ઉપદ્રવોનો પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. તાવને પરિણામે થતા કમળાનું પણ વર્ણન મળે છે. તક્મનાશન (જ્વરહર) તરીકે કુષ્ઠ(કઠ)નાં ખાસ વખાણ કર્યાં છે.[2]

અલબત્ત, તાવ જેટલો વિસ્તાર બીજા કોઈ રોગનો નથી મળતો, પણ શીર્ષામય, શરદી, ઉધરસ, ક્ષય, કમળો વગેરે રોગો ઓળખાયા હોય એમ દેખાય છે. જળોદરનો વ્યાધિ આ દેશમાં ઘણો જૂનો છે. વરુણના અપરાધનું પરિણામ એને ગણેલ છે

---

૧. नमः शीताय तक्मने नमो रूराय शोचिषे कृणोमि ।
यो अन्येद्युरुभयद्युरभ्येति तृतीयकाय नमो अस्तु तक्मने ॥
अ. वे. १–२५–४

यो अन्येद्युरुभयद्युरभ्येति । अ. वे. ७–११६–२.

૨. તાવના ઉલ્લેખ માટે જુઓ अ. वे. १–२५, ५–२२, ६–२०, १९–३९, ५–४, ९–८–५, ७–११६ વગેરે.

(જુઓ આજીગર્ત શુનઃશેપની પ્રસિદ્ધ કથા). અથર્વવેદનાં ત્રણ સૂક્તો (૧–૧૦, ૭–૮૩, ૬–૨૪) આ રોગનું ઝાંખું સૂચન કરે છે. अ. वे. ૬–૨૪–૧ માં હૃદયરોગનો ઉલ્લેખ છે. તેમાં જળોદર હૃદ્રોગનું પરિણામ હોય છે એવું કદાચ સૂચન હોય. अ. वे. ૧–૨, ૨–૩ અને ૬–૧૪ માં आस्राव રોગનું નામ છે. ટીકાકારો અતિસાર અર્થ કરે છે, તે બરાબર છે; પણ કદાચ મૂત્રાતિસાર, રક્તસ્રાવ વગેરેનો પણ આસ્રાવમાં સમાવેશ કર્યો હોય. ૬–૯૦ માં विषूची નો ઉલ્લેખ છે. પાછળથી એ શબ્દ કોલેરા માટે વપરાયો છે. અથર્વવેદમાંયે એ જ અર્થ વિવક્ષિત હશે? જેમ અતિસારનો ઉલ્લેખ છે તેમ કબજિયાતનો હોવો જોઈએ. પણ બંધ થઈ ગયેલા પેશાબને છૂટો કરવા વિશે તો આખું એક સૂક્ત છે (જુઓ अ. वे. ૧–૩). આ સૂક્તમાં તારા ઉપસ્થને ભેદું છું (प्र ते भिनद्मि मेहनं...एवा ते मूत्रं मुच्यताम्। अ. वे. ૧–૩–૭) એ રીતે શબ્દો છે. એમાં પેશાબ લાવવા માટે અંદર સળી નાખવાનું સૂચન હશે?

अ. वे. ૨–૮, ૨–૧૦ અને ૩–૭ માં क्षेत्रिय અર્થાત્ વારસામાં ઊતરતા રોગને દૂર કરવાની પ્રાર્થનાઓ છે.[1] કોઈક વનસ્પતિને ક્ષેત્રિયનાશની કહી છે.

यक्ष्मा (ऋ. ૧૦–૧૬૩) શબ્દ સામાન્ય રીતે રોગવાચક છે. અને અથર્વવેદના ઉપર ઉદાહરેલા ૨–૩૩માં જુદા જુદા અવયવમાંથી યક્ષ્મા દૂર કરવાનું કહ્યું છે,[2] એ જોતાં યક્ષ્માથી સામાન્ય રીતે રોગ અથવા માત્ર પીડા વિવક્ષિત હશે. અમદાવાદના ૨૫ મા નિ. ભા. વૈદ્યસંમેલનમાં નૂતન રોગ પરિષદના પ્રમુખ પં.

---

૧. नमः क्षेत्रस्य पतये वीरुत्क्षेत्रियनाशन्यपक्षेत्रियमुच्छतु । अ. वे. ૨–૮–૫.

૨. अक्षीभ्यां ते नासिकाभ्यां कर्णाभ्यां छुबुकादधि।
यक्ष्मं शीर्षण्यं मस्तिष्काज्जिह्वाया विवृहामि ते ॥ ૨–૩૩–૧

કનૈયાલાલ વૈદ્યે આ સૂક્તના મંત્રો ટાંકી ક્ષયના હાલ મનાતા ભેદોની ખબર હતી એવો જે અર્થ કાઢ્યો છે તે સાચો નથી. વાજસનેયી સંહિતા (૧૨-૯૭)માં સો જાતના યક્ષ્માનો ઉલ્લેખ છે ત્યાં સો જાતના અથવા ઘણી જાતના રોગો વિવક્ષિત લાગે છે. રોગોને સો જાતના કહ્યા છે એટલા ઉપરથી પણ રોગોનું કાંઈક પૃથક્કરણ એ કાળમાં થયું હશે એમ માનવું જોઈએ.

રાજયક્ષ્મા-ક્ષય—વળી ઋગ્વેદ (૧૦-૧૬૩)માં તથા અ. વે. માં રાજયક્ષ્મા શબ્દ છે (૩-૧૧-૧). રાજયક્ષ્મા શબ્દનો આયુર્વેદિક સાહિત્યમાં ક્ષય અર્થ થાય છે. આ મંત્રમાં પણ ક્ષય અર્થ વિવક્ષિત છે એમ સાયણ કહે છે અને ટેકામાં તૈ. સં. (૨-૫-૬)નું વચન ઉતારે છે. "રાજા એટલે ચંદ્રમાને ક્ષય પહેલાં થયો માટે રાજયક્ષ્મા કહેવાય છે" એ તૈત્તિરીયસંહિતાની વ્યુત્પત્તિ ચરકે સ્વીકારી છે (ચરક ચિ. અ. ૮, શ્લો. ૯).

યજુર્વેદની સંહિતાઓમાં[૧] યક્ષ્માની ઉત્પત્તિ વર્ણવતાં યક્ષ્માને ત્રણ પ્રકારનો કહ્યો છે: રાજયક્ષ્મા, પાપયક્ષ્મા અને જાયાન્ય. આમાંથી રાજયક્ષ્મા વિશે ઉપર કહ્યું. પાપયક્ષ્મા શબ્દ સ્પષ્ટાર્થ નથી; સામાન્ય રીતે ખરાબ દરદ એટલો અર્થ થાય. મહાકુષ્ઠ વિવક્ષિત હોવાનો સંભવ ખરો. અથર્વવેદમાં (૩-૧૧-૧) રાજયક્ષ્મા સાથે જ અજ્ઞાતયક્ષ્મા શબ્દ છે. એનો અર્થ તો ન ઓળખાયેલો રોગ એમ જ કરવો જોઈએ. આ અજ્ઞાતયક્ષ્મા વિશે આગળ કૌશિકસૂત્રના પ્રસંગમાં થોડું વધારે વિવેચન કર્યું છે. જાયાન્ય કયો રોગ છે એ નક્કી કરવું મુશ્કેલ છે. વેદભાષ્યકાર સાયણે જાયાન્યનો અર્થ રાજયક્ષ્મા કર્યો છે તે કદાચ ખોટો હશે, પણ પં. હરિપ્રપન્નજી સીફિલિસ (syphilis) અર્થ કરે છે તે બેસતો નથી.

---

૧. तै. सं. २-३-५२; वा. सं. १३-३; मै. सं. २-२-७; श. ब्रा. ४-१-३९.

જાયાન્ય શબ્દના અર્થ માટે આયુર્વેદિક પંડિતોમાં ઘણો મતભેદ છે. ઝીમર સાયણને અનુસરે છે. ઝીમરની વિરુદ્ધ બ્લુમફીલ્ડે જાયાન્યનો અર્થ ફિરંગ–સીફિલિસ કર્યો છે અને પંડિતજી એને અનુસરે છે. રોથે નજલો (gout) અર્થ કર્યો છે, જ્યારે વ્હીટની કયો રોગ વિવક્ષિત છે એ નક્કી જણાતું નથી એમ કહે છે. મેક્ડોનલ અને કીથ પોતાનો મત આપતા જ નથી.[1]

पक्षीजायान्यः पतति (અ. ૭-૭૬-૪) એ મંત્રનું પંડિતજીએ કરેલું વ્યાખ્યાન વાંચ્યા પછી પણ એ રોગ સીફિલિસ હોય એમ ખાતરી થતી નથી; એટલું જ નહિ, પણ સુશ્રુતોક્ત ઉપદંશ પણ આધુનિક સીફિલિસ–ફિરંગ હોય એમ લાગતું નથી. ઉપદંશના વર્ણનમાં અતિમૈથુનાદિ કારણથી પુરુષની જનનેંદ્રિય ઉપર ચાઠાં અને સોજો થવાનું વર્ણન સુશ્રુતમાં મળે છે, એટલી વાત સાચી; પણ એ ચાઠાંને ફિરંગજન્ય (સીફિલિટિક) ગણવા જેવો પુરાવો નથી દેખાતો. કેટલાક વળી કુષ્ઠના વર્ણનમાં ફિરંગનાં કેટલાંક લક્ષણો જુએ છે; પણ ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાય બી. એ., એમ. ડી., એફ. એ. એસ. બી. પેઠે મને પણ 'ભાવપ્રકાશ'ના સમય પહેલાં આ દેશમાં સીફિલિસ થતો હોય અથવા એ રોગનાં લક્ષણો કોઈએ બરાબર જોયાં હોય એ વિશે શંકા રહે છે.[2]

અર્શ–વાજસનેયી સંહિતામાં એક જ મંત્રમાં **બલાસ, અર્શ, ઉપચિત્** અને **પાકારુ** એ રીતે ચાર રોગોનો સાથે ઉલ્લેખ છે. આમાંથી અર્શ શબ્દનો તો અત્યારે પ્રચલિત અર્થ વેદમાં પણ વિવક્ષિત લાગે છે. ઉપચિત્ એ અપચિત્, અપચી

---

૧. 'વેદિક ઇન્ડેક્સ', ગ્રં. ૧, પૃ. ૨૮૬.

૨. 'હિસ્ટરી ઑફ ઇંડિયન મેડિસિન', ગ્રં. ૧, પૃ. ૧૩૨ થી ૧૩૭ અને 'આયુર્વેદવિજ્ઞાન' પુ. ૨, પૃ. ૨૪૨ તથા પુ. ૧૦, પૃ. ૩૭૧.

એમાં કાંઈ શંકા કરવાનું કારણ લાગતું નથી. અપચીનો જુદો ઉલ્લેખ પણ મળે છે (अ. वे. ૬–૮૩).

રોગવાચક બલાસનો અથર્વવેદમાં અનેક સ્થળે ઉલ્લેખ મળે છે (अ. वे. ૪–૯–૮, ૫–૨૨–૧૧, ૬–૧૪–૧ વગેરે). સાયણે એક સ્થળે સન્નિપાત અર્થ કર્યો છે, તો બીજે સ્થળે (अ. वे. ૧૯–૩૪–૧૦) ક્ષય અર્થ કર્યો છે. તાવ સાથે કાસ (ઉધરસ)નો અને બલાસનો અથર્વવેદે ઉલ્લેખ કર્યો છે (૫–૨૨–૧૧) એ જોતાં બલાસનો અર્થ શ્વાસ હોવાનો મને સંભવ લાગે છે.

પાકારુનો[૧] અર્થ વ્રણ હોવાનો સંભવ મેક્‌ડોનલ અને કીથ માને છે[૨] તે ઠીક લાગે છે.

જમ્ભ—અથર્વવેદ (૨–૪–૨, ૮–૧–૧૬)માં આ રોગનો ઉલ્લેખ છે. આ રોગમાં બે જડબાં ભેગાં થઈ જવાનું કહ્યું છે તે ઉપરથી તથા કૌશિકસૂત્રના વિનિયોગ ઉપરથી બંધાયેલા વેબર, બ્લુમફીલ્ડ અને વ્હીટનીના મતનો સરવાળો કરતાં બાળકોની આંચકી વિવક્ષિત હોય એમ લાગે છે. બાકી, જેમ સુશ્રુતમાં બાળકો માટે ગ્રહપીડા માની છે તેમ આ જમ્ભને પણ કૌશિકસૂત્ર ગ્રહ ગણે છે.

અમ્વા—(अ. वे. ૯–૮–૯)નો અર્થ ઝાડા અથવા મરડો લાગે છે.

ગ્રાહુ— શતપથ (૩–૫–૩–૨૫)માં તથા અથર્વવેદ (૧૧–૯–૧૨)-માં આ નામ મળે છે. અથર્વમાં એનો અર્થ ઊરુસ્તમ્ભ હોય એમ લાગે છે.

---

૧. नाशयित्री बलासस्यासि उपचितामपि
अथो शतस्य यक्ष्माणां पाकारोरसि नाशिनी । वा. सं. १२–९८

૨. ‘ વૈદિક ઇંડેક્સ ’, ગ્રં. ૧, પૃ. ૫૧૪.

૩. એજન, ગ્રં. ૧, પૃ. ૨૭.

ગ્રૈવ્ય—(અ. વે. ૬–૨૫–૨)નો અર્થ ગળાની ગાંઠો, ગંડમાળ માનવામાં વાંધો નથી.

પામા—અથર્વવેદ (૫–૨૨–૧૨)ના એક મંત્રના પાઠાંતરમાં રોગવાચક પામન્ શબ્દ છે. આયુર્વેદમાં ચામડીના રોગ–ખસના વાચક તરીકે આ શબ્દ પ્રસિદ્ધ છે. અથર્વવેદમાં એ અર્થ હો કે ન હો, પણ છાંદોગ્ય ઉપનિષદ (૪–૧–૮)માં पामानं कर्षमाणं એ રીતે શબ્દો છે, એટલે ત્યાં શંકાનું કારણ નથી.

વિકિલન્દુ—અથર્વવેદ (૧૨–૪–૫)માં રોગવાચક વિકિલન્દુ શબ્દ મળે છે. બ્લુમફીલ્ડ શરદી (Catarrh) અર્થ કરે છે.

વિલોહિત—અથર્વવેદ (૯–૮–૧, ૧૨–૪–૪)માં આ રોગવાચક શબ્દ મળે છે. બ્લુમફીલ્ડે ‘ નાકમાં થતો રક્તસ્રાવ ’ એવો અર્થ કર્યો છે; વ્હીટનીએ પાંડુરોગ અર્થ કર્યો છે.

વિશર—અથર્વવેદ (૨–૪–૨)માં આ શબ્દ મળે છે. ઝીમરે તાવમાં થતી અંગોની કળતર એવો અર્થ કર્યો છે. મૂળમાં કશું સ્પષ્ટ નથી.

વાતીકાર—અથર્વવેદ (૯–૮–૨૦)માં રોગના નામ તરીકે મળે છે. વાયુથી થતો રોગ એમ અર્થ લાગે છે. બ્લુમફીલ્ડ એવો જ અર્થ કરે છે.

વિસ્કન્ધ—અથર્વવેદમાં અનેક સ્થળે આ શબ્દ મળે છે, છતાં અર્થ સંદિગ્ધ છે. સાયણે એક સ્થળે ગતિપ્રતિબંધક વિઘ્ન એવો અર્થ કર્યો છે. વેબરે સંધિવા અર્થ કર્યો છે. વળી, અથર્વવેદમાં એક બીજા મંત્ર (૩–૯–૬)માં ૧૦૧ વિષ્કન્ધ કહ્યાં છે, એ જોતાં બ્લુમફીલ્ડ વિસ્કન્ધનો અર્થ રાક્ષસ કરે છે તે સંભવિત લાગે છે. અથવા સામાન્ય રોગવાચક આ શબ્દ હોય. રોગ વિઘ્નરૂપ થાય છે, રોગ રાક્ષસકૃત છે એવી માન્યતા વેદમાં છે જ, અને યક્ષ્મા (રોગ) પણ સો હોવાનું વેદમાં કહેલું છે.

શીપદ અને **શીમીડ**—શબ્દો રોગવાચક તરીકે ઋગ્વેદ (૭–૫૦–૪)માં મળે છે. અર્થ સ્પષ્ટ નથી. શ્લીપદ તો નહિ હોય?

શીર્ષક્તિ અને **શીર્ષામય**—અથર્વવેદમાં માથાના રોગનાં આ નામો મળે છે (शीर्षक्ति अ. वे. ૧–૧૨–૩, ૯–૮–૧ વગેરે; शीर्षामय अ. वे. ५–४–१०).

શ્લોન્ય—તૈત્તિરીયસંહિતા (૩–૯–૧૭–૨)માં આ શબ્દ છે. મેક્ડોનલ અને કીથ એનો અર્થ લંગડાપણું કરે છે.[1]

શ્વિત્ર—પંચવિંશ બ્રાહ્મણ (૧૨–૧૧–૧૧)માં શ્વિત્ર શબ્દ મળે છે. ધોળો રોગ અર્થ સ્પષ્ટ છે. આયુર્વેદમાં શ્વિત્ર શબ્દ જે અર્થમાં વપરાય છે તે જ અર્થ—ધોળો કોઢ અહીં વિવક્ષિત લાગે છે.

કિલાસ—અથર્વવેદ (૧–૨૩–૪)માં, વાજસનેયી સંહિતા (૩૦–૨૧)માં અને પંચવિંશ બ્રાહ્મણ (૧૪–૩–૭)માં વપરાયેલો કિલાસ શબ્દ પણ આયુર્વેદમાં વપરાયો છે અને અર્થ એક જ લાગે છે: ધોળો કોઢ.

સિધ્મલ—વાજસનેયી સંહિતા (૩૦–૧૭) અને તૈત્તિરીય બ્રાહ્મણ (૩–૪–૧૪)માં આ રોગવાચક શબ્દ મળે છે. આયુર્વેદમાં કુષ્ઠભેદ તરીકે સિધ્મ શબ્દ મળે છે. એ સિધ્મનો અર્થ જ સિધ્મલથી વિવક્ષિત લાગે છે.

સુરામ—ઋગ્વેદ (૧૦–૧૩૧–૫)માં સુરામ શબ્દ મળે છે. મેક્ડોનલ અને કીથ એનો અર્થ મદાત્યય જેવો કરે છે.[2]

હરિમત્—ઋગ્વેદ (૧–૫૦–૧૧)માં અને અથર્વવેદ (૧–૨૨–૧, ૯–૮–૯ વગેરે)માં આ શબ્દ મળે છે. એનો અર્થ પીળાપણાનો રોગ એટલે કમળો સ્પષ્ટ લાગે છે.

---

૧. 'વેદિક ઇંડેક્સ', ગ્રં. ૨, પૃ. ૪૦૫. ૨. એજન, પૃ. ૪૫૯.

હૃદ્યામય-હૃદ્રોગ-હૃદ્યોત—હૃદ્રોગ શબ્દ ઋગ્વેદ (૧-૫૦-૧૧)-માં મળે છે, અથર્વવેદ (૧-૨૨-૧)માં હૃદ્યોત અને (૫-૩૦-૯)માં હૃદ્યામય શબ્દો મળે છે. હૃદ્રોગ શબ્દ પાછળથી પણ પ્રચલિત છે.

ટૂંકામાં વૈદિક સાહિત્યમાં આવેલા રોગવાચક શબ્દો જોતાં આયુર્વેદિક કાયચિકિત્સામાં વર્ણવેલા રોગોમાંના કેટલાક મોટા રોગોનાં નામો મળે છે; અને હજી વધારે શબ્દો, ઝીણવટથી શોધવામાં આવે તો, રોગવાચક નીકળી આવવાનો સંભવ છે.

નિદાન

રોગો શાથી થાય છે એ વિશે ઊંડું વિવરણ વેદમાં હોવાનો સંભવ નથી, પણ ત્રિધાતુવાદની માન્યતાનું મૂળ વેદમાં હોવાનું ઉપર કહ્યું જ છે. હવે આ ત્રણ ધાતુ—વાત, પિત્ત અને કફ—ની વિષમતા-માંથી રોગો થાય છે એ કાયિક રોગો માટેની આયુર્વેદિક માન્યતાનું બીજ પણ વેદમાં મળે છે. અથર્વવેદમાં એક સ્થળે અભ્રજ, વાતજ અને શુષ્મ એમ ત્રણ પ્રકારનો રોગ કહ્યો છે.[1] આમાંથી વાતજ સ્પષ્ટ છે અને ઉપર વાતીકાર શબ્દ છે એનો અર્થ પણ વાતકૃત રોગ લાગે છે. પણ અભ્રજનો અર્થ કફ રોગ અને શુષ્મનો અર્થ પિત્તવિકારજનિત રોગ સાયણાચાર્ય કરે છે તે યથાર્થ હોય તો આયુર્વેદિક સિદ્ધાન્ત આખાનું બીજ આવી જાય.

વળી, આયુર્વેદમાં સુશ્રુતે ચાર પ્રકારના વ્યાધિઓ માન્યા છે: સ્વાભાવિક, આગન્તુક, કાયિક અને માનસ (सु. सू. १), પણ સ્વાભાવિક પ્રકારને ખાસ રોગરૂપ ગણવાની જરૂર નથી. વળી, ચરકે નિજ અને આગન્તુક એવા બે ભેદ જ પાડ્યા છે

---

१. मुञ्च शीर्षक्त्या उत कास एनं परुष्परुराविवेशा यो अस्य।
यो अभ्रजा वातजा यश्च शुष्मो वनस्पतीन्सचतां पर्वतांश्च ॥
—अ. वे. १-१२-३

(नि. अ. १). "વેદ તથા બ્રાહ્મણ ગ્રન્થોમાં શારીરિક અને આગન્તુક એ બે કારણો રોગનાં માન્યાં છે અને તેમાં આગન્તુક કારણને રાક્ષસ, યાતુધાન અને સર્પ નામ આપ્યું છે, અને કાયિક કારણ માટે રોગ અથવા અમીવન્[1] શબ્દ વાપર્યો છે," એમ પં. હરિપ્રપન્નજી કહે છે.[2]

વૈદ્યનું વર્ણન કરતાં વેદમાં રક્ષોહા અને અમીવચાતન એમ બે વિશેષણો વાપરેલાં દેખાય છે. તેમાંથી રક્ષોહાનો અર્થ આગન્તુક વ્યાધિ હરનાર અને અમીવચાતનનો અર્થ કાયિક—ત્રિધાતુવિકારજનિત રોગ હરનાર એવો પંડિતજી કરે છે. રાક્ષસ કે યાતુધાનને ખરેખર ભૂતયોનિ માનીએ તોપણ એ આગન્તુક તો છે જ, એટલે એ અર્થમાં વાંધો નથી; જોકે મુખ્યત્વે અભિઘાતનિમિત્ત થતા રોગોને સુશ્રુત આગન્તુક કહે છે. વળી રાક્ષસો, સર્પો, યાતુધાનોનો વેદમાં જ્યાં જ્યાં ઉલ્લેખ આવે ત્યાં બધે રોગકર કૃમિ એવો અર્થ થઈ શકે એમ મને લાગતું નથી. સર્પોનો ત્રાસ આજે પણ આ દેશમાં ઘણો છે અને જૂના કાળમાં તો ઘણો વધારે હશે; એટલે સર્પના નાશ માટે જે પ્રાર્થનાઓ વેદમાં મળે છે તેમાંની ઘણી તો આ ખરા સર્પોના નાશ માટે હશે. અલબત્ત, સર્પ વગેરેના દંશથી જે રોગ થાય તે આગન્તુક જ ગણાય, અને આયુર્વેદમાં પણ સર્પાદિના વિષની ચિકિત્સાનું અગદતંત્ર નામનું એક અંગ છે (જુઓ સુશ્રુત, કલ્પસ્થાન), જેમાં વિષઘ્ન મંત્રોના ઉપયોગનો ઉપદેશ કર્યો છે.

---

૧. જોકે अमीवन् શબ્દ સૂક્ષ્મ જન્તુવાચક અંગ્રેજી અમીબા (Amoeba) શબ્દને એટલો મળતો છે કે મૂળ એક જ શબ્દ હોવાનો સંભવ છે.

૨. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન', સં. ૧૯૮૪, અં. ૭, પૃ. ૨૧૩ તથા 'રસયોગસાગર'નો ઉપોદ્ઘાત, પૃ. ૩૫ થી ૪૧.

રાક્ષસ, યાતુધાન, ભૂત વગેરેને એક પ્રકારની યોનિ પ્રાચીનો માનતા; અને રાક્ષસો વગેરેના વળગાડથી માણસ રોગી થાય છે એવી માન્યતા આયુર્વેદમાં છે. "દેવ, અસુર, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, પિતૃ, પિશાચ, નાગ, ગ્રહ વગેરેથી જેનું ચિત્ત દૂષિત થયું હોય તેના ગ્રહના ઉપશમન માટે શાન્તિકર્મ, બલિહરણ વગેરે ભૂતવિદ્યા" (सु. सू. १) છે.

છાંદોગ્ય ઉપનિષદ (૬–૧–૨–૪)માં વિદ્યાઓ ગણાવતાં ભૂતવિદ્યા ગણાવી છે, તે આયુર્વેદિક અર્થમાં જ હશે. આ ભૂતવિદ્યાનો વૈદિક કાળમાં ઘણો પ્રચાર હોવાનો સંભવ છે. આ ભૂતવિદ્યાનું પાછલા કાળમાં પણ ઘણું જોર રહ્યું હતું એ બાળકોના રોગોનું નવ ગ્રહોની પીડારૂપે જે આયુર્વેદમાં વર્ણન કર્યું છે[1] તે ઉપરથી સમજી શકાય છે.

છતાં ભૂતોના કે ભૂતપતિ રુદ્રના વર્ણનમાં વેદમાં ક્યાંક એવા શબ્દો મળે છે, જેમાંથી રોગકર તત્ત્વ—કદાચ સૂક્ષ્મ જન્તુ—અર્થ નીકળે. દા. ત. એક મંત્રમાં "જે માણસોને અન્નમાં અને પાણી પીનારને તેનાં પાત્રોમાં વીંધે છે"[2] એ રીતે રુદ્રનું વર્ણન છે. તેમાં ખોરાક મારફત તથા પાણી મારફત ફાટી નીકળતા રોગોનું જ સૂચન હશે. પણ રાક્ષસ, રુદ્ર, પિશાચ વગેરેના વર્ણનમાં ગૂઢ રીતે કૃમિવર્ણન જ બધે વેદમાં છે એવું નથી.

કૃમિવિજ્ઞાન

અથર્વવેદનાં ત્રણ કૃમિનિવારક સૂક્તો (अ. वे. २–३१, २–३२ અને ૫–૨૩)માં સ્પષ્ટ કૃમિ શબ્દથી કૃમિઓનું વર્ણન કરેલું છે, જોકે એ જ વેદમાં અન્યત્ર (अ. वे. ९–४–१६) કીટ શબ્દથી, બીજે વળી (अ. वे. २–२५–२ વગેરે) दुर्णामन् શબ્દથી

૧. જુઓ સુશ્રુત ઉ. સ્થા. અ. ૨૭ થી ૩૧.

૨. येऽन्नेषु विविध्यन्ति पात्रेषु पिबतो जनान् ।
तेषां सहस्रयोजने वधन्वानि तन्मसि ॥ वा. सं. १६–६२

વર્ણન કરેલું છે. આ વૈદિક સૂક્તોનો ઊંડો અભ્યાસ કરી શ્રી ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાયે પરોપજીવી (Parasites) કૃમિ વિશે વેદમાં શું મળે છે એનું સરસ તારણ કાઢ્યું છે.[1] અથર્વવેદનાં આ સૂક્તોમાં કૃમિઓના બે ભેદ તથા અલગંડુ, અવસ્કવ, શલૂન વગેરે નામો આપ્યાં છે. એ નામોથી કયા કૃમિ ઉપલક્ષિત છે એ લક્ષણવર્ણનના અભાવે સમજવું મુશ્કેલ હતું, પણ શ્રી ગિરીન્દ્રનાથે ઘણું અજવાળું પાડ્યું છે. તેઓ કહે છે તેમ પાછલા કાળના હિંદુ વૈદ્યો કરતાં વૈદિક ઋષિઓને આંતરડામાં રહેતા આંત્રકૃમિઓ વિશે વધારે જ્ઞાન હતું અને પ્રાચીન આયુર્વેદિક ગ્રન્થકારોએ આ વિષયના જ્ઞાનમાં વિશેષ ઉમેરો કર્યો નથી એમ દેખાય છે. અથર્વવેદમાં કૃમિને દૃષ્ટ અને અદૃષ્ટ એમ બે જાતના કહેલા છે. આયુર્વેદિક સાહિત્યમાં પણ આ બે વિભાગ મળે છે, પણ તેમાં અદૃષ્ટનો અર્થ ન દેખાતાં એટલે અંદરના અને દૃષ્ટ એટલે બાહ્ય એવું મુખ્યત્વે વિવક્ષિત છે. કીડી વગેરેને ચરક બાહ્ય કૃમિ ગણે છે એ ઉપરથી પણ એમ જ લાગે છે. વેદમાં પણ દૃષ્ટ અને અદૃષ્ટનો મુખ્ય અર્થ બાહ્ય અને આભ્યંતર એવો જ લાગે છે. છતાં સૂર્ય અદૃષ્ટ કૃમિનો નાશ કરે છે માટે સૂર્યને અદૃષ્ટહન્ કહ્યો છે (ऋ. ૧–૧૯૧–૯ અને अ. वे. ૬–૫૨–૧) એ જોતાં ક્વચિત્ અદૃષ્ટ કૃમિથી સૂક્ષ્મ જન્તુ પણ વિવક્ષિત હશે એમ માનવાનું મન થઈ જાય છે.

આ દૃષ્ટ અને અદૃષ્ટ કૃમિઓ રોગ ઉત્પન્ન કરે છે એ વૈદિક ઋષિઓના જાણવામાં હતું. કૃમિઓ પર્વતોમાં, વનસ્પતિમાં, પશુઓના શરીરમાં અને પાણીમાં રહે છે (अ. वे. ૨–૩૧–૫) એની

---

૧. જુઓ 'જર્નલ ઑફ આયુર્વેદ'ના નવેમ્બર ૧૯૨૭ના તથા તે પછીના અમુક અંકોમાં શ્રી ગિરીન્દ્રનાથના 'Human Parasites in the Atharva Veda' નામના લેખો તથા 'આયુર્વેદવિજ્ઞાન' ૧૯૮૪ના વૈશાખના તથા પછીના અંકોમાં તેનો અનુવાદ.

અથર્વવેદને ખબર છે. અથર્વવેદ કહે છે કે ઢોરના શરીરમાં (अ. वे. २–३१–२), બાળકોમાં (अ. वे. ५–२३) અને મોટાં માણસના શરીરમાં કૃમિ આંતરડાંમાં, માથામાં તથા પડખામાં રહે છે. કેટલાક કૃમિ આંખમાં અને નાકમાં ફરતા હોય છે અને કેટલાક દાંતની વચમાં હોય છે (अ. वे. २–३१).

અથર્વવેદનાં ઉપર કહેલાં સૂક્તોમાં આપેલા અલગંડુ વગેરે કૃમિઓના વર્ણન ઉપરથી શ્રી ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાયે આંતરડાના બે જાતના–ચપટા અને ગોળ–કૃમિની તો વેદકાલીન વૈદ્યોને ખબર હતી જ, પણ વાળાનીયે ખબર હતી એમ નક્કી કર્યું છે. વાળાના સૂચક શબ્દો વૈદિક મંત્રોમાં મળે છે અને કૌશિકસૂત્રમાં અથર્વવેદના કૃમિનિવારક સૂક્તનો વિનિયોગ દર્શાવતાં વાળાને કાઢવાનો જે ઉપાય બતાવ્યો છે તે પણ પાછળથી પ્રચલિત ઉપાય છે.[1] શ્રી ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાયનું આ અનુમાન સાચું હોય તોપણ વેદકાળમાં વાળાનું જ્ઞાન હોવા છતાં વૃદ્ધત્રયીમાં વાળાનું નામ કે સૂચન નથી અને વૃદ્ધ[illegible]

ક્ષત (अ. वे. ७–७६–४), વિદ્રધિ (विद्रधि ६–१२७–१), છિન્ન–ભગ્ન (अ. वे. ४–१२), વ્રણ (अरु अ. वे. २–३) વગેરે શલ્યતંત્રના રોગોનો વેદોમાં ઉલ્લેખ છે. એક આથર્વણ

---

૧. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન' ૧૯૮૪, પૃ. ૨૫૬ તથા પૃ. ૨૬૨ અને अथर्ववेद २–३१–४.

ક્ષત (अ. वे. ७–७६–४), વિદ્રધિ (विद्रधि ६–१२७–१), છિન્ન–ભગ્ન (अ. वे. ४–१२), વ્રણ (अरु अ. वे. २–३) વગેરે શલ્યતંત્રના રોગોનો વેદોમાં ઉલ્લેખ છે. એક આથર્વણ

૧. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન' ૧૯૮૪, પૃ. ૨૫૬ તથા પૃ. ૨૬૨ અને अथर्ववेद २–३१–४.

શલ્યવિદ્ ક્પાયેલાં હાડકાંને સાંધી દેવાની, ચેપાઈ ગયેલાં કે કપાયેલાં અંગને સમું કરવાની, છૂટાં પડી ગયેલાં માંસ અને મજ્જાને સ્વસ્થ કરવાની એક ઓષધિને પ્રાર્થના કરે છે (જુઓ અ. વે. ૪–૧૨). એક સ્થળે (અ. વે. ૧–૧૭) રક્તસ્રાવ માટે પાટો બાંધવાનું તથા રેતીથી ભરેલી કોથળીથી દબાણ કરવાનું સૂચન દેખાય છે તે સરસ વૈદ્યક જ્ઞાન બતાવે છે. એક મંત્રમાં વ્રણને પકાવી અને તેમાંથી સ્રાવ(પરુ)ને કાઢી નાખી માટી વ્રણરોગોનો નાશ કરે છે એવું કથન છે.[1] આમાં મહાત્મા ગાંધીજી જેની ભલામણ કરે છે તે માટીના ઉપચારનું બીજ છે.

અપચી ઉપર વેધ અને છેદનો પ્રયોગ સૂચવ્યો છે તે આયુર્વેદિક શલ્યતંત્રને માન્ય છે.[2] આ રીતે વીંધવાની અને કાપવાની વાત આવે છે, એટલે કાંઈક શસ્ત્રકર્મ જરૂર થતું હોવું જોઈએ, પણ ઉપર કહ્યું છે તેમ ઝાઝે ભાગે વનસ્પતિ, પાણી અને મંત્રથી શસ્ત્રસાધ્ય રોગો, ખાસ કરીને અકસ્માતો તથા યુદ્ધમાં હથિયારથી થતાં નુકસાનો ઉપર ઉપાચાર કરતા હશે એમ લાગે છે.

પણ પં. હરિપ્રપન્નજીએ અથર્વવેદના :

विते भिनद्मि मेहनं वि योनिं वि गवीनिके ।
विमातरं च पुत्रं च विकुमारं जरायुणा ।
अव जरायु पद्यताम् । अ. वे. १–११–५

એ મંત્રનું વિસ્તારથી વ્યાખ્યાન કરી એના એક કટકામાં જુદી જુદી શસ્ત્રક્રિયા કહી છે એવો અર્થ કર્યો છે. અશ્મીરીની, ગર્ભાશયગત ગુલ્મની, મૂત્રોત્સર્ગની, મૃત માતાના ઉદરમાંથી

---

૧. अरुस्राणमिदं महत् पृथिव्या अध्युद्भृतम् ।
तदास्रावस्य भेषजं तदु रोगमनीनशत् ॥
अ. वे. २–३–५

૨. विध्याम्यासां प्रथमां विध्याम्युत मध्यमाम् ।
इदं जघन्यामासामाच्छिनद्मि स्तुकामिव ॥
अ. वे. ७–७४–२

જીવતો ગર્ભ કાઢવાની, જીવતી માતાના ઉદરમાંથી મૃત ગર્ભને બહાર કાઢવાની, આડા આવેલા ગર્ભને કાઢવાની તથા ઓરને કાઢવાની એટલી સુશ્રુતોક્ત શસ્ત્રયંત્રક્રિયા આ એક મંત્રમાં કહેલી છે એમ પંડિતજી કહે છે (જુઓ 'રસયોગસાગર'નો સંસ્કૃત ઉપોદ્ઘાત, પૃ. ૨ થી ૭). આ પ્રમાણે અર્થ કરવામાં ચમત્કૃતિ જરૂર છે, પણ આ મંત્રના દ્રષ્ટાએ આટલી બધી ક્રિયાઓ આ એક મંત્રમાં કહેવા માગી હોય એ ગળે ઊતરતું નથી. વેદમાં સર્વ વિદ્યાઓ છે અને પાછળના ગ્રંથો વેદના વિવરણરૂપ જ છે એવું દૃઢ શ્રદ્ધાથી માનનારા જૂના કેટલાક ટીકાકારોએ બીજા કેટલાક મંત્રોમાંથી આ રીતે વિશાળ અર્થો કાઢ્યા છે ખરા, પણ વેદમાં અનેક વિદ્યાઓનાં બીજો છે અને એનો વિકાસ પાછળથી થયો છે એ ઐતિહાસિક માન્યતા છે. આ લેખક પણ એ ઐતિહાસિક માન્યતા સ્વીકારે છે. વળી, ઉપરનો અથર્વવેદનો મંત્ર જે સૂક્તમાં છે એ આખું સૂક્ત સુવાવડીના સુખપ્રસવ માટે છે, અને ઉપરના મંત્રમાં તથા તે પહેલાંના તથા પછીના મંત્રમાં ઓર પડવાની વાત મુખ્ય છે. પ્રસવ થઈ ગયા પછી ઓર ન પડતી હોય ત્યારે ઓર પાડવા માટે જે ક્રિયા એ વખતે થતી હશે એનું જ માત્ર સૂચન આ મંત્રમાં હોય એમ મને લાગે છે. અશ્મરીની શસ્ત્રચિકિત્સાનો આ મંત્રમાંથી અર્થ કાઢવો એ તો પ્રકરણવિરુદ્ધ છે. મૂત્રમાર્ગમાં સળી નાખીને પેશાબ લાવવાનું સૂચન ઉપર કર્યું છે તેમ अ. वे. ૧–૩–૭ માં હોવાનું સંભવિત લાગે છે, કારણ કે ત્યાં મૂત્ર છૂટું કરવાનું જ પ્રકરણ છે; પણ अ. वे. ૧–૧૧ માં તો સુખપ્રસવનું જ પ્રકરણ છે.

પ્રસૂતિતંત્ર

अ. वे. ૧–૧૧ સૂક્તમાં સૂચિત કર્મ જે કાંઈ હોય તે પાછળના આયુર્વેદિક પ્રસૂતિતંત્રનું બીજ છે એમ માનવામાં વાંધો નથી. આ સૂક્તનો વિચાર ઉપર થઈ ગયો છે.

શાલાક્ય—આંખના રોગોમાંથી અલજી (અ. વે. ૯–૮–૨૦)નો ઉલ્લેખ છે, પણ 'માથાનો યક્ષ્મા', 'આંખનો યક્ષ્મા', 'નાકનો યક્ષ્મા' (જુઓ અ. વે. ૨–૩૩) એ શબ્દોમાં આંખ, નાક વગેરેના રોગોનો ઉલ્લેખ છે, જોકે તેમાં કયા રોગો સૂચિત છે એ કહેવું મુશ્કેલ છે; પણ તે તે અંગના સામાન્ય રોગો ઓળખાયા હશે અને તેની કાંઈક ચિકિત્સા પણ શરૂ થઈ હશે, એમ માનવામાં વાંધો નથી.

અગદતંત્ર—બ્રાહ્મણોમાં અને સૂત્રોમાં સર્પવિદ્યા અને વિષ-વિદ્યાની વાતો આવે છે (જુઓ શ. બ્રા. ૧૦–૫–૨–૨૦, સાં. શ્રૌ. સૂ. ૧૬–૨–૨૫, આ. શ્રૌ. સૂત્ર ૧૦–૭–૫, છાં. ૭–૧–૨, ઋગ્વિ-ધાન ૧–૨–૫). આ વિદ્યાઓ તો ખાસ આથર્વણવિદ્યાઓ છે. અથર્વવેદ (૫–૧૩, ૫–૧૬, ૬–૧૨, ૭-૫૬)માં સર્પવિષ વિશે કેટલાંક સૂક્તો છે, જેમાં तावुवम् જેવા લોકભાષાના શબ્દો વપરાયા છે એ ઘણું સૂચક છે. ઝેરી ખાણોનો પણ અથર્વવેદ (૪–૬)માં ઉલ્લેખ છે.

રસાયન—અષ્ટાંગ આયુર્વેદમાંથી હવે માત્ર **રસાયન** અને **વાજીકરણ** આ બેનાં મૂળ જોવાનાં રહ્યાં. આયુષ્યસૂક્તો અથર્વવેદમાં અને બીજા વેદોમાં પુષ્કળ મળે છે. શ્રૌત અને ગૃહ્ય સૂત્રોમાં આયુષ્યમંત્રો પુષ્કળ ટાંકેલા છે. એ માટે માદળિયાં વગેરે બાંધવાનો રિવાજ હતો. સો શરદ અને તેથી પણ વધારે આયુષ્ય ભોગવવાની વૈદિક વાસના અનેક મંત્રોમાં ઉલ્લિખિત છે અને અથર્વવેદમાં તો આયુર્વર્ધક અનેક સૂક્તો છે[1] (જુઓ અ. વે. ૧–૩૫, ૩–૧૧, ૭–૫૩–૬, ૨–૨૮, ૨–૨૯, ૩–૩૧ વગેરે).

---

१. तत्ते बध्नाम्यायुषे वर्चसे बलाय दीर्घायुष्त्वाय शतशारदाय।
(१–३५–१)

शतं जीव शरदो वर्धमानः शतं हेमन्तान्शतमु वसन्तान्।
शतं त इन्द्रो अग्निः सविता बृहस्पतिः शतायुषा हविषाहार्षमेनम्॥
(३–११–४)

દીર્ઘાયુષ માટે રસાયનોની યોજના ચરક–સુશ્રુતમાં છે. વેદમાં મુખ્ય રસાયન દેવસ્તુતિ છે.

વાજીકરણ—અથર્વવેદમાં વાજીકર ઓષધિનો સ્પષ્ટ ઉલ્લેખ છે. અલબત્ત, ઓષધિનું નામ નથી આપ્યું, પણ "જેનું વીર્ય નષ્ટ થઈ ગયું છે એવા વરુણદેવ માટે ગન્ધર્વે જે ઓષધિને ખોદી હતી, ઉપસ્થને ઉત્તેજન આપનારી તે ઓષધિને હું ખોદું છું" એ શબ્દોમાં વાજીકરણ ગુણનો સ્પષ્ટ નિર્દેશ છે. આ જ સૂક્તના પછીના મંત્રમાં ઓષધિ પેઠે મંત્રની વાજીકરણ શક્તિ સૂચવી છે. વાજીકરણનો ઉપયોગ પ્રજોત્પતિ માટે થતો હશે એમ આ સૂક્ત ઉપરથી તથા ગર્ભાધાન માટેના (अ. वे. ५–२५) સૂક્ત ઉપરથી દેખાય છે.

ટૂંકામાં આયુર્વેદનાં બધાં અંગોનું બીજ વેદમાં મળે છે એ નિઃસંદેહ છે. અલબત્ત, જેટલું આથર્વણ વૈદ્ય જાણતો હશે તેટલું બધું વેદમાં મળી આવે એ આશા ખોટી છે. વેદો કાંઈ વૈદ્યકના ગ્રન્થો નથી. વળી, હજી વેદમાં વૈદ્યને લગતા જેટલા ઉલ્લેખો મળે છે તે બધાનો વિગતવાર અભ્યાસ થયો નથી, પણ આથર્વણ વૈદ્યનો વિકાસ થઈને જ આયુર્વેદના આચાર્યો થયા છે એ નિઃસંદેહ છે. આથર્વણ વૈદ્યે જ આયુર્વેદના આચાર્ય માટે ક્ષેત્ર તૈયાર કર્યું છે. પુનર્વસુ આત્રેય અને ધન્વન્તરિના કાળમાં કાયચિકિત્સક અને શલ્યહર વૈદ્ય તો જુદા હતા એ નક્કી જ છે, પણ શાલાક્ય ચિકિત્સક, કૌમારભૃત્ય અને ભૂતવિદ્યાભિજ્ઞ પણ જુદા હોવાનો સંભવ છે. પણ આથર્વણ વૈદ્ય તો સર્વ પ્રકારની ચિકિત્સા એકલો જ કરતો હશે. ખરી રીતે આથર્વણમંત્રવિદ્ વિપ્ર જ વૈદ્યક કરતો હશે. પછી જેમ જેમ વૈદ્યક જ્ઞાન વધતું ગયું તેમ તેમ મંત્રવિદ્ ન હોય એવા

---

१. यां त्वा गन्धर्वो अखनद् वरुणाय मृतभ्रजे ।
तां त्वा वयं खनामस्योषधिं शेपहर्षणीम् ॥

—अ. वे. ४–४–१

ચિકિત્સકો દેખાવા માંડ્યા, અને આગળ જતાં કાયચિકિત્સક અને શલ્યહર્તા જુદા પડ્યા.

કૌશિકસૂત્ર—વૈદિક સમયનો વિચાર પૂરો કર્યા પહેલાં કૌશિકસૂત્રમાં રહેલા વૈદ્યકનું ટૂંકું અવલોકન કરી લેવું જોઈએ. વેદોની રચનામાં ઊંડા ઊતરવાની અહીં જરૂર નથી, પણ એટલું કહેવું જોઈએ કે વેદના મંત્રોનો ક્યાં ઉપયોગ–વિનિયોગ કરવો તેની સૂચનાઓનો સંગ્રહ કરનાર ગ્રન્થો જૂના વખતમાં લખાયા છે. વૈદિક સાહિત્યમાં આ ગ્રન્થોનું સ્થાન છેલ્લું છે. અથર્વવેદ સંબંધી કૌશિકસૂત્ર નામનો આવો જૂનો ગ્રંથ છે અને તેના સમર્થ સંપાદક બ્લુમફીલ્ડ કૌશિકસૂત્રને પાછલા સૂત્રકાળમાં મૂકે છે એ જોતાં એને ઈ. સ. પૂર્વે ૩૦૦–૪૦૦ માં મૂકી શકાય એમ મને લાગે છે. અલબત્ત, આ કૌશિકસૂત્ર કાંઈ વૈદ્યક ગ્રન્થ નથી, એટલે એના ઉપરથી એ વખતના વૈદ્યક જ્ઞાનનું માપ ન નીકળે એ હકીકત ધ્યાનમાં રાખીને કૌશિકસૂત્રનું અવલોકન કરવાનું છે.

પહેલું તો અથર્વવેદને જેટલાં વનસ્પતિનામોની ખબર છે તે બધાંની ખબર કૌશિકસૂત્રને હોવી જ જોઈએ, પણ બધાંનો ઉલ્લેખ ન મળે એ સંભવિત છે. સૂત્રમાંથી નામો તારવતાં પચાસેક નામો તો મને મળ્યાં, પણ વેદો કરતાં કૌશિકસૂત્રમાં આ વનસ્પતિઓ વિશે ઓછી માહિતી મળે છે; અને વેદમાં ન હોય એવાં નામો સૂત્રમાં શોધવાનો પ્રયત્ન જ વ્યર્થ છે, કારણ કે સૂત્રની સ્વતંત્ર પ્રવૃત્તિ જ નથી. પછી રોગોનાં નામોમાં ઉદાવર્તનો ઉલ્લેખ છે (૪–૨૫–૧૯). મને ધ્યાન છે ત્યાંસુધી વૈદિક સાહિત્યમાં ઉદાવર્તનો ઉલ્લેખ નથી. દવાની બનાવટમાં ફાંટનો ઉલ્લેખ છે (૪–૨૫–૧૮). અન્યત્ર જળો લગાડવાના રિવાજનું સૂચન છે. નસ્યનું પણ સૂચન છે (૪–૨૬–૮). વરુણગૃહીતનો ઉલ્લેખ છે ત્યાં તેનો જલોદરી અર્થ ટીકાકારે કર્યો છે તે બરાબર છે. વરુણના

કોપથી જલોદર થયાનું ઐતરેયબ્રાહ્મણોક્ત હરિશ્ચન્દ્ર–આખ્યાન પ્રસિદ્ધ છે. સર્પના ઝેર ઉપર હળદરનું ચૂર્ણ ઘીમાં નાખીને પિવડાવવાનું કૌશિકસૂત્રમાં કહ્યું છે (૪–૨૮–૪). અલબત્ત, અ. વે.ના મંત્રોથી અભિમંત્રણ કરીને.

એક બીજા રોગ વિશે કૌશિકસૂત્રકારની નોંધથી એનું વૈદ્યક જ્ઞાન વેદ કરતાં વધારે છે એ સ્પષ્ટ દેખાશે. અથર્વવેદમાં રાજયક્ષ્મા સાથે અજ્ઞાતયક્ષ્માનો ઉલ્લેખ છે એ કહ્યું જ છે. આ અજ્ઞાતયક્ષ્મા કયો રોગ? સૂત્રકાર અજ્ઞાતયક્ષ્માનો અર્થ 'ગ્રામ્ય' વ્યાધિ કરે છે અને તેનો ટીકાકાર 'ગ્રામ્ય' વ્યાધિ મિથુનસંયોગથી થાય છે, એમ કહે છે. જો એ ખુલાસો સાચો હોય તો કોઇક જાતનો પાછળના ઉપદંશ જેવો વ્યાધિ અજ્ઞાતયક્ષ્માથી વિવક્ષિત ગણાય.

પણ આટલાથીયે કૌશિકસૂત્રના કર્તાને વૈદ્યક સંબંધી આથર્વણ વૈદ્ય કરતાં વધારે જ્ઞાન છે એ તો સમજાય છે, અને કૌશિકસૂત્રનો સમય જોતાં એ સ્વાભાવિક છે; પરંતુ કૌશિકસૂત્રનું લક્ષ્ય વૈદ્યક નથી, પણ મંત્રવિદ્યા–અભિમંત્રણ છે. આ બાબતમાં કૌશિકસૂત્રનો ટીકાકાર કેશવ કહે છે તે જરા ધ્યાનમાં લેવા જેવું છે. તે કહે છે: भेषजशान्तिर्भैषज्यशब्देनोच्यते। तत्र द्विविधा व्याधयः। आहारनिमित्ता अन्यजननपापनिमित्ताश्च। तत्राहारनिमित्तेषु चरकवाहडकसुश्रुतेषु व्याध्युपशमनं भवति। अशुभनिमित्तेषु अथर्ववेदविहितेषु शान्तिकेषु व्याध्युपशमनं भवति। कौ. सू. अ. ४ कं. २५ ની ટીકા.

કેશવનું કથન સ્પષ્ટ છે. એના કહેવા પ્રમાણે આહારાદિ કારણોથી જે રોગો થાય તેની ચિકિત્સા ધોરણ પ્રમાણે આયુર્વેદને અનુસરી કરવી, પણ પૂર્વજન્મનાં પાપકર્મથી જે રોગો થાય તેની ચિકિત્સા અથર્વવેદોક્ત શાન્તિકર્મોથી કરવી. કેશવનું આ કથન કૌશિકસૂત્રના કાળને લાગુ પાડવામાં વાંધો નથી. એ પહેલાં

અથર્વવેદના સમયમાં આવો ભેદ હોવાનો સંભવ નથી. એ સમયે તો શાન્તિકર્મ અને વૈદ્યકકર્મ બેય આથર્વણ ભિષક જ કરતો એમ માનવું પડશે. પછી વૈદ્યકવિદ્યાનો વિકાસ થયો, છતાં મંત્રવિદ્યાનું જોર તદ્દન નાશ ન પામ્યું. પૂર્વનાં અસત્કર્મને વ્યાધિનું એક કારણ માનવાનું (જુઓ ચ. વિ. અ. ૩) તથા યુક્તિવ્યપાશ્રય પેઠે જ દૈવવ્યપાશ્રય ભેષજને સ્થાન આપવાનું (જુઓ ચ. વિ. અ. ૮, ૮૭) આયુર્વેદાચાર્યોનું વલણ જોતાં કૌશિકના ટીકાકારનું ઉપલું કથન ઇતિહાસને અનુકૂલ છે એ કબૂલ કરવું પડશે. ચરકના શબ્દોમાં કહીએ તો દૈવવ્યપાશ્રયચિકિત્સક તે કૌશિકસૂત્રને અનુસરી અભિમંત્રણ વગેરે કરનાર બ્રાહ્મણ અને યુક્તિવ્યપાશ્રયચિકિત્સક તે પુનર્વસુ આત્રેય અને તેના શિષ્યો. કૌશિકસૂત્રનો સમય પુનર્વસુ આત્રેયના સમયથી બહુ દૂર નહિ હોય. પાછળથી આથર્વણ મંત્રવિદ્યાનો પ્રચાર કમી થઈ ગયો, પણ આપણા લોકોમાં મંત્રાદિની માન્યતા તો રહી જ અને કૌશિકસૂત્રના ટીકાકારના સમય સુધી અથવા આજ સુધી અમુક અંશે ચાલુ છે.

ઉપરના વિવરણમાંથી એવું અનુમાન પણ નીકળે કે કૌશિકસૂત્રના કર્તાને ચરકોક્ત વૈદ્યકની ખબર હશે અથવા ખબર હોવાનો સંભવ હતો, પણ તેનું કામ તો દૈવવ્યપાશ્રયચિકિત્સા જ આથર્વણ મંત્રોના વિનિયોગદ્વારા દર્શાવવાનું હોવાથી એમાં વૈદ્યક સૂચનો વિશેષ ન હોય એ સ્વાભાવિક છે.

ખરી રીતે એ કાળે આયુર્વેદનાં જુદાં જુદાં અંગોના અન્વેષણની બળવાન પ્રવૃત્તિ ચાલી રહી હતી એમ માન્યા વગર છૂટકો નથી. અનેક શોધકો દેશભરમાં ફરી જુદા જુદા પ્રાન્તની વનસ્પતિઓ ઓળખવામાં તથા ગુણ–ઉપયોગ નક્કી કરવામાં પડ્યા હતા. બીજા વળી જુદાં જુદાં રોગલક્ષણો નોંધવાની તથા

તેનું વર્ગીકરણ કરવાની પ્રવૃત્તિમાં પડ્યા હતા. કોઈ રોગની કારણ-મીમાંસા વિચારી રહ્યા હતા, બીજા જુદા જુદા ઉપચારોના પ્રયોગો કરી રહ્યા હતા, કેટલાક વળી શરીરનો વિગતવાર પરિચય મેળવી શસ્ત્રકર્મની વિદ્યા ધીમેધીમે ખેડવા મંડ્યા હતા.

આ વાક્યો લખવાં ઘણાં સહેલાં છે, પણ કાંઈ ન હોય તેમાંથી કેવળ અનુભવની મદદ વડે જ આવી વિદ્યાઓ ખેડવી એ ઘણું અઘરું કામ છે. પહેલા પ્રયત્ન કરનારાઓ પાસે આજના વિદ્યાર્થીઓ પાસે છે તેવા ચરક-સુશ્રુતના કે સર્જરી, મેડિસિન, મિડવીફ્રી વગેરેના ગ્રન્થો નહોતા. તેઓને તો આથર્વણ ભિષક પાસેથી જે કાંઈ થોડી માહિતી મળે તે મેળવી પછી તો સાક્ષાત્ પ્રકૃતિ અથવા જડચેતન સૃષ્ટિ પાસેથી જ્ઞાન મેળવવાનું હતું અને અતિશય બુદ્ધિશાળી અને સાહસિક માણસો જ આવી રીતે નવું જ્ઞાન મેળવી શકે છે. એકબે નહિ, પણ અનેક પેઢીના અનેક વૈદ્યોએ પરમ પ્રયત્ન કરીને જે જ્ઞાન એકઠું કર્યું અને તેની પ્રતિભાશાળી આચાર્યોએ જે વ્યવસ્થા કરી તે આપણે ચરકસંહિતામાં અને સુશ્રુતસંહિતામાં જોઈએ છીએ. અલબત્ત, ઉપર કહેલા વચલા કાળના વૈદ્યોના અપૂર્વ પ્રયત્નોની ક્યાંય નોંધ નથી. આયુર્વેદના સાચા ઉત્પાદકોનાં નામ પણ ભુલાઈ ગયાં છે. ફક્ત ચરકમાં સૂત્રકાર ઋષિઓનો જે ઉલ્લેખ મળે છે તે ઉપર કહેલ ઇતિહાસનો સૂચક છે.

વૈદિક સમયમાં આયુર્વેદનો જે વિકાસ થયો હતો તેની સંપૂર્ણ નહિ પણ સવિસ્તર સમાલોચના આપણે કરી. એથી આયુર્વેદનાં લગભગ સર્વ પ્રાચીન અંગોનો બીજવિન્યાસ વૈદિક કાળમાં જ થઈ ગયો હતો એ સ્પષ્ટ દેખાય છે. પણ ઝીણવટથી વિચાર કરતાં કોઈ કોઈ અંગનો ઘણો ઓછો વિકાસ થયેલો દેખાશે, ત્યારે કોઈકનો ઠીક ઠીક વિકાસ થયેલો દેખાશે. પહેલી જ નજરે જે ધ્યાન ખેંચે છે તે શારીરનું જ્ઞાન છે. અથર્વવેદ અને

શતપથના સમયના વૈદ્યને શરીરનાં હાડકાંઓ સંબંધી ઘણું અને ઘણું ચોક્કસ જ્ઞાન છે. આ શારીરના જ્ઞાન સાથે ઓષધિઓના જ્ઞાનને સરખાવો. ચરક–સુશ્રુતની સરખામણીમાં વેદોમાં ઓષધિવિજ્ઞાન ઘણું અલ્પ છે. ચરક–સુશ્રુતમાં છસો સાતસો ઓષધિઓ છે, ત્યારે વેદોમાં સવાસો ભાગ્યે જ છે. અને જેનાં નામો વેદોમાં છે તેઓના ગુણ–ઉપયોગ વિશે પણ શાસ્ત્રીય વિવેચન કશું જ નથી. એ જ રીતે રોગો સંબંધી જ્ઞાન પણ વેદોમાં ચરક–સુશ્રુત સાથે સરખાવતાં અતિ અલ્પ છે. અલબત્ત, વિશાળ વૈદિક સાહિત્યમાં આવેલાં વચન-માત્રનો સંગ્રહ અશક્ય છે અને ઇતિહાસ માટે એવી જરૂર નથી, પણ વેદમાં બધું છે, પાછળથી વેદ કરતાં જ્ઞાન આગળ નથી વધ્યું પણ ઘટ્યું છે એવું માનનાર વર્ગની વાત જુદી છે. એમ જેઓ નથી માનતા તેઓને તો આટલા સામાન્ય અવલોકનથી વૈદિક વૈદ્યની વિદ્યાસંપત્તિનો સાચો ખ્યાલ આવી જશે.

અહીં એટલું કબૂલ કરવું જોઈએ કે વેદો કાંઈ વૈદ્યક ગ્રન્થો નથી. એટલે તેમાં આવેલા છૂટક ઉલ્લેખો ઉપરથી એ સમયના વૈદ્યના જ્ઞાનનું સંપૂર્ણ માપ આપણને ન આવે. અથર્વવેદના છૂટક ઉલ્લેખોનો જથ્થો જોતાં વેદકાળના છેલ્લા સમયનો વૈદ્ય આયુર્વેદનાં આઠેય અંગોમાં કાંઈક કાંઈક કામ જરૂર કરતો હશે એમ માનવામાં વાંધો નથી. વૈદિક સાહિત્યમાં જેનો ઉલ્લેખ ન મળે એવી પણ કોઈ કોઈ વનસ્પતિ આથર્વણ વૈદ્ય વાપરતો હોય અને જેનું સૂચન નથી મળતું એવી કોઈ કોઈ શસ્ત્રક્રિયા પણ કરતો હોવાનો સંભવ છે, પણ ચરક-સુશ્રુત-કાલીન વૈદ્ય સાથે સરખાવવામાં આવે તો વેદકાલીન વૈદ્યનું જ્ઞાન ઘણું મર્યાદિત જ માનવું પડશે. પણ એ વૈદિક સમયના છેલ્લા ભાગનો એટલે શતપથબ્રાહ્મણનો પુરાવિદોમાં બહુમાન્ય સમય ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૬૦૦ને ગણતાં એ સમયની અને ચરક–સુશ્રુતસંહિતાઓની પ્રતિસંસ્કૃત રચનાના સમયને ઈ. સ.

૧૦૦થી ૩૦૦ની આસપાસ માનતાં એ વચ્ચેના લગભગ આઠસો વર્ષના ગાળામાં આયુર્વેદ સંબંધી બધો શાસ્ત્રીય વિકાસ થયો છે. મારી કહેવાની મતલબ એ છે કે ચરક–સુશ્રુતમાં જે શાસ્ત્રીય જ્ઞાન જોવામાં આવે છે તે કાંઈ તે તે ગ્રન્થના કર્તાઓ આત્રેય–અગ્નિવેશ–ચરક અથવા કાશીરાજ–સુશ્રુત ગમે તેની પણ કોઈ એકની પૂંજી નથી.

છેક અથર્વવેદના સમયથી—ઘણું કરી ઈ. સ. પૂર્વે એક હજારથી એ વખતના વૈદ્ય વિપ્રોએ વૈદ્યક જ્ઞાન મેળવવા માંડ્યું હતું, પણ ઈ. સ. પૂર્વે છઠ્ઠા શતક સુધી એ જ્ઞાને કાંઈ વ્યવસ્થિત રૂપ પ્રાપ્ત કર્યું નથી. આપણા સૂત્રગ્રન્થોની, ખાસ કરીને કલ્પસૂત્રો અને ધર્મસૂત્રોની, રચના ઈ. સ. પૂર્વે છઠ્ઠા શતકથી શરૂ થઈ છે એમ વિદ્વાનોની માન્યતા છે. એ અરસામાં જ વિદ્વાન વૈદ્યોએ પણ પોતપોતાના વૈદ્યક જ્ઞાનની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કર્યો હોવાનો સંભવ છે.

દ્વિતીય ખંડ

આયુર્વેદની સંહિતાઓ

વૈદ્યકને લગતા સંસ્કૃત ભાષામાં અત્યારે જે સેંકડો ગ્રન્થો મળે છે તે સર્વમાં પ્રાચીનતમ, પરમ પ્રતિષ્ઠાવાળા અને પાછળના વૈદ્યક સાહિત્યના મૂળભૂત એવા બે સંપૂર્ણ ગ્રન્થો મળે છે અને બે ત્રુટિત મળે છે: (૧) ચરકસંહિતા, (૨) સુશ્રુતસંહિતા, (૩) ભેલસંહિતા, અને (૪) સંવત્ ૧૯૯૫માં જ છપાયેલી કાશ્યપસંહિતા.

આ ચારમાં પણ જૂના કાળથી ચરકસંહિતા અને સુશ્રુત-સંહિતા બેનો જ પ્રમાણભૂત ગ્રન્થો તરીકે વૈદ્યોમાં પ્રચાર હતો એ ચોક્કસ છે. વાગ્ભટ જેવો લગભગ ચૌદસો વર્ષ પહેલાંનો આયુર્વેદ-પારંગત વિદ્વાન વૈદ્ય "ચરક-સુશ્રુતને છોડીને ભેલાદિ કેમ નથી વંચાતા?" એમ કહે છે[1] અને ઈ. સ. ૧૧ મા શતકના કવિ શ્રી હર્ષ 'નૈષધચરિત'માં વૈદ્ય પાસે ચરક-સુશ્રુતના જ્ઞાનને જ ઉત્તમ વૈદ્ય હોવા માટે આવશ્યક તરીકે દર્શાવે છે.[2]

---

૧. ऋषिप्रणीते प्रीतिश्चेद् मुक्त्वा चरकसुश्रुतौ भेलाद्याः किं न पठ्यन्ते ?

—अ. हृ. उ. अ. ४०, श्लो. ८८

૨. कन्यान्तःपुरबाधनाय यदधीकारान्न दोषा नृपं
द्वौ मन्त्रिप्रवरश्च तुभ्यमगदंकारश्च तावूचतुः ।
देवाकर्णय सुश्रुतेन चरकस्योक्तेन जानेऽखिलं
स्यादस्यानलदं विना नदलने तापस्य कोपीश्वरः ॥

સુશ્રુતની નિર્ણયસાગરની આવૃત્તિમાંથી શ્રી જાદવજી ત્રિ. આચાર્યના નિવેદનમાં કરેલો ઉતારો.

ચરક અને સુશ્રુત બન્નેની પરંપરા જુદી છે. વૈદ્યકની બે મોટી શાખાઓ કાયચિકિત્સા (Medicine) અને શસ્ત્રચિકિત્સા (Surgery)ના અનુક્રમે પ્રતિનિધિરૂપ આ બે ગ્રન્થો છે. આ બે ગ્રન્થો જોતાં એમ લાગે છે કે એ મૂળરૂપ નહિ પણ મુખરૂપ છે. વેદ પછી અને આ બે સંહિતાઓ હાલમાં જેવી મળે છે તેવી રચાઈ તે પહેલાં વૈદ્યકને લગતું ઘણું વાઙ્મય ઉત્પન્ન થયું હશે. જે અનેક ઉત્સાહી અને તીક્ષ્ણ બુદ્ધિશાળી ઋષિઓએ આયુર્વેદનાં વિવિધ અંગોનો જાતે અવલોકન તથા પ્રયોગો વડે અભ્યાસ કર્યો હશે તેમાંથી કેટલાકે સૂત્રરૂપે ગ્રન્થો કર્યા હશે. જેમ પાણિનિ કે યાસ્ક પોતાની પહેલાંના અનેક સૂત્રકારોનો ઉલ્લેખ કરે છે તેમ ચરકમાં પણ સૂત્રકારોનો અને અનેક શાસ્ત્રોનો ઉલ્લેખ મળે છે.[1] અને ગર્ભ કેવી રીતે બંધાય છે એ પ્રસંગમાં સૂત્રો જેવા કટકાઓ કુમારશિરા ભરદ્વાજ, બાહ્લીકભિષક્ કાંકાયન, ભદ્રકાપ્ય, ભદ્રશૌનક, બડિશ, વૈદેહ જનક, મારીચિ કશ્યપ અને ધન્વન્તરિ એટલાનાં નામથી ઉતાર્યા છે. મીમાંસાસૂત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર વગેરેમાં આવી જ રીતે બીજાના મતો ઉતારેલા છે. પણ આ સૂત્રકારો પુનર્વસુ આત્રેયથી પૂર્વના જ છે એમ નિશ્ચય કરવો મુશ્કેલ છે; સમકાલીન હોવાનો પણ સંભવ છે. ચરકમાં જ સૂત્રસ્થાનના ત્રણ અધ્યાયોમાં પુનર્વસુ આત્રેયના પ્રમુખપદ નીચે ઋષિવૈદ્યોની સભા મળી હોય એવું વર્ણન છે અને એમાં ભરદ્વાજ, કાંકાયન, ભદ્રકાપ્ય, બડિશ અને મારીચિ પોતપોતાના મત દર્શાવી ભાગ લે છે. અહીં જનક વૈદેહનું નામ છે, અન્યત્ર વૈદેહ નિમિનું નામ છે. અહીં ભદ્રશૌનક છે, અન્યત્ર

---

૧. ऋषींश्च सूत्रकारानभिमन्त्रयमाणः। —चरक वि. अ. ८

विप्रतिपत्तिवादास्त्वत्र बहुविधाः सूत्रकाराणामृषीणां सन्ति सर्वषाम्।
—चरक शा. अ. ६

विविधानि हि शास्त्राणि प्रचरन्ति लोके। —चरक वि. अ. ८

કેવળ શૌનક નામ છે. પણ આ પ્રાચીન સભા કે પરિષદ વિશે વધારે વિવેચન કર્યાં પહેલાં ચરકની રચના માટે એ ગ્રન્થ પોતે શું કહે છે તે જોઈએ.

ચરક–સુશ્રુતની પરંપરા

ચરકના પહેલા જ અધ્યાયમાં કહ્યું છે કે " પહેલાં હિમાલયની તળેટીમાં પ્રાણિમાત્ર ઉપર કરુણાથી પ્રેરાઈને તપના તેજથી પ્રદીપ્ત, બ્રહ્મજ્ઞાનના નિધિરૂપ મહર્ષિઓ એકઠા થઈને વિચાર કરવા લાગ્યા કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મૂળ ઉત્તમ આરોગ્ય છે અને રોગો આરોગ્યના, કલ્યાણના અને જીવિતના પણ હરનાર છે; માટે આ રોગોરૂપ મોટું વિઘ્ન મનુષ્યોને માથે આવી પડ્યું છે એનો ઉપાય શો ? એમ વિચાર કરતાં એનો ઉપાય ઇન્દ્ર જાણે છે એવું સમજાતાં ઋષિઓની વતી દીર્ઘ જીવિતની ઇચ્છાવાળા ભરદ્વાજ ઇન્દ્ર પાસે ગયા. ઇન્દ્રે ભરદ્વાજને જે ત્રિસૂત્ર આયુર્વેદ બ્રહ્મા જાણતા હતા તે શાશ્વત આયુર્વેદ ભણાવ્યો. ભરદ્વાજ પાસેથી ઋષિઓ આયુર્વેદ શીખ્યા અને જાતે રોગરહિત જીવિત અને પરમસુખ પામ્યા.

" પછી મૈત્રીપરાયણ પુનર્વસુએ સર્વભૂતો ઉપર અનુકમ્પાથી પવિત્ર આયુર્વેદ છ શિષ્યોને ભણાવ્યો : અગ્નિવેશ, ભેલ, જતૂકર્ણ, પરાશર, હારીત, ક્ષારપાણિ. આ છ શિષ્યોમાં પહેલાં અગ્નિવેશે પોતાનું તન્ત્ર રચ્યું, પછી ભેલ વગેરેએ પોતપોતાનાં તન્ત્રો રચ્યાં અને આત્રેયને સંભળાવ્યાં. ગુરુએ બીજા ઋષિઓ સાથે ' બરાબર કર્યું છે ' (यथावत् सुग्रितमिति) એમ અનુમતિ આપી. " (चरक सू. अ. १).

ચરકના પહેલા અધ્યાયની આ કથા બહુ સૂચક છે. સુશ્રુતે જોકે આવો વિસ્તાર નથી કર્યો, પણ આરંભમાં જ કહ્યું છે કે " સ્વયંભૂએ પ્રજાઓને ઉત્પન્ન કરીને તરત જ એક હજાર અધ્યાયો અને એક લાખ શ્લોકવાળો આયુર્વેદ કર્યો, અને પછી એનાં આઠ

અંગો કર્યાં, જે બ્રહ્મા પાસેથી પ્રજાપતિ ભણ્યા; એમની પાસેથી અશ્વિદેવો, અશ્વિ પાસેથી ઇન્દ્ર અને ઇન્દ્ર પાસેથી હું આયુર્વેદ ભણ્યો છું એમ ભગવાન કાશીરાજ દિવોદાસ ધન્વન્તરિ પોતાના ઔપધેનવ વગેરે સાત શિષ્યોને કહે છે, અને આ શિષ્યો સુશ્રુતને અગ્રેસર કરીને સાંભળે છે.” (सुश्रुत सू. अ. १)

ચરક અને સુશ્રુતમાં કહેલી આ પરંપરા બીજી વિદ્યાઓની પરંપરાને મળતી આવે છે. “ વિદ્યાઓ માત્ર પરમપુરુષનું નિઃશ્વસિત છે,” “ ઈશ્વરે જ સૃષ્ટિની પેઠે વિદ્યાઓને ઉત્પન્ન કરી છે”—એ વૈદિક માન્યતાનો આ કથાઓમાં અનુવાદ છે. અર્થાત્ સ્વયંભૂ, પ્રજાપતિ, અશ્વિ, ઇન્દ્ર વગેરે દેવોને ઐતિહાસિક વિચારમાં ગણવાની જરૂર નથી. પણ ભરદ્વાજ ઋષિની વાત જુદી છે. આયુર્વેદિક સાહિત્યમાં જોકે ભરદ્વાજની વિશેષ વાત નથી, પણ એ વૈદિક ઋષિ છે. અથર્વવેદના દશમા કાંડના એક સૂક્તના એ ઋષિ છે. આ એક સૂક્તમાં ઉપર આવી ગયેલું હાડકાંઓનું વર્ણન છે. અથર્વવેદમાં પણ આ કાંડ પ્રાચીનતર (૮ થી ૧૨) વિભાગમાં છે; એટલે વેદાંતર્ગત આયુર્વેદના પ્રતિનિધિ તરીકે ભરદ્વાજને માનીએ તો ભરદ્વાજ ઇન્દ્ર પાસે શીખ્યા અને ઋષિઓ ભરદ્વાજ પાસેથી શીખ્યા એ કથા ઠીક બેસી જાય છે. વૈદિક વૈદ્યક પુનર્વસુ આત્રેય, ધન્વન્તરિ વગેરેને વારસામાં મળ્યું છે એ ઐતિહાસિક હકીકતને આ પરંપરાકથા ટેકો આપે છે.

પુનર્વસુ આત્રેય—પુનર્વસુ આત્રેય વિશે જરા વિસ્તારથી વિચાર કરવો પડશે. આખા ચરકમાં સ્થળે સ્થળે અને પ્રત્યેક અધ્યાયના આરંભમાં ‘ભગવાન આત્રેય કહે છે’ એ રીતે ઉલ્લેખ છે. અનેક સ્થળે અગ્નિવેશ પૂછે છે અને પુનર્વસુ આત્રેય ઉત્તર આપે છે એ રીતે સંવાદયોજના છે. સંવાદશૈલીનો ઉપનિષદોમાં ઘણો ઉપયોગ થયો છે. ત્રણેક સ્થળે સભાની પેઠે અનેક ઋષિઓની ચર્ચા

છે, પણ તેમાંયે પ્રમુખ તો પુનર્વસુ આત્રેય જ હોય છે. બધી રીતે ચરકને જોતાં ભગવાન પુનર્વસુ આત્રેય આ ગ્રંથના મૂળ ઉપદેશક છે એમ સહેલાઈથી સમજી શકાય છે, પણ આખો ગ્રંથ આદિથી અંત સુધી પુનર્વસુ આત્રેયનો નથી. અગ્નિવેશ વગેરેનાં વચનો છોડી દઈએ તોપણ કેટલોક ભાગ આત્રેયનો નથી, કારણ કે ચરકમાં જ પ્રત્યેક સ્થાનના તથા અધ્યાયના અન્તમાં अग्निवेशकृते तन्त्रे चरकप्रतिसंस्कृते એવા શબ્દો છે.

મતલબ કે અગ્નિવેશે જે તન્ત્ર રચેલું તેનો ચરકે પ્રતિસંસ્કાર કરતાં જે ગ્રન્થ થયો તે આ ચરકસંહિતા. પણ અહીં પ્રતિસંસ્કાર એટલે શું એ સમજી લેવાની જરૂર છે. ચરકમાં જ દૃઢબલે કહ્યું છે કે—

> विस्तारयति लेशोक्तं संक्षिपत्यतिविस्तरम् ।
> संस्कर्ता कुरुते तन्त्रं पुराणं च पुनर्नवम् ॥
> (ચરકસંહિતા, સિ. સ્થાન, અ. ૧૨, શ્લો. ૭૬)

ટૂંકામાં કહેલું હોય તેનો વિસ્તાર કરે અને અતિવિસ્તાર હોય ત્યાં સંક્ષેપ કરે; ટૂંકામાં પ્રતિસંસ્કર્તા જૂના તંત્રને ફરી નવું કરે છે.

આ શબ્દો બહુ સ્પષ્ટ છે. ટૂંકામાં કહેલનો વિસ્તાર કરતાં જૂનાં વાક્યો રાખીને નવાં ઉમેર્યાં હોવાનો જ અર્થ થઈ શકે નહિ. તેમ સંક્ષેપ કરતાં પણ માત્ર વાક્યો કાઢી નાખવાથી ચાલે નહિ. સંબંધ મેળવવા માટે બધી રચના નવી જ કરવી પડે અને તેથી જૂનું તંત્ર, દૃઢબલ કહે છે તેમ, નવું જ થાય. આ વિચારસરણીથી જોઈએ તો અત્યારે મળે છે તે ચરકસંહિતા જ છે. અગ્નિવેશતંત્ર એમાંથી કેટલો ભાગ હતો તે નક્કી થવું અશક્ય છે.

પણ ચરકસંહિતાનો ઇતિહાસ આટલેથી અટકતો ન[illegible] અગ્નિવેશતંત્રનો પ્રતિસંસ્કાર ચરકે કર્યો છે એમ કહેનાર દૃઢબલ પોતાના સ્પષ્ટ ઉમેરાનો નિર્દેશ નીચેના શબ્દોમાં કર્યો છે—

"ચરકસંહિતાના ચિકિત્સાસ્થાનમાં ૧૭ અધ્યાયો મળતા નથી તેમ જ કલ્પસ્થાન અને સિદ્ધિસ્થાનના અધ્યાયો મળતા નથી; તેથી આ મહાર્થતંત્રને સંપૂર્ણ કરવા માટે એ રીતે ખૂટતા ૪૧ અધ્યાયો આ દૃઢબલે રચ્યા છે."

(ચરકસંહિતા, ચિ. અ. ૩૦, શ્લો. ૨૭૪–૭૫)

આ સ્પષ્ટ શબ્દો જોતાં હાલની ચરકસંહિતાના કુલ ૧૨૦ અધ્યાયોમાંથી એકતાળીસ એટલે ત્રીજો ભાગ દૃઢબલનો છે અને બાકીના બે ભાગમાં એ પ્રતિસંસ્કર્તાએ[1] વધારોઘટાડો નહિ કર્યો હોય એમ નથી કહેવાતું.

વૈદ્ય પં. હરિપ્રપન્નજી દૃઢબલના આ શબ્દો માનવાની ના પાડે છે,[2] પણ દૃઢબલના સ્પષ્ટ શબ્દો જોતાં એવી ના પાડવાનો કાંઈ અર્થ નથી. વળી, વિજયરક્ષિત વગેરે જૂના ટીકાકારો પણ ઉપર કહેલા અધ્યાયો દૃઢબલના છે એમ સ્વીકારે છે.[3]

સુશ્રુતનો સંપ્રદાય — 'દિવોદાસ ધન્વન્તરિએ સુશ્રુતાદિ સાત શિષ્યોને શલ્યતંત્રને મુખ્ય વિષય રાખીને ઉપદેશ આપ્યો' એમ સુશ્રુતમાં જ લખ્યું છે. ગ્રન્થમાં 'ભગવાન ધન્વન્તરિ કહે છે' એ રીતે સ્થળે સ્થળે ઉલ્લેખ છે, છતાં સમગ્ર ગ્રંથ સુશ્રુતસંહિતા કહેવાય છે. સૌશ્રુતતંત્ર એમ પણ પાછળના ટીકાકારો ઉલ્લેખ કરે છે. અર્થાત્ ધન્વન્તરિએ શલ્યતંત્ર વિશે જે ઉપદેશ આપ્યો તેનો સંગ્રહ કરી સુશ્રુતે આ તંત્ર રચ્યું એમ પરંપરાથી મનાય છે. પણ વસ્તુસ્થિતિ એટલી સાદી નથી. હાલની સુશ્રુતસંહિતા કેવળ શલ્યતંત્ર

---

૧. કવિરાજ ગણનાથ સેન દૃઢબલને પણ પ્રતિસંસ્કર્તા જ કહે છે. (જુઓ ભાનુમતી ટીકા સહિત સુશ્રુત સૂત્રસ્થાન, ૧૯૩૯, ઉપોદ્‌ઘાત, પૃ. ૬)

૨. જુઓ 'રસયોગસાગર'નો અંગ્રેજી ઉપોદ્‌ઘાત, પૃ. ૭૦.

૩. આ વિષયની સવિસ્તર ચર્ચા માટે જુઓ ૧૯૨૩ની ભાવનગરની ગુજરાતી સાહિત્ય પરિષદના રિપોર્ટમાં 'ચરકસંહિતામાં દૃઢબલનો હાથ' નામનો મારો નિબંધ, જે 'આયુર્વેદવિજ્ઞાન' પુ. ૮, અં. ૨માં પણ છપાયો છે.

નથી. એમાં આયુર્વેદનાં આઠે અંગોનું વિવરણ છે. બીજું, ગ્રન્થના આરંભમાં અનુક્રમણિકા આપી છે. તેમાં "પાંચ સ્થાનમાં ૧૨૦ અધ્યાય છે એમ પહેલાં કહ્યું છે. તેમાં સૂત્રસ્થાનના અધ્યાયો ૪૬, નિદાનના ૧૬, શારીરના ૧૦, ચિકિત્સિતના ૪૦, કલ્પના ૮, એથી આગળ ૬૬." "આ રીતે ૧૨૦ અધ્યાયો થયા અને એથી આગળ પોતાના નામથી જ પ્રખ્યાત ઉત્તરતંત્ર છે." (સૂ. અ. ૩.). આ શબ્દો જરા વિચિત્ર છે, પણ પહેલા અધ્યાયમાં એથીયે વધારે વિચિત્ર વચન છે. શરૂઆતમાં આયુર્વેદનું સામાન્ય સ્વરૂપ કહી એક શ્લોકમાં કહ્યું છે કે "આ ટૂંકામાં ચિકિત્સાનું બીજ કહ્યું છે. ૧૨૦ અધ્યાયોમાં હવે એનું વિવેચન થશે.[૧]" આ વચન સ્પષ્ટ છે. એનો અર્થ એટલો જ થાય કે સુશ્રુતમાં ૧૨૦ અધ્યાયો હોવા જોઈએ. પછી તરત જ ગદ્યમાં આ શ્લોકનો અનુવાદ કરતાં કહે છે કે "તેમાં ૧૨૦ અધ્યાયો પાંચ સ્થાનમાં, તેમાં પણ સૂત્ર, નિદાન, શારીર, ચિકિત્સિત અને કલ્પસ્થાનમાં અર્થને અનુસરી વહેંચી નાખી બાકીના વિષયો ઉત્તરતંત્રમાં કહીશું." આ વચનનો જ ત્રીજા અધ્યાયમાં અનુવાદ કર્યો છે. આ વચનો ઉપર વિચાર કરતાં સ્પષ્ટ દેખાય છે કે પહેલાં પાંચ સ્થાનમાં વહેંચાયેલું ૧૨૦ અધ્યાયોનું સૌશ્રુતતંત્ર હતું અને પાછળથી તેમાં ઉત્તરતંત્ર ૬૬ અધ્યાયોનું ઉમેરાયું. ઉત્તરતંત્રનો વિષય બીજા ગ્રન્થોમાંથી લીધો છે એમ ઉત્તરતંત્રના આરંભમાં સ્પષ્ટ કહ્યું છે: "૧૨૦ અધ્યાયોમાં મેં જે વારંવાર કહ્યું હતું કે આ વાતો ઉત્તરતંત્રમાં વિસ્તારથી કહીશ તે ઉત્તમ ઉત્તરતંત્ર હવે કહું છું. જેમાં વિદેહરાજાએ કહેલા શાલાક્યતંત્રમાં વર્ણવેલા બધા રોગો તથા (બીજાઓએ વિસ્તારથી જોયેલા) બાળવ્યાધિઓ તથા પરમઋષિઓએ કાયચિકિત્સાનાં ૭ તંત્રોમાં કહેલા ઉપસર્ગાદિ તથા આગન્તુક રોગો આ ઉત્તરતંત્રમાં કહ્યા છે."

આ વચનથી સ્પષ્ટ સમજાય છે કે અગ્નિવેશ, ભેલ વગેરેનાં ૭ તંત્રો પ્રસિદ્ધ થયા પછી એમાંથી તથા વિદેહ વગેરેનાં તંત્રોમાંથી

શાલાકયનો તેમ જ પાર્વતક, જીવક વગેરેમાંથી બાળરોગનો વિષય લઈ એ બધાના સંગ્રહરૂપ ઉત્તરતંત્ર કોઈએ રચેલું છે. અર્થાત્ મૂળ પાંચ સ્થાન પૂરાં થયા પછી ઘણે વખતે છઠ્ઠું સ્થાન રચાયું હશે. પાંચમા સ્થાનનો અન્ત પણ એવી રીતનો છે કે જાણે ત્યાં જ ગ્રન્થની સમાપ્તિ થતી હોય. હવે આ ઉત્તરતંત્ર ઉમેરનારે માત્ર ઉત્તરતંત્ર જ ઉમેર્યું છે કે બાકીના પાંચસ્થાનમાં પણ સુધારોવધારો કર્યો છે? આ પ્રશ્નનો જવાબ મુશ્કેલ છે. સ્થળે સ્થળે ઉત્તરતંત્રમાં આ વિષય કહીશું એટલું તો ઉમેર્યું જ છે. એટલે ઉત્તરતંત્ર સાથે ખાસ વિરોધ ન આવે એવો ફેરફાર પણ કર્યો હશે જ. પણ આ ઉત્તરતંત્ર કોણે ઉમેર્યું અને તે પહેલાં સુશ્રુતતંત્રનો કોઈએ પ્રતિસંસ્કાર કર્યો હતો કે નહિ? વિજયરક્ષિત વગેરે ટીકાકારો વૃદ્ધસુશ્રુતના નામથી કેટલાક પાઠોનો ઉદ્ધાર કરે છે અને આ પાઠો હાલની સુશ્રુતસંહિતામાં મળતા નથી. માટે હાલની સુશ્રુતસંહિતાના મૂળરૂપ વૃદ્ધસુશ્રુત અથવા વૃદ્ધસૌશ્રુતંત્ર નામનો શલ્યતંત્રનો ગ્રંથ પહેલાં હતો એમ કવિરાજ ગણનાથ સેનનો મત છે.

આ વૃદ્ધસુશ્રુત[1] કે આદ્યસુશ્રુત સંહિતાનો મોટો ભાગ ઘર બળી જવા જેવો હોઈ લુપ્ત કે ખંડિત થઈ ગયો હશે. અનેક ગ્રન્થો લુપ્ત થઈ ગયાના પુરાવા છે તેમ જ ભેલકાશ્યપ જેવી

---

૧. बीजं चिकित्सितस्यैतत्समासेन प्रकीर्तितम्।
सविंशमध्यायशतमस्य व्याख्या भविष्यति॥ सु. सू. अ. १

૨. વૃદ્ધસુશ્રુત અને સુશ્રુત, વૃદ્ધવાગ્ભટ અને લઘુવાગ્ભટ એ રીતે જૂના કાળથી નામો પ્રચલિત છે. અહીં વૃદ્ધનો અર્થ શો કરવો? રાજકીય ઇતિહાસમાં—ખાસ કરીને ગુજરાતના ઇતિહાસમાં મોટો (बृहत्) ભીમ એટલે ભીમ પહેલો અને લઘુભીમ અથવા બાલમૂલરાજ એટલે ભીમ બીજો તથા મૂલરાજ બીજો એવો અર્થ પ્રચલિત હતો. (જુઓ 'પ્રબંધચિંતામણિ' ગુ. ભા. પૃ. ૨૦૪ અને 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ' વિ. ૨, પૃ. ૩૪૩.)

સંહિતાઓ અત્યારે અત્યંત ખંડિતરૂપમાં મળે છે.[1] મતલબ કે ધન્વન્તરિના ઉપદેશનો સંગ્રહ થઈને ઔપધેનવ, ઔરભ્ર, પૌષ્કલાવત વગેરેની પેઠે સૌશ્રુતતંત્ર પણ પહેલાં રચાયેલું. એ જ વૃદ્ધસુશ્રુત. પછી ઔપધેનવાદિ તંત્રો તદ્દન લુપ્ત થઈ ગયાં, જ્યારે સૌશ્રુતતંત્રના ખંડિત ગ્રંથનો પ્રતિસંસ્કાર થઈને સુશ્રુતસંહિતા થઈ. આ પ્રમાણે સુશ્રુતનો પ્રતિસંસ્કાર વારંવાર થયો છે એમ કવિરાજ ગણનાથ સેન કહે છે. સુશ્રુતમાં પોતામાં જોકે આ પ્રતિસંસ્કારનો સ્પષ્ટ નિર્દેશ નથી, પણ ઉપર દર્શાવ્યું છે તેમ ઉત્તરતંત્રના આરંભનાં વચનોમાં પ્રતિસંસ્કારનું સૂચન છે અને જૂના ટીકાકારો એ વાત સ્વીકારે છે. ડલ્લન તો સ્પષ્ટ કહે છે કે "આમાં પ્રતિસંસ્કર્તા નાગાર્જુન જ છે." આ શબ્દોમાંથી સુશ્રુતના પ્રતિસંસ્કર્તા તરીકે બીજાં નામો પણ બોલાતાં હશે એવો ધ્વનિ નીકળે છે, એમ ગણનાથ સેન કહે છે.

એ પછી પણ સુશ્રુતનો પ્રતિસંસ્કાર થયો છે. હર્નલે[2] તો વૃદ્ધ વાગ્ભટે પણ સુશ્રુતનો પ્રતિસંસ્કાર કર્યો છે એવું માન્યું છે. વળી, જેજ્જટ અને ચન્દ્રટે પણ સુશ્રુતનો પ્રતિસંસ્કાર કર્યો છે એમ કવિરાજ ગણનાથ સેન કહે છે.[3]

---

૧. જુઓ 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્‌ઘાત તથા ભાનુમતીસહિત સુશ્રુત સૂત્રસ્થાનનો ઉપોદ્‌ઘાત, પૃ. ૫ તથા ૭.

૨. જુઓ 'સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ એન્શંટ ઇંડિયા,' પૃ. ૧૦૧,

૩. આ કથન માટે આધાર ચન્દ્રટનું નીચેનું વચન છે:—

सौश्रुते चन्द्रटेनेह भिषक्तीसटसूनुना।
पाठशुद्धिः कृता तन्त्रे टीकामालोक्य जैज्जटीम्॥

આ વચનનો અર્થ 'પાઠસંશોધન કર્યું છે' એટલો જ થાય. વિલુપ્ત ગ્રન્થના આપૂરણ અને વિસ્તારના ત્યાગરૂપ પ્રતિસંસ્કાર કર્યો છે એવો ન થાય એમ શ્રી જાદવજી આચાર્ય કહે છે. (જુઓ ભાનુમતી સાથે સુ. સૂ. નો ઉપોદ્‌ઘાત પૃ. ૬, ટિ. ૨.)

પુનર્વસુ આત્રેયનો સમય

ચરકસંહિતાની પરંપરામાં જેનું પહેલું નામ આવે છે તે આત્રેયનો વિચાર પહેલાં કરીએ. (૧) પુનર્વસુ આત્રેય, (૨) કૃષ્ણાત્રેય અને (૩) ભિક્ષુ આત્રેય એ રીતે આ ત્રણ આત્રેયોનો ઉલ્લેખ ચરક-સંહિતામાં મળે છે. શ્રી ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાય ચોથા દત્તાત્રેયને પણ ગણાવે છે, અને એ રીતે અત્રિ તથા અનસૂયાના પુત્ર અને વિષ્ણુના અવતારરૂપ પૌરાણિક દત્તાત્રેયનો વૈદ્યકમાં એ પ્રવેશ કરાવે છે અને મદ્રાસની સરકારી પ્રાચ્ય પુસ્તકશાળામાં 'નાડીતત્ત્વવિધિ' નામનું એક હસ્તલિખિત પુસ્તક છે, જેમાં દત્તાત્રેયનો ઉલ્લેખ છે એવો પુરાવો આપે છે.[૨] પણ એમણે આપેલો ઉતારો જોતાં એ ગ્રન્થ આધુનિક અને તાંત્રિક લાગે છે. ઉપરના ત્રણ પ્રાચીન આત્રેય સાથે દત્તાત્રેયને ગણવાની જરૂર મને લાગતી નથી.

પુનર્વસુ આત્રેય અને કૃષ્ણાત્રેય એક જ હોય એમ ચરકમાં અને ભેલમાં પણ કેટલેક સ્થળે પુનર્વસુ આત્રેય માટે જ કૃષ્ણાત્રેય નામ વાપર્યું છે એથી નક્કી થાય છે.[૧] મહાભારત શાંતિપર્વ સ્વતંત્ર રીતે આને ટેકો આપે છે—गान्धर्वं नारदो वेदं कृष्णात्रेयश्चिकित्सितम् (મ. શાં. અ. ૨૧૦), પણ શ્રીકંઠ અને શિવદાસ સેન જેવા ટીકાકારો, કવિરાજ ગણનાથ સેને દર્શાવ્યું છે તેમ, કૃષ્ણાત્રેયનો શાલાક્યતંત્રના કર્તા તરીકે કવચિત્ ઉલ્લેખ કરે છે[૨] ત્યારે શ્રીકંઠદત્ત પોતે અન્યત્ર

૧. જુઓ अग्निवेशाय गुरुणा कृष्णात्रेयेण भाषितम् ।

ચરક ચિ. અ. ૨૮, શ્લો. ૧૫૨,

તથા ,, અ. ૨૯, શ્લો. ૧૫૦

तथा कृष्णात्रेयं पुरस्कृत्य कथाश्चक्रुर्महर्षयः ॥

—ભેલસંહિતા

૨. જુઓ (क) शालाकिभिस्तु प्रतिदोषं पठितानि द्रव्याणि । तथा च कृष्णात्रेयः । —સિદ્ધયોગની ટીકા

(ख) उक्तं हि कृष्णात्रेयेण सप्तवर्षमुपादाय नस्तःकर्म चतुर्विधम् ।

ચક્રસંગ્રહની ટીકા. જુઓ પ્રત્યક્ષશારીરનો ઉપોદ્ઘાત, પૃ. ૩૨

नागराद्यमिदं चूर्णं कृष्णात्रेयेण पूजितम् ।

એ મૂળ ચરકના વચન ઉપર વૃન્દમાં ટીકા કરતાં कृष्णात्रेयः पुनर्वसुः એમ કહે છે. આ બધું જોતાં કૃષ્ણાત્રેય અને પુનર્વસુ આત્રેય એક જ; પણ એથી ભિન્ન એક શાલાકયતંત્રકાર કૃષ્ણાત્રેય થઈ ગયા હતા એમ માનવું યોગ્ય છે.

ભિક્ષુ આત્રેય—બૌદ્ધ જાતકોમાં એવી કથા છે કે ભગવાન બુદ્ધના સમયમાં આર્યાવર્તમાં બે મોટાં વિદ્યાલયો હતાં : (૧) પૂર્વમાં કાશી, અને (૨) પશ્ચિમમાં તક્ષશિલા. આ બન્ને વિદ્યાલયોમાં બધી વિદ્યાઓ (सब्बसिप्पानि-सर्वशिल्पानि) શીખવવામાં આવતી. એ વખતે તક્ષશિલા વિદ્યાસ્થાન તરીકે બહુ પ્રખ્યાત હતું. તક્ષશિલાના વિદ્યાલયમાં ભગવાન બુદ્ધના સમયમાં કે તે પહેલાં તરતના સમયમાં વૈદ્યકવિદ્યાના મુખ્ય અધ્યાપક આત્રેય હતા. ત્રિપિટકમાં જેનો ઉલ્લેખ મળે છે એવા બુદ્ધના સમકાલીન રાજા પ્રદ્યોતના, રાજા બિંબિસારના તથા ભગવાન બુદ્ધના ચિકિત્સક જીવન કુમારભૃત્ય તક્ષશિલામાં આત્રેય પાસે જ વૈદ્યક શીખ્યા હતા એમ પણ બૌદ્ધ સાહિત્યમાંથી મળે છે.[1] આ જીવકના ગુરુ આત્રેય તે જ ચરકસંહિતાના મૂળ વક્તા પુનર્વસુ આત્રેય એમ હર્નલનો મત છે. આ મત બરાબર હોય તો ઈ. સ. પૂર્વે ૬૦૦ની આસપાસમાં આત્રેય થઈ ગયા હોવા જોઈએ. પણ અન્ય વિદ્વાનો તક્ષશિલાના આત્રેયને ભિક્ષુ આત્રેય કહે છે અને પુનર્વસુ આત્રેયથી ભિક્ષુ આત્રેય જુદા તથા અર્વાચીન છે એમ ઠરાવે છે. આ વિદ્વાનો પુનર્વસુ આત્રેયને બુદ્ધ પહેલાં ઘણા વખત ઉપર મૂકે છે, પણ ચરકસંહિતામાં પુનર્વસુ આત્રેય સાથે ચર્ચા કરનાર તરીકે પારીક્ષિ મૌદ્ગલ્ય વગેરે સાથે ભિક્ષુ આત્રેયનું પણ નામ છે. (જુઓ चरक सू. अ. ૨૫, यज्जःपुरुषीय अध्याय). ચરકના પહેલા અધ્યાયમાં વૈદ્યક

---

૧. જુઓ Rockhill's Life of Buddha, pp. 65–66.

સંપ્રદાયોમાં પ્રખ્યાત બડિશ, કાંકાયન વગેરે સાથે અંગિરા, જમદગ્નિ, વસિષ્ઠ વગેરે અતિ પ્રાચીન ઋષિઓને પણ એકઠા કર્યા છે એ ઉપરથી તથા આખા અધ્યાયની રચના જોતાં એ અધ્યાય પાછળનો તથા એ ઋષિસભા કલ્પિત લાગે છે, પણ વાતકલાકલીય, યજ્જ:પુરુષીય તથા આત્રેય ભદ્રકાપ્યીય એ અધ્યાયોની પરિષદો વધારે સ્વાભાવિક લાગે છે. એમાંના કેટલાકના ગ્રન્થોમાંથી પાછળના ટીકાકારોએ શ્લોકો ઉતાર્યા છે. એટલે ભિક્ષુ આત્રેયને ઐતિહાસિક પુરુષ તથા પુનર્વસુના સમકાલીન માનવામાં વાંધો નથી લાગતો. બૌદ્ધ પરંપરાને ન માનીએ તોપણ ચરકના મૂળ ઉપદેશકનો સમય લગભગ એ જ આવી રહે છે. ચરક–સુશ્રુતનો મૂળ ઉપદેશ અથર્વવેદ અને શતપથબ્રાહ્મણથી અર્વાચીન છે. હવે વૈદિક સાહિત્યનો સમય નિશ્ચિત કરવા માટે કાંઈ જ ચોક્કસ સાધન ન હોવાથી પાશ્ચાત્ય અને પ્રાચ્ય પંડિતોમાં એ વિશે બહુ મતભેદ રહે છે. પાશ્ચાત્ય પંડિતોના બહુમતે અથર્વવેદ ઈ. સ. પૂર્વે ૧૦૦૦ ની આસપાસ રચાયો હશે અને શતપથબ્રાહ્મણ ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૬૦૦ સુધીમાં. સદ્‌ગત લોકમાન્ય તિલક જેવા ઋગ્વેદને ઈ. સ. પૂર્વે ૪૦૦૦માં મૂકે છે (જુઓ 'મૃગશીર્ષ'. 'આર્યોનો ઉત્તર ધ્રુવનો નિવાસ'માં તો એથીયે જૂના કાળમાં ખેંચી જાય છે.) પણ એમનેયે શતપથબ્રાહ્મણને ઈ. સ. પૂર્વે ૧૪૦૦ની આસપાસ મૂકવું પડે છે. પ્રાચીન બૌદ્ધ અને જૈન સાહિત્ય સાથે ઔપનિષદ સાહિત્યને તથા એની ભૌગોલિક, સામાજિક વગેરે માહિતીને સરખાવતાં શતપથને ઈ. સ. પૂર્વે ૫૦૦ થી ૮૦૦થી બહુ દૂર ખેંચી જવું મુશ્કેલ છે. ગમે તેમ હો, પણ એટલું નિશ્ચિત છે કે અથર્વવેદ અને શતપથ પછી આયુર્વેદનો શાસ્ત્ર તરીકે વિકાસ થયો છે.

પણ શતપથમાં અસ્થિગણના કરનાર ઋષિ આત્રેયની અસ્થિ-ગણનાની પદ્ધતિને જાણે છે એમ માનીએ તો ચરકસંહિતાના મૂળ

ઉપદેશક પુનર્વસુનો સમય ઈ. સ. પૂર્વે છઠ્ઠા શતકથી અર્વાચીન ન હોવો જોઈએ. વળી,

गान्धारदेशे राजर्षिर्नग्नजित् स्वर्णमार्गदः ।
संगृह्य पादौ पप्रच्छ चान्द्रभागं पुनर्वसुम् ॥

એવું વચન ભેલસંહિતા (પૃ. ૩૦)માં મળે છે. ઈરાનના રાજા દારાયસ (ઈ. સ. પૂર્વે ૫૨૧ થી ૪૮૫)ના સમયમાં સિન્ધુ દેશ અને પંજાબનો કેટલોક ભાગ એના તાબામાં હોઈને મોટી ખંડણીરૂપે એ ભાગના અર્થાત્ ગાંધારના રાજાને સોનું ઈરાનના રાજાને આપવું પડતું. આ સોનાનો ઉલ્લેખ स्वर्णमार्गदः શબ્દોમાં છે એમ ગણીને વૈદ્યરાજ જાદવજી ત્રિકમજી આચાર્ય નગ્નજિત રાજાને દારાયસનો સમકાલીન અને પુનર્વસુ આત્રેયને નગ્નજિતના રાજવૈદ્ય ઠરાવે છે.[1] પાછળથી એમણે 'સ્વર્ણમાર્ગદઃ' શબ્દમાંથી કરેલી ઉપલી કલ્પના છોડી દીધી છે, પણ આ નગ્નજિતનું નામ શતપથ અને ઐતરેય બ્રાહ્મણમાં મળે છે એ ઉપર ભાર દીધો છે.[2] એ વખતે નગ્નજિત નામનો કોઈ રાજા થયો હોય એમ આપણે બીજા પુરાવાથી જાણતા નથી, પણ પુનર્વસુ આત્રેયનો સમય તો જે શતપથનો સમય તે જ એમ બીજા ઐતિહાસિક વિચારથી જણાય છે.

આ પુનર્વસુ આત્રેયને ચરકમાં તથા ભેલમાં ચાન્દ્રભાગિ કે ચાન્દ્રભાગ પણ કહેલ છે.[3] એનો અર્થ

---

૧. જુઓ 'ચરકસંહિતા' સટીકની નિ. સા. પ્રેસની ૧૯૩૫ની આવૃત્તિનો ઉપોદ્ઘાત તથા 'આયુર્વેદવિજ્ઞાન' પુ. ૧૮, પૃ. ૧૦૫-૬.

૨. જુઓ 'ચરકસંહિતા' નિ. સા. પ્રે., આ. ૩, ઉપોદ્ઘાત.

૩. यथाप्रश्नं भगवता व्याहृतं चान्द्रभागिना । —ચરક સૂ. અ. ૧૩
सुश्रोता नाम मेधावी चन्द्राभागमुवाच ह । —ભેલસંહિતા પૃ. ૩૯

ચન્દ્રભાગા (બિયાસ) નદીતટવાસી એવો કદાચ હોય, પણ એ જ ગ્રન્થમાં અન્યત્ર હિમાલયની તળેટીમાં (સૂ. અ. ૧), બીજે સ્થળે રમણીય ચૈત્રરથ વનમાં (સૂ. અ. ૨૬) અને ત્રીજે સ્થળે પંચાલ દેશની કાંપિલ્ય રાજધાનીમાં (વિ. અ. ૩) પુનર્વસુ આત્રેયે ઉપદેશ કરતાં વિહાર કર્યો હોવાનું કહેલું છે; અને ભેલના ઉપર ઉતારેલા વચનમાં ગાન્ધાર દેશના રાજાના ગુરુ હોવાનો ઉલ્લેખ છે, જે બૌદ્ધ પરંપરાનો ટેકો આપે છે.

અગ્નિવેશતંત્ર—પુનર્વસુ આત્રેયનો ઉપદેશ સાંભળી અગ્નિવેશ, ભેલ, જતૂકર્ણ, પરાશર, હારીત અને ક્ષારપાણિ એ છ શિષ્યોએ જુદાં જુદાં તંત્રો રચ્યાં એમ ચરક (સૂ. અ. ૧)માં કહ્યું છે, પણ હાલમાં તો અગ્નિવેશતંત્રની ચરકપ્રતિસંસ્કૃત આવૃત્તિ, જે ચરકસંહિતા નામથી પ્રખ્યાત છે તે જ, મળે છે, પણ જૂના વખતમાં ચરકસંહિતાથી ભિન્ન પણ અગ્નિવેશતંત્ર પ્રચલિત હતું એમ ચક્રપાણિ, વિજયરક્ષિત, શ્રીકંઠ વગેરે ટીકાકારોના ઉલ્લેખો ઉપરથી જણાય છે.[1] આ ટીકાકારોએ અગ્નિવેશના નામથી ઉદ્ધૃત કરેલા શ્લોકો હાલની ચરકસંહિતામાં નથી એ ઉપરથી ૧૧ મા ૧૨ મા શતકમાં અગ્નિવેશતંત્ર ત્રુટિત કે સમગ્ર વિદ્યમાન હોવાનો સંભવ કવિરાજ ગણનાથ સેન માને છે. અંજનનિદાન[2] નામના નાના ગ્રન્થના કર્તા અગ્નિવેશ તો આ તન્ત્રકારથી ભિન્ન અને અતિ અર્વાચીન જણાય છે. એણે સુશ્રુતમાંથી, કદાચ માધવમાંથી પણ, ઉતારો કર્યો છે. વળી ચક્રપાણિ, વિજયરક્ષિત વગેરે પ્રાચીન ટીકાકારો અંજનનિદાનથી અજાણ્યા છે અને એની ભાષા, રચના વગેરે અનાર્ષ–તદ્દન અર્વાચીન ઢબનાં છે.

ચરકનો સમય—कठचरकाल्लुक् એ રીતે પાણિનીય સૂત્રમાં ચરકનો નિર્દેશ છે; એ ઉપરથી કેટલાક અગ્નિવેશતંત્રના પ્રતિસંસ્કર્તાને

---

૧. જુઓ 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્‌ઘાત.

૨. આ ગ્રંથ ભાષાટીકા સાથે વેંકટેશ્વર પ્રેસમાં છપાઈ ગયો છે.

પાણિનિનો પૂર્વકાલીન ઠરાવે છે, પણ એમાં કાંઈ અર્થ નથી. આ પાણિનીય સૂત્રમાં યજુર્વેદની કઠ અને ચરક નામની બે શાખાઓના પ્રવર્તક ઋષિઓનો ઉલ્લેખ છે. યજુર્વેદની ચરક, કઠ વગેરે શાખાઓ પ્રસિદ્ધ છે (જુઓ ચરણવ્યૂહ). બીજો મત એવો છે કે યોગસૂત્રકાર તથા વ્યાકરણમહાભાષ્યકાર પતંજલિ તે જ ચરક. જોકે વ્યાકરણના મહાભાષ્યમાં કે પાતંજલસૂત્રમાં અથવા એના વ્યાસભાષ્યમાં કોઈ સ્થળે પતંજલિ અને ચરકની એકતાનું પ્રતિપાદક કોઈ વચન નથી મળતું, પણ ચરકના ટીકાકાર ચક્રપાણિદત્ત ટીકાના આરંભમાં નીચે પ્રમાણે નમસ્કાર કરે છે :

पातञ्जलमहाभाष्यचरकप्रतिसंस्कृतैः ।
मनोवाक्कायदोषाणां हर्त्रेऽहिपतये नमः ॥

પાતંજલસૂત્રવૃત્તિના કર્તા ભોજ તથા યોગવાર્તિકના કર્તા વિજ્ઞાનભિક્ષુ પણ પતંજલિને જ ચરક માને છે. આ મતને અનુસરી મંજૂષામાં આપ્તલક્ષણ દર્શાવતાં નાગેશભટ્ટ इति चरके पतंजलिः એમ કહે છે; અને ભાવમિશ્ર અહિપતિ—શેષ શી રીતે મુનિના પુત્ર થયા તથા ચરક કહેવાયા એ વિશે લંબાણથી દંતકથા કહે છે (જુઓ ભાવપ્રકાશ, અ. ૧). કવિરાજ ગણનાથ સેન તો કેટલાંક પાતંજલ સૂત્રો સાથે કેટલાંક ચરકવચનોનું સામ્ય જુએ છે તથા ચરકે યોગને મોક્ષસાધન કહ્યો છે તથા તત્ત્વોની ગણનામાં સાંખ્ય મતનો અનુવાદ કર્યો છે એને પણ એની એકતા પુરવાર કરવા માટે પ્રમાણ તરીકે આગળ ધરે છે, પણ એ તો ખોટું છે. સાંખ્યયોગની એ સમયના—મહાભારત સમયના—સમગ્ર સાહિત્ય ઉપર પ્રબળ અસર દેખાય છે, પણ એટલા જ ઉપરથી સાંખ્યશાસ્ત્રકારે બધાં શાસ્ત્રો રચ્યાં છે એમ ન કહેવાય. ચરકમાં તો વૈશેષિક અને ન્યાયદર્શનની પણ વાતો છે.[1] એ ગમે તેમ હોય, પણ ભોજ, ચક્ર-

---

૧. જુઓ મારો ‘આયુર્વેદનાં દાર્શનિક તથા સદ્‌વૃત્ત સંબંધી પ્રકરણોનો અભ્યાસ.’

પાણિના વખતથી પતંજલિ એ જ ચરક અને તે શેષનો અવતાર એવી માન્યતા પ્રચારમાં આવી છે અને લોકો એ વાત શ્રદ્ધાથી માનતા આવ્યા છે; જોકે મહાભાષ્યના ભર્તૃહરિ, કૈય્યટ, વામન, જયાદિત્ય વગેરે ટીકાકારો મહાભાષ્યકાર પતંજલિની યોગસૂત્રકાર પતંજલિ સાથે કે ચરક સાથે એકતા માનતા હોય એવો ઉલ્લેખ એમની ટીકાઓમાં ક્યાંય મળતો નથી એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. હવે વ્યાકરણમહાભાષ્યકાર પતંજલિનો સમય ઈ. સ. પૂર્વે ૧૫૦ની આસપાસ નિશ્ચિત થઈ ચૂક્યો છે. માટે એ જ ચરક હોય તો એનો સમય નક્કી જ છે. પણ યોગસૂત્રકાર પતંજલિ અને વ્યાકરણ મહાભાષ્યકાર પતંજલિ પણ એક નથી, કારણ કે યોગસૂત્રમાં વ્યાકરણ મહાભાષ્યકાર પછી કેટલેક વખતે પ્રચારમાં આવેલા બૌદ્ધ શૂન્યવાદનું તથા વિજ્ઞાનવાદનું ખંડન છે; માટે યોગસૂત્રકારને છેક ઈ. સ. ચોથા શતક પછી ઘણા પાશ્ચાત્ય તદ્‌વિદો મૂકે છે.[1]

બીજી તરફથી ચરક એ જ મહાભાષ્યકાર પતંજલિ એવું માનવા માટે પણ કશો પ્રબલ પુરાવો નથી. પહેલું તો જે દૃઢબલે અગ્નિવેશતંત્રને ચરકપ્રતિસંસ્કૃત કહ્યું છે તેણે પ્રતિસંસ્કર્તાનું નામ પતંજલિ નહિ પણ ચરક લખ્યું છે. વળી, ભટ્ટાર હરિશ્ચન્દ્ર જેવા ચરકના જૂના ટીકાકારે તથા વાગ્ભટ જેવા જૂના વૈદ્યક ગ્રન્થકર્તાએ પતંજલિનું નહિ પણ ચરકનું નામ લખ્યું છે. અને એ બધા ઉપરથી વૈદ્યરાજ જાદવજી ત્રિકમજી આચાર્ય કહે છે[2]

---

૧. જુઓ Journal of the A. O. S. Vol. XXXIમાં યાકોબીનો આપણાં દર્શનોના સમય વિશે લેખ, તથા સભાષ્ય યોગસૂત્રના વુડના હા. ઓ. સિ. માં છપાયેલ ભાષાન્તરનો ઉપોદ્‌ઘાત.

૨. સટીક ચરકસંહિતાની ૧૯૩૫ની નિ. સા. પ્રે. ની આવૃત્તિનો ઉપોદ્‌ઘાત.

તેમ અગ્નિવેશતંત્રના પ્રતિસંસ્કર્તા તે મહાભાષ્યકાર પતંજલિ નહિ પણ કોઈ ચરક નામના વૈદ્ય એવો મારો પણ મત છે.

બીજી તરફથી ફ્રેંચ પંડિત પ્રોફેસર સીલ્વેં લેવીએ ચિનાઈ સાહિત્યમાંથી શોધી કાઢયું છે કે પ્રખ્યાત બૌદ્ધ રાજા કનિષ્કના વિશ્વાસપાત્ર વૈદ્યનું નામ ચરક હતું.[૧] અને જોકે કનિષ્કનો સમય હજી તદ્દન ચોક્કસ નથી થયો, પણ ઈ. સ. ના પહેલા કે બહુ તો બીજા શતકમાં કનિષ્ક થઈ ગયા એ નિર્વિવાદ છે.[૨]

હવે જો કનિષ્કના સમકાલીન ચરક એ જ અગ્નિવેશતંત્રના પ્રતિસંસ્કર્તા હોય તો તો એનો સમય ઈ. સ. ૧૦૦ની આસપાસમાં માનવો જોઈએ. અને જોકે પુરાવિદ્ કીથ તથા રાજગુરુ હેમરાજ શર્મા કહે છે તેમ કનિષ્કના સમકાલીન ચરકને જ પ્રતિસંસ્કર્તા ચરક માનવા માટે ચોખ્ખો પુરાવો કોઈ નથી[3] અને એકલા નામ ઉપર કાંઈ વિશ્વાસ ન મુકાય, છતાં વૈદ્યરાજ જાદવજી ત્રિ. આચાર્ય કહે છે તેમ જ્યાંસુધી બીજા ચરકનો પત્તો ન લાગે ત્યાંસુધી કનિષ્કના રાજવૈદ્યને પ્રતિસંસ્કર્તા માનવામાં કાંઈ વાંધો નથી.[૪] અને બીજી રીતે ચરકસંહિતામાં મળી આવતા દાર્શનિક વિચારોને વૈશેષિકાદિ દર્શનો સાથે સરખાવી જોતાં અગ્નિવેશતંત્રના પ્રતિસંસ્કર્તાનો સમય ઈ. સ. ૧૦૦ની આસપાસમાં

---

૧. Indian Antiquary, Vol. XXXII, p. 381-89.

૨. મ. મ. ગૌ. ઓઝાકૃત 'રાજપૂતાને કા ઇતિહાસ', ખં. ૧, પૃ. ૧૧૧.

3. History of Sanskrit Literature, p. 406 તથા કાશ્યપસંહિતાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૯૬.

૪. સટીક ચરકસંહિતાની નિ. સા. પ્રે. વાળી ૧૯૩૫ની આવૃત્તિનો ઉપોદ્‌ઘાત.

કે બહુ તો બીજા શતકના આરંભમાં[1] માનવો જોઈએ એવો મારો મત છે.[2]

દૃઢબલનો સમય

ચરકે પ્રતિસંસ્કૃત અગ્નિવેશતંત્રમાં ઉપર કહેલા ૪૧ અધ્યાયોની અનુપૂર્તિ કરનાર વૈદ્ય દૃઢબલ કાશ્મીરના હતા એમ તેના એક વચન ઉપરથી જણાય છે. એ પોતાને પંચનદમાં જન્મેલો કહે છે.[3] આ પંચનદ તે પંજાબ નહિ, કારણ અહીં તેને શહેર કહ્યું છે. આ દેશમાં પંચનદ નામનાં અનેક સ્થળો હતાં, પણ હૉર્નલના મત પ્રમાણે કાશ્મીરમાં જે पञ्जनोर નામનું ગામ છે, જેની નિકટમાં પહેલાં કાશ્મીરના રાજા અવન્તીવર્માના વખતમાં ઝેલમ અને સિન્ધુનો સંગમ થતો હતો[4] તે. ચક્રપાણિદત્ત અને વિજયરક્ષિત ચરક-સંહિતામાંથી ઉતારો કરતાં કાશ્મીર–પાઠનો કેટલીક વખત ઉલ્લેખ કરે છે[5] અને દૃઢબલે ઉમેરેલા અધ્યાયોમાંથી ઉદાહરણ આપતાં

---

૧. જુઓ 'આયુર્વેદનાં દાર્શનિક તથા સદ્‌વૃત્ત સંબંધી પ્રકરણોનો અભ્યાસ', પૃ. ૬૨.

૨. દક્ષિણ તુર્કસ્તાનમાંથી ઈ. સ. બીજા શતકના અંતની ચામડા ઉપરની કોઈ વૈદ્યક ગ્રંથના કટકાની એક હસ્તપ્રત મળેલ છે, જેમાં આઠ અથવા દશ રસ હોવાનું કહ્યું છે. ચરક કરતાં પ્રાચીનતર સંપ્રદાયનું આ કથન હોવાનો કીથ તર્ક કરે છે (જુઓ History of Sanskrit Literature, Preface, p. 23), પણ કીથને આ વિષયનો અભ્યાસ નથી અને પાશ્ચાત્ય પુરાવિદો જૂની શોધખોળમાંથી મળેલા ત્રુટિત કટકાઓ ઉપરથી બહુ તર્કો કરે છે. વસ્તુતઃ ચરકને આઠ રસની ખબર છે જ (જુઓ च. सू. अ. २६). વળી, ઉપર કહેલા કટકામાં જે ઉલ્લેખ છે તે તત્કાલીન માન્યતાનો સૂચક છે એવું શી રીતે નિશ્ચિત થાય?

૩. अखण्डार्थं दृढबलो जातः पञ्चनदे पुरे। ચરક. સિ. અ. ૧૨, શ્લો. ૬૬

૪. જુઓ 'રાજતરંગિણી' ૪–૨૪૮ અને તે ઉપર ઑરલ સ્ટીનનું વિવરણ, ગ્રં. ૨, પૃ. ૨૩૯, ૪૧૯,

૫. ચરક. ચિ. અ. ૧૩, શ્લો. ૧૧૫ની ટીકા અને મધુકોષ અર્શોનિદાનમ્.

દૃઢબલનો ઉલ્લેખ કરે છે. મતલબ કે ચરકસંહિતામાં ખૂટતા અધ્યાયો ઉમેરતી વખતે બાકીના ભાગનો પણ દૃઢબલે પાઠશુદ્ધિ કહેવાય એવો જે પુનઃસંસ્કાર કર્યો હશે તેને આ ટીકાકારો કાશ્મીર-પાઠ કહે છે. ટૂંકામાં દૃઢબલનું સ્થાન કાશ્મીરમાં માનવામાં હરકત નથી.

દૃઢબલના સમય માટે કવિરાજ ગણનાથ સેન આદિ આયુર્વેદ વિદ્વાનોનો એવો મત છે કે ચરકસંહિતાની દૃઢબલે કરેલી અનુ-પૂર્તિમાંથી વાગ્ભટે ઉતારા કર્યા છે, માટે દૃઢબલ વાગ્ભટ પહેલાં થઈ ગયા.[1] વૃદ્ધ વાગ્ભટનો સમય ચિનાઈ મુસાફર ઇત્સિંગ (ઈ. સ. ૬૭૫ થી ૬૮૫) પહેલાં માનવાનો ઇતિહાસવિદોનો મત છે. વળી આઠમા શતકમાં ‘માધવનિદાન’નું અરબીમાં ભાષા-ન્તર થયું છે અને ‘માધવનિદાન’માં વૃદ્ધ વાગ્ભટમાંથી ઉતારા છે, એ જોતાં વાગ્ભટને સાતમા શતકમાં માનવાનો હર્નલનો મત છે.[2] પણ વરાહમિહિરે કાન્દર્પિક પ્રકરણમાં આપેલો એક પાઠ છે, જે વાગ્ભટમાં મળતો હોવાથી મેં વાગ્ભટને વરાહમિહિર પહેલાં એટલે પાંચમા શતકમાં માનેલ છે.[3] અને જોકે હર્નલ જેવો વિદ્વાન અષ્ટાંગસંગ્રહકાર અને અષ્ટાંગહૃદયકારને ભિન્ન માને છે તથા દૃઢબલને અષ્ટાંગસંગ્રહકાર અને નિદાનકાર માધવ પછી અને અષ્ટાંગહૃદયકારની[4] પૂર્વે એટલે ઈ. સ. આઠમા શતકમાં મૂકે

---

૧. જુઓ ‘પ્રત્યક્ષશારીર’નો ઉપોદ્ઘાત.

૨. જુઓ ‘સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ એશ્યંટ ઇંડિયા’ ઉપોદ્ઘાત, પૃ. ૧૦ થી ૧૨ તથા ‘આયુર્વેદવિજ્ઞાન’ પુ. ૮, અં. ૨માં ‘ચરકસંહિતામાં દૃઢબલનો હાથ’ નામનો મારો લેખ.

૩. ‘આયુર્વેદવિજ્ઞાન’, પુ. ૩, પૃ. ૩૫૮-૫૯.

૪. અષ્ટાંગસંગ્રહ અને અષ્ટાંગહૃદય બેયના કર્તા એક જ કે ભિન્ન એની ચર્ચા વાગ્ભટના પ્રકરણમાં આગળ આવશે એટલે અહીં નથી કરી.

છે,[1] પણ મેં અન્યત્ર વૃદ્ધ વાગ્ભટના અષ્ટાંગસંગ્રહના અમુક પાઠોને દૃઢબલના પાઠો સાથે સવિસ્તર સરખાવીને સાબિત કર્યું છે કે દૃઢબલ અષ્ટાંગસંગ્રહકારની પહેલાં થઈ ગયા છે.[2] આ રીતે દૃઢબલનો સમય પાંચમા શતક પહેલાં ઠરે છે. કવિરાજ ગણનાથ સેન ત્રીજા શતકમાં દૃઢબલને મૂકે છે,[3] પણ નાવનીતકમાં દૃઢબલની અનુપૂર્તિમાંથી ઉતારો મળતો નથી, એ જોતાં દૃઢબલનો સમય ઈ. સ. ૪૦૦ની આસપાસમાં માનવો જોઈએ એવો મારો મત છે.

ભેલસંહિતા—પુનર્વસુ આત્રેયના અગ્નિવેશાદિ છએ શિષ્યોએ ભિન્નભિન્ન તંત્રો રચ્યાં હતાં એમ ચરકસંહિતા (સૂ. અ. ૧)માં લખ્યું છે, પણ તેમાં, ઉપર જોયું તેમ, એક અગ્નિવેશતંત્ર પ્રતિસંસ્કૃત રૂપમાં પણ સંપૂર્ણ મળે છે અને બાકીનાં સર્વ નષ્ટ થઈ ગયાં છે એમ પહેલાં મનાતું હતું. પણ હર્નલે તાંજોરના રાજકીય પુસ્તકાલયની હાથપ્રતોની નોંધ કરતાં એક ભેલસંહિતાની નોંધ કરી હતી.[4] ભેલસંહિતાની એ હાથપ્રત ઈ. સ. ૧૬૫૦માં તેલગુલિપિમાં લખાયેલી છે. આ એક જ હાથપ્રત ઉપરથી કલકત્તા યુનિવર્સિટીએ ઈ. સ. ૧૯૨૧ માં એ ભેલસંહિતા છપાવી નાખી છે. આ ગ્રન્થ

---

૧. 'સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ એન્શ્યંટ ઇંડિયા', ઉપોદ્‌ઘાત, પૃ. ૧૧ થી ૧૬.

૨. 'આયુર્વેદવિજ્ઞાન', પુ. ૮, અં. ૨ માં 'ચરકસંહિતામાં દૃઢબલનો હાથ' નામનો મારો લેખ, પૃ. ૪૬, તથા 'આયુર્વેદવિજ્ઞાન', પુ. ૭, અં. ૧૦ માં નાવનીતક ઉપર મારો લેખ.

૩. પ્રત્યક્ષશારીરનો ઉપોદ્‌ઘાત, પૃ. ૫૧ થી ૫૩.

૪. એ પછી પૂર્વ તુર્કસ્તાનમાંથી ભેલસંહિતાની ઈ. સ. નવમા શતકની હાથપ્રતનો એક કટકો હાથ લાગ્યો છે, જેને છપાયેલી પ્રત સાથે સરખાવતાં પાઠફેર જોવામાં આવે છે.

ત્રુટિત છે. એની રચના ચરકસંહિતાને મળતી છે,[૧] પણ ચરક પેઠે એનો બહુ પ્રતિસંસ્કાર થયો હોય એવું દેખાતું નથી. એ લોકપ્રિય નહોતી એ તો 'ચરક–સુશ્રુતને છોડીને ભેલાદિ કેમ ભણાતા નથી?' એમ વાગ્ભટ કહે છે તેથી દેખાય છે, પણ કદાચ એ જ કારણથી એમાં કેટલોક જૂનો અંશ જળવાઈ રહ્યો છે. ખરી રીતે તો ચરકસંહિતામાંય કેટલોક જૂનો અંશ છે જ, પણ ભેલસંહિતા (પૃ. ૮૭, ૮૯)માં પૃથિવીકાય, અપ્કાય, વાયુકાય, તેજઃકાય વગેરે શબ્દો આવે છે તે બૌદ્ધ પાલિગ્રન્થ દીઘનિકાય (૧, પૃ. ૫૫)ના પથવીકાય, આપોકાય, બ્રહ્મકાય, દેવકાય, વગેરે શબ્દોની યાદ આપે છે.[૨]

ભેલસંહિતા ત્રુટિત છે તેમ એમાં ચરક–સુશ્રુતથી નવું ભાગ્યે જ છે; એટલુંજ નહિ, પણ ચરકસંહિતામાં કાયચિકિત્સાવિષયક જે સવિસ્તર માહિતી છે તે ભેલમાં નથી; છતાં "મન માથાની અંદર રહે છે અને તે બગડવાથી ઉન્માદ થાય છે" (ચિ. સ્થાન અ. ૮) તેમ જ "રસ (એટલે લોહી) હૃદયમાંથી નીકળી પાછું હૃદયમાં આવે છે" (સૂ. અ. ૨૧) એ વૈદ્યક સિદ્ધાન્તનાં મહત્ત્વનાં કથનો ભેલ જેટલા સ્પષ્ટ રૂપમાં ચરક–સુશ્રુતમાં નથી મળતાં.[૩]

આ ભેલસંહિતા મૂળ અગ્નિવેશતંત્ર સાથે રચાયેલ હશે અને એમાં જૂનો અંશ છે, છતાં આખો ગ્રન્થ તો સુશ્રુતના ઉત્તરતન્ત્ર

---

૧. इत्याह भगवानात्रेयः એ રીતે પ્રત્યેક અધ્યાયના આરંભમાં વચન છે.

૨. આ બૌદ્ધ પારિભાષિક શબ્દોનું સામ્ય શ્રી બી. એમ. બરુઆએ શોધી કાઢયું છે. (જુઓ ઇંડિયન કલ્ચર, જુલાઈ ૧૯૩૬, તથા 'આયુર્વેદ-વિજ્ઞાન', પુ. ૨૦, પૃ. ૧૯૫માં તેનો અનુવાદ.)

૩. જુઓ વૈદ્ય જાદવજી ત્રિ. આચાર્યનું ૨૮ મા નિ. ભા. વૈદ્ય સંમેલનમાં ભાષણ. 'આયુર્વેદવિજ્ઞાન', પુ. ૨૨, અં. ૨.

પછી અને નાવનીતક પહેલાં ઈ. સ. ૩૦૦ની આસપાસમાં રચાયેલ હોય એવો મારો મત છે.[૧]

હારીતસંહિતા—પુનર્વસુના શિષ્ય હારીતના નામ ઉપર ચઢેલી એક હારીતસંહિતા છપાઈ છે,[૨] પણ આ ગ્રન્થની ભાષા, રચના વગેરે તદ્દન અનાર્ષ–પાછળના સંગ્રહગ્રન્થોને મળતી આધુનિક છે. વળી ચક્રપાણિ, વિજયરક્ષિત આદિ ટીકાકારોએ હારીતના નામથી ઉતારેલાં વચનો આ હારીતસંહિતામાં નથી. ટૂંકામાં, છપાયેલી હારીતસંહિતાને અનાર્ષ ઠરાવવામાં વિદ્વાનોનો એકમત છે.[૩]

ધન્વન્તરિ અને સુશ્રુતનો સમય

ચરકસંહિતાની ચર્ચા દૃઢબલના સમયનિર્ણય સાથે પૂરી કરી. હવે ઉપર જે સુશ્રુતની પરંપરા દર્શાવી છે તેના ધન્વન્તરિ આદિ આચાર્યોના સમયનો વિચાર કરીએ. સુશ્રુતસંપ્રદાયના મૂળ ઉપદેશક કાશીરાજ ધન્વન્તરિ છે. મ. મ. કવિરાજ ગણનાથ સેન કહે છે કે કુલ પાંચ ધન્વન્તરિનાં નામો મળે છે.[૪] તેમાંથી હરિવંશ, મહાભારત, વિષ્ણુપુરાણ, ભાગવત, બ્રહ્માંડ વગેરે પુરાણોમાં એ ધન્વન્તરિ વિશે કથા મળે છે. તેમાં સમુદ્રમન્થન વખતે વિષ્ણુનો અવતાર થયો તે પહેલા ધન્વન્તરિ, એ વૃત્તાન્ત સત્યયુગનો છે.

---

૧. સુશ્રુતના ઉત્તરસ્થાનમાંથી ભેલમાં અને ભેલમાંથી નાવનીતકમાં ઉતારો કર્યો છે એનું હર્નલે સાબિત કર્યું છે. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન', પૃ. ૭, અં. ૧૦માં નાવનીતક ઉપર મારો લેખ.

૨. હારીતસંહિતા કલકત્તામાં ઈ. સ. ૧૮૮૭માં તથા જયરામ રઘુનાથ દ્વારા ગુજરાતી ભાષાન્તર સાથે મુંબઈમાં ઈ. સ. ૧૮૯૨માં છપાયેલ છે.

૩. જુઓ 'પ્રત્યક્ષશારીર'નો તથા 'કાશ્યપસંહિતા'નો ઉપોદ્‌ઘાત.

૪. જુઓ ૧૯૩૯માં પ્રકાશિત 'ભાનુમતીસહિત સુશ્રુત સૂત્રસ્થાન'માં કવિરાજ ગણનાથ સેનનો ઉપોદ્‌ઘાત.

પછી બીજા ધન્વન્તરિ તે કાશરાજાના વંશમાં ધન્વરાજાના પુત્રરૂપે દ્વિતીય સંભૂતિમાં ઉત્પન્ન થયા. પછી ત્રીજા ધન્વન્તરિ તે એ જ કાશવંશમાં ધન્વન્તરિના પ્રપૌત્ર દિવોદાસ નામના રાજા થયા, જેનું વર્ણન ઋગ્વેદમાં, ઉપનિષદોમાં તથા મહાભારતમાં મળે છે. પણ એ દિવોદાસને પુરાણોમાં ક્યાંય આયુર્વેદના ઉપદેશક નથી કહેલ; માત્ર સુશ્રુતસંહિતામાં જ કહેલ છે. તો ઉપરના ત્રણમાંથી સુશ્રુતના ઉપદેશક કયા? કેટલાક કહે છે કે ત્રીજા કુલપરંપરાથી શલ્યવિદ્યાના તથા ધન્વન્તરિ નામના અધિકારી હોઈને તેમને શલ્યતંત્રના ઉપદેશક માનવા જોઈએ, કારણ કે દિવોદાસ તો એમને જ કહેલા છે. પણ કવિરાજ ગણનાથ સેન એને 'અમરવર' સુશ્રુતમાં કહેલ છે તથા એ પોતાને આદિદેવ કહે છે[1] એ ઉપર ભાર મૂકીને ધન્વરાજાના પુત્ર બીજા ધન્વન્તરિને જ શલ્યતંત્રના મૂળ ઉપદેશક માનવાના મતના છે.[2] મને પોતાને આ ઝીણવટમાં વિશેષ તત્ત્વ લાગતું નથી. બીજા કે ત્રીજા ગમે તે માનવાથી ઐતિહાસિક વિચારમાં ફેર પડતો નથી.

એક ચોથો ધન્વન્તરિ વિક્રમ રાજાની સભાના નવરત્નમાંના એક હતા,[3] પણ એ સુશ્રુતના ઉપદેશક તો નહિ જ. એક પાંચમા ધન્વન્તરિ કેટલાક બ્રાહ્મણોના ગોત્રપ્રવર્તક છે અને એ ગોત્રના

---

૧. જુઓ સુશ્રુત 'સૂ. ૧. ૩ તથા अहं हि धन्वन्तरिरादिदेवो ઇત્યાદિ સૂ. અ. ૧ નો શ્લોક.

૨. જુઓ ભાનુમતી સહિત સુશ્રુત સૂત્રસ્થાનનો ઉપોદ્ઘાત.

૩. જુઓ નીચેનું કાવ્યસંગ્રહોક્ત પ્રસિદ્ધ પદ્ય :

धन्वन्तरिक्षपणकामरसिंहशङ्कु-
वेतालभट्टघटखर्परकालिदासाः ।
ख्यातो वराहमिहिरो नृपतेः सभायां
रत्नानि वै वररुचिर्नव विक्रमस्य ॥

વૈદ્ય નામના સારસ્વત બ્રાહ્મણો હાલમાં પણ પંજાબમાં, સિન્ધમાં અને બંગાળમાં મળી આવે છે.

હવે આ પાંચમાંથી બીજા કે ત્રીજા ધન્વન્તરિ, જે સુશ્રુતના ઉપદેશક તે, ક્યારે થયા? દ્વિતીય દ્વાપરમાં (દ્વાપરના અન્તમાં?) એમ પુરાણો કહે છે. દ્વાપરના અન્તમાં અથવા કલિની સંધ્યામાં જે મહાભારતનું યુદ્ધ થયું તેમાં ધન્વન્તરિસંપ્રદાયના જ વૈદ્યો શલ્યોદ્ધરણનું કાર્ય કરતા હશે. એટલે મહાભારતના યુદ્ધને પાંચ હજાર વર્ષ થતાં તો ધન્વન્તરિ તે પહેલાં પાંચસો વર્ષે થયા હોય એમ કવિરાજ ગણનાથ સેન કહે છે. બીજી તરફથી મિલિન્દપ્રશ્નાદિ બૌદ્ધ સાહિત્યમાં અને પાણિનિસૂત્ર, વાર્તિક, પાતંજલ મહાભાષ્ય આદિ ગ્રન્થોમાં ધન્વન્તરિ સુશ્રુતનો નામોલ્લેખ મળે છે, માટે એ ગ્રન્થકારોના સમયથી હજાર વર્ષ પહેલાં ધન્વન્તરિ સુશ્રુત થઈ ગયા એમ પણ તેઓ કહે છે.

ઉપર પ્રમાણે સાડાપાંચ હજાર અને સાડાત્રણ હજાર વર્ષ વચ્ચે ફેર ન ગણવો એ ઐતિહાસિક અન્વેષણ તો ન જ ગણાય. અને પાણિનિમાં જેનો નામોલ્લેખ હોય તે પાણિનિ પહેલાં હજાર વર્ષ પહેલાં થયો હોય એવું કેમ કહેવાય? સો વર્ષ પહેલાંયે હોય. વળી મહાભારતનું યુદ્ધ પાંચ હજાર વર્ષ પહેલાં થયું એવી જ્યોતિષીઓની માન્યતા પુરાણોનાં સ્પષ્ટ વચનોની વિરુદ્ધ છે. પુરાણોનાં કથનો પ્રમાણે મહાભારત યુદ્ધને ઈ. સ પૂર્વે લગભગ ચૌદસો વર્ષ થયાં છે.[1]

પણ કવિરાજ ગણનાથ સેનના ઉપર ઉતારેલા વિચારોના અંતર્વિરોધથી જ દેખાય છે તેમ ધન્વન્તરિ આદિ નામ ઉપરથી કોઈ પણ ગ્રન્થના સમયનો નિર્ણય કરવાનો પ્રયત્ન જ ખોટો છે. અનેક ગ્રન્થો શિવ–પાર્વતીને નામે ચઢેલા છે. ઘણા અર્વાચીન

---

૧. મહાભારતના સમયના વિચાર માટે જુઓ મારો 'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ,' ૧૯૩૯, પૃ. ૬૦–૬૧.

ગ્રન્થો (દા. ત. હારીતસંહિતા) પ્રાચીન ઋષિઓને નામે ચઢેલા છે. જુદા જુદા સમયે—હજાર દોઢ હજાર વર્ષના ગાળામાં રચાયેલાં પુરાણો વ્યાસને નામે ચઢેલાં છે. એટલે ઉપદેશક કે ગ્રન્થકર્તાના નામ ઉપરથી સમયનો નિર્ણય ભારતીય ઇતિહાસમાં અશક્ય છે. ગ્રન્થના વસ્તુનું પૌર્વાપર્ય તપાસીને જ તેના સમયનો ઐતિહાસિક નિર્ણય થઈ શકે એવી સ્થિતિ છે અને આત્રેયના સમયનો વિચાર કરતાં જે કહ્યું છે તે જ ધન્વન્તરિના સમયને લાગુ પડે છે. હાલની સુશ્રુતસંહિતામાં શારીર જેવા જે જૂનામાં જૂના અંશો છે તે પણ અથર્વવેદ પછીના છે. વળી, આત્રેયોક્ત અસ્થિસંખ્યાની ધન્વન્તરિને ખબર છે; માટે એ આત્રેય પછી અને હર્નલના મત પ્રમાણે શતપથોક્ત અસ્થિગણનાના લેખકને સુશ્રુતોક્ત અસ્થિ-ગણનાની અમુક માન્યતાઓની ખબર છે એ જોતાં શપતથની અર્વાચીન મર્યાદા જો ઈ. સ. પૂર્વે છઠ્ઠું શતક માનવામાં આવે તો ધન્વન્તરિનો સમય એ જ શતકમાં આત્રેયના શિષ્ય અગ્નિવેશની સાથે મૂકવો જોઈએ એમ હર્નલ કહે છે[1] તે ઠીક લાગે છે.

પણ હર્નલની કહેવાની મતલબ એવી નથી કે હાલની સુશ્રુતસંહિતા શતપથકાળની છે. સુશ્રુતની સમગ્ર રચના વેદોત્તર-કાલીન છે એ તો દીવા જેવું સ્પષ્ટ છે. ખરી રીતે ઉપલબ્ધ ચરક-સંહિતા અને સુશ્રુતસંહિતા બેય, ઉપર કહ્યું તેમ, પ્રતિસંસ્કૃત છે. પણ એ બેયના મૂળ ઉપદેશક શતપથના સમયમાં થઈ ગયા છે. વૈદિક સાહિત્યમાં જે વૈદ્યક અંશ છે તે આપણે પહેલાં જોયો છે, અને એમાંથી જ ધીમે ધીમે ચરક–સુશ્રુતના વૈદ્યક જ્ઞાનનો વિકાસ થયો છે. એ જોતાં એના મૂળ ઉપદેશકને વૈદિક કાળના છેલ્લા ભાગમાં માનવા એ જ યોગ્ય છે.

---

૧. જુઓ, 'સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ એન્શન્ટ ઇંડિયા' ઉપોદ્‌ઘાત, પૃ. ૮ અને ૧૦૬ તથા કાશ્યપસંહિતાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૭૨.

સુશ્રુત—સુશ્રુતને વિશ્વામિત્રના પુત્ર સુશ્રુતસંહિતામાં જ કહ્યા છે.[1] રામાયણમાં, યોગવાસિષ્ઠમાં અને પુરાણોમાં વિશ્વામિત્ર ઋષિનો ઉલ્લેખ મળે છે. રામચન્દ્ર ત્રેતાયુગમાં થઈ ગયા હોવાથી એ વિશ્વામિત્રને પણ ત્રેતાયુગના માનવા પડશે. બીજા એક હરિશ્ચન્દ્ર રાજાનું સર્વસ્વ હરનાર વિશ્વામિત્રની કથા મહાભારતાદિમાં મળે છે. તેથી કયા વિશ્વામિત્રના પુત્ર આ સુશ્રુત એ કાંઈક અંધારામાં છે એમ કવિરાજ ગણનાથ સેન કહે છે[2] તે સાચું છે.

એક બીજા વૈદ્યક તન્ત્રકાર વિશ્વામિત્રનું નામ પણ જૂના ટીકાકારોએ કરેલા ઉતારામાંથી મળે છે. આ વિશ્વામિત્રને તો ઉપલા સુશ્રુતપિતા વિશ્વામિત્રથી જુદા તથા પાછળના, કવિરાજ ગણનાથ સેન કહે છે તેમ, માનવા પડશે.

વિશ્વામિત્રના પુત્ર નહિ પણ શાલિહોત્ર મુનિના પુત્ર એવા એક સુશ્રુતનો ઉલ્લેખ અશ્વવૈદ્યકમાંથી મળે છે[3] અને અગ્નિપુરાણમાં ગાય, ઘોડા અને હાથીઓના વૈદ્યકનો ઉપદેશ પણ ધન્વન્તરિએ જ સુશ્રુતને કર્યો હતો એમ કહેલું છે. પણ આ વાત એ સિવાય બીજા પુરાણમાં નથી. સુશ્રુતસંહિતાના સુશ્રુતનો સમય તો ધન્વન્તરિના ઉપર નક્કી કરેલા સમયની નજીક જ માનવો પડશે.

નાગાર્જુન—સુશ્રુતસંહિતાનો વારંવાર પ્રતિસંસ્કાર થયો છે અને ડલ્લન નાગાર્જુનને પ્રતિસંસ્કર્તા કહે છે એ ઉપર નોંધ્યું જ છે. હવે આ પ્રતિસંસ્કર્તા નાગાર્જુનના સમયનો વિચાર કરીએ.

બુદ્ધ પછીના કાળમાં ભારતીય ઇતિહાસમાં અનેક નાગાર્જુનો થયા છે,[4] તેમાંથી સુશ્રુતસંહિતાના પ્રતિસંસ્કર્તા તે કયા ? એ પ્રશ્ન

---

૧. विश्वामित्रसुतः श्रीमान् सुश्रुतः परिपृच्छति ।

૨. જુઓ ભાનુમતીસહિત સુશ્રુત સૂત્રસ્થાનનો ઉપોદ્ઘાત, પૃ. ૫.

૩. शालिहोत्रमृषिश्रेष्ठं सुश्रुतः परिपृच्छति । શાલિહોત્રસંહિતા

૪. જુઓ કાશ્યપસંહિતાનો ઉપોદ્ઘાત, પૃ. ૬૪, ટિ. ૬.

વિકટ છે. માધ્યમકવૃત્તિના કર્તા અને બૌદ્ધ શૂન્યવાદના પુરસ્કર્તા નાગાર્જુન તો ફિલસૂફ છે, વૈદ્ય નથી; માટે સુશ્રુતના પ્રતિસંસ્કર્તા નહિ—એમ શ્રી હેમરાજ શર્મા કહે છે તે યથાર્થ લાગે છે.[1]

બીજા એક નાગાર્જુન કક્ષપુટ, લોહશાસ્ત્ર, યોગશતકાદિ ગ્રન્થોના કર્તા તરીકે રસશાસ્ત્રના ઇતિહાસમાં જાણીતા છે. ચક્રપાણિદત્તે અતિગહન લોહશાસ્ત્રના કર્તા તરીકે મુનીન્દ્ર નાગાર્જુનનો ઉલ્લેખ કર્યો છે.[2] વૈદ્યક ગ્રન્થોમાં નાગાર્જુનના નામના બીજા પણ એવા જ ઉલ્લેખો મળે છે.[3] આ સિદ્ધ નાગાર્જુન જ સુશ્રુતના પ્રતિસંસ્કર્તા હોવા જોઈએ એમ શ્રી હેમરાજ શર્માનો તથા કવિરાજ ગણનાથ સેનનો મત છે.[4] હવે શાતવાહન રાજાના સમકાલીન એક મહાવિદ્વાન બોધિસત્ત્વ નાગાર્જુનનો ઉલ્લેખ સાતમા શતકના ચિનાઈ બૌદ્ધ યાત્રી યુવાન ચુઆંગે કર્યો છે અને તેના ચમકાલીન બાણ કવિએ પણ 'શ્રીહર્ષચરિત'માં નાગાર્જુનને શાતવાહન રાજાના મિત્ર કહેલ છે.[5] એ જોતાં અગિયારમાં શતકનો

---

૧. એજન.

૨. नागार्जुनो मुनीन्द्रः शशास यो लोहशास्त्रमतिगहनम् ।—ચક્રદત્ત

૩. नागार्जुनेन लिखिता स्तम्भे पाटलिपुत्रके । વૃન્દ , નેત્ર રોગાધિ. નાગાર્જુનાભ્રક આદિ યોગો પણ પ્રસિદ્ધ છે.

૪. કાશ્યપસંહિતાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૬૪, ટિ. ૬ અને ભાનુમતી સહિત સુશ્રુત સૂત્રસ્થાનને ઉપોદ્‌ઘાત.

૫. જુઓ કાશ્યપસંહિતાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૬૪, ટિ. ૬ તથા તેમાં ઉતારેલું 'હર્ષચરિત'નું નીચેનું વચન : तामेकावलीं तस्मान्नागराजान्नागार्जुनो नाम लेभे च, त्रिसमुद्राधिपतये शातवाहनाय नरेन्द्राय सुहृदे स ददौ ताम् । પં. શ્રી હેમરાજ શર્મા પોતાના ગ્રન્થસંગ્રહમાં સચવાઈ રહેલી 'શાતવાહનચરિત'ની એક સંસ્કૃત પોથીમાં પણ શાક્ય ભિક્ષુરાજ બોધિસત્ત્વ નાગાર્જુન મહારાજ શાતવાહનના ગુરુ હોવાનું કહેલું છે એમ કહે છે.

એલ્બીરૂની પોતાની પહેલાં સો વર્ષે એક રસાયનવિદ્યાનિપુણ નાગાર્જુન થઈ ગયા હોવાનું કહે છે તે કાં તો કોઈ ત્રીજા નાગાર્જુન વિશે હોય કે એનો સમય જાણવામાં એલ્બીરૂનીની ભૂલ થઈ હોય.

નાગાર્જુનના સમયનો નિર્ણય આ રીતે એની અનેકતાથી ગૂંચવાઈ જાય છે. હર્નલ તો માધ્યમકવૃત્તિના કર્તા અને દંતકથા પ્રમાણે કનિષ્કના સમકાલીન[1] નાગાર્જુનને જ પ્રતિસંસ્કર્તા માને છે અને એ રીતે એને ચરકના સમસામયિક ઠરાવે છે.[2] મને તો માધ્યમકવૃત્તિકર્તા દાર્શનિક નાગાર્જુનને માત્ર નામના ઐક્યથી પ્રતિસંસ્કર્તા માનવા તે પં. હેમરાજ શર્મા પેઠે બેસતું નથી. બૌદ્ધ તેમ જ જૈન શ્રુતપરંપરામાં[3] શાતવાહનના સમકાલીન નાગાર્જુનને રસશાસ્ત્રના વિદ્વાન માન્યા છે, તો એ પ્રતિસંસ્કર્તા હોઈ શકે. હવે શાતવાહન નામ આન્ધ્રવંશના ઘણા રાજાઓએ ધારણ કર્યું હતું, એટલે કવિરાજ ગણનાથ સેન બુદ્ધજન્મ પછી બસો વર્ષ ઉપર નાગાર્જુનને મૂકે છે તે એની પ્રાચીનતમ મર્યાદા છે; પણ મને તો સુશ્રુતનો પ્રતિસંસ્કારક ઈ. સ. બીજાથી ચોથા શતક વચ્ચે થયો હોય એમ સાંખ્યાદિ દર્શનો સાથે સુશ્રુતના દાર્શનિક વિચારોને સરખાવતાં અને સાંખ્યકારિકામાંથી સુશ્રુતમાં સ્પષ્ટ ઉતારો કરેલો છે એ જોતાં લાગે છે,[4] પછી એ નાગાર્જુન શાતવાહનના મિત્ર હો કે કોઈ બીજા હો.

---

૧. 'રાજતરંગિણી'માં નાગાર્જુનને કનિષ્કના સમકાલીન કહેલ છે.

૨. 'સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઓફ એન્શ્યંટ ઇંડિયા', ઉપો., પૃ. ૯.

૩. જુઓ 'પ્રબંધચિંતામણિ'નું મારું ગુજરાતી ભાષાન્તર, પૃ. ૨૫૩થી ૨૫૫ તથા ૨૫૫ પૃષ્ઠની ટિ. ૨૮.

૪. જુઓ 'આયુર્વેદનાં દાર્શનિક તથા સદ્વૃત્ત સંબંધી પ્રકરણોનો અભ્યાસ', પૃ. ૫૮, ૫૯.

કાશ્યપસંહિતા અથવા વૃદ્ધજીવકતંત્ર

કાશ્યપસંહિતા અથવા વૃદ્ધજીવકતંત્ર નામનો ચરક, સુશ્રુત અને ભેલના કાળનો પણ ભેલ કરતાં પણ વધારે ખંડિત ગ્રન્થ નેપાળના રાજગુરુ પં. હેમરાજ શર્માના ગ્રંથસંગ્રહમાં મળી આવ્યો છે. એ ગ્રન્થની હાથપ્રતને લગતી વીગત એના લાંબા ઉપોદ્‌ઘાતના આરંભમાં આપી છે. એ ગ્રન્થ ઈ. સ. ૧૯૩૮ માં વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્ય વડે સંપાદિત થઈને ૨૪૦ પૃષ્ઠના ઉપોદ્‌ઘાત સાથે નિર્ણયસાગર પ્રેસમાં છપાઈને બહાર પડ્યો છે. જેમ ચરકસંહિતા તથા ભેલસંહિતા કાયચિકિત્સાપ્રધાન ગ્રંથો છે અને સુશ્રુતસંહિતા શલ્યતંત્રપ્રધાન છે તેમ આ કાશ્યપસંહિતા કૌમારભૃત્યતંત્ર છે.

કાશ્યપસંહિતાના કર્તાઓની પણ ચરક-સુશ્રુતના કર્તાઓ પેઠે પરંપરા છે. જેમ ચરકસંહિતાના મૂળ ઉપદેશક પુનર્વસુ આત્રેય છે, તેમ આ કાશ્યપસંહિતાના મૂળ ઉપદેશક મારીચ કશ્યપ છે. ઋચીકના પુત્ર જીવકે કશ્યપે રચેલા એ મોટા તંત્રનો સંક્ષેપ કર્યો છે. પછી કલિયુગમાં એ તન્ત્ર નષ્ટ થઈ ગયું, પણ એ જીવકના જ વંશના વાત્સ્યે એનો પ્રતિસંસ્કાર કર્યો.[1] આ રીતે કાશ્યપસંહિતા પણ ઉપલબ્ધ ચરક–સુશ્રુત પેઠે પ્રતિસંસ્કૃત છે.

વળી આ ખંડિત સંહિતામાં જ[2] લખ્યું છે કે વૃદ્ધ-જીવકતંત્ર નષ્ટ થયેલું[3] એ જોતાં મૂળ ઉપદેશક કાશ્યપનો તથા

---

૧. જુઓ કાશ્યપસંહિતાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૨૭–૨૮માં કાશ્યપ-સંહિતામાંથી ઉતારેલા શ્લોકો.

૨. આ ગ્રન્થની જે એક જ પોથી પં. હેમરાજ શર્માને મળી છે તેમાં ૨૯મા પૃષ્ઠથી શરૂ થાય છે અને ૨૬૪મા પૃષ્ઠ સુધી જ પાનાં છે. મતલબ કે આરંભના દશ–બાર અધ્યાય નથી મળ્યા. છેવટના ખિલ ભાગના ૮૦ અધ્યાયમાંથી ૨૬ અધ્યાયો જ મળ્યા છે અને વચ્ચે પણ ઘણાં પાનાં, લગભગ ૪૫ જેટલાં, તૂટે છે અને જે પાનાં છે તેમાંયે ઘણી પંક્તિઓ તૂટે છે. (જુઓ ઉપોદ્‌ઘાત, પૃ. ૨૭ તથા ગ્રન્થના પૃ. ૧ ની ટિ. ૬)

૩. ततः कलियुगे तन्त्रं नष्टमेतद्‌यदृच्छया । ઉપોદ્‌ઘાત પૃ. ૨૮

જીવકનો ઘણા વિસ્તારથી પં. હેમરાજ શર્માએ વિચાર કર્યો છે, પણ એની બહુ જરૂર મને લાગતી નથી. એટલે પં. હેમરાજ શર્માએ પુષ્કળ ઊહાપોહ પછી જે નિર્ણય કર્યો છે તે જ અહીં ઉતારું છું.[૧]

પં. હેમરાજ શર્મા કહે છે કે આત્રેયના સમકાલીન તરીકે મારીચ કાશ્યપનો ઉલ્લેખ, વાર્યોવિદનો આત્રેય અને કાશ્યપ બેયના સમકાલીન હોવાનો ઉલ્લેખ, આત્રેયના અન્તેવાસી તરીકે ભેલનો તથા ગાન્ધારના રાજા નગ્નજિતનો ઉલ્લેખ, નગ્નજિત અને દારુવાહનું ઐકય અને દારુવાહનો કાશ્યપતંત્રમાં નિર્દેશ, ગાન્ધારરાજા નગ્નજિતનો ઐતરેયબ્રાહ્મણમાં અને તેના પુત્ર સ્વર્જિતનો શતપથ-બ્રાહ્મણમાં નિર્દેશ વગેરે ઉલ્લેખો પરસ્પર મેળવીને વિચાર કરતાં એમ લાગે છે કે મારીચ કાશ્યપ, પુનર્વસુ આત્રેય, ભેલ, નગ્નજિત દારુવાહ અને વાર્યોવિદ એ ભૈષજ્યવિદ્યાના આચાર્યો ઐતરેય અને શતપથના કાળથી અર્વાચીન નથી અને થોડાઘણા એકબીજાની આગળપાછળ છે.

સામાન્ય રીતે ઉપર જુદી જ વિચારશ્રેણીથી ચરક અને સુશ્રુતના મૂળ ઉપદેશકનો જે સમય નક્કી કર્યો છે તેની સાથે પં. હેમરાજ શર્માનો ઉપલો નિર્ણય અવિરુદ્ધ છે. વળી પં. હેમરાજ શર્મા કહે છે કે બૌદ્ધ મહાવગ્ગ આદિ ગ્રન્થોમાં જેની કથા મળે છે તે જીવક અને આ તંત્રના કર્તા વૃદ્ધજીવક ભિન્ન છે, કારણ કે બૌદ્ધ ગ્રન્થોમાં એ જીવકને, કુમારે પાળીને ઉછેર્યો માટે તેને કુમાર-ભૃત્યસંજ્ઞા મળી એમ કહેલું છે વળી એ કથામાં જીવકને શસ્ત્રકર્મ કરનાર કહેલ છે, ત્યારે આ તંત્રકર્તા જીવક કૌમારભૃત્ય (બાલકોના રોગોની ચિકિત્સા)ના વિદ્વાન છે. પણ બૌદ્ધ કથાઓનો સંગ્રહ કરનાર ભિક્ષુઓ આયુર્વેદીય પરિભાષાના જાણકાર ન હોવાથી

---

૧. કાશ્યપસંહિતાનો ઉપોદ્‌ઘાત, પૃ. ૧૦૧.

કૌમારભૃત્ય (પાલિ ‘કુમારભચ્ચ’) સંજ્ઞા માટે નવી દંતકથા જોડે અને વૈદ્યકનો ચમત્કાર દર્શાવવા માટે શસ્ત્રકર્મનો ઉલ્લેખ કરે[1] એ સ્વાભાવિક છે. એટલે મારા મતે આ વૃદ્ધ જીવક ભગવાન બુદ્ધના સમકાલીન બૌદ્ધ ગ્રન્થોક્ત જીવક હોય એમાં કાંઈ અસંભવિત નથી.

કૌમારભૃત્યના આચાર્ય તરીકે જીવકનો ઉલ્લેખ નાવનીતકમાં મળે છે. એ ગમે તેમ હો, કૌમારભૃત્ય–બાલરોગચિકિત્સા–નો મૂળ ઉપદેશ અને તેની કાંઈક રચના અગ્નિવેશતંત્રની સમસામયિક હોવાનો સંભવ સ્વીકાર્યા છતાં આ કાશ્યપસંહિતા તો વાત્સ્યે પ્રતિસંસ્કૃત કરેલી છે અને વાત્સ્યનો સમય નક્કી કરવાનું કાંઈ સાધન નથી. માત્ર એક વિચિત્રતા નોંધવા જેવી છે કે વૈદિક સંપ્રદાયના આ ગ્રન્થમાં કાળવિભાગના વર્ણનમાં ઉત્સર્પિણી, અવસર્પિણી જેવા જૈન પરિભાષાના શબ્દો મળે છે અને કૃતયુગના મનુષ્યનાં શરીરાદિનો સાત રાત સુધી જ ગર્ભવાસ, અભેદ્ય અને અચ્છિદ્ય, હાડકાં વગરનું માથું, જન્મતાં જ સર્વ કર્મ કરવાની શક્તિ વગેરે અદ્ભુત કલ્પના છે.[2] બીજું અવ્યક્તમાંથી અહંકાર વગેરે જે સોળ વિકારોનું વર્ણન આ ગ્રન્થમાં છે તે સ્પષ્ટ રીતે સુશ્રુત પેઠે સાંખ્યકારિકાને અનુસરે છે.[3] ગ્રન્થને સમગ્ર રીતે જોતાં પણ ચરક અને સુશ્રુત પછી તરતમાં આ પ્રતિસંસ્કૃત ગ્રન્થ રચાયો હોય એવો સંભવ મને લાગે છે.

ચરક-સુશ્રુત-ભેલનું પૌર્વાપર્ય

પૌર્વાપર્યની બાબતમાં આયુર્વેદવિદ્વાનોના મોટા ભાગનો એવો મત છે કે મૂળ અગ્નિવેશતંત્ર સૌશ્રુતતંત્ર કરતાં કાંઈક

૧. ઉપલી બૌદ્ધ કથાની રચના પછી દોઢ હજાર વર્ષે રચાયેલા ‘ભોજ-પ્રબંધ’માંય ચમત્કાર દર્શાવવા ખોપરીનું શસ્ત્રકર્મ કર્યાની કથા લખી છે.

૨. કાશ્યપસંહિતા પૃ. ૪૪.

૩. એજન, પૃ. ૪૫.

પ્રાચીન છે. પછી ચરકસંહિતાની રચના, ભાષાશૈલી વગેરેમાં પ્રાચીનતાની છાપ દેખાય છે, જ્યારે સુશ્રુતની રચનામાં વ્યવસ્થા તરી આવે છે, જે સુશ્રુતનો પ્રતિસંસ્કાર ચરકના પ્રતિસંસ્કાર પછી થયો છે એમ સૂચવે છે. અત્યારની ચરકસંહિતામાં ધન્વન્તરિમતનો ઉલ્લેખ મળે છે; જ્યારે સુશ્રુતમાં ચરકનાં વચનો ઉતારેલાં છે. પ્રતિસંસ્કાર થયા પહેલાં ઘણાં વર્ષોથી બેય તંત્રો વિદ્યમાન હોવાથી આ રીતે પ્રતિસંસ્કર્તાઓ દ્વારા પરસ્પર ઉલ્લેખ–ઉદ્ધાર સ્વાભાવિક છે. પં. હરિપ્રપન્નજી ચરકમાં સુશ્રુતોક્ત સિદ્ધાન્તો સ્વીકારેલા છે,[1] માટે વર્તમાન ચરક સુશ્રુતથી અર્વાચીન છે એમ કહે છે અને સુશ્રુતમાં ચરકમાંથી પાઠોનો ઉદ્ધાર કર્યો છે એ વાત કબૂલ કરતા નથી. સુશ્રુતમાંથી ભેલ નામસહિત ઉતારા કરે છે અને અગ્નિવેશ તથા ભેલ એક ગુરુના શિષ્ય છે. માટે પણ સુશ્રુતથી ચરક અર્વાચીન છે એવું તેઓ પ્રતિપાદન કરે છે.[2] આથી ઊલટું, મ. મ. કવિરાજ ગણનાથ સેન ચરકનાં કેટલાંક વચનો સુશ્રુતમાં સ્પષ્ટ ઉતારેલાં છે એ દર્શાવીને કહે છે સુશ્રુતસંહિતાનો પ્રતિસંસ્કાર ચરકના પ્રતિસંસ્કાર પછી થયો છે.[3] મને એ જ વાત સાચી લાગે છે. આયુર્વેદની આ પ્રાચીન સંહિતાઓના પૌર્વાપર્યનો ક્રમ મને નીચે પ્રમાણે દેખાય છે: દૃઢબલના પ્રતિસંસ્કાર અને ઉમેરા વગરની ચરકસંહિતા પ્રથમ સંહિતા, પછી ઉત્તરસ્થાન વગરની સુશ્રુતસંહિતા, પછી ઉત્તરસ્થાન, પછી ભેલસંહિતા, પછી નાવનીતક અને છેલ્લા દૃઢબલ. દૃઢબલનો સમય લગભગ ઈ. સ. ૪૦૦ની આસપાસ. આ રીતે જોતાં ઉપલબ્ધ ભેલસંહિતા પણ, જોકે એના પ્રતિસંસ્કારનો ઉલ્લેખ નથી મળતો છતાં, પ્રતિસંસ્કૃત હોવી જોઈએ

૧. જુઓ ચરક શા. ૬–૧૮ તથા ૮–૨૯; ચિ. ૫–૬૪ વગેરે.

૨. 'રસયોગસાગર'નો અંગ્રેજી ઉપોદ્ઘાત, પૃ. ૭૦-૭૧; સંસ્કૃત ઉપોદ્ઘાત, પૃ. ૨૫.

૩. જુઓ 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્ઘાત, પૃ. ૫૧.

અને એવું માનતાં પં. હરિપ્રપન્નજીની અગ્નિવેશ અને ભેલ એક ગુરુના શિષ્ય હોવાની દલીલનું બળ તૂટી જાય છે.

ઈ. સ. પાંચમું શતક આ રીતે આયુર્વેદસંહિતાઓની અર્વાચીન મર્યાદા ઠરે છે. હરિશ્ચન્દ્રાદિ ટીકાકારોની ટીકાઓ રચાવાની શરૂઆત પાંચમા શતકમાં થઈ છે અને ચરક-સુશ્રુત ઉપરથી વૃદ્ધ વાગ્ભટ જેવા સંગ્રહગ્રન્થો રચાવાની શરૂઆત પણ એ જ શતકમાં થઈ છે. એ જોતાં ઈ. સ. પાંચમા શતકમાં ચરક-સુશ્રુતસંહિતાઓ પૂર્ણ હતી એમ જ માનવું યોગ્ય છે. આ દેશના પ્રાચીન સાહિત્યને અર્વાચીન કાળ તરફ ખેંચવાનું જેમનું વલણ ગણાય છે એવા પાશ્ચાત્ય પંડિતો પણ ઉપરની અર્વાચીન મર્યાદા સ્વીકારે છે.[૧] અલબત્ત સંપૂર્ણ ટીકાઓ ૧૧ મા શતકની જ મળે છે, એટલે તે પહેલાંના સૈકાઓનો પાઠ ચોક્કસ નક્કી કરવાની મુશ્કેલી[૨] હોવા છતાં સંપૂર્ણ ગ્રન્થો ઈ. સ. પાંચમા શતકમાં હતા એ ચોક્કસ છે.

ચરક-સુશ્રુતના સમય વિશે અહીં સુધી જે વિચાર કર્યો તેથી સ્પષ્ટ દેખાય છે કે એ ગ્રન્થોના મૂળ ઉપદેશક ઈ. સ. પૂર્વે પાંચમા–છઠ્ઠા શતકમાં શતપથાદિ બ્રાહ્મણોના કાળમાં થઈ ગયા અને તે પછી તરતમાં કોઈક ગ્રન્થો રચાયા હશે, કદાચ સૂત્રશૈલીમાં.[૩] પણ એ કાળનું વૈદિક ભાષામાં કે સૂત્રમાં લખાયેલું કાંઈ સાહિત્ય જળવાયું નથી અને અત્યારે જે ગ્રન્થો છે તેમાંથી જૂનો–નવો ભાગ જુદો પાડી શકાય એમ નથી. મૂળ ઉપદેશના સમય

---

૧. રૈડોલ્ફ એફ. જી. મુલર કહે છે કે આયુર્વેદિક સંહિતાઓનો પ્રથમ રચનાસમય લગભગ ઈ. સ. ની પહેલી સહસ્રાબ્દીના મધ્યમાં મૂકી શકાય. (જુઓ જ. રૉ. એ. સો. ૧૯૩૨, પૃ. ૭૮૪ થી ૮૧૪); આ. વિ., પુ. ૧૯, પૃ. ૧૪૧.

૨. ડલ્લન જેવા ટીકાકારે પાઠચર્ચા કરી જ છે.

૩. ચરકસંહિતામાં સૂત્રકાર ઋષિઓનો ઉલ્લેખ આવે છે તે આ ગ્રન્થકારોને અનુલક્ષીને હશે.

પછી સેંકડો વર્ષ સુધી ચાલેલ શોધખોળ, સુધારાવધારા અને ગ્રન્થોના પ્રતિસંસ્કાર પછી વર્તમાન સંહિતાઓ તૈયાર થઈ છે અને એ વૈદિક ભાષામાં નહિ પણ પાણિનિ પછીની મહાભારતીય ભાષામાં છે.[1]

ચરક-સુશ્રુતના સમયનિર્ણયની ચર્ચામાં એક વસ્તુ નોંધવાની બાકી રહે છે તે અહીં જ નોંધવી ઠીક છે. ચરકસંહિતામાં વૈદ્યક કાર્ય માટે પ્રશસ્ત નક્ષત્ર, કરણ, મુહૂર્તાદિનો ઉલ્લેખ છે, પણ તેમાં વારનો ઉલ્લેખ નથી; અને શંકર બાલકૃષ્ણ દીક્ષિતના 'ભારતીય જ્યોતિઃશાસ્ત્ર' (પૃ. ૧૩૯)માં વારનાં નામોની શકકાળ પહેલાં એક હજાર વર્ષ ઉપર ભારતમાં પ્રવૃત્તિ થઈ છે એવું વિધાન છે, તેનો હવાલો અગ્નિવેશતંત્રના સમયનિર્ણયમાં શ્રી જાદવજી ત્રિકમજી આચાર્યે આપ્યો છે.[2] પણ એ વિદ્વાન પોતે જ પ્રતિસંસ્કૃત ચરક-સંહિતાને એટલા જૂના કાળમાં નથી મૂકતા.[3] વળી ભાગવત જેવા ઈ. સ. ચોથા શતક પછીના ગ્રન્થમાં પણ વારનો ઉલ્લેખ નથી તથા શં. બા. દીક્ષિતની કાલગણના એ વિષયમાં સર્વમાન્ય નથી, એટલે એકલી એ દલીલ નિર્ણાયક ન થઈ શકે. અનેક પ્રકારના બીજા બળવાન પુરાવાઓ વડે ચરક-સુશ્રુતાદિ સંહિતાઓના સમય વિશે ઉપર નિર્ણય કર્યો છે, તેમાં ફેરફાર કરવા માટે જ્યોતિષના ઇતિહાસની આ દલીલ પૂરતી પ્રબળ મને લાગતી નથી.

ગાય, અશ્વ અને હાથીનું વૈદ્યક

આ દેશમાં ખેતી ચાલુ થઈ ત્યારથી ગાય અને બળદનું મહત્ત્વ આર્યોના ધ્યાનમાં આવ્યું હતું. બ્રાહ્મણગ્રન્થોના કાળમાં ઘણી ગાયો

---

૧. મહાભારતનું હાલનું સ્વરૂપ ઈ. સ. ચોથા શતકથી અર્વાચીન નથી.

૨. જુઓ ચરકસંહિતા (નિ. સા. પ્રે.ની આવૃત્તિ)માં એમનો ઉપોદ્ઘાત તથા આ. વિ., પુ. ૧૮, પૃ. ૧૦૭.

૩. એજન, પૃ. ૧૧૦.

રાખવી એમાં મહત્તા મનાતી. ઘોડો પણ વાહન તરીકે વેદકાળમાં વપરાતો હતો, પણ તે પછીના કાળમાં ઘોડાઓ અને હાથીઓની લશ્કરનાં અંગ તરીકે કીમત વધી. આ ઐતિહાસિક સ્થિતિમાં પ્રાણીનું વૈદ્યક પણ મોટે ભાગે માનુષ વૈદ્યકના ધોરણે જ વિકાસ પામે એ સ્વાભાવિક છે. અને વસ્તુતઃ એમ જ બન્યું છે. અશ્વવૈદ્યક અને ગજવૈદ્યક ઉપર જે સાહિત્ય મળે છે તેનો પ્રાચીનતમ અંશ પણ આયુર્વેદના મૂળ ગ્રન્થો રચાયા પછી તૈયાર થયો છે અને એ રીતે હસ્ત્યાયુર્વેદ આદિ સાહિત્યનું વૈદ્યક સાહિત્યમાં સ્થાન ધ્યાનમાં રાખીને જ, ઉપલબ્ધ ગ્રન્થોનો રચના-સમય ગમે તે હોય પણ, એની નોંધ અહીં કરવાનું યોગ્ય ધાર્યું છે.

અશ્વવૈદ્યક—શાલિહોત્રસંહિતા નામનો ગ્રન્થ જોકે અત્યારે આખો મળતો નથી, પણ પુનર્વસુ આત્રેય અને ધન્વન્તરિ પેઠે અશ્વવૈદ્યકના મૂળ ઉપદેશક તરીકે હયઘોષના પુત્ર શાલિહોત્ર પ્રસિદ્ધ છે અને તેણે સુશ્રુતને ઉપદેશ કર્યો હતો એમ કહ્યું છે. શાલિહોત્રની એક અપૂર્ણ હાથપ્રત ઇંડિયા ઑફિસ લાયબ્રેરીમાં છે.[૧] આ ગ્રન્થમાં અષ્ટાંગ અશ્વવૈદ્યકનું આઠ સ્થાનમાં વર્ણન કર્યું છે, પણ જે મળે છે તે તો ત્રુટિત પ્રથમ સ્થાન છે, બીજેથી બીજા કટકાઓ પણ ત્રુટિત મળ્યા છે.[૨]

આ ગ્રન્થનું કે અશ્વવૈદ્યક સંબંધી કોઈ બીજા સંસ્કૃત ગ્રન્થનું કુર્‌અત ઉલ મુલ્ક નામથી ઈ. સ. ૧૩૮૧ માં ફારસી ભાષાન્તર થયું છે. વળી, આવા જ કોઈ પુસ્તકનું મોગલ શહેનશાહ શાહજહાનના વખતમાં કિતાબ ઉલ વૈતર્ત નામથી અરબીમાં

---

૧. જુઓ ગિરીશચન્દ્ર મુખોપાધ્યાયનું ‘ હિસ્ટરી ઑફ ઇંડિયન મેડિસિન’, ગ્રં. ૨. પૃ. ૩૬૬ થી ૩૭૨.

૨. એજન, પૃ. ૩૭૪.

ભાષાન્તર થયું છે અને તેનું કે પછી કોઈ બીજાનું અંગ્રેજી ભાષાન્તર ઈ. સ. ૧૭૮૮ માં કલકત્તામાં છપાયું છે.[1]

એક શાલિહોત્રીય અશ્વશાસ્ત્ર નામનો સંસ્કૃત ગ્રન્થ મદ્રાસની ગવર્નમેન્ટ ઓરિયેન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાયબ્રેરીમાં છે.[2] એક ગણરચિત અશ્વાયુર્વેદની હાથપ્રતની નોંધ નેપાળના કેટલોગમાં છે.[3] વર્ધમાનનો યોગમંજરી નામનો ગ્રન્થ, દીપંકરનું અશ્વવૈદ્યક શાસ્ત્ર અને ભોજના પણ ૧૩૮ શ્લોકના શાલિહોત્ર ગ્રન્થની નોંધ મળે છે.[4] એક કલ્હણવિરચિત શાલિહોત્રસારસમુચ્ચયની હાથપ્રત મળે છે.[5] એક હયલીલાવતી નામના ગ્રન્થનો ઉલ્લેખ જયદત્તના અશ્વવૈદ્યકની પ્રસ્તાવનામાં શ્રી કવિરાજ ઉમેશચન્દ્ર દત્તે કર્યો છે. આ છૂટક ગ્રન્થો ઉપરાંત અગ્નિપુરાણ જેવા ગ્રન્થોમાં અશ્વવૈદ્યક સંબંધી પ્રકરણો મળે છે.

પણ અશ્વવૈદ્યકના ઉપલબ્ધ સાહિત્યમાંથી બે ગ્રન્થો (૧) જયદત્તસૂરિકૃત અશ્વવૈદ્યક, અને (૨) નકુલકૃત અશ્વચિકિત્સા બંગાલ રો. એ. સો. તરફથી 'બિબ્લોથિકા ઇન્ડિકા' સિરીઝમાં છપાયેલ છે.

પાંડવો વિરાટનગરમાં છૂપે વેષે રહ્યા ત્યારે નકુલે વિરાટ રાજાના ઘોડાઓની સંભાળ રાખવાનું અને સહદેવે ગાયોની સંભાળનું કામ માથે લીધેલું[6] એ મહાભારતીય આખ્યાયિકાને પરિણામે નકુલના નામે અશ્વચિકિત્સાનો ગ્રન્થ ચઢ્યો હોય એવો સંભવ છે.

---

૧. એજન, પૃ. ૩૭૯ થી ૩૮૨.

૨. એજન, પૃ. ૩૯૪.

૩. એજન, પૃ. ૩૭૫.

૪. જુઓ કીથનું 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર', પૃ. ૪૬૫.

૫. વૈદ્યરાજ જા. ત્રિ. આચાર્ય પાસે હાથપ્રત છે.

૬. જુઓ મહાભારત, વિરાટપર્વ.

અશ્વચિકિત્સાનો આરંભ તો કદાચ હસ્તિચિકિત્સા સાથે ઈ. સ. પૂર્વે ત્રીજા–ચોથા શતકમાં થયો હશે, પણ શાલિહોત્રના સમય માટે ચોક્કસ પુરાવો ગણાય એવું તો પંચતંત્ર (૫–૭૯)માં ઘોડાના દાહ ઉપર વાંદરાની ચરબીની ચિકિત્સા શાલિહોત્રના નામથી આપી છે એ ઉદાહરણને ગણવું પડશે.[૧] અને અત્યારે ઉપર નોંધેલા જે બે ગ્રન્થો છપાયેલા છે તેમાંથી એક વિજયદત્તના પુત્ર મહાસામન્ત જયદત્તસૂરિના અશ્વવૈદ્યની હાથપ્રત ઈ. સ. ૧૪૨૪ની મળે છે[૨] અને તેમાં અફીણનો ઉલ્લેખ છે એ જોતાં એ ગ્રન્થને ઈ. સ. ૧૩મા શતકનો માની શકાય. બીજા નકુલના અશ્વચિકિત્સા ગ્રન્થની ઈ. સ. ૧૩૬૪ની હાથપ્રત નેપાળમાંથી મળી છે.[૩] એટલે તે પહેલાંનો એ ગ્રન્થ ખરો જ. જયદત્તના અશ્વવૈદ્યકમાં ૬૮ અધ્યાયો છે, જ્યારે નકુલની અશ્વચિકિત્સામાં ૧૮ અધ્યાયો છે. શાલિહોત્રીયશાસ્ત્ર જોઈને પોતે ગ્રન્થ લખ્યો છે એમ નકુલ કહે છે. જયદત્ત પણ શાલિહોત્ર-શાસ્ત્રનો ઉલ્લેખ કરે છે.

પણ જયદત્તમાં નકુલનો ઉલ્લેખ નથી. વળી શાર્ઙ્ગધરપદ્ધતિમાં જયદેવના કહીને અશ્વશાસ્ત્રને લગતા થોડા શ્લોકો ઉતાર્યા છે.[૪] હવે આ જયદેવ જો 'ગીતગોવિંદ'ના કર્તા જ હોય તો એનો સમય બારમું શતક છે, પણ એમ ન હોય તોપણ જયદત્ત-સૂરિનો સમય ૧૩ મા શતકથી બહુ દૂર નથી અને નકુલનો ગ્રન્થ તે પહેલાંનો પણ બહુ જૂનો નહિ એમ લાગે છે; જોકે ચોક્કસ પુરાવો નથી.

જયદત્તસૂરિનો ગ્રન્થ ઘોડાના રોગોની ચિકિત્સાનો સંપૂર્ણ ગ્રન્થ છે. સામાન્ય આયુર્વેદિક પદ્ધતિને એનાં નિદાન–ચિકિત્સા

---

૧. મેડિસીન, જોલી, પૃ. ૧૪.

૨. એજન.

૩. એજન તથા એની ફૂટનોટ ૮.

૪. જુઓ અશ્વવૈદ્યકની કવિરાજ ઉમેશચંદ્ર દત્તની પ્રસ્તાવના.

અનુસરે છે. ઔષધો આયુર્વેદોક્ત છે, પણ ઘોડાની જાતો, ઘોડાનું વય ઓળખવાની રીત, ઘોડાનો ખોરાક અને ઘોડાને થતા ખાસ રોગો વગેરેનું વર્ણન પણ એમાં છે.

પાલકાપ્યનો હસ્ત્યાયુર્વેદ

હસ્ત્યાયુર્વેદના કર્તા પાલકાપ્ય મુનિ વિશે એવી દંતકથા છે કે રાજા દશરથના સમકાલીન, અંગદેશ—ચંપાના[1] રાજા રોમપાદ કે લોમપાદ, કે જેઓ ઋષ્યશૃંગ મુનિના સસરા થાય, તેઓએ પાલકાપ્ય મુનિને હાથીઓને વશ કરવાની વિદ્યા શીખવા માટે બોલાવ્યા હતા. લોકમાનસની કલ્પનાએ હસ્ત્યાયુર્વેદના ઉપદેશક પાલકાપ્યને સામગાયનાખ્ય મુનિના વીર્યથી હાથણીના પુત્ર કલ્પ્યા છે.

હસ્ત્યાયુર્વેદ એ મોટો ગ્રન્થ છે. પૂનાની આનન્દાશ્રમ સિરીઝમાં છપાયો છે. આ ગ્રન્થમાં હાથીઓના રોગો અને તેની ચિકિત્સાના વર્ણન સાથે હાથીઓનાં લક્ષણો, હાથીઓના વર્ણો, હાથીને પકડવાની તથા પાળવાની રીત વગેરે પણ છે.

હસ્ત્યાયુર્વેદમાં ચાર વિભાગ કે સ્થાન છે: (૧) મહારોગ-સ્થાન, જેમાં મહારોગોનું વર્ણન છે, (૨) ક્ષુદ્રરોગસ્થાન, (૩) શલ્ય-સ્થાન, જેમાં હાથીઓની શસ્ત્રચિકિત્સાનું વર્ણન છે; શારીર, ગર્ભાવ-ક્રાન્તિ, શસ્ત્રો અને યન્ત્રો વગેરેનું વર્ણન પણ આ સ્થાનમાં જ છે, અને (૪) ઉત્તરસ્થાન. આ ચાર સ્થાનમાં કુલ ૧૬૦ અધ્યાયો છે અને હાથીના લગભગ ૧૮૨ રોગોનું વર્ણન છે.

પાલકાપ્યના આ હસ્ત્યાયુર્વેદનો સમય નક્કી કરવાનું કાંઈ સાધન નથી. એટલી વાત ચોક્કસ છે કે હાથીઓને પાળવાની વાત મહાભારતમાં છે; એટલું જ નહિ, પણ ઈ. સ. પૂર્વે ચોથા

---

૧. હાલના ભાગલપુર શહેરથી ૨૪ માઈલ ઉપર આવેલા પાથરઘાટને કનિંગહામે ચંપા માન્યું છે. (જુઓ 'હિસ્ટરી ઑફ ઇંડિયન મેડિસિન', ગ્રં. ૨, પૃ. ૪૦૦)

શતકમાં મગધમાં ગ્રીક એલચી તરીકે રહી જનાર મેગેસ્થિનિસને ભારતમાં હાથીઓને પાળવામાં આવતા એ હકીકતની તો ખબર છે જ; પણ હાથીઓના આંખના રોગ ઉપર દૂધના ઉપયોગની અને બીજા રોગો તથા વ્રણો ઉપર ગરમ પાણી, ડુક્કરનું માંસ, આસવ અને ઘીના ઔષધ તરીકે ઉપયોગની પણ ખબર છે.[1] એટલે હાથીઓની ચિકિત્સાનો કાંઈક પ્રચાર ઈ. સ. પૂર્વે ચોથા શતકમાંયે હતો. પછી અશોકે કોતરાવેલા શિલાલેખમાં મનુષ્યચિકિત્સા અને પશુચિકિત્સા માટે ઔષધોની વ્યવસ્થા પોતે કરી હોવાનું કહેલું છે. મતલબ કે ઈ. સ. પૂર્વે ત્રીજા શતકમાં પશુચિકિત્સા આ દેશમાં કોઈક રૂપમાં હતી ખરી[2]

ઈ. સ. ચોથા શતકના સિલોનના રાજા બુધદાસે જેમ પોતાના લશ્કરમાં માણસો માટે ચિકિત્સકો રાખ્યા હતા તેમ હાથીઓ અને ઘોડાઓ માટે પણ રાખ્યા હતા.[3]

આ રીતે ઈ. સ. પૂર્વે ચોથા શતકથી હાથીનું અને ઘણું કરી ઘોડાનું પણ કાંઈક વૈદ્યક શરૂ થયું હશે. હસ્ત્યાયુર્વેદની સમગ્ર રચના ચરક–સુશ્રુતને અનુસરે છે એ જોતાં એ સંહિતાઓ પૂર્ણ થયા પછી દૃઢબલ પહેલાં કે પછી એ ગ્રન્થ રચાયો હોવો જોઈએ. બીજી તરફથી એલ્બીરૂની(ઈ. સ. ૧૦૩૦)એ હાથીઓના વૈદ્યક સંબંધી કોઈક ગ્રન્થનું ઉદાહરણ આપ્યું છે,[4] એ જોતાં બીજો ચોક્કસ પુરાવો ન મળી આવે ત્યાંસુધી ઈ. સ. ૧૧મા શતક પહેલાં અને ઘણું કરી ઈ. સ. ચોથા–પાંચમા શતકમાં હસ્ત્યાયુર્વેદ રચાયો છે એમ માનવું યોગ્ય છે.

---

૧. જુઓ મેડિસિન, જોલી, પૃ. ૧૪.

૨. ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ અશોક, પૃ. ૫૧ અને ૬૬.

૩. મેડિસિન, જોલી, પૃ. ૧૪.

૪. એજન.

હસ્ત્યાયુર્વેદના રોગોનું વર્ગીકરણ, નિદાન, ચિકિત્સાક્રમ ઇત્યાદિ સામાન્ય આયુર્વેદના ધોરણને અનુસરે છે, છતાં એમાં હાથીઓને જ ખાસ થતા રોગો(દા. ત., મદરોગ[1] વગેરે)નું વર્ણન તથા એની ચિકિત્સા વગેરે ઘણું નવું વસ્તુ છે.

હસ્ત્યાયુર્વેદ ઉપરાંત 'માતંગલીલા' નામનો એક હાથીઓના વૈદ્યકને લગતો નારાયણનો રચેલો ગ્રન્થ છે, જે ત્રિવેન્દ્રમ સંસ્કૃત સિરીઝમાં છપાયો છે. આ ગ્રન્થના કર્તા પણ પાલકાપ્ય મુનિને જ હસ્ત્યાયુર્વેદના આદિ આચાર્ય ગણે છે. કીથ આ ગ્રન્થને એની ભાષા, પદ્યરચના વગેરે ઉપરથી આધુનિક કહે છે.[2]

અશ્વવૈદ્યક અને ગજવૈદ્યક પેઠે ગોવૈદ્યકનાં કે બીજાં પશુઓનાં વૈદ્યકનાં જુદાં પુસ્તકો મળતાં નથી, પણ ૧૪ મા શતકના 'શાર્ઙ્ગધરપદ્ધતિ' નામના ગ્રન્થમાં બકરાં, ગાય વગેરેની ચિકિત્સાના પણ થોડા શ્લોકો છે.

વૃક્ષાયુર્વેદ—આયુર્વેદાચાર્યોએ વૃક્ષને પણ સચેતન માનેલ છે[3] અને તેની ચિકિત્સા ઉપર ધ્યાન આપ્યું છે. અત્યારે 'શાર્ઙ્ગધરપદ્ધતિ'માં વૃક્ષાયુર્વેદ અથવા ઉપવનવિનોદ નામનું ૨૩૬ શ્લોકોનું એક પ્રકરણ જળવાઈ રહ્યું છે અને આ વિષયમાં એ જ જોવા જેવું છે, જોકે રાઘવભટ્ટનો 'વૃક્ષાયુર્વેદ' નામનો બીજો પણ ગ્રન્થ મળે છે.

---

૧. સંસ્કૃત કાવ્યસાહિત્યમાં હાથીઓના મદની ગન્ધની ઘણી વાત આવે છે. એ મદ એક જાતનો હાથીનો રોગ છે, અને હાથીના લમણા ઉપરના સ્રાવમાંથી ખાસ જાતની ઉગ્ર ગંધ આવે છે.

૨. 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર,' પૃ. ૪૬૫.

૩. જુઓ ચરકસંહિતા (સૂ. ૧, શ્લો. ૪૮)ની ચક્રપાણિની ટીકા, જેમાં નીચેનો શ્લોક ટીકાકારે ઉતાર્યો છે :

अन्तःसंज्ञा भवन्त्येते सुखदुःखसमन्विताः ।

વિલુપ્ત તંત્રો અને સંહિતાઓ

ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા એ બે સંપૂર્ણ અને ભેલ તથા કાશ્યપ એ બે અપૂર્ણ સંહિતાઓ ઉપરાંત કાયચિકિત્સા આદિ ભિન્ન ભિન્ન અંગોના અનેક ગ્રન્થો ડલ્લનાદિ પ્રસિદ્ધ ટીકાકારોના સમયમાં વિદ્યમાન હતા એમ જુદી જુદી ટીકાઓમાં આપેલાં ઉદાહરણોથી દેખાય છે. કવિરાજ ગણનાથ સેને જુદી જુદી ટીકાઓમાંથી આ લુપ્ત ગ્રન્થોની યાદી 'પ્રત્યક્ષશારીર'ના ઉપોદ્‌ઘાતમાં જુદી તારવી છે. એમણે નમૂનાનાં ઉદાહરણો પણ ઉતાર્યાં છે તે છોડી દઈને નીચે લુપ્ત ગ્રંથોની યાદી જ 'પ્રત્યક્ષ-શારીર' ના ઉપોદ્‌ઘાતમાંથી ઉતારવામાં આવે છે—

કાયચિકિત્સાનાં તન્ત્રો—(૧) અગ્નિવેશતન્ત્ર,[૧] (૨) જતૂ-કર્ણસંહિતા, (૩) પરાશરસંહિતા, (૪) ક્ષારપાણિસંહિતા, (૫) હારીતસંહિતા,[૨] (૬) ખરનાદસંહિતા,[૩] (૭) વિશ્વામિત્રસંહિતા, (૮) અગસ્ત્યસંહિતા, (૯) અત્રિસંહિતા.[૪]

શલ્યતંત્રો—(૧૦) ઔપધેનવતંત્ર, (૧૧) ઔરભ્રતન્ત્ર,[૫] (૧૨) વૃદ્ધસુશ્રુતતન્ત્ર, (૧૩) પૌષ્કલાવતતન્ત્ર, (૧૪) વૈતરણતન્ત્ર,

---

૧. આ અગ્નિવેશતંત્ર ચરકસંહિતાથી જુદું છે એમ તેમાંથી ઉતારેલા પાઠોથી જણાય છે.

૨, હારીતસંહિતા છપાયેલી છે તે તો આધુનિક છે. એ નામના પ્રાચીન તંત્રમાંથી ટીકાઓમાં પાઠો ઉતારેલા મળે છે.

૩. ખરનાદસંહિતા ઉપરના ન્યાસની હાથપ્રતનું સાતમાથી નવમા શતક વચ્ચે લખાયેલું એક પાનું ગિલગિટમાંથી મળ્યું છે. (જુઓ આયુર્વેદવિજ્ઞાન, પુ. ૨૨, પૃ. ૨૧૩)

૪. અત્રિસંહિતાનું નામ પ્રસિદ્ધ છે અને છપાયેલ છે, પણ એનો કોઇ પાઠ કોઈ ટીકામાં ઉતારેલો મળતો નથી એટલે એનું અસ્તિત્વ સંદિગ્ધ છે. આત્રેયસંહિતા તો અર્વાચીન છે.

૫. સુશ્રુતમાં ઔપધેનવ, ઔરભ્રના તંત્રોનો ઉલ્લેખ કર્યો છે (સૂ. ૪-૯), પણ એમાંથી કોઈ ઉતારો કવિરાજ ગણનાથ સેનને મળ્યો નથી.

(૧૫) ભોજતન્ત્ર, (૧૬) કરવીર્યતન્ત્ર, (૧૭) ગોપુરરક્ષિતતન્ત્ર,[૧] (૧૮) ભાલુકિતન્ત્ર, (૧૯) કપિલતન્ત્ર, (૨૦) ગૌતમતન્ત્ર.[૨]

શાલાકયતંત્રો—(૨૧) વિદેહતન્ત્ર, (૨૨) નિમિતન્ત્ર, (૨૩) કાંકાયનતન્ત્ર,[૩] (૨૪–૨૫) ગાર્ગ્યતન્ત્ર અને ગાલવતન્ત્ર, (૨૬) સાત્યકિતન્ત્ર, (૨૭) શૌનકતન્ત્ર, (૨૮) કરાલતન્ત્ર, (૨૯) ચક્ષુષ્યતન્ત્ર, (૩૦) કૃષ્ણાત્રેયતન્ત્ર.

ભૂતવિદ્યાતંત્રો—ભૂતવિદ્યા નામનું આયુર્વેદનું અંગ પ્રસિદ્ધ છે. એ વિદ્યાનું બીજ સુશ્રુત–વાગ્ભટમાં મળે છે (સુશ્રુત ઉત્તર–સ્થાન અ. ૬, વાગ્ભટ ઉ. અ. ૪, ૫ વગેરે), પણ એના કોઈ ગ્રન્થો મળતા નથી એમ કવિરાજ ગણનાથ સેન કહે છે.

કૌમારભૃત્યતન્ત્રો—(૩૧) જીવકતન્ત્ર, (૩૨) પાર્વતકતન્ત્ર, (૩૩) બન્ધકતન્ત્ર[૪], (૩૪) હિરણ્યાક્ષતન્ત્ર.

અગદતન્ત્રો—(૩૫) કાશ્યપસંહિતા, (૩૬) અલંબાયનસંહિતા, (૩૭) સનકસંહિતા કે શૌનકસંહિતા, (૩૮) ઉશનઃસંહિતા,[૫] (૩૯) લાટ્યાયનસંહિતા.

---

૧. આ તંત્રોમાંથી પાઠો મળ્યા નથી.

૨. ગાય અને ઘોડાના વૈદ્યક ઉપર ગૌતમસંહિતા છે એમ સાંભળ્યું છે, એમ કવિરાજ ગણનાથ સેન કહે છે.

૩. કાંકાયનનું નામ ચરકમાં મળે છે, પણ એના તંત્રમાંથી કોઈ ઉતારો મળ્યો નથી.

૪. ૩૧, ૩૨, ૩૩ આ ત્રણેયમાંથી કોઈ પાઠ ઉતારેલો મળ્યો નથી, પણ હમણાં કાશ્યપસંહિતા કે વૃદ્ધજીવકતન્ત્ર મળી આવેલ છે, જેની નોંધ ઉપર કરી છે.

૫. ઉશનઃસંહિતાની વૃદ્ધ વૈદ્યોમાં પ્રસિદ્ધિ છે, પણ એમાંથી ઉતારા મળ્યા નથી.

રસાયનતન્ત્રો—(૪૦) પાતંજલતન્ત્ર,[૧] (૪૧, ૪૨) વ્યાડિતન્ત્ર અને વશિષ્ઠતન્ત્ર, (૪૩) માંડવ્યતન્ત્ર,[૨] (૪૪) નાગાર્જુન,[૩] (૪૫) કક્ષપુટતન્ત્ર, અને (૪૬) આરોગ્યમંજરી.[૪]

વાજીકરણતન્ત્ર—(૪૬) કુચુમારતન્ત્ર.[૫]

અહીં જે યાદી 'પ્રત્યક્ષશારીર'ના ઉપોદ્ઘાતમાંથી ઉતારી છે, તે યાદીમાં કેટલાંક તો નામો જ મળે છે અને કેટલાંકનાં નામથી થોડાં વધારે ઉદાહરણો મળ્યાં છે, પણ એ ગ્રન્થો ક્યારે રચાયા એ કહેવું મુશ્કેલ છે. કોઈ કોઈ તન્ત્રો ચરકસંહિતા અને સુશ્રુત-સંહિતા પ્રતિસંસ્કૃત થઈને સંપૂર્ણ થઈ તે પહેલાં પણ રચાયા હોય. અલબત્ત, ટીકાઓમાં મળી આવતાં ઉદાહરણોમાંથી કોઈ વૈદિક ભાષામાં નથી, એટલે ભારતકાળથી આરંભી ટીકાકારોના વખત સુધીમાં, જેનાં ઉદાહરણો ટીકાઓમાં મળ્યાં છે, તે ગ્રન્થો રચાયા હોવા જોઈએ.

પ્રાચીન બૌદ્ધ સાહિત્ય અને આયુર્વેદ

પ્રાચીનતમ બૌદ્ધ સાહિત્ય—ત્રિપિટકમાં છૂટક ઉલ્લેખો વૈદ્યકના કહેવાય એવા મળી આવે, પણ અગત્યનાં ગણાય અને આયુર્વેદના ઇતિહાસ ઉપર કાંઈક પણ પ્રકાશ નાખે એવાં તો બે પ્રકરણો મારા ધ્યાનમાં છે. એક તો વિનયપિટકના મહાવગ્ગમાં જીવક કુમારભચ્ચ

૧. પાતંજલતંત્રમાંથી પાઠોનો ઉતારો મળે છે. આ પતંજલિ એ જ મહાભાષ્યકાર કે યોગસૂત્રકાર એવું માનવા માટે કોઈ પુરાવો નથી.

૨. (૪૧), (૪૨), (૪૩) આ ત્રણેય તંત્રો નામથી પ્રસિદ્ધ છે, એમાંથી કવિરાજ ગણનાથ સેનને ઉતારા મળ્યા નથી.

૩. નાગાર્જુન વિષયક ઉલ્લેખો ઉપર આવી ગયા છે.

૪. (૪૫), (૪૬) ગ્રન્થો નાગાર્જુનના મનાય છે.

૫. આ નામ પ્રાચીન વાજીકરણતંત્રનું પ્રસિદ્ધ છે, પણ એમાંથી ઉતારા મળ્યા નથી અને મ. મ. મથુરાપ્રસાદ દીક્ષિત સંપાદિત ૧૯૨૨માં બહાર પડ્યું છે તે તો આધુનિક જણાય છે.

(કૌમારભૃત્ય)ની કથા.[1] આ કથામાંથી આયુર્વેદ, જેને એ ગ્રન્થમાં એક શિલ્પ કહેલ છે, તેના શિક્ષણ માટે તક્ષશિલામાં ખાસ સગવડ હોવાનું સિદ્ધ થાય છે. અને બીજું એક જીવક નામના કૌમારભૃત્યના આચાર્યનો ડલ્લનની ટીકામાં, કાશ્યપસંહિતામાં તથા નાવનીતકમાં ઉલ્લેખ મળે છે. અને આ બૌદ્ધ જીવકને પણ કુમારભચ્ચ (કૌમારભૃત્ય) કહેલ છે, એ સામ્ય સૂચક છે. જીવકના શસ્ત્રક્રિયા સંબંધી તથા વિરેચનાદિ ચિકિત્સા સંબંધી જે ચમત્કારોનું વર્ણન વિનયપિટકમાં છે, તે તો એ પ્રકારની પૌરાણિક કથાઓ પેઠે ઇતિહાસમાં ઉપેક્ષણીય જ છે.

આ જીવકની કથા ઉપરાંત વિનયપિટકમાં જ એક ભૈષજ્ય-સ્કંધ[2] છે. તેમાંથી પણ આયુર્વેદના ઇતિહાસ ઉપર થોડો પ્રકાશ મળે છે.

એ ભૈષજ્યસ્કંધના જ શબ્દો નીચે ઉતાર્યા છે :

"એ વખતે ભગવાન શ્રાવસ્તીમાં અનાથપિંડના આરામ જેતવનમાં વિહાર કરતા હતા. એ વખતે ભિક્ષુઓ શરદ (ટાઢિયા) તાવના રોગમાંથી ઊઠ્યા હતા. એટલે યવાગુ પીએ તો તેની અને ભાત ખાય તો તેની ઊલટી થઈ જતી હતી. તેથી ભિક્ષુઓ કૃશ, દુર્વર્ણ અને પીળા તથા ધમનિસંતત થઈ ગયા હતા.

"અને ભિક્ષુઓની આ સ્થિતિનો વિચાર કરીને આહારનું કામ કરી શકે છતાં સ્થૂળ આહાર ન ગણાય પણ ભૈષજ્ય ગણાય એવી વસ્તુમાં ઘી, માખણ, તેલ, મધ અને ખાંડનો વિચાર કર્યો અને

---

૧. વિનયપિટકના શ્રી રાહુલ સાંસ્કૃત્યાયને કરેલા અને સારનાથની મહાબોધિ સોસાયટીએ છપાવેલા હિંદી ભાષાન્તર પૃ. ૨૬૬ થી ૨૭૪ માં જીવક કૌમારભૃત્યનું ચરિત્ર આપ્યું છે, અને તેમાંથી 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૨૦, પૃ. ૨૦ માં ઉતાર્યું છે.

૨. એજન, પૃ. ૨૧૫ થી ૨૨૨.

એ પાંચની ભિક્ષુઓને અનુમતિ આપી.” આમાં દૂધનો ઉલ્લેખ નથી, એ ધ્યાનમાં લેવા જેવું છે.

પછી રીંછ, માછલાં, સૂવર, ગધેડાં વગેરેની ચરબી પકાવી તેલની સાથે મેળવીને લેવાની અનુમતિ આપી.

પછી દવાઓની જરૂર પડતાં હળદર, આદુ, વજ, અતિવિષ, વાળો, નાગરમોથ વગેરે જળવાળી મૂળરૂપ દવાઓની અનુમતિ અને તેને વાટવા માટે ખરલબત્તાની પણ અનુમતિ આપી.

પછી લીંબડાનો કષાય, કડાછાલનો કષાય, પટોલ કષાય, કરંજનો કષાય અને બીજા પણ કષાયોની અનુમતિ આપી.

પછી પત્રરૂપ દવાઓ, જેમકે લીંબડાનાં પાન, કડાછાલનાં પાન, પટોલનાં પાન, તુળસીનાં પાન, કપાસનાં પાન વગેરે પાનની અનુમતિ આપી.

પછી ફળરૂપ દવાઓ, જેમકે વાવડિંગ, પીપર, મરી, હરડાં, બહેડાં, આમળાં વગેરેની અને હિંગ, સજ્જુનો ગુંદ વગેરે ગુંદની અનુમતિ આપી.

લવણો—મીઠું, સંચળ, સિંધાલૂણ, વાનસ્પતિક લવણ (કયું ?) અને જે કોઈ બીજું પ્રચલિત હોય તેની અનુમતિ આપી.

ચૂર્ણરૂપ દવાની અનુમતિ તથા એ માટેનાં ખાણિયો, મુસળ તથા ચાળણીની અનુમતિ આપી.

રોગોનાં નામોમાં સ્થૂળકક્ષ (દાદર), ખુજલી, ફોલ્લા, આસ્રાવ, ભૂતપ્રેતથી થતો રોગ એટલાં મળે છે.

અંજન—અંજનદાની અને અંજનની સળીનો ઉલ્લેખ છે. માથે લગાડવાનાં તેલનો અને નસ્યનો તથા નસ્ય નાખવાની નળીનો ઉલ્લેખ છે.

ધૂમપાનનું તથા ધૂમની વાટ તથા શંખ, સોનું, રૂપું વગેરેનાં ધૂમનેત્રનો ઉલ્લેખ છે.

પકાવેલા તેલનો ઉલ્લેખ છે, અને ઘીનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. સ્વેદના પ્રકારો પણ વર્ણવ્યા છે.

સ્નેહકર્મ, સ્વેદકર્મ, વિરેચન, શિરાવેધ–ફસ ખોલવી, શસ્ત્રકર્મ, મલમપટ્ટા અને વ્રણરોપણ તેલનો ઉલ્લેખ છે. સર્પવિષ અને વિષ-ભક્ષણ ઉપર ઝાડો, પેશાબ, રાખ અને માટી લેવાની અનુમતિ છે.

પાંડુરોગ ઉપર ગોમૂત્રવાળી હરડે આપવાનો ઉલ્લેખ છે. ગંધકના લેપનો ઉલ્લેખ છે.

આ ઉલ્લેખોમાં વીગત તો થોડી છે, પણ જે છે તે પ્રસંગો-પાત્ત હોવાથી તથા ચમત્કારમિશ્રિત ન હોવાથી વસ્તુસ્થિતિની સારી નિદર્શક છે. વૈદ્યકની ચરકોક્ત પદ્ધતિ એ વખતે પ્રચલિત હોય એમ ચોખ્ખું દેખાય છે, જોકે કોઈ ગ્રન્થનું નામ નથી લખ્યું.

આ વિનયપિટક બૌદ્ધ પાલિ સાહિત્યમાં જે જૂનામાં જૂના ગ્રન્થો છે તેમાંનો એક છે અને ખૂબ ઐતિહાસિક ઊહાપોહ કર્યા પછી તદ્વિદો ઈ. સ. પૂર્વે ત્રીજા શતકમાં વિનયપિટકને મૂકે છે.[1] એ જોતાં ઈ. સ. પૂર્વે ત્રીજા શતક પહેલાં આયુર્વેદનો ઠીક પ્રચાર હતો, એનું ખાસ શિક્ષણ આપવામાં આવતું અને લોકોની વૈદ્યો ઉપર તેઓ ઘણા ચમત્કાર કરી શકે એવી શ્રદ્ધા હતી, વગેરે વૈદ્યકના ઇતિહાસમાં ઘણા અગત્યના નિર્ણયો ફલિત થાય છે.

અર્થશાસ્ત્ર અને આયુર્વેદ

પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં કૌટિલીય અર્થશાસ્ત્રનું સ્થાન વિશિષ્ટ છે. વેદોત્તરકાલીન પ્રાચીન ગ્રન્થોમાં અર્થશાસ્ત્ર પણ એક છે. કૌટિલીય અર્થશાસ્ત્રના સમય માટે બહુ વિવાદ થયો છે. નન્દવંશનો નાશ કરી મૌર્ય ચંદ્રગુપ્તને મગધની ગાદી ઉપર બેસાડ-નાર ચાણક્ય એ જ આ અર્થશાસ્ત્રનો કર્તા એમ ગણીને કેટલાક

૧. જુઓ વિન્ટરનિત્ઝનું 'હિસ્ટરી ઑફ ઈંડિયન લિટરેચર,' ગ્રંથ ૨, પૃ. ૧૧

એને ઈ. સ. પૂર્વે ચોથા શતકમાં મૂકે છે,[૧] જ્યારે બીજા અર્થશાસ્ત્રની પરંપરા એટલી કે એથીયે વધારે જૂની હોવાનું સ્વીકારે છે, પણ ઉપલબ્ધ અર્થશાસ્ત્રનો સમય ઈ. સ. ૩૦૦ માં મૂકે છે.[૨]

આ કૌટિલીય અર્થશાસ્ત્ર જૂના કાળમાં પ્રચલિત ઘણી વિદ્યાઓનો પરિચય દર્શાવે છે. તેમાં આયુર્વેદનો પણ કેટલોક પરિચય દર્શાવે છે. પહેલું તો અર્થશાસ્ત્રના કંટકશોધન નામના ચોથા અધિકરણમાં 'આશુમૃતકપરીક્ષા' નામનું પ્રકરણ છે. હાલમાં વ્યવહાર વૈદ્યક (Medical Jurisprudence)ને અંગે જે મૃતકપરીક્ષા (Postmortem Examination) કરવામાં આવે છે તેનું, અર્થશાસ્ત્રમાં જળવાઈ રહેલું આ પ્રકરણ[૩] પ્રાચીનતમ રૂપ છે.

વળી આયુર્વેદના ચરક-સુશ્રુતાદિ ગ્રન્થોમાં આ પ્રકરણ છે જ નહિ એ કારણથી પણ અર્થશાસ્ત્રના આ પ્રકરણની વિશેષ કિંમત છે. અર્થશાસ્ત્રમાં કોઈના મરણ વિશે શંકા પડતાં મરણ શાથી— મારથી, ફાંસાથી, પાણીમાં ડૂબી જવાથી કે ઝેરથી થયું છે તે નક્કી કરવા માટે જે સાદી પરીક્ષા કહી છે તે આયુર્વેદને અનુસરતી જ છે. અર્થશાસ્ત્રમાં ટૂંકામાં જે આશુમૃતકપરીક્ષા આપી છે તે વ્યવહારાયુર્વેદનું કોઈ જૂનું તંત્ર પહેલાં હશે તેમાંથી ઉતારી હોવાનો સંભવ છે. અર્થશાસ્ત્રમાં એ રીતે બીજાં તંત્રોમાંથી ભિન્ન ભિન્ન શાસ્ત્રોને લગતી વાતો સંગ્રહેલી છે એ પ્રસિદ્ધ છે.

વળી, રાજાને પોતાને ખોરાક વગેરેમાં ઝેર અપાવાની તથા વિષકન્યાના ઉપયોગની એ જમાનામાં બીક રહેતી તેમ જ શત્રુઓ

---

૧. વિન્સેન્ટ સ્મિથની 'અર્લી હિસ્ટરી ઑફ ઇંડિયા', આ. ૩, પૃ. ૧૩૭ તથા 'ભારતીય ઇતિહાસકી રૂપરેખા', ગ્રં. ૨, પૃ. ૨૯૨થી આગળ.

૨. કીથનું 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર', ૧૯૨૮, પૃ. ૪૬૧.

૩. 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૨૧, અંક ૧માં આશુમૃતકપરીક્ષાઓનો આખો કટકો ઉતાર્યો છે.

તરફથી લશ્કરના માર્ગનાં જળાશયોમાં ઝેર મેળવવાની જૂના જમાનામાં બીક રહેતી અને એ માટે રાજાના રસોડા ઉપર તથા લશ્કર સાથે એક કે વધારે વૈદ્યને રાખવાનો એ વખતે રિવાજ હતો.[1] સુશ્રુત કહે છે તેમ વૈદ્યોનો તંબૂ લશ્કરની છાવણીમાં રાજાના તંબૂની નજીકમાં જ રાખવામાં આવતો હશે અને તે ઉપર ધજા રહેતી હશે, જેથી દૂરથી દેખાય.

રાજાને માટે આવેલું અન્ન વિષમુક્ત છે કે નહિ તેની પરીક્ષા માટે અર્થશાસ્ત્રમાં જે સૂચનાઓ આપેલી છે તે સુશ્રુત (કલ્પસ્થાન, અ. ૧)નાં તદ્વિષયક વચનો સાથે સરખાવવાથી સ્પષ્ટ દેખાય છે કે અર્થશાસ્ત્ર તથા સુશ્રુતે અગદતંત્રના કોઈ ગ્રન્થમાંથી એકસરખો ઉતારો કર્યો છે,[2] પણ સુશ્રુતને એ વિષયની ખબર હોવાથી એનાં વચનો સ્પષ્ટાર્થ છે ત્યારે અર્થશાસ્ત્રનાં વચનો અસ્પષ્ટાર્થ છે. આ અગદતંત્રના જાણકારોને અર્થશાસ્ત્ર જાંગલીવિદ કહે છે.[3]

તન્ત્રયુક્તિઓનું અર્થશાસ્ત્રમાં તથા ચરકમાં વર્ણન છે. અર્થશાસ્ત્રમાં ૩૨ તન્ત્રયુક્તિઓ કહેલ છે (અ. ૧૫, અ ૧), જ્યારે ચરકમાં ૩૫ છે; પણ બેયમાં ઘણી તન્ત્રયુક્તિઓ એક જ

---

૧. સુશ્રુત ક. અ. ૧ તથા જુઓ અર્થશાસ્ત્રનું નીચેનું વચન:—

चिकित्सकाः शस्त्रयन्त्रागदस्नेहवस्त्रहस्ताः स्त्रियश्चान्नपानरक्षिण्यः पृष्ठतोऽनुत्त्छेयुः। (અ. ૧૦-૩) આ વૈદ્ય કે વૈદ્યો લડાઈમાં વાગેલા ઘા ઉપર પાટાપિંડી કરવાનું કામ પણ કરતા. રસોડાના ઉપરી તરીકે વૈદ્યને રાખવાનો રિવાજ મધ્યકાળમાં પણ હતો. ચક્રપાણિદત્ત પોતાના પિતાને ગૌડાધિનાથના રસોડાનો અધિકારી કહે છે.

૨. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન' પુ ૨૧, અં. ૧ માં 'આયુર્વેદ અને અર્થશાસ્ત્ર' નામનો મારો લેખ.

૩. तस्मादस्य जाङ्गलीविदो भिषजश्चासन्नाः स्युः। કૌટિલીય અર્થશાસ્ત્ર, ૧-૨૧.

છે. ચરકસંહિતાનો તન્ત્રયુક્તિવાળો છેલ્લો અધ્યાય દૃઢબલનો છે અને અર્થશાસ્ત્રના તન્ત્રયુક્તિવાળા અધ્યાય પછી લખાયો લાગે છે.

કૌટિલીય અર્થશાસ્ત્ર (અ. ૪, અ. ૧)માં શરીરને જોખમ છે એવું પહેલેથી કહ્યા વગર ઉપચાર કરે અથવા એની ભૂલથી દર્દી મરણ પામે તો દંડ કરવાનું વિધાન છે; જ્યારે રાજાની રજા લઈને જોખમવાળી શસ્ત્રક્રિયા કરવી એમ સુશ્રુતે કહ્યું જ છે.[1]

કામશાસ્ત્ર અને આયુર્વેદ

અર્થશાસ્ત્ર જેવો પણ એથી જરા વધારે વ્યવસ્થિત અને તૃતીય પુરુષાર્થ કામની શાસ્ત્રીય ચર્ચા કરનારો એ વિષયનો જૂનામાં જૂનો પ્રમાણભૂત ગ્રન્થ તે વાત્સ્યાયનનું કામશાસ્ત્ર છે. આ ગ્રન્થના સમય વિશે પણ ઘણી ચર્ચા થયા છતાં છેવટનો નિર્ણય થયો નથી, પણ સામાન્ય વલણ અર્થશાસ્ત્ર પછી ઈ. સ.ના ચોથા શતકમાં કામશાસ્ત્રને મૂકવા તરફ છે.[2]

આ કામશાસ્ત્રની ચરક-સુશ્રુતને ખબર નથી, જોકે વાગ્ભટને છે.[3] એથી ઊલટું કામશાસ્ત્રને આયુર્વેદની ખબર છે. કામસૂત્રકાર સ્પષ્ટ કહે છે કે—

आयुर्वेदाच्च वेदाच्च विद्यातन्त्रेभ्यः एव च ।
आप्तेभ्यश्चावबोद्धव्या योगा ये प्रीतिकारकाः ॥

—કામશાસ્ત્ર, ૭. ૧. ૪૯

---

૧. સુશ્રુત ચિ. અ. ૭, શ્લો. ૨૯.

૨. જુઓ કીથનું 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર', ૧૯૨૮, પૃ. ૪૬૯ તથા તેની પાદટિપ્પણીઓ. કીથ તો ઈ. સ. પાંચસો સુધી ખેંચી જવાનું વલણ ધરાવે છે, જ્યારે શ્રી હારાણચન્દ્ર ચાકલાદાર જેવા કામસૂત્રને ઈ. સ. ત્રીજા સૈકાના ઉત્તરાર્ધનો ગ્રન્થ ગણે છે. (જુઓ એમનું Studies in V. Kamasutra, 1929)

૩. વાગ્ભટ (ઉ. અ. ૪૦, શ્લો. ૪૧) कामशास्त्रविहितामनवद्याम् એમ કહે છે ત્યાં આ વાત્સ્યાયનનું કામશાસ્ત્ર જ ઉદ્દિષ્ટ હોવાનો સંભવ છે.

પણ જે આયુર્વેદમાંથી પ્રીતિકારક યોગો જાણવાનું કામશાસ્ત્રકાર કહે છે તે આયુર્વેદ એટલે ચરક-સુશ્રુતની સંહિતાઓ જ કે કોઈ બીજા ગ્રન્થો, એ નક્કી કહેવું મુશ્કેલ છે. અન્યત્ર रसवीर्यविपाका हि श्वमांसस्यापि वैद्यके (એજન ૨–૨) એ રીતે વૈદ્યક શબ્દ વાપર્યો છે અને આયુર્વેદની વિશિષ્ટ પરિભાષાનો પરિચય બતાવ્યો છે. પણ સૌથી વિશેષ તો કામશાસ્ત્રનું છેલ્લું ઔપનિષદ અધિકરણ, જેમાં વૃષ્ય યોગો છે, તે ચરક-સુશ્રુતના વાજીકરણ યોગો સાથે સરખાવવા યોગ્ય છે.[1] પ્રાચીનતર વાજીકરણતંત્રોમાંથી ચરક-સુશ્રુતમાં તેમ જ કામસૂત્રમાં સરખો ઉતારો કરવામાં આવ્યો હોય તે સંભવિત છે. પણ અમુક ત્રણેક યોગોની બાબતમાં એ ચરક-સુશ્રુતમાંથી જ ઉતાર્યા હોય એટલું બધું મળતાપણું છે.

કામસૂત્રમાં વશીકરણ માટે પણ આયુર્વેદપ્રસિદ્ધ ધતૂરો, મરી, પીપર, થોર, મણશીલ, વજ, ખેરસાર, નગડ, ભાંગરો વગેરે ઔષધો વાપરેલ છે. અભ્યંજન અને સુભગકરણમાં પણ આયુર્વેદ-પ્રસિદ્ધ દ્રવ્યો જ કામસૂત્રકારે વાપર્યાં છે.

મહાભારત, પુરાણ અને આયુર્વેદ

મહાભારતને આયુર્વેદની ખબર છે.[2] આયુર્વેદનાં આઠ અંગો હોવાની પણ ભારતને ખબર છે.[3] વૈદ્યકના ઉપદેશક તરીકે કૃષ્ણાત્રેયનો ઉલ્લેખ મહાભારતમાં મળે છે.[4] એ ઉપરથી આત્રેયના

---

૧. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૨૧, પૃ. ૨૫૩ માં 'આયુર્વેદ અને કામશાસ્ત્ર' નામનો મારો લેખ, જેમાં પૂરા ઉતારા કરીને સરખામણી કરી છે.

૨. आयुर्वेदविदस्तस्मात्त्रिधातुं मां प्रचक्षते ।

—મહા. શાન્તિપર્વ, અ. ૧૩૭

૩. कच्चित्ते कुशला वैद्या अष्टांगे च चिकित्सिते ।

—મહા. સભાપર્વ, અ. ૩૫

૪. જુઓ ઉપર, પૃ. ૬૪.

અગ્નિવેશાદિ શિષ્યોમાંથી કોઈનાં લખેલાં એક કે વધારે તંત્રો પણ એ વખતે પ્રચારમાં હોય એ સંભવિત છે.[1] અને કાયચિકિત્સાની સાથે સાથે જ જૂના કાળથી શસ્ત્રચિકિત્સા ખેડાતી હોવાથી શસ્ત્રચિકિત્સકો મહાભારતના કાળમાં હોવા જોઈએ જ અને યુદ્ધની વાતમાં શસ્ત્રચિકિત્સકનો ઉલ્લેખ સ્વાભાવિક હોવાથી મહાભારતમાં મળે જ છે.[2]

હાલનાં પુરાણો મહાભારત પછીનાં છે એ નિઃસંદિગ્ધ છે અને તેમાં સૌથી જૂનું વાયુપુરાણ છે. વાયુપુરાણનો સમય ઈ. સ. ચોથું શતક માનવાનો મત મેં અન્યત્ર સપ્રમાણ દર્શાવ્યો છે.[3] હવે વાયુપુરાણમાં અષ્ટાદશ વિદ્યાઓ ગણાવતાં આયુર્વેદનો ઉલ્લેખ કર્યો છે.[4] તે આયુર્વેદના કોઈક ગ્રન્થને અનુલક્ષીને જ હશે, પણ વાયુપુરાણને આયુર્વેદની ઘણી વાતોની ખબર છે. વાયુપુરાણમાં અરિષ્ટલક્ષણ નામનો એક આખો અધ્યાય છે અને એમાં આપેલાં લક્ષણોને ચરક-સુશ્રુતમાં આપેલાં લક્ષણો સાથે સરખાવતાં[5] અરિષ્ટલક્ષણને લગતા અત્યારે લુપ્ત થઈ ગયેલા કોઈ ગ્રન્થમાંથી વાયુપુરાણમાં કેટલોક ઉતારો કર્યો હોય એવું લાગે છે,

---

૧. सर्वोपकरणैर्युक्ताः वैद्याः शास्त्रविशारदाः ।

—એજન, ઉદ્યોગપર્વ, અ. ૧૫૨

૨. उपातिष्ठन्नथो वैद्याः शल्योद्धरणकोविदाः ।
सर्वोपकरणैर्युक्ताः कुशलैः साधुशिक्षिताः ॥

—મહાભારત, ભીષ્મપર્વ, અ. ૧૨૦

૩. જુઓ મારું 'પુરાણવિવેચન', પૃ. ૧૬૧.

૪. જુઓ વાયુપુરાણ, અ. ૬૧, શ્લો. ૭૮-૭૯. અષ્ટાદશ વિદ્યાઓ યાજ્ઞવલ્કયસ્મૃતિ (અ. ૧, શ્લો ૩)માં ગણાવી છે તેમાં પણ આયુર્વેદ છે જ.

૫. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૯, પૃ. ૮૯, જેમાં પણ વિગતવાર સરખામણી કરી છે.

છતાં વાયુપુરાણનાં કેટલાંક વાક્યો સુશ્રુતના પાઠને એવી નિકટતાથી અનુસરે છે કે સુશ્રુતમાંથી ઉતારો કર્યો છે એમ જ માનવું પડે. આ મતના પોષક બીજા દાખલા પણ વાયુપુરાણમાંથી મળે છે. વાયુપુરાણ (અ. ૯૭)માં રસમાંથી રક્ત, રક્તમાંથી માંસ વગેરે રસાદિ ધાતુઓનો ઉત્પત્તિક્રમ આપ્યો છે તે સુશ્રુતને અનુસરીને છે.[૧] વાયુપુરાણના ઉપરના જ પ્રસંગનું એક વચન સ્પષ્ટ રીતે ભેલસંહિતાને અનુસરે છે.[૨] છેવટ કલિવર્ણનમાં વાયુપુરાણમાં "સોળ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રીઓને યુગક્ષયમાં પ્રસૂતિ થશે" એમ જે કહ્યું છે તે સ્પષ્ટ રીતે સુશ્રુતના "સોળ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રીમાં ગર્ભાધાન કરે તો એ ગર્ભ કૂખનાં જ નાશ પામે છે" એ શબ્દોને યાદ કરીને કહ્યું છે.[૩] ટૂંકામાં વાયુપુરાણને ચરક, સુશ્રુત અને ભેલ ત્રણેયની ખબર છે. અગ્નિપુરાણમાં ઘણાં શાસ્ત્રોની વાતોનો સંગ્રહ હોઈને આયુર્વેદની પણ કેટલીક વાતોનો સંગ્રહ છે, પણ એ પુરાણ પાછલા કાળનું હોઈને એમાં આયુર્વેદના ગ્રન્થોમાંથી ઉતારા સ્વાભાવિક છે.

આયુર્વેદ અને દર્શનો તથા ધર્મશાસ્ત્રો

ન્યાયસૂત્રના मन्त्रायुर्वेदप्रामाण्यवच्च तत्प्रामाण्यमाप्तप्रामाण्यात् (ન્યાયસૂત્ર, અ. ૨, સૂ. ૬૮) એ વચન ઉપરથી એના વખતમાં આયુર્વેદના એક કે વધારે ગ્રંથો હોવાનું અનુમાન થઈ શકે.

પણ ધર્મશાસ્ત્રો અને દર્શનોના વિચારોની આયુર્વેદ ઉપરની અસરનો મેં અન્યત્ર સવિસ્તર વિચાર કર્યો છે[૪] અને એ વિચારને

---

૧. એજન, પૃ. ૯૪–૯૫.

૨. એજન, પૃ. ૯૬.

૩. જુઓ વાયુપુરાણ, અ. ૫૮, શ્લો ૫૮ તથા સુશ્રુત, શા. અ. ૧૦.

૪. જુઓ મારું "આયુર્વેદનાં દાર્શનિક તથા સદ્‌વૃત્ત સંબંધી પ્રકરણોનો અભ્યાસ."

પરિણામે હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે ચરકસંહિતાનાં દાર્શનિક પ્રકરણો વૈશેષિકસૂત્ર પછી અને સાંખ્યકારિકા તથા ઘણું કરી ન્યાયદર્શન પહેલાં ઈ. સ.ના પહેલા શતકમાં રચાયાં છે, અને સુશ્રુતનું દાર્શનિક પ્રકરણ સાંખ્યકારિકા પછી. સાંખ્યકારિકાનો સમય સંદિગ્ધ છે, પણ ઈ. સ. બસોની આસપાસમાં તે રચાયું છે. સદ્વૃત્તસંબંધી ચરકનું પ્રકરણ સુશ્રુતના એ પ્રકરણ કરતાં પ્રાચીનતર છે એ ચોક્કસ. સુશ્રુત મોટે ભાગે મનુસ્મૃતિને અનુસરે છે. વળી ચરક–સુશ્રુત ઉપનયનવિધિ તથા અધ્યયન-અધ્યાપન અને અનધ્યાયના દિવસો જેવા નિયમોની બાબતમાં ધર્મશાસ્ત્રને અનુસરે છે અને સ્પષ્ટ શબ્દોમાં એને અનુસરવું જોઈએ એમ કહે છે.[1]

બીજી તરફથી હર્નલ જેને આત્રેય સંપ્રદાયની અસ્થિગણના કહે છે તે ચરકોક્ત અસ્થિગણનાનો પાઠ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અને વિષ્ણુસ્મૃતિમાં મળે છે.[2] યાજ્ઞવલ્ક્યને સંચારી (ચેપી) રોગની ખબર છે (અ. ૧, શ્લો. ૫૪). મતલબ કે સુશ્રુતથી પણ એ સ્મૃતિકાર પરિચિત છે. યાજ્ઞવલ્ક્યસ્મૃતિનો સમય ઈ. સ. ચોથું શતક ગણાય છે, અને વિષ્ણુસ્મૃતિનો સમય કદાચ એથી થોડો વહેલો હોય.[3]

પ્રાચીન સંસ્કૃત સાહિત્યની આથી વધારે સરખામણી કરવાની જરૂર નથી લાગતી, પણ વ્યાકરણસાહિત્યમાંથી મળી આવેલો એક ઉલ્લેખ અહીં નોંધવાયોગ્ય છે. કાશિકાવૃત્તિ (૮–૪–૬)માં વનસ્પતિ, વૃક્ષ, ઓષધિ વગેરેનાં લક્ષણો આપ્યાં છે તે ચરકોક્ત (સૂ. અ. ૧, શ્લો. ૭૨)ને મળતાં છે એટલું જ નહિ, પણ ओषध्यः फलपाकान्ताः એ શબ્દો તો કાશિકાકારે ચરકમાંથી જ

---

૧. જુઓ સુશ્રુત સૂ. અ. ૨, શ્લો. ૯–૧૦.

૨. હર્નલનું 'સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ એન્શ્યન્ટ ઇંડિયા', પૃ. ૪૦–૪૧ વગેરે.

૩. મેકડોનલનું 'સંસ્કૃત લિટરેચર', પૃ. ૪૨૮–૨૯.

ઉતાર્યાં છે. કાશિકાનો પ્રચાર ચિનાઈ મુસાફર ઇત્સિંગના સમયમાં હતો અને ઈ. સ. ૭૦૦માં એના ઉપર ટીકા લખાઈ છે, માટે એ ગ્રન્થ ઈ. સ. ૬૦૦થી અર્વાચીન નથી.[૧]

બીજા દેશોનાં વૈદ્યક સાથે આયુર્વેદનો સંબંધ

ઇજિપ્ત, એસીરિયા, બેબિલોનિયામાં તથા બીજી તરફથી ચીનમાં ઘણા જૂના કાળમાં કાંઈક વૈદ્યકવિદ્યા હતી,[૨] પણ એને આયુર્વેદ સાથે કોઈ જાતનો સંબંધ હોય એમ લાગતું નથી. એ પ્રાચીન સંસ્કૃતિઓ પેઠે એ વૈદ્યકો પણ સ્વતંત્ર રીતે વિકાસ પામ્યાં હતાં. પણ ગ્રીસના વૈદ્યક સાથે આયુર્વેદનો કાંઈ સંબંધ હતો કે નહિ અને હતો તો કેવો હતો એ પ્રશ્ન મહત્ત્વનો છે અને તેની ઘણી ચર્ચા થઈ છે. આધુનિક પાશ્ચાત્ય વૈદ્યક તથા યૂનાની વૈદ્યકનો આધુનિક ભારતમાં પ્રાચીન ભારતીય વૈદ્યક સાથે સમાગમ થતાં એ બેયના મૂળરૂપ ગ્રીસના વૈદ્યક સાથે પ્રાચીન ભારતીય વૈદ્યકની તુલના સ્વાભાવિક છે. આવી તુલનાને અંગે થયેલો સર્વ ઊહાપોહ અહીં ઉતારવાની જરૂર નથી ધારી, પણ જોલી, હર્નલ અને કીથ એ ત્રણ તદ્વિદ પંડિતોના નિર્ણયોનો સાર જ અહીં ઉતારીને સંતોષ માન્યો છે.[૩]

---

૧. જુઓ કીથનું 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર', ૧૯૨૮, પૃ. ૪૨૯-૩૦.

૨. જુઓ શ્રી. ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાયનો, 'સર્જિકલ ઇન્સ્ટ્રુમેન્ટ ઑફ ધી હિન્દુઝ', ગ્રંથ ૧, પૃ. ૩૩૮ થી ૩૪૧ તથા કાશ્યપસંહિતાનો ઉપોદ્ઘાત, પૃ. ૧૪૮, ૧૪૯ તથા પૃ. ૨૦૨ થી ૨૦૬.

૩. જોલીનું 'મેડિસિન', પૃ. ૧૭, ૧૮; હર્નલનું 'મેડિસિન ઑફ એન્શ્યન્ટ ઇંડિયા', પ્રસ્તાવના, પૃ. ૩, ૪ અને કીથનું 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર', પૃ. ૫૧૩-૧૪.

ગ્રીસનું વૈદ્યક અને આયુર્વેદ

ગ્રીક ગ્રન્થકાર ડીઓસ્કોર્ડીસ અને તે પહેલાંના ગ્રન્થકારોના ઔષધશાસ્ત્રમાં ભારતીય તત્ત્વ તરત પકડી શકાય છે. દા. ત. પીપર, પીપરીમૂળ, કુષ્ઠ, એલચી, તજ, સૂંઠ, વજ, ગૂગળ, મોથ, તલ વગેરે ભારતીય ઔષધો ગ્રીક ઔષધશાસ્ત્રમાં મળે છે.

ગ્રીક અને પ્રાચીન આયુર્વેદ વચ્ચે ઘણું સામ્ય છે એમાં શંકા નથી, પણ એ સામ્યનું મૂળ શું છે તે નક્કી કરવું મુશ્કેલ છે. ગ્રીક વૈદ્યક અને આયુર્વેદ વચ્ચે સામ્યના દાખલા જોવા હોય તો જોલી ગણાવે છે તેમ દોષવાદ, દોષના વૈષમ્યથી રોગથી ઉત્પત્તિ, આમ, પચ્યમાન અને પક્વ એવી તાવની તથા સોજાની ત્રણ સ્થિતિનું વર્ણન, ઉપચારસાધનના શીત અને ઉષ્ણ તથા રૂક્ષ અને સ્નિગ્ધ–પિચ્છિલ જેવા વિભાગો, રોગો ઉપર તેથી વિરુદ્ધ ગુણવાળા ઉપચારની પદ્ધતિ, સાધ્યાસાધ્ય જ્ઞાન ઉપર ભાર, ચિકિત્સકનાં લક્ષણો, ગુરુ પાસે શિષ્યે લેવાની પ્રતિજ્ઞા અને ચિકિત્સકના આચારનો આદર્શ, ધર્મમાં બાધક ગણવા છતાં વૈદકમાં મદ્યો અને આસવોનો ઔષધ તરીકે ઉપયોગ, ચાતુર્થક, તૃતીયક અને અન્યેદ્યુ વગેરે તાવના ભેદોનું વર્ણન, ક્ષયનું વર્ણન હોવું જ્યારે હૃદયના રોગનું વર્ણન ન હોવું, માટી ખાવાથી થતો પાંડુરોગ, ગર્ભવ્યાકરણનું વર્ણન, ગર્ભનાં અંગોની એકસાથે ઉત્પત્તિની માન્યતા, બીજના વિભાગથી જોડકાંની ઉત્પત્તિ, જમણી બાજુનાં ચિહ્નો પુરુષગર્ભનાં અને ડાબી બાજુનાં ચિહ્નો સ્ત્રીગર્ભનાં સૂચક હોવાની માન્યતા, આઠ માસનો ગર્ભ જન્મે તો જીવે નહિ એવી માન્યતા, મૃતગર્ભને બહાર કાઢવાની રીત, શસ્ત્રચિકિત્સામાં પથરીની શસ્ત્રચિકિત્સા, અર્શચિકિત્સા, શિરાવેધ, જળો લગાડવાની ક્રિયા જેમાં યવનક્ષેત્રમાં (ગ્રીસમાં ?) ઉત્પન્ન થતી જળો પણ ગણાવી છે (સુશ્રુત સૂ. ૧૩–૧૩), દાહક્રિયા, કેટલાંક શસ્ત્રો અને

યંત્રોનું સ્વરૂપ અને આંખ ઉપર શસ્ત્રકર્મ કરતાં જમણી આંખ માટે ડાબો હાથ વાપરવાની સૂચના વગેરે ઘણી બાબતનું સામ્ય છે.[1] પણ આમાંથી ગ્રીસની અસરનું પરિણામ કેટલું છે અને કેટલું સમાન વિકાસજન્ય છે એ નક્કી કરવું ઘણું કઠણ છે એમ કીથ કબૂલ કરે છે. ત્રિધાતુવાદ ગ્રીસની અસરનું પરિણામ છે એમ કદાચ ગ્રીસની વિદ્યાના પંડિતો ધારે, પણ આયુર્વેદના ત્રિધાતુવાદને સાંખ્યદર્શનના ગુણત્રયવાદ સાથે નિકટ સંબંધ છે એ પ્રાચ્યવિદ્યાવિદોને સુવિદિત છે.[2] ત્રિધાતુવાદનો, ખાસ કરીને વાતદોષોનો, ઉલ્લેખ અથર્વવેદમાં મળે છે.[3] વળી, જ્યોતિષવિદ્યાએ જેમ યવનોનું ઋણ સ્વીકાર્યું છે તેમ આયુર્વેદે ક્યાંય સ્વીકાર્યું નથી. આયુર્વેદ ઉપર કંઈક અસર હોય તો શસ્ત્રવિદ્યા ઉપર હોવાનો સંભવ જોલી માને છે, પણ એની દલીલ નિર્ણાયક નથી.

બીજી તરફથી હર્નલ કહે છે[4] તેમ ટીસિયાસ (Klesias ઈ. સ. પૂર્વે ૪૦૦) અને મેગેસ્થિનિસ (ઈ. સ. પૂર્વે ૩૦૦ તેઓએ ઉત્તર ભારતમાં મુસાફરી કરી હતી. મેગેસ્થેનિસ તો પાટલીપુત્રમાં વસ્યો હતો, એટલે પરસ્પર વિદ્યાવિનિમયનો સંભવ છે. પણ હર્નલ કહે છે તેમ શબચ્છેદ સિવાય માનવશરીરનું સાચું જ્ઞાન મળી શકે નહિ અને મનુષ્યશરીરને અમુક રીતે શોધીને અંદરના ભાગો જોવાની સ્પષ્ટ સૂચના સુશ્રુતમાં છે અને ચરકમાંથી

---

૧. ઉપર પ્રાચીન ગ્રીક વૈદ્યક અને આયુર્વેદ વચ્ચે સામ્યના દાખલા આપ્યા છે તે જોલીના 'મેડિસિન' પૃ. ૧૮-૧૯ માંથી લીધા છે, જે કીથે પણ 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર', પૃ. ૫૧૩માં એ પ્રમાણભૂત ગ્રન્થમાંથી ઉતાર્યા છે.

૨. જુઓ કીથ, પૃ. ૫૧૪.

૩. ઉપર પૃ. ૩૦-૩૧.

૪. જુઓ હર્નલનું 'મેડિસિન ઇન એન્શ્યન્ટ ઇંડિયા', ૧૯૦૭, પૃ. ૩. કીથે આ બાબતમાં હર્નલનો અનુમતિપૂર્વક ઉલ્લેખ કર્યો છે. પૃ. ૫૧૪

એ ક્રિયાના પ્રચારને ટેકો મળે છે. પણ આ બેમાંથી એકેય સંહિતામાં પશુના શરીરને ચીરીને જોવાની વાત નથી. મતલબ કે આયુર્વેદમાં માનવશરીરનાં અસ્થિઓનો જે બહોળો પરિચય જોવામાં આવે છે તે મનુષ્ય શરીરને કાપીને મેળવેલો છે. હવે ગ્રીસ વિશે જોઈએ તો એલેક્ઝાંડ્રિયાના હિરોફીલોસ અને ઇરેસી-સ્ટ્રેટોસના સંપ્રદાયના ઈ. સ. પૂર્વે ત્રીજા શતકના વૈદ્યોમાં મૃત તથા જીવતા પણ શરીરને ચીરીને જોવાનો પ્રચાર હોવાનો ચોક્કસ પુરાવો છે, પણ તેઓનામાં નાડીતંત્ર અને શિરા આદિ વાહિનીતંત્રનું જ્ઞાન એટલું બધું આયુર્વેદ કરતાં વધારે છે કે જો ગ્રીક પાસેથી આયુર્વેદીઓ કાંઈ શીખ્યા હોવાનો સંભવ માનવો હોય તો એ જૂના કાળમાં—ઈ. સ. પૂર્વે પાંચમા શતકમાં—હાઇપોક્રેટીસ અને તેના નજીકના અનુયાયીઓના સમયમાં બન્યું હોય એમ માનવું પડે, પણ હાઇપોક્રેટીસના સંપ્રદાયમાં શબચ્છેદનો પ્રચાર હોવાનો પુરાવો નથી. ઈ. સ. પૂર્વે ૪૦૦માં ટીસિયાસ ભારતમાં આવ્યાનો પુરાવો છે અને ઈ. સ. પૂર્વે પાંચમા–છઠ્ઠા શતકમાં જે શારીર જ્ઞાન ધાન્વન્તર વૈદ્યોને હોવાની આપણને વૈદિક સાહિત્યમાંથી તથા ચરક–સુશ્રુતમાંથી માહિતી મળે છે તે જોતાં હાઇપોક્રેટીસના વખતનું ગ્રીસનું શારીર જ્ઞાન ભારતનું ઋણી હોવાના સંભવની ના પડાય એમ નથી એમ હર્નલ કહે છે.[1] બીજી તરફથી હાઇપો-ક્રેટીસના અનુયાયીઓને શબચ્છેદનો પરિચય તદ્દન નહોતો એમ નથી કહી શકાતું અને શબચ્છેદનો પરિચય હોય તો શારીર જ્ઞાનની કેટલીક સમાનતા સ્વતંત્ર રીતે ઉત્પન્ન થવાનો સંભવ પણ છે જ. વળી, પ્રાચીન ગ્રીક વૈદ્યક સાહિત્યમાં આયુર્વેદમાં છે તેવી અસ્થિ-ગણના નથી મળતી, એટલે તુલના કરવાનું સાધન નથી.[2] વળી, હર્નલ વીગતવાર બતાવે છે તેમ ટેલમુદનું જે શારીર છે તે જ

૧. જુઓ હર્નલનું 'મેડિસિન ઇન એન્શ્યન્ટ ઇન્ડિયા', પૃ. ૪.
૨. એજન, પૃ. ૫.

જો ગ્રીસનું હાઇપોક્રેટીસના સંપ્રદાયનું શારીર હોય તો આયુર્વેદીય અને ટેલમુદની અસ્થિગણના ઘણી ભિન્ન છે. પણ ઈ. સ. પૂર્વે પહેલા શતકનો કેલ્સસ (Celsus) હાડકાંની વાત કરતાં પાદકૂર્ચાસ્થિ, પાણિકૂર્ચાસ્થિ વિશે કહે છે કે એમાં અનિશ્ચિત સંખ્યાનાં ઘણાં નાનાં હાડકાં હોય છે, પણ તે એક જેવાં લાગે છે. હવે ઘણાં નાનાં હાડકાં હોવાનો મત સુશ્રુતમાં મળે છે[1] અને એક હાડકું હોવાનો મત ચરકમાં મળે છે. વળી, હાથ અને પગની આંગળીઓમાં ૧૫ સાંધા હોવાની વાતમાં ગ્રીસનું શારીર ટેલમુદના તથા આયુર્વેદના શારીરને મળતું આવે છે.

બધું જોતાં તદ્વિદો કશું ચોક્કસ કહી શકતા નથી. ભારતમાં તથા ગ્રીસમાં વૈદ્યક જ્ઞાનના સ્વતંત્ર વિકાસ તરફ વિદ્વાનોનું વિશેષ વલણ છે. છતાં ઉપર જે સામ્ય નોંધ્યું છે તે જોતાં કાંઈક વિદ્યા-વિનિમય બે દેશો વચ્ચે થયો હોય એ અસંભવિત નથી.

તિબેટનું વૈદ્યક

તિબેટ જેવા પોતાની પડોશના દેશો ઉપર આયુર્વેદ જેવા શાસ્ત્રની અસર જૂના કાળમાં જ થઈ હોય—કદાચ ત્યાંના શાસ્ત્ર સાથે વિનિમય થયો હોય એ સ્વાભાવિક છે. પણ કેટલી અને કેવી રીતે અસર થઈ છે તે વિશે ઘણું થોડું નક્કી થયું છે.

તિબેટમાં અજ્ઞાત સંસ્કૃત મૂળમાંથી ચાર તંત્રોનો અનુવાદ આઠમા શતકમાં થયો છે અને ત્યારપછી પણ અનેક વૈદ્યક સંસ્કૃત ગ્રન્થોના તિબેટી અનુવાદો થયા છે. પરિણામે ટિબેટનું વૈદ્યક મોટે ભાગે આયુર્વેદના આધારે ઊભું થયું છે. દા. ત. શરીરમાં નવ છિદ્રોને અને ૯૦૦ નાડીઓને ગણેલ છે.

નિદાનમાં આયુર્વેદનો ત્રિધાતુ સિદ્ધાંત માન્યો છે. દૂધ અને માછલાંના સંયોગથી કબજિયાતથી થતા રોગ થવાની વાત પણ છે.

---

૧. જુઓ હર્નલ, પૃ. ૧૨૪.

ઔષધિઓમાં ત્રિફળા, મરી, ઉત્પલ, ડુંગળી, સૂંઠ, તજ, કુષ્ઠ વગેરે મળે છે. તિબેટના શલ્યતંત્રમાં શૃંગાવચારણથી લોહી કાઢવાની પદ્ધતિ, શસ્ત્રો અને યંત્રોનાં જાનવરોનાં મોઢાં વગેરે ઉપરથી નામો પાડવાની રીત, ગર્ભની જાતિપરીક્ષાની રીત વગેરે ઘણું આયુર્વેદમૂલક છે.

ઘણા તિબેટના ગ્રન્થોનું મોંગોલ ભાષામાં ભાષાન્તર થયું છે. વળી હિમાલયની લેપ્ચા વગેરે ઘણી પ્રજાઓ તિબેટી વૈદ્યકનો ઉપયોગ કરે છે.

સિલોનમાં તિબેટ પહેલાં ઘણાં વર્ષો ઉપર બૌદ્ધ ધર્મ સાથે આયુર્વેદ પણ ગયો હશે. મહાવંશમાં સારથ્થસંગ્રહ નામના વૈદ્યક ગ્રન્થનો ઉલ્લેખ છે, તેને બાદ કરતાં ૧૩મી સદીનો યોગાર્ણવ જૂનામાં જૂનો ગ્રન્થ છે. સિંહલી ભાષામાં હાલમાં જે વૈદ્યક ગ્રન્થો છપાયેલા તથા હાથપ્રતોમાં છે તે આયુર્વેદ ઉપરથી જ રચાયેલા છે. દ્રાવિડ વૈદ્યક વિશે વધારે નોંધ આગળ આવશે,

બર્મા—સુશ્રુતની ખ્યાતિ ઈ. સ. ૯૦૦માં કમ્બોજ સુધી બૃહત્તર ભારતમાં પહોંચી હતી, પણ હાલમાં—અઢારમી સદીમાં સુશ્રુત, દ્રવ્યગુણ વગેરે વૈદ્યક ગ્રન્થોનું બર્મીઝ ભાષામાં ભાષાન્તર થયું છે.

ફારસી અને અરબી—અવસ્તાકાલીન પ્રાચીન ઈરાની ભાષામાં વૈદ્ય અને દવાના વાચક શબ્દો વૈદિક શબ્દોને કેટલા મળતા છે તે પહેલાં કહ્યું છે. વળી, રોગોનાં તથા શરીરના ભાગોનાં કેટલાંક નામો મળતાં છે. ચરકસંહિતામાં બાહ્લીકભિષક્ કાંકાયનનો ઉલ્લેખ છે એ ઈરાન સાથેનો સંબંધ બતાવે છે. પછી સિદ્ધયોગમાં પારસીકયવાનીનો ઉલ્લેખ છે. સુશ્રુતમાં હિંગ અને નારંગ જેવી ઈરાનથી આવતી વસ્તુઓનો ઉલ્લેખ છે. પછી મધ્યકાળમાં ધાતુઓ તથા પારાનો બહોળો ઉપયોગ તથા ધાતુઓનું ભસ્મીકરણ, અફીણનો ઉપયોગ અને નાડીપરીક્ષાની પદ્ધતિ વગેરે ઈરાન

અથવા અરબસ્તાનથી હિન્દુસ્તાનમાં આવ્યાં છે એમ જોલી કહે છે.[1] પછીના મુસ્લિમ કાળમાં તો ફારસી વૈદ્યક આયુર્વેદથી સ્વતંત્ર રીતે જ હિન્દુસ્તાનમાં રહ્યું છે.

બીજી બાજુથી અબ્બાસીદ ખલીફોના અથવા કદાચ તેથીયે જૂના સસાની કાળમાં આયુર્વેદના ગ્રન્થોનાં ફારસીમાં ભાષાન્તરો થયાં હતાં, પણ તે જળવાઈ રહ્યાં નથી. વળી, તેનાં અરબી ભાષાંતરો થયાં હતાં, પણ ચરક અને સુશ્રુત સિવાય બીજા વૈદ્યક ગ્રન્થોનાં નામ નક્કી થઈ શકતાં નથી. પણ રાઝી અને બીજા અરબી ગ્રન્થકારો પોતાની અનુક્રમણિકાઓમાં તથા ઉદાહરણો આપતાં કેટલીક વાર ભારતીય મૂળ હોવાનું સ્વીકારે છે. અબુ મન્સૂર (દશમી સદી)ના ઔષધશાસ્ત્રમાં ઘણી હિંદી દવાઓ છે. એ હકીમ વિદ્યા મેળવવા માટે હિંદુસ્તાનમાં આવ્યો હતો અને ઘણી વાર અજ્ઞાત ગ્રન્થોમાંથી ઉતારા કરે છે.[2]

ચરક-સુશ્રુતનું વૈદ્યક—ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા એ ભેલ અને કાશ્યપની ખંડિત સંહિતાઓ સાથે ગણતાં આયુર્વેદના પ્રાચીનતમ આદ્યગ્રન્થો છે એટલું જ નહિ, પણ આ દેશના પ્રાચીન આર્યોએ વૈદ્યક વિદ્યામાં જે મૌલિક, સનાતન મૂલ્યવાળા અને એ વિષયની વિવિધ શાખાઓને પોતાના વર્તુળમાં સમાવી દેતા સિદ્ધાન્તો બાંધ્યા છે તથા વિચારો કર્યા છે તે સર્વનો સંગ્રહ આ ગ્રંથોમાં છે. આયુર્વેદિક વૈદ્યોનો એ ગ્રન્થો જ સાચો આધાર છે. વૈદ્યકનાં કેટલાંક અંગોમાં તો આ ગ્રન્થોમાં જે મળે છે તેમાં ઉન્નતિની ટોચ આવી ગઈ છે અને પછીનો ઇતિહાસ અવનતિનો ઇતિહાસ છે.

---

૧. જુઓ જોલીનું 'મેડિસિન', પૃ. ૧૮.

૨. જોલીના 'મેડિસિન'માંથી તિબેટ, બર્મા, સિલોન, અને ફારસી-અરબી વિષયક ઉપરનું વર્ણન ઉતાર્યું છે.

આ સંહિતાઓમાં શારીર, કાયચિકિત્સા, શલ્ય આદિ અંગોને લગતું જે જ્ઞાન મળે છે તે એક કે બેચાર વ્યક્તિઓની અન્વેષણશક્તિનું ફળ નથી, પણ પહેલાં જે પરંપરા આપી છે તેથી સૂચિત થાય છે તેમ વૈદિક કાળના છેલ્લા ભાગના સમયથી આરંભી ચરક–સુશ્રુતના પ્રતિસંસ્કારના કાળપર્યંતના અનેક સૈકાઓ દરમિયાન થઈ ગયેલા અનેક સમર્થ અન્વેષકોની મહેનતનું એ ફળ છે. જોકે એ સૈકાઓ દરમિયાન થયેલા વિકાસનો ઇતિહાસ આપણે ઉકેલી શકતા નથી, પણ ધીમે ધીમે વિકાસ થયો છે અને અત્યારે મળે છે તે એ વિકાસક્રમનું છેલ્લું પગથિયું છે એ ચોક્કસ છે. આ સંહિતાઓમાંના જુદા જુદા થરના વિશ્લેષણનો પ્રયત્ન શક્ય નથી. બીજી તરફથી આ સંહિતાઓમાં કાયચિકિત્સા આદિ ભિન્ન ભિન્ન અંગો સંબંધી જેટલું જ્ઞાન ભર્યું છે તે બધું અહીં ઉતારવું તો શક્ય જ નથી, પરંતુ તેનો સાર આપવાનીયે જરૂર લાગતી નથી; કારણ કે આયુર્વેદના ગ્રન્થો સુલભ છે અને જિજ્ઞાસુ સહેલાઈથી જોઈ શકશે, એટલે ઐતિહાસિક મૂલ્યના કારણે નોંધવા યોગ્ય મને જે લાગ્યું તેનો જ અહીં નિર્દેશ કર્યો છે.

સંહિતાકાલીન વૈદ્ય—વૈદિક વૈદ્ય, ઉપર બતાવ્યું છે તેમ, ઔષધો અને મંત્રેલા જળ વડે રોગોની સાથે રાક્ષસોનો પણ નાશ કરનાર માંત્રિક વૈદ્ય હતો,[1] પણ સંહિતાકાલીન વૈદ્ય એથી તદ્દન જુદો છે. સંહિતાકાળમાં પણ દૈવવ્યપાશ્રય વૈદ્યક ચાલતું હતું,[2] પણ એ કાર્ય કરનાર માંત્રિકો જુદા હતા. માંત્રિક અને વૈદ્ય એક જ એ સ્થિતિ ભૂતકાળની વસ્તુ બની ગઈ હતી, તેમ જ માત્ર ઔષધો પાસે રાખીને હવે વૈદ્ય થઈ શકાતું નહોતું.

“વૈદ્યકમાં ઉપયોગી એવાં બસ્તિ આપવાની નળી વગેરે સાધનો, વૈદ્યકનાં પોથાં અને ઓષધો એટલી સામગ્રી પાસે રાખનાર તથા

---

૧. જુઓ ઉપર, પૃ. ૨૨.

૨. ચરકસંહિતા, સૂ. અ. ૧૧–૫૪.

વૈદ્યનો ડોળ કરનારને, ચરકાચાર્ય વેશધારી (છદ્મચર) વૈદ્ય ગણે છે."[૧] "જાતે સિદ્ધ નહિ પણ સિદ્ધ વૈદ્યની પાસે રહીને તેઓની ભલામણથી વૈદ્ય થઈ બેઠેલા બીજા સિદ્ધસાધિત વૈદ્યોને" પણ ચરક હલકા ગણે છે, પણ "પ્રયોગ, જ્ઞાન અને વિજ્ઞાનની સિદ્ધિથી સિદ્ધ થયેલા અને (દર્દીઓને) સુખ આપનારા," જેને ચરક જીવિતાભિસર (જીવનને જાળવનાર) નામ આપે છે, તેને જ એ સાચા વૈદ્ય ગણે છે.[૨]

વૈદ્યનો આદર્શ—ચરક-સુશ્રુતની દૃષ્ટિમાં વૈદ્યનો આદર્શ ઘણો ઊંચો છે. ચરકના કહેવા પ્રમાણે વૈદ્યે ઔષધિઓને સંપૂર્ણ રીતે ઓળખવી જોઈએ.[૩] બીજી તરફથી જેના ઉપર ઔષધનો ઉપયોગ કરવાનો છે તે શરીરનો પણ સંપૂર્ણ પરિચય વૈદ્યને હોવો જોઈએ અને દર્દી ઉપર ઔષધનો ઉપયોગ જાણવો જોઈએ.[૪] પણ આટલેથી પૂરું થતું નથી. પાછલા અલ્પ વિદ્યાવાળા જમાનામાં અભણ વૈદ્યો પોતાની કોઠાવિદ્યા ઉપર બહુ ભાર મૂકતા. અરે, શાસ્ત્રજ્ઞાનને એ જ્ઞાન વગરના છતાં પણ કમાણી કરતા કેટલાક આગલી પેઢીના વૈદ્યો લગભગ નિરર્થક ઠરાવતા. જ્યારે ચરકાચાર્ય કોઠાવિદ્યા—પોતાની બુદ્ધિ—ને મહત્ત્વ જરૂર આપે છે, પણ એ સાથે જ કહે છે કે "પોતાની બુદ્ધિ એ આંખ છે અને શાસ્ત્રાભ્યાસ વસ્તુને દેખાડનારો પ્રકાશ છે. આ બેયનો સારી રીતે ઉપયોગ કરીને ચિકિત્સા કરનાર વૈદ્ય દોષપાત્ર નથી. વૈદ્યે ગુણસંપત્તિ માટે હમેશાં ખૂબ પ્રયત્ન કરવો."[૫] અને આ શાસ્ત્રાભ્યાસમાં સાચા ગુરુ પાસેથી મેળવેલું વૈદ્યકનાં સર્વ અંગોનું શુદ્ધ જ્ઞાન મુખ્ય છે.

---

૧. ચરક, સૂ. અ. ૧૧-૫૦.
૨. એજન, સૂ. અ. ૧૧, શ્લો. ૫૧ થી ૫૩.
૩. એજન, સૂ. અ. ૧, શ્લો. ૧૨૨.
૪. એજન, શ્લો. ૧૨૨-૨૩.
૫. એજન, સૂ. અ. ૯, શ્લો. ૨૪-૨૫.

વળી, સારા વૈદ્યે "રોગનાં કારણો, લક્ષણો, રોગની શાન્તિ અને રોગ ફરી ઊથલો ન મારે એ જ્ઞાન તો મેળવવું જ, પણ જાતે બધી ક્રિયા કરીને અનુભવ મેળવી લેવો" એમ ચરક કહે છે.[1] કોઈ પણ જમાનાના સાચા વૈદ્ય માટે વિદ્યા, અનુભવ કે કર્માભ્યાસ અને અંદરની બુદ્ધિ—એક જાતનો સૂઝકો એ તો જરૂરનાં છે જ, પણ ચરકાચાર્ય તો પવિત્રતાને પણ આવશ્યક ગણે છે અને એ પવિત્રતા ઉપર ભાર મૂકીને વૈદ્યનો આદર્શ દર્શાવતાં કહે છે[2] કે "પોતાને શરણે આવેલા દુઃખી રોગી પાસેથી વિદ્વાનનો વેશ ધારણ કરનાર વૈદ્યે કાંઈ પૈસા લેવા એ કરતાં તો સર્પનું ઝેર કે ઉકાળેલું ત્રાંબું પીવું વધારે સારું."

અલબત્ત, વૈદ્યે કમાવા માટે ધંધો ન કરવો એમ ચરકનું કહેવું નથી, પણ કમાણી એ એનું લક્ષ્ય ન હોવું ઘટે. ચરક તો કહે છે: "વૈદ્યે સર્વ રોગીઓની પોતાનાં બાળકોની કરે તેમ કેવળ ધર્મ મેળવવાની ઇચ્છાથી રોગોમાંથી રક્ષા કરવી. ધર્મ, અર્થ અને કામ ત્રણેય પુરુષાર્થ માટે આયુર્વેદ છે, પણ જેઓ અર્થ અને કામ માટે નહિ પણ ભૂતદયા માટે ચિકિત્સા કરે છે તેઓ સર્વ-શ્રેષ્ઠ છે. જેઓ ચિકિત્સાને બજારુ ચીજ પેઠે વેચે છે તેઓ સોનાના ઢગલાને છોડીને ધૂળના ઢગલાને પકડે છે. દારુણ રોગો વડે યમ-રાજાના દરબારમાં જવા તૈયાર થયેલા દર્દીઓના યમના પાશને કાપી જેઓ જીવિત આપે છે તેઓના આ જીવિતદાનથી બીજું કોઈ દાન મોટું નથી. ભૂતદયા એ પરમ ધર્મ છે એમ જાણીને જે ચિકિત્સાનો વ્યવસાય કરે છે તેના બધા અર્થ સિદ્ધ થાય છે અને તે આત્યન્તિક સુખ એટલે મોક્ષને પ્રાપ્ત કરે છે."[3]

ચરકના ઉપર કહેલા આદર્શનું સંપૂર્ણ અનુસરણ બધા વૈદ્યો નહિ કરી શકતા હોય, પણ છેક ચરકના કાળથી તે ગઈ

---

૧. ચરક, સૂ. અ. ૯, શ્લો. ૬, ૧૮–૨૧.
૨. એજન, સૂ. અ. ૧, શ્લો. ૧૩૨–૩૩.
૩. એજન, ચિ. અ. ૧, પૂ. ૪, શ્લો. ૫૬–૬૨.

પેઢીના કાળ સુધી પેઢી દર પેઢી થયેલા આ દેશના અસંખ્ય વૈદ્યો-માંથી ઉત્તમ વૈદ્યોએ એ આદર્શને દૃષ્ટિ સન્મુખ રાખ્યો હતો એ નિઃશંક છે.

પણ આ પરોપકારી આદર્શનું લક્ષ્ય રાખવાથી જૂના બધા વૈદ્યો દરિદ્ર હશે એમ માનવાનું કારણ નથી. ચરકમાં વૈદ્યોને પૂજ્ય ગણવાનું તથા તેઓને બદલો આપવાનું વિધાન છે જ[1] અને ગરીબ માણસોની કૃતજ્ઞતા ખ્યાતિ વધારીને તથા બીજી અનેક રીતે બદલો આપી રહેતી અને શ્રીમન્તો પાસેથી પૈસો પણ મળતો. શ્રેષ્ઠ વૈદ્યોને રાજાના વૈદ્ય થવાની મહેચ્છા રહેતી. ચરકાચાર્ય સર્વગુણયુક્ત શ્રેષ્ઠ વૈદ્યને રાજાર્હ કહે છે.[2] અને રાજવૈદ્ય પદવીનો ઉલ્લેખ ઈ. સ. પૂર્વે પહેલા શતકના શિલાલેખમાં મળે છે.[3]

રાજાઓ રસોડા ઉપર તથા લશ્કરની છાવણી સાથે હમેશાં વૈદ્યોને રાખતા એ પહેલાં કહ્યું છે. એ ઉપરાંત ઝેરની ચિકિત્સા જાણનાર[4] તથા રાણીઓને સુવાવડ આવે ત્યારે તેની સંભાળ લેનાર તેમ જ નવાં જન્મેલાં કુંવરકુંવરીઓની સંભાળ લેનાર વૈદ્યોને[5] પણ રાખવામાં આવતા અને આ વૈદ્યો પોતપોતાના વિષયને લગતાં વિશાળ સામગ્રીવાળાં આતુરાલયો, પ્રસૂતિશાળાઓ, કુમારાગારો વગેરે રાજ્યને ખર્ચે ઊભાં કરતા હશે.

ચરકે (સૂ. અ. ૧૫)માં રાજાને, રાજવીને કે પુષ્કળ પૈસાવાળા બીજાને વમન કે વિરેચન પિવડાવવું હોય ત્યારે એ માટે

---

૧. ચરક, શ્લો. ૫૦-૫૧.

૨. એજન, સૂ. અ. ૯, શ્લો. ૧૯.

૩. જુઓ પીતલખોરા ગુફાના લેખો, નં. ૬-૭ (ઈ. કે. ટે. વે. ઈ.).

૪. જુઓ ઉપર પૃ. ૪૧ અને ૪૭.

૫. જુઓ રઘુવંશ (સ. ૩)નું નીચેનું વચન—

कुमारभृत्याकुशलैरनुष्ठिते भिषग्भिराप्तैरथ गर्भभर्मणि ।

ખાસ કેવું મકાન રાખવું, કેટલી સામગ્રી રાખવી તથા કેટલાં માણસો તહેનાતમાં રાખવાં તેની સવિસ્તર સૂચનાઓ કરી છે. રાજાને કે ધનિકને પોતાને માટેની આ ઇસ્પિતાલને મળતી પણ કદાચ નાના પાયા ઉપરની સંસ્થાઓ સમર્થ વૈદ્યો પોતાના સામાન્ય દર્દીઓ માટે પોતાના મકાનમાં ઊભી કરતા હોય એ સંભવિત છે, પણ જાહેર ઇસ્પિતાલની સૂચક કોઈ વાત સંહિતાઓમાં મળતી નથી. એ માટે બીજાં ઐતિહાસિક સાધનની જ મદદ લેવી પડે છે.

આતુરશાળાઓ (ઇસ્પિતાલો)—મૌર્ય ચક્રવર્તી અશોક મહારાજાએ "પોતાના દેશમાં તથા પોતાના પડોશી રાજાઓના દેશોમાં સર્વત્ર મનુષ્યચિકિત્સા અને પશુચિકિત્સા પોતે સ્થાપી છે તથા મનુષ્યો તેમ જ પશુઓ માટે જ્યાં ન હોય ત્યાં ઔષધો લઈ આવીને રાખ્યાં છે તથા રોપાવ્યાં છે" એમ એના બીજા શિલાશાસનમાં કોતરાવ્યું છે. અહીં 'મનુષ્યચિકિત્સા' અને 'પશુચિકિત્સા' શબ્દોથી શું સમજવું? ચિકિત્સા માટે કંઈક સગવડ રાજ્ય તરફથી કરવામાં આવી હશે એમ સમજાય છે. એને ઇસ્પિતાલ નહિ તો ઇસ્પિતાલ-પ્રથાનો આરંભ કહી શકાય.

અશોકના કાળ પછી લગભગ છસો વર્ષે ઈ. સ. ૪૦૫ થી ૪૧૧ ની વચ્ચે ભારતમાં મુસાફરી કરનાર ચિનાઈ યાત્રાળુ ફાહ્યાન લખે છે કે[૨] "મગધની રાજધાનીમાં એક સરસ ધર્માદા ઇસ્પિતાલ હતી. કોઈ પણ જાતના રોગથી પીડાતા નિરાશ્રિત ગરીબ દર્દીઓ બધા એમાં આવે છે. એ દર્દીઓની સારી રીતે સંભાળ લેવામાં આવે છે. એક ચિકિત્સક તેઓની ચિકિત્સા કરે છે. તેઓને આવશ્યક

---

૧. જુઓ 'ઇન્સ્ક્રિપ્શન ઑફ અશોક' હુલ્ઝનું, પૃ. ૫૧, ૬૬ તથા 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભા. ૧, લેખ. ૧.

૨. જુઓ ફાહ્યાનની મુસાફરીઓના ગાઇલ્સના તરજૂમામાંથી વિન્સેન્ટ સ્મિથે કરેલો ઉતારો, આ. ૩, પૃ. ૨૯૬.

ખોરાક અને દવા આપવામાં આવે છે. આ રીતે તેઓને પૂરા આરામથી રાખે છે અને જ્યારે તેઓ સાજા થાય ત્યારે તેઓને જવા દેવામાં આવે છે.”

આ વર્ણન તો સ્પષ્ટ ધર્માદા ઇસ્પિતાલનું છે, પણ ફાહ્યાન કહે છે તેમ ધર્માદા કરવામાં એકબીજાની સ્પર્ધા કરતા દાનવીર લોકોનાં દાનો વડે ધર્મશાળાઓ તથા આવી ઇસ્પિતાલો ત્યારે ચાલતી હતી. ઈ. સ. ના સાતમા શતકનો ચિનાઈ મુસાફર યુવાન ચ્યુઆંગ પણ મફત દવાઓ આપનાર વૈદ્યો સાથે પુણ્યશાળાઓ હર્ષવર્ધન રાજાએ બંધાવી હોવાનું કહે છે.[૧]

ઇસ્પિતાલ સંબંધી ઉપરના ગુપ્તકાલીન ઉલ્લેખો પછી છસો વર્ષ પછીનો એક ઉલ્લેખ મળે છે. ચોલ દેશના વીર રાજેન્દ્ર દેવુએ ઈ. સ. ૧૦૬૭માં એક શાસન કાઢેલું છે, જે દક્ષિણના ચેંગલપટુ મંડળના તિરુમકૂડલ ગામના શ્રી વેંકટેશ્વરના મન્દિરના ગર્ભગૃહની દીવાલમાં કોતરેલું છે. એ શાસનમાં વેંકટેશ્વરના નિત્યોત્સવાદિકના ખર્ચની ગોઠવણ સાથે એક પાઠશાળા અને વિદ્યાર્થીઓના આરોગ્ય અર્થે આપેલા એક આતુરાલયના ખર્ચની પણ ગોઠવણ કરેલી છે. આતુરાલય (ઇસ્પિતાલ)ની ગોઠવણ નીચે પ્રમાણે છે:—

“આ આતુરાલયનું નામ શ્રી વીરચોલેશ્વર આતુરાલય. તેમાં ૧૫ દર્દીઓને રાખી શકાશે. ચિકિત્સા માટે એક કાયચિકિત્સક, એક શલ્યચિકિત્સક, બે પુરુષ પરિચારકો, બે સ્ત્રી પરિચારિકાઓ, એક સેવક, એક દ્વારપાલક, એક ધોબી અને એક કુંભાર” એટલાં માણસો રાખવાની સૂચના સાથે તેના તેના પગારની પણ નીચે પ્રમાણે ગોઠવણ છે: “કોદંડ રામાશ્વત્થામ ભટ્ટારને એ આતુરાલયમાં કાયચિકિત્સક તરીકે રાખેલ છે અને તેને ત્રણ કુરિણિ[૨] જેટલું ધાન્ય મળશે. શલ્યક્રિયા

૧. બીલ્સ ‘બુદ્ધિસ્ટ રેકર્ડ્ઝ’, ગ્રં. ૧, પૃ. ૨૧૪.

૨. કુરિણિ અને નાડી એ દાણાના કોઈ માપનાં દ્રાવિડ નામો છે. આ રીતે દાણામાં પગાર આપવાનો રિવાજ જૂના વખતમાં સામાન્ય હતો.

કરનારને એક કુરિણિ જેટલું ધાન્ય મળશે. બે પરિચારકો—ચિકિત્સામાં ઉપયોગી ઔષધિઓ લઈ આવવા માટે, ઔષધ પકાવવામાં આવશ્યક લાકડાંઓ લઈ આવવા માટે તથા દવાઓ તૈયાર કરવા માટે બે પુરુષ પરિચારકો રાખ્યા છે, જે દરેકને એક કુરિણિ જેટલું ધાન્ય આપવું. દર્દીઓની સેવા માટે તથા બીજું કામ કરવા માટે એક ત્રીજો પરિચારક રાખ્યો છે, જેને એક નાડી જેટલું ધાન્ય આપવું. દર્દીઓને વખતસર યથાયોગ્ય દવા તથા પથ્ય વગેરે આપવા માટે (રસોઈનું કામ કદાચ એને માથે જ હશે) તથા તેની પરિચર્યા માટે બે સ્ત્રી પરિચારિકાઓ રાખી છે તેને હમેશાં ચાર નાડી જેટલું ધાન્ય આપવું. દર્દીઓનાં કપડાં ધોવા માટે એક ધોબી અને આતુરાલયમાં આવશ્યક માટીનાં વાસણો તૈયાર કરવા માટે એક કુંભાર રાખવો. વળી એક દ્વારપાલક રાખવો, જેને ચાર નાડી જેટલું ધાન્ય આપવું. દર્દીઓની પથારી માટે સાત કટ (ખાટલા ?) અને રાત્રિએ દીવા માટે ૪૫ નાડી જેટલું તેલ દર વર્ષે આપવું." ઉપરના લેખમાં આતુરાલય માટે ખાસ તૈયાર કરવા યોગ્ય થોડી દવાઓની તથા તે તે દવાઓ કેટલી તૈયાર કરવી તેની સૂચનાઓ પણ છે.[1]

આ પછી ઈ. સ. ૧૨૬૨નો એક બીજો લેખ આન્ધ્ર દેશના મલકાપુરના શિલાસ્તંભ ઉપરથી મળ્યો છે. એ લેખમાં કાકતીય રાણી રુદ્રામ્માના તથા તેના પિતા ગણપતિના ગુરુ વિશ્વેશ્વરની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ છે. આ વિશ્વેશ્વર ગૌડદેશના દક્ષિણ રાઢાના વતની શૈવ આચાર્ય હતા અને તેમને કાકતીય ગણપતિ તથા રુદ્રમ્મા(ઈ. સ. ૧૨૬૧થી ૧૨૯૬)એ કૃષ્ણા નદીની

૧. પૂનાના આઠમા નિ. ભા. વૈદ્ય સંમેલન આગળ સ્વ. પં. ડી. ગોપાલાચાર્લુએ વાંચેલા 'દક્ષિણ ભારતમાં આયુર્વેદ વિદ્યાનો પ્રચાર' એ નામના નિબંધમાંથી ઉપરનો ઉતારો કર્યો છે. એ નિબંધનો અનુવાદ 'આયુર્વેદ વિજ્ઞાન,' પુ. ૧ ના ૪ થી ૮ અંકોમાં છપાયો છે.

દક્ષિણે આવેલાં અમુક ગામો દાનમાં આપેલાં અને એ બે ગામોની આવકના ત્રણ ભાગ પાડી વિશ્વેશ્વરે એક ભાગ પ્રસૂતિશાળાના ખર્ચ માટે, એક આરોગ્યશાળા માટે અને એક સત્રશાળા માટે રાખ્યો હતો. આ પ્રસૂતિશાળા અને આરોગ્યશાળા વિશ્વેશ્વરે જ બંધાવ્યાં હોય કે તેના કોઈ પૂર્વાચાર્યોએ, પણ સ્થાનિક શૈવમંદિર સાથે એમને જોડી દેવામાં આવ્યાં હતાં.[1]

ઉપર આયુર્વેદની હૉસ્પિતાલો વિશે જે ઐતિહાસિક પુરાવા નોંધ્યા છે તે ઉપરથી ચોખ્ખું દેખાય છે કે બ્રિટિશોએ આ દેશમાં આવીને આધુનિક ઢબની હૉસ્પિતાલો સ્થાપી તે પહેલાં એ પ્રકારને મળતી, દર્દીઓને એક સ્થળે રાખીને તેમની ચિકિત્સા કરવાની પદ્ધતિવાળી કોઈક જાતની સંસ્થાઓ આ દેશમાં હતી ખરી, પણ અશોકે શરૂ કરેલી રાજાએ મનુષ્ય અને પશુ માટે ચિકિત્સાની વ્યવસ્થા કરવાની પ્રથા આગળ ચાલી નથી. દક્ષિણના જે બે દાખલા ઉપર ઉતાર્યા છે તેમાં મંદિરો સાથે આતુરાલય અને પ્રસૂતિશાળા હોવાની વાત છે. જોકે વધારે ઉલ્લેખો મળતા નથી, છતાં બીજાં પણ અનેક મન્દિરોમાં ધર્મશાળા તથા પાઠશાળા સાથે નાનીમોટી આતુરશાળાઓ હોવાનો સંભવ છે, કારણ કે ધર્મશાસ્ત્રમાં મહાવૈદ્યયુક્ત આરોગ્યશાળા બંધાવવાનું મોટું પુણ્ય કહેલું છે. પણ ધર્મશાળાઓ અને પાઠશાળાઓ આ દેશમાં જેટલી વ્યાપક હતી તેટલી આતુર-શાળાઓ વ્યાપક નહોતી એ ચોક્કસ છે.

સંહિતાકાલીન અધ્યયન-અધ્યાપન[2]—સંહિતાકાળમાં આયુર્વેદની આધુનિક પદ્ધતિની પાઠશાળાઓ હોવાનો તો સંભવ જ નથી. એ પ્રાચીન સમયમાં જે રીતે ગુરુ પાસે જઈને,

---

૧. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન' પુ. ૨૨, અં. ૮, પૃ. ૨૪૨

૨. જુઓ ચરક, વિમાનસ્થાન, અ. ૮ અને સુશ્રુત, સૂત્રસ્થાન, અ. ૨.

ઘણું કરી ગુરુને ઘેર જ કે તેમના આશ્રમમાં રહીને, બીજી વિદ્યાઓ ભણવામાં આવતી તે રીતે આયુર્વેદ પણ ભણવામાં આવતો. ચરકાચાર્ય કહે છે કે વૈદ્ય થવા ઇચ્છનારે પહેલાં કયું શાસ્ત્ર ભણવું છે તેનો નિર્ણય કરવો. પછી આચાર્યની પસંદગી કરવી અને પછી આચાર્યની દેવ પેઠે તથા પિતા પેઠે અપ્રમત્ત રહીને સેવા કરવી અને તેની પાસેથી સંપૂર્ણ શાસ્ત્ર જાણી લેવાનો પ્રયત્ન કરવો. બીજી તરફથી ગુરુએ પહેલાં તો શિષ્યની પરીક્ષા કરવી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યમાંથી ગમે તેને તેનાં કુળ (વૈદ્યનું કુળ હોય તેની પહેલી પસંદગી), વય, શીલ, શૌર્ય, શૌચ, બળ, બુદ્ધિ, સ્મૃતિ, સહનશક્તિ વગેરે જોઈને વૈદ્યે શિષ્યને ઉપનયન આપવું. એ માટેના વિધિમાં ધર્મશાસ્ત્રને અનુસરી દેવ, બ્રાહ્મણ અને વૈદ્યોનું પૂજન તથા હોમની ક્રિયા કરવાનું સુશ્રુતે કહ્યું છે. પછી ભણવાના સમયમાં સત્યવ્રત, બ્રહ્મચર્ય અને ગુરુને અનુકૂળ વર્તન રાખવાનો આદેશ આપતાં ગુરુ કહે છે કે એથી ઊલટું વર્તન રાખીશ તો તને અધર્મ થશે અને તારી વિદ્યા નિષ્ફળ જશે. અલબત્ત, ગુરુ જો શિષ્ય તરફ યોગ્ય રીતે ન વર્તે – વિદ્યા આપવામાં ચોરી રાખે, તો એ પણ પાપભાગી થાય. છેવટે વિદ્યા ભણી લીધા પછી દ્વિજ, ગુરુ, દરિદ્ર, મિત્ર, સંન્યાસી, સાધુ, અનાથ વગેરેનો ઔષધોપચાર પોતાનાં બાન્ધવો તેઓ હોય તેમ ગણીને કરવો. શિકારી, પતિત અને પાપીની દવા ન કરવી, છતાં પ્રાણીને સુખ થાય એમ ઇચ્છવું. રોગીઓને આરોગ્ય આપવા માટે સર્વાત્માથી પ્રયત્ન કરવો. જીવિત માટે પણ રોગીનો દ્રોહ ન કરવો. આ ઉપરાંત વૈદ્ય હમેશાં દર્દી અને તેના કુટુંબ સાથે કેવી જાતનો સંબંધ રાખવો એ બાબતમાં પરસ્ત્રી સાથે સંબંધ ન રાખવો વગેરે ઊંચો નૈતિક ઉપદેશ ચરકે આપ્યો છે.

અધ્યયનમાં ધર્મશાસ્ત્રને અનુસરી આઠમ, ચૌદશ, પૂનમ, અમાસ વગેરે દિવસોમાં અનધ્યાયનું વિધાન વૈદ્યકશાસ્ત્રમાં પણ છે.

ગુરુ પાસે વિદ્યા ભણી લીધા પછી જાતે શિષ્યોને ભણાવીને તથા તદ્વિદ્યો સાથે સંભાષા–ચર્ચાઓ કરીને પોતાની વિદ્યા વધાર્યા કરવી એવો ચરકનો ઉપદેશ છે.[1]

આયુર્વેદિક શારીર—વૈદ્યકનાં પૂર્વાંગોમાં શારીર મુખ્ય છે. સામાન્ય લોકોનો—શિક્ષિતોના મોટાભાગનો પણ એવો મત છે કે દેશી વૈદ્યકમાં શારીર(Anatomy)નું જ્ઞાન નથી તથા શસ્ત્રક્રિયા (Surgery) નથી, પણ આ ભ્રમ છે. હાલના દાક્તરના શારીરજ્ઞાન સાથે પ્રાચીન વૈદ્યના શારીરજ્ઞાનને સરખાવી ન શકાય, પણ સંહિતાકાલીન વૈદ્યના ધ્યાનમાં શારીરજ્ઞાનની આવશ્યકતા પૂરેપૂરી હતી. ચરકાચાર્ય સ્પષ્ટ કહે છે કે "જેને આખા શરીરનું સંપૂર્ણ જ્ઞાન સર્વદા હોય તે જ લોકોને સુખ આપનાર આયુર્વેદને સંપૂર્ણ જાણે છે." (ચરક શા. અ. ૬)

સુશ્રુતમાં તો મૃત શરીરને પાણીમાં સોડવીને પછી તેનાં બાહ્ય અને આભ્યંતર સર્વ અંગોને જોવાનું વિધાન છે.[2] અને "ચોક્કસ જ્ઞાન મેળવવા ઇચ્છનાર શસ્ત્રકર્મ કરનારે મૃત શરીરને સારી રીતે શોધીને શરીરના અવયવો જોઈ લેવા જોઈએ. શરીર અને શાસ્ત્ર બેય જેણે જોયાં છે તે જાણકાર થાય છે અને પ્રત્યક્ષ દર્શન તથા શાસ્ત્રજ્ઞાન બેય મળીને સાચું જ્ઞાન વધે છે." એ રીતે સુશ્રુતે શસ્ત્રકર્મ કરવા ઇચ્છનારને ઉપદેશ આપ્યો છે. કાયચિકિત્સકને શારીરનું વધારે સૂક્ષ્મ જ્ઞાન હોવું જોઈએ એ સ્વાભાવિક છે.

ઉપર પ્રમાણે શારીરજ્ઞાનની આવશ્યકતા સંહિતાકાલીન વૈદ્યોના ધ્યાનમાં પૂરી હતી એ ચોક્કસ છે, પણ તેઓને શરીરનું કેટલું

---

૧. ચરક, વિમાનસ્થાન, અ. ૮.

૨. જુઓ સુશ્રુત, શારીર, અ. ૫.

જ્ઞાન હતું એ ચોક્કસ કહેવું મુશ્કેલ છે. સુશ્રુતમાં મૃત શરીરને તપાસવાની જે રીત કહી છે તે રીતે શરીરનાં હાડકાં જેવા કઠણ અને સડે નહિ તેવા ભાગો જ જોઈ શકાય એમ પણ કેટલાક વિદ્વાનો કહે છે.[1]

જોકે પ્રાચીન વૈદ્યોએ સોડવ્યા સિવાય ચીરીને મૃત શરીર નહિ જોયું હોય એમ નથી કહી શકાતું, છતાં જે મળે છે તેમાં હાડકાંઓનું વર્ણન છે તથા પ્લીહા, યકૃત, આંતરડાં, મૂત્રાશય વગેરે અંદરના મોટાં અવયવોનાં નામ સ્પષ્ટ નોંધ્યાં છે, પણ એ અવયવોનું વિશેષ વર્ણન નથી. સૂક્ષ્મદર્શયંત્રની મદદ જ્યારે નહોતી તથા આજની શસ્ત્રચ્છેદની ધીમે ધીમે દરેક ચીજ નરી આંખે બારીક રીતે જોવાની રીત પણ જૂના વખતમાં હોવાનો સંભવ નથી, ત્યારે શરીરના પ્રત્યેક ભાગનું વીગતવાર જ્ઞાન હોવાનો પણ સંભવ નથી; પણ જે વ્યવહારુ જ્ઞાન હશે તેમાંનો મોટો ભાગ પણ ગુરુ તરફથી શિષ્યોને મોઢે ઉપદેશાતો હશે અને જે વર્ણન ગ્રન્થમાં લખાતું હશે તેમાં પણ પાછળથી વૈદ્યોમાંથી શરીરના અંદરના ભાગોને પ્રત્યક્ષ જોવાની રીત નીકળી જતાં ઘણો ગોટાળો થઈ ગયો હોય એમ લાગે છે.[2] કેટલુંક વર્ણન સમૂળગું ગ્રન્થમાંથી ઊઠી ગયું, કેટલાક વર્ણનોમાં પાઠફેર થવાથી પ્રત્યક્ષ વિરોધ ઉત્પન્ન થઈ ગયો. કેટલાક શારીરશબ્દો ગ્રન્થમાં રહી ગયા પણ એ કયા અવયવના વાચક છે તે ભૂલી જવાયું[3] અને કેટલાક એક કરતાં વધારે અર્થમાં

---

૧. જુઓ ' આયુર્વેદ વિજ્ઞાન, ' પુ. ૧૮, અં. ૪ માં 'પ્રાચીન આયુર્વેદમાં હૃદય ' નામનો લેખ.

૨. આયુર્વેદના શારીરમાં કેટલો ગોટાળો થઈ ગયો છે એના દાખલાઓ માટે જુઓ ' પ્રત્યક્ષશારીર 'નો ઉપોદ્‌ઘાત, પૃ. ૬૪ થી ૭૪.

૩. જુઓ વૈદ્યોમાં ચાલેલી કલોમ ચર્ચા, છેલ્લો લેખ, 'આયુર્વેદ વિજ્ઞાન,' પુ. ૧૮, પૃ. ૨૮૩ થી આગળ.

વપરાવા લાગ્યા.[1] તેમ પ્રત્યક્ષ પરિચય ઘટી જતાં કેટલોક કાલ્પનિક વિસ્તાર પણ ઉમેરાયો[2] અને તેને પરિણામે આયુર્વેદના શારીરમાં ઘણી ગડબડ થઈ ગઈ છે. છતાં પ્રાચીનોના સાચા શારીરજ્ઞાનનું સૂચક કેટલુંક ચરક–સુશ્રુતમાં જળવાઈ રહ્યું છે.

હાડકાં ચરકમાં ૩૬૦ અને સુશ્રુતમાં ૩૦૦ ગણ્યાં છે અને હાલમાં દાક્તરી મતમાં બસો ગણાય છે. સામાન્ય માણસને આ મતભેદથી જ પ્રાચીન વૈદ્યોને હાડકાનું જ્ઞાન નહોતું એમ લાગે, પણ હર્નલે અતિશય પરિશ્રમથી તુલનાત્મક અભ્યાસ દ્વારા આયુર્વેદની અસ્થિગણના બરાબર છે– માત્ર ગણતરીની રીત જુદી છે, એ સિદ્ધ કર્યું છે.[3] વળી ત્વચાને સુશ્રુત સાત પ્રકારની તથા ચરક છ પ્રકારની કહે છે અને હાલ સૂક્ષ્મદર્શકયંત્રથી ત્વચાના વિભાગ દેખાય છે એ હકીકત પ્રાચીન વૈદ્યોની તર્કબુદ્ધિને શોભાસ્પદ છે. તેમ કલાઓ, જેનો અર્થ કવિરાજ ગણનાથ સેન ‘મેંબ્રેન’ કરે છે, તેનું વર્ણન તથા સ્નાયુઓ, જેનો અર્થ એ જ વિદ્વાન ‘ફાઈબ્રસ ટીસ્યુ’ અથવા ‘લીગામેન્ટ’ કરે છે, એનું વર્ણન પણ પ્રાચીન વૈદ્યોના જ્ઞાનનું ઠીક સૂચક છે.[4]

શારીરનું વૈદિક વૈદ્યને સારું જ્ઞાન હતું એ ઉપર જોયું છે. એ જ્ઞાનમાં પાછળથી બહુ વિકાસ થયો હોય એવું દેખાતું નથી. ગવીની જેવા શારીરાવયવવાચક વૈદિક શબ્દો ભુલાઈ ગયા છે.[5]

---

૧. જુઓ વૈદ્યોમાં ચાલેલી ધમનીવિષયક ચર્ચા. ‘પ્રત્યક્ષશારીર’નો ઉપોદ્‌ઘાત, પૃ. ૬૬ થી ૬૮. કવિરાજ ગણનાથ સેનની જ ‘સંજ્ઞાપંચકવિમર્શ’ નામની પુસ્તિકા અને તેનો ગુજરાતી અનુવાદ ‘આયુર્વેદ વિજ્ઞાન,’ પુ. ૧૫, અં. ૧–૨.

૨, જુઓ ‘પ્રત્યક્ષશારીર’નો ઉપોદ્‌ઘાત, પૃ. ૭૧.

૩. જુઓ હર્નલનો ‘સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ એન્શ્યન્ટ ઇંડિયા.’

૪. જુઓ નિ. ભા. વૈદ્ય સંમેલનની ત્રીજી બેઠકના પ્રમુખ તરીકે કવિરાજ ગણનાથ સેનનું ભાષણ, રજત જયન્તી ગ્રન્થ, પ્રથમ ભાગ, પૃ. ૫૮.

૫. જુઓ ઉપર, પૃ. ૨૯.

છતાં સંહિતાઓમાં જે શારીરજ્ઞાન છે તે વૈદ્યક ઉપયોગ માટે જ મેળવાયેલું છે. વૈદિક ગ્રન્થો કરતાં સંહિતાઓમાં શારીરજ્ઞાન વધારે છે, તેમાં પણ ચરક કરતાં સુશ્રુતમાં શારીરની ઘણી વીગતો વધારે છે તથા લખાણ વધારે વ્યવસ્થિત છે.[૧] વળી, શારીર ભાગોનું સુશ્રુતનું વર્ગીકરણ વધારે વૈજ્ઞાનિક છે.

સંહિતાકાલીન શારીરજ્ઞાન ચરક અને સુશ્રુતનાં શારીરસ્થાનોમાં મુખ્યત્વે જળવાઈ રહ્યું છે. આયુર્વેદના પછીના ઇતિહાસમાં શારીર-જ્ઞાનનો કશો વિકાસ થયો નથી; એટલું જ નહિ, પણ ખેદનો વિષય છે કે શારીરનો પ્રત્યક્ષ પરિચય નીકળી ગયો છે. કેવળ શારીર ઉપર લખાયેલો તો ભાસ્કરભટ્ટે રચેલો શારીરપદ્મિની નામનો હર્નલના કહેવા પ્રમાણે ઈ. સ. ૧૦૦૦ માં રચાયેલો એક જ ગ્રન્થ જાણવામાં આવ્યો છે. આ ગ્રન્થ સુશ્રુતને અસ્થિગણનામાં અનુસરે છે એમ હર્નલ કહે છે. બીજા બે શ્રીમુખકૃત શારીરશાસ્ત્ર અને શારીર વૈદ્યકનાં નામ ઑફ્રેટના કેટેલોગસ કેટેલોગમમાંથી કવિરાજ ગણનાથ સેને ઉતાર્યાં છે.[૨]

શારીરક્રિયાવિજ્ઞાન (Physiology)—આયુર્વેદના ગ્રન્થોમાં જે જે શારીર અવયવોનાં નામ છે તે સર્વની ક્રિયાનું વર્ણન નથી મળતું, છતાં શારીરક્રિયાવિજ્ઞાન આયુર્વેદમાં બિલકુલ નથી એમ નથી. આયુર્વેદે ત્રિદોષવાદમાં ઘણાં શારીરક્રિયા-વિજ્ઞાનનો સમાવેશ કર્યો છે. વળી, પાચનક્રિયાનું પણ વર્ણન છે[૩] અને રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા અને અસ્થિ એ સાત ધાતુઓ માનીને તેમનાં ઉત્પતિ તથા પોષણનો આયુર્વેદમાં વિચાર

---

૧. જુઓ 'આયુર્વેદીયં શારીરમ્' નામની મુંબઈ પ્રાન્તીય આ. સં. મંડળ તરફથી ૧૯૩૨ માં છપાયેલી પુસ્તિકા અને 'સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ એન્શ્યન્ટ ઇંડિયા', પૃ. ૧૭.

૨. 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્ઘાત, પૃ. ૬૨.

૩. જુઓ ચરક સૂ. અ. ૨૮ તથા શારીરસ્થાન અ. ૬ અને ચિ. સ્થાન અ. ૧૫ તેમ જ સુશ્રુત સૂ. અ. ૪૬.

કર્યો છે.[1] એ ઉપરાંત અંદરના સ્રાવો અને શરીરની અંદરની ક્રિયાથી શરીરને ઉપયોગી સારભાગનું શરીરમાં મળી જવું તથા મળભાગનું બહાર નીકળી જવું વગેરેનો આયુર્વેદાચાર્યોને ઠીક ખ્યાલ હતો.[2] શારીરક્રિયામાં મુખ્ય એવી રક્તસંવહનની ક્રિયાનું સંક્ષિપ્ત પણ સૂચક વર્ણન આયુર્વેદમાં મળે છે એમ આ દેશના વિદ્વાન વૈદ્યો માને છે, જોકે કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો શંકા કરે છે.[3] આહારનો રસ એ જ રક્તાદિ ધાતુઓનું મૂળ હોવાથી તથા "રસ જ લાલ રંગ ધારણ કરે છે ત્યારે રક્ત કહેવાય છે" (સુશ્રુત સૂ. અ. ૧૪) એવી આયુર્વેદની માન્યતા હોઈને રક્તસંવહનની વાત કરતાં "તે રસ હૃદયમાંથી ચોવીસ ધમનીઓમાં પેસી આખા શરીરનું હમેશાં તર્પણ કરે છે. શરીરને અનુસરતા એ રસની ગતિ અનુમાનથી જાણવી" (સુશ્રુત સૂ. અ. ૧૪). "હૃદયમાં રહેલી દશ સિરાઓ આખા શરીરમાં સર્વત્ર રસાત્મક ઓજને લઈ જાય છે" (વાગ્ભટ શા. અ. ૬), "ઓજને વહનારી હૃદયમાંથી નીકળેલી દશ ધમનીઓ શરીરમાં ચારે તરફ (ઓજથી) પુરાય છે જે ઓજ વગર સર્વ પ્રાણીનું હૃદય ટકી શકતું નથી અને જે ગર્ભનો સાર છે તે રસ (શરીરમાં) ફરતો ફરતો ફરીને હૃદયમાં પ્રવેશે છે" (ચરક સૂત્ર. અ. ૩૦ ના આરંભના દશ શ્લોકો), "વિક્ષેપ જેનું કર્મ છે એવા વ્યાન વાયુથી રસધાતુ શરીરમાં સર્વ તરફ હંમેશાં વિશ્રાન્તિ વગર ફેંકાયા કરે છે" (ચરક ચિ. અ. ૧૫, શ્લો. ૩૬), "હૃદયમાંથી રસ નીકળે છે અને ચારે તરફ ફેલાઈને પાછો શિરાઓ દ્વારા હૃદયમાં આવે છે" (ભેલ સૂ. અ. ૨૧) વગેરે

---

૧. જુઓ સુશ્રુત સૂ. અ. ૧૪.

૨. જુઓ આગલા પૃષ્ઠની ટિપ્પણી ૩ ના ઉલ્લેખો.

૩. જુઓ જોલીનું 'મેડિસિન' પૃ. ૪૧ તથા 'આયુર્વેદ વિજ્ઞાન' પૃ. ૧૮, અં. ૩ અને પછીના અંકોમાં પ્રગટ થયેલો રેનોલ્ડ એફ. જી. મુલરનો 'પ્રાચીન આયુર્વેદમાં હૃદય' નામનો લેખ.

ચરક, ભેલ અને વાગ્ભટનાં વચનો જોતાં જેને આચાર્યો રસ કે ઓજ કહે છે તે રક્ત શરીરમાં ફરે છે અને હૃદયમાંથી વાહિનીઓ દ્વારા નીકળી પાછું વાહિનીઓ દ્વારા જ હૃદયમાં આવે છે એટલી રક્તસંવહનની ખબર સત્તરમા શતકમાં પશ્ચિમમાં શોધ કરનાર હાર્વે પહેલાં દોઢ હજાર વર્ષ ઉપર આચાર્યોને હતી એ ચોખ્ખું દેખાય છે. પણ હૃદયના વર્ણનમાં આયુર્વેદના ગ્રન્થોમાં ગડબડ થઈ છે. ઉપરના ઉતારામાં તથા અન્યત્ર[1] પણ ચરક–સુશ્રુતાદિ ગ્રન્થોમાં સ્પષ્ટ રીતે રક્તાશય(Heart)ને જ કોઠામાં રહેલ હૃદય કહેલ છે; પણ બીજાં વચનોમાં, પ્રાચીન ઔપનિષદ વચનોથી[2] ચાલ્યો આવતો હૃદયમાં આત્મા અને મન છે એ વિચાર ચરક–સુશ્રુતમાં પણ ઊતર્યો છે. અને "આત્મા, ચિત્ત અને વિચારો હૃદયમાં રહેલા છે" (ચરક સૂ. અ. ૩૦), "હૃદય ચેતનાસ્થાન છે, એ તમોગુણથી અભિભૂત થતાં ઊંઘ આવે છે" (સુશ્રુત શા. અ. ૪), "બુદ્ધિ જેમાં રહેલી છે તે મનને દૂષિત કરીને" (ચરક ચિ. અ. ૯, શ્લો. ૫) વગેરે ચરક–સુશ્રુતનાં હૃદયમાં મનની સ્થિતિ બતાવનારાં વચનોના, મન–બુદ્ધિનું સ્થાન મગજમાં છે એ આધુનિક વિજ્ઞાનના સર્વમાન્ય સિદ્ધાન્ત સાથેના વિરોધનું સમાધાન કરવાની ઇચ્છાથી કેટલાક આયુર્વેદપંડિતોએ હાલમાં હૃદયનો અર્થ મગજ કરવા માંડયો છે.[3]

---

૧. સુશ્રુત શારીરસ્થાન, અ. ૪ તથા ચરક શા. અ. ૭ વગેરે.

૨. हृदि ह्येष आत्मा (પ્રશ્ન ઉ. ૩–૬); य एषो अन्तर्हृदये आकाशः तस्मिन्नयं मनोमयः पुरुषः । તૈ. ઉ. अनुवाक् ६

हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठं तन्मे मनः शिवसंकल्पमस्तु । શુક્લ યજુર્વેદ સંહિતા, અ. ૩૪, ૧ થી ૬

૩. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન,' પુ. ૨૦, અં. ૧ માં સ્વ. ગંગાધર શાસ્ત્રીનો 'આ હૃદય કિયું' નામનો લેખ અને શ્રી. ગ. સ. દીક્ષિતનાં પુસ્તકો—જ્ઞાનેશ્વરીચે શાસ્ત્રીય મંથન તથા ત્રિધાતુ ત્રિદોષ ચર્ચા (પૃ. ૧૦૧થી આગળ).

કેટલાક વળી હૃદય શબ્દના (૧) રક્તાશય અને (૨) મગજ એવા બે અર્થ કરે છે,[૧] પણ મને તો હૃદય શબ્દનો આવો મગજ અર્થ પ્રાચીનોએ માન્યો હોય એમ જણાતું નથી. બાકી, ભેલનું 'માથું અને તાળવું એ બેની વચ્ચે મન રહેલું છે' એ વચન મગજમાં મન હોવાનું ઠીક સૂચક છે.[૨]

ત્રિદોષવાદ—ઉપર પ્રમાણે શારીરક્રિયાવિજ્ઞાન વિશે છૂટક સૂચનો મળે છે, પણ એ વિષયમાં આયુર્વેદનો સાચો આધાર તો ત્રિદોષવાદ છે. આયુર્વેદમાં સૃષ્ટિક્રમ અને પદાર્થનું વર્ગીકરણ ઉપનિષદો તથા સાંખ્ય-વૈશેષિકાદિ દર્શનોમાંથી ઊતરી આવેલ છે; જોકે આયુર્વેદે વીગતોમાં ઝીણા વધારાઘટાડા કર્યા છે.[૩] પછી પ્રાચીન ઔપનિષદ ત્રિવૃત્કરણ (છાં. ઉ. ૬–૩) તથા સાંખ્યદર્શનના ત્રણ ગુણો સત્ત્વ, રજ અને તમ તેમ જ "ચન્દ્ર, સૂર્ય અને વાયુથી જગતનું પ્રત્યક્ષ ધારણ થાય છે" એ દાખલો—એ બધા ઉપરથી આયુર્વેદાચાર્યોએ ત્રિદોષવાદ ઉપજાવ્યો લાગે છે (જુઓ સુશ્રુત સૂ. અ. ૨૪ તથા અ. ૨૧), પણ તેઓએ આધુનિક ભૌતિક વિજ્ઞાન (Physical Sciences) તથા તેનાં અવલોકનો, પ્રયોગો વગેરેની મદદ વગર કેવળ સમર્થ પ્રતિભાના બળ વડે શારીરક્રિયા-વિજ્ઞાન, રોગવિજ્ઞાન અને ચિકિત્સા ત્રણેયને એ ત્રિદોષવાદના એક સૂત્રમાં ગૂંથી લીધાં છે અને એ કારણથી જ ત્રિદોષવાદ એ આયુર્વેદની એક વિશેષતા છે. વાત, પિત્ત, કફને આધુનિક વિજ્ઞાનની

---

૧. જુઓ 'પ્રત્યક્ષશારીર,' નાડીખંડ, પૃ. ૩, ટિ. ૪ તથા 'આયુર્વેદ વિજ્ઞાન' પુ. ૧૯, પૃ. ૨૩૬માં શ્રી. ગોવર્ધન શર્મા છાંગાણીનો "હૃદયવિચાર" નામનો લેખ.

૨. જુઓ ભેલસંહિતા, ચિ. અ. ૮.

૩. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન' પુ. ૧૮, અં. ૯માં "ત્રિદોષવાદ અને કાશીની પરિષદ" નામનો મારો લેખ તથા મારું "આયુર્વેદનાં દાર્શનિક તથા સદ્‌વૃત્ત સંબંધી પ્રકરણોનો અભ્યાસ."

પરિભાષામાં શું કહી શકાય એ વિશે વૈદ્યોમાં વર્ષોથી પુષ્કળ ઊહાપોહ થયો છે.[1] પણ હજી સર્વ શંકાઓનું સમાધાન કરે અને આધુનિક માનસને સંતોષ આપે એવો નિર્ણય થયો નથી. કદાચ એ શક્ય નહિ હોય, કારણ કે પ્રાચીન વર્ગીકરણ આધુનિકથી જુદી જ ભૂમિકા ઉપર હોય એમ લાગે છે. છતાં વાત, પિત્ત, કફ કલ્પિત નથી અને દોઢ–બે હજાર વર્ષથી સંતોષકારક રીતે વૈદ્યક વ્યવહારમાં કાર્યસાધક નીવડેલ છે.

સામાન્ય રીતે કવિરાજ ગણનાથ સેન વાત, પિત્ત, કફને જે રીતે સમજાવે છે તે અત્યારે વૈદ્યોમાં સર્વમાન્ય નહિ તો બહુમાન્ય છે. વાયુ, પિત્ત અને કફનું પ્રસાદરૂપ[2] અને મળરૂપ,

---

૧. વૈદ્યસંમેલનોના સભાપતિઓનાં વ્યાખ્યાનો અને વૈદ્યકીય સામયિકોમાં વારંવાર પ્રકટ થયેલા અનેક લેખો ઉપરાંત મદ્રાસ સરકારે ઈ. સ. ૧૯૨૧માં નીમેલ "ધ ઇન્ડીજીનસ સીસ્ટમ ઑફ મેડિસિન"ની કમિટીનો રિપોર્ટ, મ. મ. કવિરાજ ગણનાથ સેનના સિદ્ધાન્તનિદાનનો આરંભ, નાશિકના ૧૯મા નિ. ભા. વૈદ્યસંમેલનની સમિતિ તરફથી માગવામાં આવેલા ત્રિધાતુસર્વસ્વ સંબંધી અનેક નિબંધો (જેની યાદી 'આયુર્વેદ વિજ્ઞાન' પુ. ૧૪, પૃ. ૨૩૨-૩૪માં છે) અને 'ત્રિદોષ એ પ્રત્યક્ષ પદાર્થ છે' એ નામનો ભિકાજી વિ. ડેંગ્વેકરનો 'આયુર્વેદ વિજ્ઞાન,' પુ. ૧૪, પૃ. ૨૩૮થી આગળ છપાયેલો લાંબો નિબંધ વગેરે પુષ્કળ સાહિત્ય છે. પછી કાશીમાં સં. ૧૯૯૨ના કાર્તિકમાં ભરાયેલ પંચભૂત અને ત્રિદોષવાદ પરિષદમાં આવેલા નિબંધો અને છેવટે થયેલા ઠરાવો. 'આયુર્વેદ વિજ્ઞાન'ના ૧૯૯૧ ના પુસ્તકમાં પણ અમુક નિબંધો છપાયા છે. 'ત્રિદોષવાદ' નામનો એક નિબંધ શ્રી ભાનુશંકર નિર્ભયરામનો પુસ્તકાકારે સં. ૧૯૯૧માં જ છપાયો છે, 'ત્રિધાતુદોષ ચર્ચા' નામનું પ્રો. ગ. સ. દીક્ષિતનું લખેલું એક મોટું મરાઠી પુસ્તક ઈ. સ. ૧૯૩૬ માં છપાયું છે. ઉપલી નોંધ કેવળ દિગ્દર્શક છે, સંપૂર્ણ નથી.

૨. ઓડકાર, અધોવાયુ વગેરે વાયુ તે મલભૂત વાયુ, પિત્ત (Bile) તે મલભૂત પિત્ત અને નાક, છાતી વગેરેમાંથી નીકળતો કફ (Phlegm) એ મલભૂત કફ.

તેમ જ પ્રાકૃતરૂપ તથા વિકૃતરૂપ; વળી વાયુની કેવળ સૂક્ષ્મતા અને પિત્ત તથા કફની સૂક્ષ્મ અને સ્થૂળ ઉભયવિધતા વગેરે વિસ્તૃત વિષયની ચર્ચા અહીં શક્ય, નથી, પણ કવિરાજ ગણનાથ સેનના શબ્દોમાં, સમગ્ર નાડીમંડલ (Nervous System)ની ક્રિયાઓનો વાયુમાં, શરીરમાં જે કાંઈ કાર્યો ઉષ્ણતા અને તેજથી થાય છે (Heat producing mechanism) તેનો પિત્તમાં અને શરીરમાં તર્પણ— સ્નિગ્ધતા રાખનાર અને ઉષ્ણતા ન વધવા દેનાર જે કાર્ય થાય છે તેનો કફમાં સમાવેશ કર્યો છે.[1] અલબત્ત, આ કરતાં વાત, પિત્ત, કફમાં ઘણું વધારે છે. નીરોગ તથા રોગયુક્ત શરીરની સર્વ પ્રકારની ક્રિયાઓનું ત્રણ લક્ષણસમૂહોમાં વર્ગીકરણ કરવાનો પ્રયાસ મને ત્રિદોષવાદમાં દેખાય છે.

દ્રવ્યગુણવિજ્ઞાન અને પારિભાષા

વૈદ્યકનું દ્રવ્યગુણવિજ્ઞાન અને પરિભાષા (Meteria Medica and Pharmacy) પણ એક પૂર્વાંગ છે. વૈદિક કાળના વૈદ્યને લગભગ સો વનસ્પતિદ્રવ્યોનો પરિચય હશે એ ઉપર જોયું છે, અને એમાંથી થોડાં દ્રવ્યોનું જ ઔષધીય જ્ઞાન હશે અને તે પણ અલ્પ; પણ સંહિતાકાલીન વૈદ્યને છસોથી વધારે ઔષધ તરીકે ઉપયોગી વનસ્પતિઓનો પરિચય છે, જોકે હાલમાં એમાંથી કેટલીક સંદિગ્ધ થઈ ગઈ છે અને ત્રણસોથી વધારે ભાગ્યે જ વપરાય છે. વળી, પ્રાણીઓ અને પક્ષીઓનાં માંસ, રક્ત, દૂધ, મૂત્ર, મળ વગેરેનો પણ પુષ્કળ ઉપયોગ સંહિતાઓમાં કરેલો છે. ઔષધીય વનસ્પતિનું કયું અંગ દવા તરીકે લેવું તથા કઈ

---

૧. જુઓ ‘ સિદ્ધાન્ત નિદાન ’ના પહેલા બાર શ્લોકો, તેની ટીકા અને તેમાં ઉદાહરેલાં સંહિતાઓનાં વચનો તથા નિ. ભા. વૈદ્યસંમેલનની ત્રીજી બેઠકના સભાપતિનું વ્યાખ્યાન. આ સિવાય ત્રિદોષવિષયક ગ્રન્થવચનોના સંગ્રહો આગલી ટિપ્પણીમાં ઉલ્લિખિત નિબંધો અને ગ્રન્થોમાં મળશે.

ઋતુમાં લેવું વગેરેનો વિચાર પણ છે.[1] વળી ઔષધીય દ્રવ્યોના ગુણોનો ઘણો બહોળો અનુભવ સંહિતાકાલીન વૈદ્યોને હતો એ ચોક્કસ છે. તેઓએ ગુણોનું વર્ગીકરણ પણ કર્યું છે અને રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવ વડે શરીરમાં ઔષધીય દ્રવ્યો અસર કરે છે એમ આચાર્યોએ માન્યું છે.[2] પ્રાચીન આર્યોએ આધુનિક રીતે પશુઓ ઉપર પ્રયોગ કરીને નહિ, પણ સીધો મનુષ્યો ઉપર અનુભવ લીધો હોય એમ જણાય છે.

આ ઔષધીય દ્રવ્યોના ગુણોનું વર્ણન કરનારા અધ્યાયો ચરક-સુશ્રુતમાં છે, પણ પાછળથી નિઘંટુના નામથી એ વિષયના જુદા જ ગ્રંથો રચાયા છે.[3] ધન્વન્તરિનિઘંટુ, રાજનિઘંટુ આદિ નિઘંટુ-ગ્રન્થોની નોંધ આગળ આવશે. વનસ્પતિની ઓળખાણ દર્શાવનારું જેવું વનસ્પતિશાસ્ત્ર (Botany) હાલમાં વિકાસ પામ્યું છે તેવું ચરક–સુશ્રુતના કાળમાં નહોતું, પણ વૈદ્યે ઔષધીય વનસ્પતિનો પરિચય ભરવાડ, તપસ્વીઓ વગેરે જંગલમાં રહેનારા લોકો પાસેથી મેળવવો જોઈએ એમ આચાર્યોએ કહેલું છે.[4]

પ્રાચીન આચાર્યોએ દવા તરીકે વાપરવા માટે ઔષધીય દ્રવ્યોની સ્વરસ, ફાંટ, કવાથ, ઘી, તેલ, આસવ, ગુટિકા, અવલેહ, રસક્રિયા વગેરે બનાવટોની પણ એટલા જૂના કાળમાં કલ્પના કરી છે અને એ બનાવટોને અંગે તોલમાપની પણ સૂચના કરી છે.[5]

---

૧. જુઓ સુશ્રુત સૂ. અ. ૩૬.

૨. જુઓ ચરકસંહિતા, સૂત્રસ્થાન, અ. ૨૬ અને સુશ્રુત, સૂ. અ. ૪૦.

૩. જુઓ ચરક સૂત્રસ્થાન, અ. ૨, ૩, ૪ વગેરે તથા સુશ્રુત સૂત્રસ્થાન. અ. ૩૮.

૪. જુઓ સુશ્રુત સૂ. અ. ૩૬, શ્લો. ૮ તથા ચરક સૂ. અ. ૧, શ્લો. ૧૨૦ થી ૧૨૨,

૫. જુઓ ચરક સૂ. અ. ૪ તથા કલ્પસ્થાન અ, ૧૨, શ્લો. ૮૭ થી આગળ તથા સુશ્રુત સૂ. અ. ૩૮, શ્લો. ૮૦ તથા ચિ. અ. ૩૧,

દ્રવ્યગુણશાસ્ત્રમાં ખનિજોનો ઉપયોગ રસશાસ્ત્રના વિકાસને લીધે પાછળથી વધ્યો છે, તેમ જ ઔષધક્રિયાશાસ્ત્રની પણ પ્રગતિ થઈ છે.

સ્વસ્થવૃત્ત—આયુવેદનાં મુખ્ય પૂર્વાંગોની ચર્ચા ઉપર પ્રમાણે ટૂંકમાં કર્યા પછી હવે મુખ્ય અંગો તરફ વળીએ. આયુર્વેદ એટલે આયુષનું જ્ઞાન; અને આયુર્વેદાચાર્યો જેનાથી આરોગ્ય જળવાઈ રહે, માણસ માંદું ન પડી જાય એવા આહારવિહારના નિયમો આપવા એને પોતાનું કર્તવ્ય ગણે છે. આ સ્વસ્થવૃત્ત (Hygiene)-શાસ્ત્રનો આ જમાનામાં ઘણો વિકાસ થયો છે. અને આયુર્વેદમાં જેને હાલમાં જાહેર આરોગ્યશાસ્ત્ર (Public Hygiene) કહેવાય છે તેની બહુ ચર્ચા નથી, જોકે જાહેર આરોગ્ય માટે આવશ્યક કેટલાક નિયમો, દા. ત. રસ્તામાં ન થૂંકવું, મળત્યાગ નદીને કાંઠે ન કરવો વગેરેનો સદ્‌વૃત્તમાં સમાવેશ કર્યો છે,[૧] પણ વ્યક્તિગત આરોગ્યનો આયુર્વેદે ઝીણો વિચાર કર્યો છે. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાથી આરંભી શું શું કરવું એની દિનચર્યા તેમ જ ઋતુ-ચર્યા અને સાજા રહેવા માટે શું ન કરવું એ સંબંધી નિયમો આયુર્વેદે આપ્યા છે,[૨] જેમાંના ઘણા આધુનિક વિજ્ઞાનથી અપ્રતિકૂળ છે.

વળી, આયોગ્ય માટે આવશ્યક ગણેલા સદ્‌વૃત્તમાં સત્ય, બ્રહ્મચર્ય, મૈત્રી, કારુણ્ય વગેરે ઊંચામાં ઊંચા માનવગુણોનો સમાવેશ કરીને આયુર્વેદાચાર્યોએ ઉચ્ચ નૈતિક દૃષ્ટિ દર્શાવી છે.

નિદાન—આયુર્વેદ ત્રિસ્કન્ધ અથવા ત્રિસૂત્ર કહેવાય છે. આ ત્રણ સ્કન્ધ એટલે (૧) હેતુ, (૨) લિઙ્ગ અને (૩) ઔષધ.[૩]

---

૧. જુઓ ચરક સૂ. અ. ૮ અને સુશ્રુત ચિ. અ. ૨૪.

૨. ચરક સૂ. અ. ૫, ૬, ૭ અને ૮ તથા સુશ્રુત સૂ અ. ૬ તથા ચિ. અ. ૨૪.

૩. જુઓ ચરક સૂ. અ. ૧, શ્લો. ૨૪.

આમાંથી હેતુ અને લિંગ અથવા લક્ષણોનો સમાવેશ રોગના નિદાનમાં થઈ જાય છે. આયુર્વેદાચાર્યોની રોગકારણ વિશે સામાન્ય રીતે એવી કલ્પના છે કે રોગોના સહજ, ગર્ભાવસ્થામાંથી આવેલા, બહારના આઘાતથી થયેલા, પોતાના મિથ્યા આહાર-વિહારથી ઉત્પન્ન થયેલા, ઋતુ વગેરે કાળના ફેરફારથી થયેલા, આગન્તુક અને સ્વભાવજન્ય એ રીતે સાત પ્રકાર છે.[1] વળી, આચાર્યોએ શારીર અને માનસ બેય જાતના રોગો માન્યા છે. રજોગુણ અને તમોગુણ માનસરોગના હેતુ છે, ત્યારે વિકૃત થયેલા વાત, પિત્ત અને કફ શારીર રોગોનું કારણ છે.[2] આ ત્રણ દોષો વિકૃત થવાનાં કારણો ગ્રન્થકારોએ વિસ્તારથી આપ્યાં છે,[3] જોકે ટૂંકામાં સર્વ કારણોનો કાળ, બુદ્ધિ અને ઇન્દ્રિયાર્થોના હીન, મિથ્યા અને અતિયોગમાં સમાવેશ કર્યો છે.[4]

જેમ શારીરક્રિયાઓનો આયુર્વેદાચાર્યોએ ત્રિદોષવાદમાં સમાવેશ કર્યો છે તેમ એ જ ત્રણ દોષોની વિકૃતિના સંચય, પ્રકોપ, પ્રસર અને સ્થાનસંશ્રય થઈને રોગોનાં લક્ષણો દેખાય છે એવું માનીને રોગવિજ્ઞાન(Pathology)નો પણ એમાં જ સમાવેશ કર્યો છે.

પણ અહીં હાલમાં પાશ્ચાત્ય વૈદ્યકમાં અનેક રોગોના કારણરૂપે મનાતા સૂક્ષ્મ જન્તુકારણવાદ વિશે આયુર્વેદમાં શું છે એ પ્રશ્ન ઊઠવાનો સંભવ છે. શરીરમાંથી ઝાડા વાટે જે કૃમિ નીકળે છે તેની કાંઈક ખબર તો વૈદિક વૈદ્યને પણ હતી અને આયુર્વેદને

---

૧. જુઓ સુશ્રુત સૂ. અ. ૨૪ તથા છઠ્ઠા નિ. ભા. વૈદ્યસંમેલનના સભાપતિનું ભાષણ, રજતજયન્તી ગ્રન્થ, ભા. ૧, પૃ. ૧૧૬.

૨. ચરક સૂ. અ. ૧, શ્લો. ૫૭ અને સુશ્રુત સૂ. અ. ૨૧.

૩. ચરક સૂ. અ. ૨૮ અને સુશ્રુત સૂ. અ. ૨૧.

૪. જુઓ ચરક સૂ. અ. ૧૦.

પણ છે,[1] પરંતુ સૂક્ષ્મ અદૃશ્ય કૃમિઓ જેથી કુષ્ઠાદિ રોગો ઉત્પન્ન થાય છે તેનોયે ઉલ્લેખ મળે છે.[2] વળી "કુષ્ઠ, અમુક તાવ, ક્ષય, આંખનો રોગ (નેત્રાભિષ્યન્દ) વગેરે રોગોનો ચેપ લાગે છે" એ વાત પણ સુશ્રુતમાં સ્પષ્ટ કહી છે.[3] પણ સૂક્ષ્મદર્શકયંત્ર વગરના એ જમાનામાં સૂક્ષ્મ જન્તુશાસ્ત્ર(Bacteriology)ની આધુનિક પ્રકારની ઉન્નતિ થવાનો સંભવ જ નથી અને એ ઉન્નતિ સિવાય એને મહત્ત્વ મળવાનો પણ સંભવ નથી. અલબત્ત, શરીરની સ્વાભાવિક પ્રતિષેધકશક્તિ(Immunity ([4]ની મહત્તા મહર્ષિઓ સમજ્યા હતા એમ માનવામાં વાંધો નથી. ચરકાચાર્યે આ દૃષ્ટિથી જ આહાર, નિદ્રા (જેમાં આરામનો સમાવેશ થાય છે) અને બ્રહ્મચર્ય એ ત્રણને શરીરના ઉપસ્તમ્ભ કહ્યા છે[5] એ યથાર્થ છે.

જેમ રોગનાં કારણોનો આયુર્વેદાચાર્યોએ વિચાર કર્યો છે તેમ એનાં લક્ષણોનો પણ ઘણો વિચાર કર્યો છે. ભિન્ન ભિન્ન રોગનાં વિશિષ્ટ લક્ષણોનું વર્ણન આચાર્યોએ નિદાનસ્થાનમાં, ચિકિત્સા-સ્થાનમાં તથા સુશ્રુતના ઉત્તરસ્થાનમાં કરેલું છે. આયુર્વેદાચાર્યોના મત પ્રમાણે કોઈ રોગનું નામ ન મળે તોપણ પ્રકુપિત દોષનાં લક્ષણો જોઈને રોગનો ઉપચાર થઈ શકે.[6]

પરીક્ષા—રોગની પરીક્ષા પ્રત્યક્ષ, અનુમાન અને શાસ્ત્ર એ ત્રણથી કરવી એમ કહ્યા પછી પ્રત્યક્ષ પરીક્ષા જીભ સિવાય બાકીની

---

૧. સુશ્રુત, ઉત્તરતન્ત્ર, અ. ૫૪.

૨. એજન, શ્લો ૧૫ થી ૨૦.

૩. સુશ્રુત નિદાન, અ. ૫, શ્લો. ૩૨, ૩૩.

૪. ગણનાથ સેન એને 'વૈષ્ણવી શક્તિ' કહે છે.

૫. ચરક સૂ. અ. ૧૧, શ્લો. ૩૫.

૬. ચરક સૂ. અ. ૧૮, શ્લો. ૪૪ થી ૪૭ અને સુશ્રુત સૂત્ર. અ. ૩૫, શ્લો. ૧૯.

જ્ઞાનેન્દ્રિયોથી કરવી એમ ચરક કહે છે,[1] ત્યારે સુશ્રુત કહે છે કે "દર્શન, સ્પર્શ અને પ્રશ્ન એ ત્રણ વડે રોગની પરીક્ષા કરવી એમ કેટલાક કહે છે તે ખોટું છે. ખરી રીતે કાન વગેરે પાંચે ઇન્દ્રિયોથી તથા પ્રશ્નથી પરીક્ષા કરવી."[2] અલબત્ત, હાલમાં શ્રોત્રાદિ ઇન્દ્રિયોની મદદમાં સ્ટેથેસ્કોપ, થર્મામીટર વગેરે સાધનો વપરાય છે એ ત્યારે ન હતાં, પણ જ્ઞાનેન્દ્રિયો વડે તથા અનુમાનશક્તિ વડે થઈ શકે એટલી પરીક્ષા જરૂર કરવામાં આવતી. અલબત્ત, આ રીતે પોતાની જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિ વડે કરવામાં આવતી પરીક્ષામાં પટૂકરણ અને તીક્ષ્ણ બુદ્ધિશાળી ઘણો ઊંડો ઊતરી શકે, જ્યારે મંદશક્તિવાળાની પરીક્ષા ઉપરછલ્લી અને કેટલીક વાર ભૂલભરેલી બનવાનો સંભવ છે. થર્મામીટર જે રીતે ગમે તેને હાથે મુકાય પણ એકસરખું જ્ઞાન આપે તેમ સ્પર્શેન્દ્રિયથી ન બને એ દેખીતું છે. નવા જમાનામાં પરીક્ષાનાં સાધનોનો ભારે વિકાસ થયો છે.

ચિકિત્સા — કાયચિકિત્સાના નિદાનવિભાગની વાત ઉપર થઈ ગઈ. ચિકિત્સાનો વિચાર કરતાં પહેલાં જ કહેવું જોઈએ કે પ્રાચીન આચાર્યોએ કાયચિકિત્સાશાસ્ત્ર(Medicine)નો ઘણો વિકાસ કર્યો હતો અને અત્યારે પણ વૈદ્યોના જીવનનો આધાર કાયચિકિત્સા જ છે. આ દેશમાં સાધારણ રીતે થતા તાવ, ઝાડા, મરડો, ક્ષય, પાંડુરોગ, ઉધરસ, દમ વગેરે ઘણા રોગો ઉપર અસરકારક ઔષધોના બહોળા અનુભવથી ગોઠવેલા યોગો દ્વારા ચિકિત્સાપદ્ધતિ ચરકના ચિકિત્સાસ્થાનમાં અને સુશ્રુતનાં ચિકિત્સા તથા ઉત્તરસ્થાનમાં કહી છે; પ્રાચીનોએ કહેલા ઘણાખરા રોગો અત્યારે ઓળખી શકાય છે. અલબત્ત, કોઈ કોઈ વર્ણન અપૂર્ણ હોવાના કારણે કે બીજા કારણે સંદિગ્ધ કોટિમાં પડી ગયા છે. કોઈક અત્યારે

---

૧. ચરક વિમાન, અ. ૪.

૨. સુશ્રુત સૂ. અ. ૧૦-૪.

દેખાતા જ નથી, જ્યારે કેટલાક નવા રોગો જોવામાં આવે છે. આટલા લાંબા કાળને અંતરે આવો ફેરફાર સ્વાભાવિક છે. પણ આયુર્વેદાચાર્યોએ નિદાનચિકિત્સાની એવી પદ્ધતિ ગોઠવી હતી કે નવા રોગોની ચિકિત્સા કરવામાં વૈદ્ય મૂંઝાય નહિ.

જુદા જુદા રોગો ઉપર ફાયદાકારક ઔષધોનો અને યોગ્ય બનાવટોનો ઉપયોગ શોધી કાઢવા સાથે આચાર્યોએ પથ્યાપથ્ય અને લંઘનાદિ ઉપચારપદ્ધતિઓ શોધી કાઢી છે. પથ્યાપથ્યના જ્ઞાન અર્થે આહારમાં વપરાતાં દ્રવ્યોના તથા ખોરાકની જુદી જુદી બનાવટોના ગુણદોષો આચાર્યોએ વિસ્તારથી વર્ણવ્યા છે.[1] આ સામાન્ય ઉપદેશ સાથે કેટલાક રોગો ઉપર તો અજબ શોધ કરી છે. દાખલા તરીકે, એક વખતના સર્જન જનરલ સર પાર્ડીલ્યુકીસે એક પ્રસંગે[2] કહેલું તેમ "વિડાલ (Widal) અને જાવાલ(Gaval)ના જર્મનીમાં થયેલા પ્રયોગોને પરિણામે ઉદરરોગ(Dropsy)માં મીઠા વગરનો ખોરાક આપવો એ હવે દાક્તરીમાં આવશ્યક ગણાય છે, પણ આ વસ્તુ પૂર્વમાં હજારો વર્ષથી જાણવામાં હતી." અને ખરેખર ચરકે ઉદરચિકિત્સિત(શ્લો. ૧૦૦,૧૦૧)માં મીઠાવાળા અન્નની તથા પાણીની ના પાડી છે[3] અને દૂધના પ્રયોગની ચરક–સુશ્રુતે ઉદરમાં ખાસ ભલામણ કરી છે.[4] હાલના વૈદ્યો દૂધ ઉપર રાખવાનો પ્રયોગ કરાવે છે એ પ્રસિદ્ધ છે. આયુર્વેદિક કાયચિકિત્સાની

---

૧. જુઓ ચરક સૂ. અ. ૫ અને અ. ૨૬, ૨૭, ૨૮ તથા સુશ્રુત સૂ. અ. ૪૧.

૨. જુઓ નિ. ભા. વૈદ્યસંમેલનની સાતમી બેઠકના સભાપતિના વ્યાખ્યાનમાં સર પાર્ડીલ્યુકીસે ઇંદોરની કિંગ એડવર્ડ મેડિકલ સ્કૂલ સાથેની લેબોરેટરી અને લાયબ્રેરી ખુલ્લી મૂકતાં કરેલા ભાષણમાંથી ઉતારો. (રજત–જયન્તી ગ્રન્થ, ભા. ૧)

૩. વળી જુઓ સુશ્રુત ચિ. અ. ૨૩-૧૦.

૪. ચરક ચિ. અ. ૧૩, શ્લો. ૭૧.

આવી બધી વિશેષતાઓ અહીં નોંધી શકાય નહિ, પણ પંચકર્મનો ઉલ્લેખ કર્યા વગર નહિ ચાલે. આયુર્વેદાચાર્યોએ સ્નેહ, સ્વેદ, વમન, વિરેચન અને બસ્તિ એ પાંચને ઉપચારનાં મોટાં કર્મો ગણ્યાં છે. આ કર્મો કયા કયા રોગમાં ખાસ ફાયદો કરે છે, એ કર્મનો વિધિ, એના ભેદો, એના અતિયોગ અથવા હીનયોગની વ્યાપત્તિઓ તથા તેના ઉપચારો વગેરે અનેક બાબતોનો સવિસ્તર વિચાર આયુર્વેદે કર્યો છે.[1] સામાન્ય રીતે વિરેચન (જુલાબ), વમન અને બસ્તિ (એનીમા)નો પાશ્ચાત્ય વૈદ્યકમાં તથા દેશી વૈદ્યકમાં ઉપયોગ થાય છે, પણ આયુર્વેદોક્ત વમન, વિરેચન, બસ્તિમાં એથી ઘણું વધારે છે, અને પંચકર્મમાંથી સ્નેહ, સ્વેદ જેવી કેટલીક ક્રિયાઓ જૂની રીતે મલબારમાં હજી થાય છે. આયુર્વેદોક્ત પંચકર્મની તથા બીજાં કેટલાંક ચિકિત્સાકર્મોની વિશાળ શક્યતાઓ નવા અન્વેષકોની અન્વેષણશક્તિની રાહ જુએ છે.

શલ્યતંત્ર—શસ્ત્રચિકિત્સા (Surgery : Major & Minor)—શલ્યતંત્રના અનેક ગ્રન્થો પહેલાં હતા એ ઉપર જોયું છે, પણ અત્યારે તો સુશ્રુતના સૂત્રસ્થાનમાં અને ચિકિત્સાસ્થાનમાં જે જળવાઈ રહ્યું છે તે જ આપણી પાસે છે.

શસ્ત્રચિકિત્સાને અંગે પહેલો વિચાર એમાં ઉપયોગી હથિયારોનો આવે છે. દેશી વૈદ્યકમાં જૂના વખતમાં જો શસ્ત્રચિકિત્સા હોય તો એમાં ઉપયોગનાં હથિયારો પણ હોવાં જોઈએ. હવે જોકે જૂની શોધખોળમાં કોઈ સ્થળેથી શસ્ત્રવૈદ્યોનાં હથિયારો મળી આવ્યાં નથી, પણ સુશ્રુતમાં એનું જે વર્ણન છે તે એટલું સ્પષ્ટ અને સૂચક છે કે એ બધાં હથિયારો એક કાળે વપરાતાં હશે એ ચોક્કસ છે.

---

૧. જુઓ ચરક સૂ. અ. ૧૩ થી ૧૬ તથા આખું કલ્પસ્થાન તેમ જ સુશ્રુત ચિકિત્સાસ્થાન, અ. ૩૧ થી ૩૭.

સુશ્રુતે શસ્ત્રકર્મોપયોગી હથિયારોના બે મોટા વિભાગ પાડ્યા છે[1] : (૧) યન્ત્રો (Non-cutting or Blunt Instruments), અને (૨) શસ્ત્રો (Cutting Instruments). આ હથિયારો ઘણા લોકો માને છે તેમ જંગલી કે પ્રાથમિક દશાનાં નહોતાં. સુશ્રુત કહે છે કે[2] "યન્ત્રો મોટે ભાગે લોઢાનાં, કોઈ વાર બીજી વસ્તુ(દા. ત., શીંગડું, હાડકાં વગેરે)નાં પણ યોગ્ય માપનાં, સારી રીતે પકડાય એવાં, મજબૂત, સારા દેખાવનાં અને દાંતાવાળાં કે લીસા મોઢાવાળાં તથા જુદાં જુદાં જનાવરો, પક્ષીઓ વગેરેનાં મોઢાના આકારનાં (જે આકાર ઉપરથી તેઓનાં નામો પાડ્યાં છે), જુદાં જુદાં કાર્યને લાયકનાં હોવા જોઈએ." સુશ્રુતે બીજાનાં યન્ત્રો જોઈને તેવાં તૈયાર કરાવવાં એમ લખ્યું છે, એ ઉપરથી પણ ગ્રન્થોમાં વર્ણન જ છે એમ નથી પણ યન્ત્રશસ્ત્રો પણ હતાં એમ ઠરે છે. વળી, શસ્ત્રો સારી પકડવાળાં, સારા લોઢામાંથી બનાવેલાં તથા સારી ધારવાળાં હોવાં જોઈએ એમ લખેલું છે (સુશ્રુત સૂ. અ. ૮-૮). શસ્ત્રોને પાણી પાવાનો વિધિ પણ લખ્યો છે (એજન ૧૨).

કુલ યન્ત્રો સુશ્રુતે ૧૦૧ ગણ્યાં છે, જેમાં શસ્ત્રવૈદ્યના હાથને યોગ્ય રીતે પ્રધાનતમ કહેલ છે (સૂ. અ. ૭-૩). વળી યન્ત્રોના છ પ્રકારો નીચે પ્રમાણે ગણ્યા છે: (૧) સ્વસ્તિકયંત્રો (Cross-bladed Insruments—Forceps) ૨૪; (૨) સંદંશયંત્ર (Pincers. હાલનાં Dissection Forceps with or without catch) ૨; (૩) તાલયન્ત્ર (Scoop) ૨; (૪) નાડીયન્ત્ર (Tubular Instruments) ૨૦, જેમાં આધુનિક tubular specula cathetars, syringes, cupping instruments વગેરેનો સમાવેશ થાય છે; (૫) શલાકાયન્ત્ર (Blunt probe, hook, sound વગેરે) ૨૮;

---

૧. જુઓ સુશ્રુત સૂ. અ. ૬ અને ૮.

૨. એજન, ૭, ૯.

અને (૬) ઉપયંત્ર (પાટા, દોરી, ચામડું વગેરે) ૨૫. પ્રત્યેકનાં માપ, આકાર વગેરેનું વર્ણન કર્યું છે.[૧]

સુશ્રુતે શસ્ત્રો (cutting instruments) મંડલાગ્ર આદિ વીશ ગણાવ્યાં છે, જેમાં જુદી જુદી જાતનાં ચાકુ (Knife-Sharp Curette), કરવત, કાતર, Trocar, સોઈ વગેરેનો સમાવેશ થાય છે. આ હથિયારોમાંથી છેદન, લેખન, ભેદન, વિસ્રાવણ, વ્યધન, આહરણ, એષણ અને સીવણ એ આઠ જાતનાં શસ્ત્રકર્મોમાંથી કયા કર્મમાં કયું વાપરવું, કેવી રીતે અમુક પકડવું, તથા હથિયારો વાપરવાની ટેવ કેવી રીતે પાડવી એ બાબતની પણ સૂચના સુશ્રુતે આપી છે.[૨]

શસ્ત્રક્રિયા—આ યન્ત્રો અને શસ્ત્રનો પ્રાચીન શસ્ત્રવૈદ્યો યોગ્ય ઉપયોગ ઘણી કુશળતાથી અને ઝડપથી કરતા હશે એ ચોક્કસ છે, કારણ કે આ જમાનાનાં દર્દીને ભાનરહિત કરનારાં ક્લોરોફોર્મ આદિ ઔષધો (anaesthetics)ના અભાવને લીધે મોટું શસ્ત્રકર્મ કરવું કેટલું બધું મુશ્કેલ થતું હશે એ સમજી શકાય છે. સુશ્રુતમાં ગંભીર શસ્ત્રકર્મ કરવા પહેલાં દર્દીને મદ્ય (દારૂ) પાવાનું લખ્યું છે અને એના ઘેનમાં પડેલાને શસ્ત્રના ઘાની વેદના નથી જણાતી એમ માન્યું છે,[૩] પણ એ વખતે

---

૧. સુશ્રુત સૂત્રસ્થાન, અ. ૭. આ યન્ત્રોની આધુનિક સાથે સરસ સરખામણી કવિરાજ ગણનાથ સેને 'Indian Medical Record'ના ૧૯૧૪ના ઑક્ટોબર અને ૧૯૧૫ના નવેમ્બર અંકમાં કરી છે.

સ્વ. શ્રી. ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાય બી. એ., એમ. ડી., એમણે 'Surgical Instruments of the Hindus' નામનો ગ્રન્થ લખ્યો છે.

૨. જુઓ સુશ્રુત સૂ. અ. ૮ તથા ૯.

૩. સુશ્રુત સૂ. અ. ૧૭, શ્લો. ૧૨ થી ૧૪.

શસ્ત્રકર્મ કેવું કષ્ટભરેલું હશે એ પથરીના શસ્ત્રકર્મનું સુશ્રુતે જે વર્ણન કર્યું છે (ચિ. અ. ૭) તે ઉપરથી દેખાય છે. એ કારણથી જ સુશ્રુતમાં કહ્યું છે કે " ન કરવાથી ચોક્કસ મૃત્યુ થશે અને કરવાથી સંદિગ્ધ હોય એટલે કે કદાચ બચી જાય એમ હોય તો શસ્ત્રકર્મ કરવું અને તે પણ રાજાની રજા લઈને" (એજન, શ્લો. ૨૯). આયુર્વેદના ઉપલા સ્પષ્ટ ઉલ્લેખો જોતાં 'ભોજપ્રબંધ'માં "મોહચૂર્ણથી રાજાને મોહ પમાડી માથાની ખોપરી ઉઘાડ્યાની તથા પાછું બંધ કરી ચામડી સીવી લીધા પછી સંજીવનીથી રાજાને જિવાડ્યાની" વાતને દંતકથા જ માનવી પડશે. આયુર્વેદમાં મોહચૂર્ણનો કે સંજીવનીનો પત્તો નથી તેમ જ 'ભોજપ્રબંધ' રચાયો ત્યારે વૈદ્યોમાંથી સુશ્રુત, વૃદ્ધવાગ્ભટના વખતનો શસ્ત્રક્રિયાનો અભ્યાસ તદ્દન નીકળી ગયો હતો.

પણ પ્રાચીન કાળમાં શસ્ત્રવૈદ્યો જરૂર પડતાં હિંમતથી હાથ-પગ કાપી નાખતા;[1] જલોદર રોગમાં વ્રીહિમુખ શસ્ત્રથી છેદ પાડી અને દ્વિદ્વારા નાડી—કલાઈ કે બીજી ધાતુની બે મોઢાવાળી નળી (Canula)—નાખી તે દ્વારા ચારપાંચ વખતમાં પાણી કાઢી નાખતા.[2] દાક્તરી પેરેસેન્ટેસિસ (Paracentesis) કરતાં આ રીત ઉત્તમ છે એમ કવિરાજ ગણનાથ સેન કહે છે. બસ્તિ ચીરીને પથરી કાઢવાનો વિધિ પણ વીગતથી વર્ણવ્યો છે.[3] પેટ ચીરીને અંદરના અવયવો ઉપર શસ્ત્રકર્મ (Laparatomy) કરવાનો વિધિ વર્ણવ્યો છે.[4] માથામાંથી શલ્ય કાઢવાનું કહ્યું છે[5] તે ખોપરીને ચીરીને (Trephining)

---

૧. સુશ્રુત શા. અ. ૬.
૨. એજન, ચિ. અ. ૧૪.
૩. એજન, ચિ. અ. ૭.
૪. એજન, ચિ. અ. ૧૪.
૫. એજન, ચિ. અ. ૨, શ્લો. ૬૯.

કરવાનું હશે. આવાં મોટાં શસ્ત્રકર્મો ઉપરાંત તાજા લડાઈમાં થતા ઘા અને શરીરની અંદર રહી ગયેલાં બાણનાં ફળાં(શલ્ય)ને શસ્ત્રક્રિયા કરીને કાઢવામાં તથા તેનાં વ્રણોની સારવારમાં[1] પ્રાચીન શસ્ત્રવૈદ્યને ઘણી જાતની ક્રિયા કરવી પડતી. વળી, લડાઈમાં તથા બીજી રીતે હાડકાં ભાંગી જાય તેની ચિકિત્સા પણ સુશ્રુતમાં છે.[2] પછી અર્શ, ભગંદર, પ્રમેહપિડકા, વિસર્પ રોગ, નાડીરોગ, ગાંઠ, અર્બુદ વગેરે રોગો ઉપર નાની શસ્ત્રક્રિયાઓ તો સામાન્ય હતી.[3] આવી શસ્ત્રક્રિયા પછી તેમ જ બીજી રીતે થયેલાં ઘારાંઓની ચિકિત્સા સુશ્રુતે વિસ્તારથી કહી છે.[4] આ શસ્ત્રક્રિયા ઉપરાંત એ વખતના શસ્ત્રવૈદ્યો ક્ષાર કર્મ, ડાંભ દેવાનું કર્મ (અગ્નિકર્મ), જળો લગાડીને લોહી કાઢવાનું કર્મ, ફસ ખોલીને લોહી કાઢવાનુ કર્મ વગેરે કર્મો પણ કરતા.[5] હાલમાં જળો લગાડવાનું તથા ફસ ખોલવાનું કામ બીજા લોકો પણ કરે છે, પણ વૈદ્યોમાંથી એ કર્મો ઘણા વખતથી નીકળી ગયાં છે. દાંત વગેરે ઉપરની તથા મૂઢ ગર્ભની શસ્ત્રક્રિયાની નોંધ પાછળ આવશે.

શાલાક્ય—આંખ, કાન, નાક, અને ગળાના રોગોની ચિકિત્સાના શાસ્ત્રને પ્રાચીનો શાલાક્યતંત્ર કહે છે. એ વિષયના જૂના કાળમાં જુદા ગ્રન્થો હતા, જેનો ઉલ્લેખ પહેલાં કર્યો છે. તેમાંથી સુશ્રુતે ઉત્તરતંત્રના (અ. ૧ થી ૨૬) અધ્યાયોમાં ખેંચેલો સાર અત્યારે જળવાઈ રહ્યો છે. સુશ્રુતે આંખના છોંતેર રોગો ગણ્યા છે,[6]

---

૧. એજન, ચિ. અ. ૨.

૨. એજન, ચિ. અ. ૩.

૩. એજન, ચિ. અ. ૬, ૮, ૧૨, ૧૭, ૧૮.

૪. એજન, સૂ. અ. ૧૭, ૧૮ તથા ચિ. અ. ૧

૫. એજન, સૂ. અ, ૧૦, ૧૨, ૧૩, ૧૪ અને શારીરસ્થાન અ. ૮.

૬. આયુર્વેદોક્ત આંખના રોગોને આધુનિક રીતે સમજાવવાનો પ્રયત્ન ડૉ. કે. એસ. મ્હસકરે Opthalmology of Ayurvedists નામના લેખમાં Journal of the Indian Medical Association, September, 1931 માં કર્યો છે,

કાનના અઠ્ઠાવીશ, નાકના એકત્રીશ અને માથાના અગ્યાર રોગો ગણ્યા છે. આંખ વગેરેના રોગો ઉપર ટીપાં નાંખવાં, સેક કરવો, આંખ, કાન વગેરે ધોવાં, આંખમાં દવા આંજવી, કાનમાં તેલ નાંખવું,[1] શિરોવિરેચન વગેરે ઉપચારો ઉપરાંત અનેક જાતનાં શસ્ત્રકર્મો કરવાનું પણ સુશ્રુતે કહ્યું છે.

દા. ત. અર્મ રોગ (Pterygeum) ઉપર છેદનનો ઉપદેશ સુશ્રુતે (ઉ. અ. ૧૫, શ્લો. ૫ થી ૯) સરસ આપ્યો છે. આ શસ્ત્રકર્મ હાલના દાક્તરી શસ્ત્રકર્મને મળતું છે એમ કવિરાજ ગણનાથ સેન કહે છે.[2] આંખના મોતિયાની શસ્ત્રક્રિયા, જેને હાલમાં (Couching) કહે છે, તે વર્ણવવામાં આવી છે[3] અને હાલમાં પણ કોઈ કોઈ એ ક્રિયા કરે છે.

શાલાકયતંત્રના વિષયમાં આંખ ઉપરાંત દાંતના રોગો વિશે બે શબ્દો કહેવાના છે. જોકે સુશ્રુતે શાલાકયતંત્રમાં મોઢાના રોગોને ગણ્યા છે, છતાં એ રોગોનાં ચિકિત્સાદિ ઉત્તરસ્થાનમાં આંખ વગેરેના રોગો સાથે નથી કહ્યાં, પણ નિદાન અને ચિકિત્સાસ્થાનમાં કહ્યાં છે, અને દાંતના રોગોની ચિકિત્સાનું ચિ. સ્થાન અ. ૨૨ માં વર્ણન કરતાં દાંત કાઢી નાખવાની, દંતમાંસના રોગોમાં છેદનની, દંતશર્કરાના ઉદ્ધરણ(removal of the tarter)ની ક્રિયા વગેરે આધુનિક દંતવૈદ્યકની ઘણી ક્રિયાઓ કહેલી છે. ડૉ. જમશેદજી જીવણજી મોદી કૃત્રિમ દાંતોની ગોઠવણની વાત પણ છે એમ કહે છે,[4] પણ મને તો એ મળતી નથી.

૧. આ ટીપાં તેલ વગેરે ઔષધોથી સિદ્ધ કરેલાં સમજવાં. સુશ્રુત ઉ. અ. ૮, શ્લો. ૪, ૫.

૨. જુઓ જયન્તી ગ્રન્થ, પૃ. ૭૫.

૩. સુશ્રુત ઉ. અ. ૧૭, શ્લો. ૫૭ થી ૬૧.

૪. જુઓ Journal of B. B. R. A. S. 1926, Vol. 2, No 1 માં છપાયેલાં Is Ayurved a Quackery ? નામનો ડૉ. મોદીનો લેખ તથા તેનો ' આયુર્વેદ વિજ્ઞાન ', પુ. ૧૦, પૃ. ૧૧૦માં છપાયેલો અનુવાદ.

ભૂતવિદ્યા—ભૂતવિદ્યા ખરી રીતે વેદકાળથી આ દેશમાં ચાલતી હતી અને હાલમાં જેમ ગામડાંમાં ભૂત, પ્રેત, જિન વગેરેના વળગાડોના વહેમો છે, તેમ જૂના કાળમાં પણ આ દેશમાં હતા. પણ વૈદ્યોએ તો એને રોગ તરીકે જોયા છે. વળી વાઈ, ઘેલછા જેવા માનસરોગોનાં નિદાન-ચિકિત્સાનો પણ ભૂતવિદ્યામાં સમાવેશ કર્યો છે. વળગાડના નિદાનમાં આઠ પ્રકારના ગ્રહો ગણ્યા છે અને તેની ચિકિત્સામાં જપ, હોમ વગેરે ધાર્મિક ક્રિયાઓની સૂચના કરી છે.[1] બાકી, વાઈ અને ઘેલછામાં તો નિદાન અને ચિકિત્સા બેય સામાન્ય વૈદ્યક સિદ્ધાન્તાનુસાર કહેલ છે.[2]

કૌમારભૃત્ય—કૌમારભૃત્ય શબ્દનો અર્થ બાળકોના ઉછેરની વિદ્યા એવો થાય, પણ બાળકોના રોગોનો પ્રાચીનોએ કૌમાર-ભૃત્યમાં જ સમાવેશ કર્યો છે. અને સુશ્રુતે બાળકોને થતા ઘણા રોગોને બાલગ્રહોની પીડાઓ ગણી છે.[3] આ એ વખતની પ્રચલિત માન્યતાનું સૂચક છે. બાકી જુદાજુદા ગ્રહોની પીડાનાં જે લક્ષણો આપ્યાં છે તે તો મોટે ભાગે રોગોનાં સૂચક છે. વળી, એના ઉપાય તરીકે હોમ, મંત્ર, પાઠ, સરસિયા તેલનો દીવો કરવો વગેરે ટુચકા લખ્યા છે, પણ દવાઓયે બતાવી છે.[4] વળી મોટાં માણસોને થતા જે જ્વરાદિ રોગો બાળકોને થાય તેને જુદા નોંધવાની જરૂર ચરક–સુશ્રુતે નહિ ગણી હોય; જોકે કાશ્યપસંહિતામાં એવા રોગોની ચિકિત્સા લખી જ છે. અજગલ્લિકા, મસૂરિકા (શીતળા) જેવા બાળકોને થતા રોગોને ક્ષુદ્ર રોગમાં સુશ્રુતે ગણ્યા છે.[5] આ ઉપરાંત

---

૧. જુઓ સુશ્રુત ઉત્તરસ્થાનનો અમાનુષોપસર્ગ પ્રતિષેધ નામનો ૬૦ મો અધ્યાય.

૨. જુઓ સુશ્રુત ઉત્તરસ્થાનના ૬૧ અને ૬૨ અધ્યાયો તથા ચરક ચિ. સ્થાનના ૯ અને ૧૦ અધ્યાયો.

૩–૪. જુઓ સુશ્રુત ઉ. અ. ૨૭ થી ૩૭.

૫. સુશ્રુત ચિ. અ. ૧૩.

કાશ્યપસંહિતામાં બીજે ન કહેલા બાલશોષ (Rickets) જેવા રોગનું ફક્કરોગ નામથી વર્ણન કર્યું છે[1] અને એ સંહિતામાં દાંતના ભેદ, દાંતની ઉત્પત્તિ વગેરે વિષયો તથા ધાત્રીની તેમ જ તેના દૂધની પરીક્ષા વગેરે બાબતો પણ ચર્ચી છે.[2]

યોનિવ્યાપત્તન્ત્ર (Gynaecology)—સુશ્રુતમાં યોનિવ્યાપત્પ્રતિષેધ અધ્યાય(ઉ. અ. ૩૮)ને કૌમારભૃત્યતન્તમાં ગણ્યો છે. યોનિરોગના કારણથી ગર્ભ રહેવામાં મુશ્કેલી આવે એ કારણ હશે. આ એક અધ્યાયમાં વીશ યોનિરોગો કહ્યા છે અને એ ઉપરાંત આર્તવના રોગોનું વર્ણન સુશ્રુતે શારીરસ્થાનના બીજા અધ્યાયમાં કર્યું છે[3] અને અર્શપ્રકરણ(નિ. અ. ૨)માં વર્ણવેલ યોનિપ્રરોહ પેઠે કોઈક સ્ત્રીરોગ બીજાં પ્રકરણોમાં પણ વર્ણવેલ છે.[4]

ગર્ભિણીવ્યાકરણ અને પ્રસૂતિતન્ત્ર—સુશ્રુત શારીરસ્થાનના દશમા અધ્યાયમાં અને ચરક શારીરસ્થાનના આઠમા અધ્યાયમાં ગર્ભ ક્યારે રહે, કેવી રીતે રહે, જુદે જુદે મહિને એનું રૂપ કેવું હોય, ગર્ભિણીને જુદા જુદા મહિનામાં કેવી રીતે સાચવવી, કસુવાવડ જેવી અપત્તિઓ અને છેવટ સુવાવડ વખતે માતાને તથા નવા જન્મેલા બાળકને શું કરવું એ સર્વે વિષયોનું, મતલબ કે ગર્ભવ્યાકરણ સાથે પ્રસૂતિતન્ત્રનું વર્ણન કર્યું છે.

---

૧. કાશ્યપસંહિતા, પૃ. ૧૦૦,

૨. કાશ્યપસંહિતા, સૂ. અ. ૧૯.

૩. ચરકસંહિતા ચિ. અ. ૩૦માં યોનિરોગોનું વર્ણન છે.

૪. યોનિવ્યાપત્તન્ત્ર વિષયક આયુર્વેદીય ગ્રન્થોમાં શું છે તે માટે તથા તે તે રોગના આધુનિક દાક્તરી પર્યાયો માટે જુઓ ડૉ. કૃ. શ્રી. મ્હસકરનો યોનિવ્યાપત્તન્ત્ર, પ્રસૂતિતન્ત્ર અને કૌમારભૃત્ય (Gynaecology, Obstetrics & *Pediatrics of the Ayurvedists*) નામનો *Journal of the* Indian Medical Association ૧૯૩૨ ના નવેમ્બર–ડિસેમ્બર અંકમાં છપાયેલો લેખ, અને તેનો 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૧૭, પૃ. ૯૯માં આપેલો સાર.

ચરક–સુશ્રુતમાં સુવાવડીને રાખવા માટે જે મકાન (સૂતિકાગાર)નું વર્ણન કર્યું છે, તેમાં હવા, પ્રકાશ, કોમળ વસ્ત્રો અને સુવાવડીનાં સુખસગવડનો એવો સારો વિચાર કરેલો છે કે સુવાવડીની હાલની સ્થિતિ લોકમાં અજ્ઞાન અને દરિદ્રતા વધ્યા પછી ઉત્પન્ન થઈ હશે એમ લાગે છે. અલબત્ત, ગૃહ્યસૂત્રને અનુસરતી ધાર્મિક વિધિ—સ્વસ્તિ-વાચનાદિની વાત પણ ચરક–સુશ્રુતમાં છે જ.

સુવાવડ મોટે ભાગે કુદરતી રીતે કોઈ પણ જાતની અડચણ વગર આવતી હોવા છતાં હમેશાં એવું નથી બનતું. ક્વચિત્ ગર્ભને બહાર નીકળવામાં મુશ્કેલી આવે છે. આ સ્થિતિ (Difficult labour and Abnormal presentions)ને આયુર્વેદમાં મૂઢગર્ભ કહેલ છે. મૂઢગર્ભના સુશ્રુતે આઠ પ્રકારો વર્ણવ્યા છે (સુ. નિ. અ. ૮ તથા ચિ. અ. ૧૫), જેમાં આડું આવવાના હાલમાં જાણવામાં આવેલા ઘણા પ્રકારો આવી જાય છે.[૧] વળી, આ મુશ્કેલીઓમાં મંત્રો અને ઔષધો નિષ્ફળ જતાં હાથથી ગર્ભને ફેરવીને કરવાની ક્રિયાઓ કહી છે તે પણ સયુક્તિક છે. અને છેવટ યોનિની સ્થિતિ કે ગર્ભનું શરીર એવાં હોય કે ગર્ભ બહાર ન જ નીકળી શકે અથવા ગર્ભ મરી ગયો હોય તો ગર્ભને કાપીને કાઢવાનું વિધાન પણ સુશ્રુતમાં છે. બનતાં સુધી જીવતા ગર્ભને શસ્ત્રથી ન કાપવો એવો સુશ્રુતનો આગ્રહ છે. માના પેટને ચીરીને પણ જીવતા ગર્ભને કાઢી લેવાનું સુશ્રુતમાં કથન છે, પણ એ વચનના શબ્દો જરા સંદિગ્ધ છે.[૨]

---

૧. આ વિષયની સવિસ્તર ચર્ચા માટે જુઓ એકેન્દ્રનાથ ઘોષનો 'મૂઢગર્ભ અને ચિકિત્સા' નામનો કલકત્તાની બીજી ઓરિયેન્ટલ કોન્ફરન્સ આગળ વાંચેલો નિબન્ધ અને તેનો 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૧૧, અં. ૪-૫ માં છપાયેલો અનુવાદ.

૨. જુઓ સુશ્રુત નિ. અ. ૮, શ્લો. ૧૪. આ શ્લોકમાં મરેલી માતા ઉપર શસ્ત્રકર્મ કરવાનું કહ્યું છે કે જીવતી માતા ઉપર, એ પ્રશ્ન છે. (જુઓ સુશ્રુતનું કુંજલાલ ભિષગ્રત્નનું અંગ્રેજી ભાષાન્તર, ઉપલા શ્લોક ઉપર ટીપ.)

આયુર્વેદમાં સુવાવડીને થતા સૂતિકારોગો (Puerperal diseases)નું પણ થોડું વર્ણન છે અને એ સૂતિકારોગોની ઔષધચિકિત્સા માત્ર હાલના વૈદ્યોમાં પ્રચલિત છે. બાકીની વિદ્યાઓમાંથી પ્રસૂતિતંત્ર વૈદ્યોમાંથી નીકળીને અભણ અસંસ્કારી સુયાણીઓના હાથમાં ઘણા વખતથી ચાલ્યું ગયું છે અને મૂઢગર્ભ-ચિકિત્સા વૈદ્યો માટે તો ગ્રન્થોમાં જ છે. બાકી, કોઈક ગામડામાં પરંપરાથી કે સ્વયંપ્રજ્ઞાથી મૂઢગર્ભક્રિયામાં ચમત્કારિક હસ્તકૌશલ મેળવેલો એકાદ ગામડિયો મળી આવે છે ખરો.

અગદતન્ત્ર (Toxicology)—સ્થાવર અને જંગમ સર્વ પ્રકારનાં ઝેરોની ચિકિત્સા જેનો વર્ણનવિષય છે તે આયુર્વેદનું અંગ અગદતન્ત્ર નામથી ઓળખાય છે. મૂળ, ફૂળ વગેરે તથા હરતાલ, સોમલ વગેરે ખનિજ દ્રવ્યો સ્થાવર વિષ ગણાય છે. સર્પ, વીંછી, ઝેરી ઉંદર, અનેક જાતનાં ઝેરી જીવડાં વગેરેનાં ઝેરો એ જંગમ વિષ ગણાય છે.[1] પ્રાચીન કાળમાં આ અગદતન્ત્ર જાણનારા ખાસ વૈદ્યો હતા અને રાજાઓ પાસે તથા લશ્કરમાં એ વૈદ્યોની ઘણી જરૂર પડતી.[2]

સ્થાવર વિષની બાબતમાં પાછળથી પહેલાં ન વપરાયેલાં વિષો વપરાયાં છે. તેમ જૂનાં કેટલાંક નામશેષ થઈ ગયાં છે. પણ સ્થાવર વિષના ભેદો, વિષનાં લક્ષણો, વિષની અસરની જુદી જુદી અવસ્થાની ચિકિત્સા વગેરે ઉપયુક્ત વિષયની શાસ્ત્રીય ચર્ચા તો સુશ્રુતમાં છે જ. ટાઢું પાણી માથે રેડવું, ઊલટી કરાવવી, મધ અને ઘી પાવાં, જુલાબ આપવો તથા વિષઘ્ન ઔષધો આપવાં એટલી સામાન્ય ચિકિત્સા છે.

---

૧. સુશ્રુતના કલ્પસ્થાનના આઠ અધ્યાયો તથા ચરકના ચિ. સ્થાનનો વિષચિકિત્સિત અધ્યાય.

૨. જુઓ ઉપર પૃ. ૧૦૨.

જંગમ વિષમાં આજે જે સર્પવિષ આ દેશનાં હજારો પ્રાણીઓનો ભોગ લે છે તેનું સુશ્રુતમાં પણ વિસ્તારથી વર્ણન છે. માત્ર દૃષ્ટિ અને નિઃશ્વાસથી વિષની અસર કરનારા સુશ્રુતોક્ત દિવ્ય સર્પો તો હાલમાં નથી, પણ સર્પની દાઢમાં વિષ હોય છે એ પ્રાચીનોને ખબર હતી. હાલના વૈજ્ઞાનિક ધોરણ ઉપર નહિ પણ સર્પોનું કાંઈક વર્ગીકરણ કરીને આયુર્વેદાચાર્યોએ વર્ણન કર્યું છે. પછી સર્પના ઝેરની અસરનું પણ સુશ્રુતમાં વર્ણન છે. સર્પવિષની ચિકિત્સામાં દંશની ઉપર મંત્રેલ પાટો બાંધવો, પછી દંશને કાપીને બાળવો, કાપી નાખવો કે ચૂસવો, અને પછી શિરાવેધથી લોહી કાઢવું એ સામાન્ય ક્રિયા અને પછી મન્ત્રથી ઉતારવો તથા ઔષધોના અગદો પાવા એટલી મુખ્ય ચિકિત્સા છે. વીંછીની ચિકિત્સા સર્પ પેઠે કરવાનું સુશ્રુત (ક. અ. ૮)માં કહ્યું છે અને હાલમાં પણ એયમાં દંશથી ઊંચે પાટો બાંધી મંત્રોપચારનો પ્રચાર છે. પણ કાળા નાગ (કોબ્રા)નું ઝેર પૂરું દંશમાં ઊતર્યું હોય તો એ ઊતર્યાના દાખલા દુર્લભ છે. એ જ રીતે આયુર્વેદમાં ગમે તેવા ઝેરને દૂર કરનાર ઔષધો લખ્યાં છે. અને આયુર્વેદ બહારનાં પણ ઘણાં લોકમાં વપરાય છે, પણ પ્રયોગથી શાસ્ત્રીય પરીક્ષા કરતાં ઝેર ઉતારનાર કોઈ ઔષધ ડૉ. મ્હસકરને મળ્યું નથી.[1]

સુશ્રુતમાં સર્પ, વીંછી ઉપરાંત જે ઝેરી જનાવરોના ઝેરનું વર્ણન છે તેમાં ઉંદરના ઝેરનું વર્ણન ખાસ છે. હાલમાં પણ કેટલીક વાર ઉંદર કરડવાથી તાવ વગેરે ઝેરી લક્ષણો થતાં દેખાય છે. ચિકિત્સામાં ડાંભ, લોહી કાઢવું અને ઔષધીય લેપો એ મુખ્ય

---

૧. જુઓ મૈસૂરના ૨૧ મા નિ. ભા. વૈદ્ય સંમેલન આગળ ડૉ. મ્હસકરે વાંચેલો **सर्पदंशे प्रयुज्यमाना भारतवर्षीया वनस्पतयः** નામનો નિબંધ તથા તે ઉપરથી શ્રી. બા. ગ. વૈદ્ય લખેલો **कालदष्टोपि जीवति** નામનો 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૧૪, પૃ. ૧૭ માં છપાયેલો લેખ.

છે. પછી કૂતરાં, શિયાળ વગેરેના કરડવાથી થતા હડકવા–(जलत्रास Hydrophobia)નું વર્ણન છે. એના ઉપાયો લખ્યા છે, અને સાથે માંત્રિક ઉપચાર કહેલ છે. હડકવા થયા પછી અસાધ્ય છે એ પણ નોંધ્યું જ છે.

છેવટ અનેક જાતનાં કીટોનાં ઝેરનું તથા ચિકિત્સાનું વર્ણન કર્યું છે, જેમાં ધરોળી, કીડી, દેડકાં, કાનખજૂરા વગેરેનો સમાવેશ થાય છે. આ કીટો તેમ જ વીંછી વગેરેની ઉત્પત્તિ છાણ, સર્પ વગેરેના સડામાંથી માની છે તે એ જમાનાની સામાન્ય કલ્પના લાગે છે.[1]

આ અગદતંત્રના વિષયમાં પાછળથી જ્ઞાન વધ્યું નથી.

રસાયન વાજીકરણ—ચરકસંહિતામાં સ્પષ્ટ કહ્યું છે કે[2] "ઔષધ બે જાતનું છે: એક નીરોગીનાં તેજ બળ આદિને વધારનારું અને બીજું રોગીના રોગને હરનારું." કાયચિકિત્સા આદિ આયુર્વેદાંગોમાં રોગીના રોગને હરનાર ઔષધની ચર્ચા છે, જ્યારે રસાયન વાજીકરણમાં પહેલા પ્રકારના ઔષધની ચર્ચા છે. અલબત્ત, કેટલાંક રોગહર ઔષધમાં થોડી રસાયન કે વાજીકરણની શક્તિ હોઈ શકે, તેમ રસાયન વાજીકરણ ઔષધો થોડુંઘણું રોગ હરવાનું કાર્ય કરે એમ ચરક સ્વીકારે છે.

"રસાયનથી માણસ દીર્ઘ આયુષ, યાદદાસ્ત, મેધા, આરોગ્ય, યૌવન, કાન્તિ, વાક્સિદ્ધિ, લોકવન્દ્યતા" આદિ મેળવે છે, એમ ચરક કહે છે.[3]

રસાયનના બે જાતના પ્રયોગો (૧) કુટીપ્રાવેશિક, અને (૨) વાતાતપિક ચરકમાં વર્ણવ્યા છે. વળી, આ પ્રયોગો વડે તથા એ

---

૧. જુઓ બ્ર. સૂ. ૨–૧–૬ના શાંકરભાષ્યમાં છાણમાંથી વીંછી આદિ ઉત્પન્ન થવાની વાત છે.

૨. જુઓ ચરકસંહિતા, ચિ. અ. ૧, શ્લો. ૪.

૩. એજન, શ્લો. ૭, ૮.

સિવાય પણ આયુર્વેદમાં કહેલાં રસાયન ઔષધોના સેવનથી દીર્ઘાયુષ, આરોગ્ય અને યૌવનની સ્ફૂર્તિ પ્રાપ્ત થાય એમ આયુર્વેદ માને છે.

રસાયન ગુણવાળાં અનેક ઔષધો અતિશયોક્તિવાળી ફલશ્રુતિ સાથે લખ્યા પછી પણ આયુર્વેદ એમ તો માને જ છે કે "સત્યવાદી, અક્રોધી, મદ્ય અને મૈથુનથી દૂર રહેનાર, અહિંસક, પ્રશાન્ત, જપપરાયણ, પવિત્ર, ધીર, તપસ્વી, જાગવું અને ઊંઘવું બેયને સમતાથી સેવનાર, હંમેશાં દૂધ ઘી ખાનાર, દેશકાળનું પ્રમાણ જાણનાર, પ્રશસ્ત આચરણવાળો, અધ્યાત્મ તરફ જેની ઇન્દ્રિયો વળેલી છે એવો અને જે જિતાત્મા છે તેને નિત્યરસાયન જાણવો અને એવા ગુણોવાળો જો રસાયનનું સેવન કરે તો યથોક્ત ગુણોનો લાભ મેળવે."[1] મતલબ કે ઔષધો અને ઉત્તમ ખોરાક સાથે મનની ઉચ્ચ સ્થિતિ પણ દીર્ઘાયુષ અને આરોગ્ય માટે આવશ્યક છે એમ આયુર્વેદ માને જ છે. અને જોકે ફલશ્રુતિમાં હજારો વર્ષનું આયુષ, યોજન સહસ્ર ગતિ વગેરે અતિશયોક્તિઓ છે,[2] પાછળથી અતિશયોક્તિનો પ્રકાર વધ્યો છે, પણ પ્રકૃષ્ટ મીમાંસક શબરસ્વામી સ્પષ્ટ કહે છે[3] તેમ પ્રાચીનકાળનાય બુદ્ધિશાળી વિદ્વાનો આવી અતિશયોક્તિ માનતા નહિ; એટલે હજાર વર્ષ કે હજાર તો દૂર રહ્યાં, સો વર્ષ જેટલું લાંબું પણ ભલે ન જિવાય, પણ વિધિપૂર્વક રસાયનસેવનથી આરોગ્યને અને કદાચ આયુષને પણ કાંઈક લાભ થાય છે એટલું માનવામાં વાંધો નથી.[4]

---

૧. જુઓ ચરક ચિ. અ. ૧, પા. ૪, શ્લો. ૩૦ થી ૩૪.

૨. એજન, અ. ૧, પા. ૩, શ્લો. ૧૩ અને પા. ૪–૭ તથા સુશ્રુત ચિ. અ. ૨૭, શ્લો. ૬.

૩. न रसायनानामेतत्सामर्थ्यं दृष्टं येन सहस्रसंवत्सरं जीवेयुः ।

—શબરભાષ્ય

૪. સુશ્રુત ચિ. અ. ૨૭ માં કહેલ વિડંગતંડુલના પ્રયોગનો સ્વ.

વાજીકરણ—સ્વસ્થ ને ઊર્જસ્કર ઔષધના બે પ્રકારોમાં એક રસાયન અને બીજું વાજીકરણ. વાજીકરણ કે વૃષ્ય એટલે પુરુષની સ્ત્રીસંભોગની શક્તિને વધારનાર ઔષધો. ઘણા જૂના કાળથી કામેચ્છાથી તીવ્રતાથી આ પ્રકારનાં ઔષધોની માગણી આ દેશમાં હતી એમ કામશાસ્ત્રના ગ્રન્થો તથા આયુર્વેદનાં વાજીકરણ પ્રકરણો જોતાં જણાય છે. પાછળથી એ માગણી ઘટી નથી પણ વધી છે. પરિણામે વૈદ્યકના પાછલા ગ્રન્થોમાં વૃષ્યયોગોની સંખ્યા વધી છે, અને આ જમાનામાં શક્તિની દવાઓની ગમે તેવી અતિશયોક્તિ-ભરેલી જાહેરખબરોથી છાપાંઓનાં પાનાં ભરેલાં દેખાય છે.

પણ આયુર્વેદોક્ત વાજીકરણપ્રયોગોમાંના ઘણામાં સાચો વાજીકરણ ગુણ હોય છે. વળી, આયુર્વેદમાં વાજીકરણ માટે પ્રાણિજ વસ્તુઓ—ખાસ કરીને બકરાં વગેરે પ્રાણીઓનાં વૃષણો—ખાવાનું વિધાન છે[1] એ જોતાં હાલમાં જે અવયવની ખામી હોય તે અવયવ આપવાની જે ચિકિત્સાપ્રણાલી (Orgenotherapy) પ્રસિદ્ધ થઈ છે તેની પ્રાચીનોને ખબર હતી એમ કહેવું પડશે.

વળી, નપુંસકતા ક્ષણિક તથા કાયમી શાથી થાય છે એ શાસ્ત્રીય વિષયનો પણ આયુર્વેદે વિચાર કર્યો છે, જોકે આયુર્વેદોક્ત વિચારણા યથાર્થ છે એમ હું નથી કહેતો. અમુક જાતનું નપુંસકપણું નથી જ મટતું એ પણ આયુર્વેદે કહેલું જ છે.[2]

ઝંડુ ભટ્ટજીએ તથા તેને અનુસરી બીજાઓએ ઘણો અનુભવ લીધો છે. (જુઓ ઝંડુ ભટ્ટજીનું ચરિત્ર, પૃ. ૮૭ થી ૯૦)

પં. માલવીયજીના સં. ૧૯૯૪ના કાયાકલ્પના પ્રયોગે જગાડેલી ચર્ચાઓ પણ આ વિષયમાં જોવા જેવી છે. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન,' પુ. ૨૧, અં. ૭, પૃ. ૧૯૫.

૧. જુઓ ચરક ચિ. અ. ૨, પૃ. ૨, શ્લો. ૧૦, ૨૮ વગેરે તથા સુશ્રુત ચિ. અ. ૨૬, શ્લો. ૧૮, ૧૯, ૨૫, ૨૬.

૨. સુશ્રુત શા. અ. ૨, શ્લો. ૩૮ થી ૪૪.

યુનાની સંસ્કૃતિ અને વૈદ્યકનો મુસ્લિમ્ રાજ્યકાળમાં આ દેશમાં પ્રચાર થયા પછી વિલાસિતા અને વાજીકરણ યોગોનો પ્રચાર એય વધ્યાં છે.

ઉપર પ્રમાણે આયુર્વેદનાં વિવિધ અંગો અને ઉપાંગોનું ટૂંકામાં વર્ણન કરવાનો હેતુ આયુર્વેદના મૂળ ગ્રન્થો ચરક–સુશ્રુતમાં શો છે તેનો સામાન્ય વાંચનારને સામાન્ય ખ્યાલ આવે એ છે. એથી વધારે ઊંડા ઊતરવા ઇચ્છનાર માટે તો મૂળ ગ્રન્થો જોવા એ જ રસ્તો છે. ઉપર જેનો અંગુલિનિર્દેશ પણ નથી થઈ શક્યો એવું વૈદ્યક મૂલ્યવાળું એ સંહિતાઓમાં ઘણું છે એ કહેવાની પણ ભાગ્યે જ જરૂર છે, પણ આયુર્વેદનો ઇતિહાસ સમજવા માટે આટલું પૂરતું છે એમ મને લાગે છે.

ચરક, સુશ્રુત, ભેલ અને કાશ્યપસંહિતા અને તત્સમકાલીન બીજી સંહિતાઓ, જેની નોંધ ઉપર આવી ગઈ છે, તેમાંથી કેટલીક (અત્યારે લુપ્ત હોવાથી કેટલી એ ચોક્કસ ન કહી શકાય) એટલું આયુર્વેદિક ગ્રન્થસાહિત્ય ઈ. સ. ચોથા શતક સુધીમાં તૈયાર થઈ ગયું હતું. આયુર્વેદનાં શલ્ય, શાલાક્ય, પ્રસૂતિતંત્ર આદિમાં એ પછીના કાળમાં નવી શોધો ભાગ્યે જ થઈ છે, પણ રસશાસ્ત્ર જેવી વૈદ્યકની નવી શાખાઓનો વિકાસ પાછળથી થયો છે. વળી, આયુર્વેદનું પછી શું થયું એ ઐતિહાસિક કુતૂહલને સંતોષે એવી તો ઘણી સામગ્રી છે; માટે આયુર્વેદના ઇતિહાસમાં આગળ ચાલીએ.

તૃતીય ખંડ

વાગ્ભટ

ચરક–સુશ્રુતની સંહિતાઓ પછી આયુર્વેદનો ઇતિહાસ જે જુદા જુદા પ્રવાહમાં ચાલ્યો છે તેમાં યોગસંગ્રહનો જે સૌથી મોટો પ્રવાહ ચાલ્યો તેનો આરંભ તે પછી તરતમાં, ઘણુ કરી ઈ. સ. ચોથા શતકમાં, નાવનીતકની રચનાથી થયો છે. પછી સંહિતા-ગ્રન્થો ઉપર ટીકા લખવાની શરૂઆત એ પછીના સૈકામાં ઘણું કરી થઈ છે, પણ એ બેયનું અવલોકન કર્યા પહેલાં ચરક–સુશ્રુત પેઠે આયુર્વેદનાં સર્વ અંગોની ચર્ચા કરનાર અને આયુર્વેદિક સાહિત્યમાં ચરક–સુશ્રુતથી જ ઊતરતું પણ લગભગ એની પંક્તિનું સ્થાન પ્રાપ્ત કરનાર—આયુર્વેદની વૃદ્ધત્રયીનો ત્રીજો ગ્રન્થ અષ્ટાંગસંગ્રહ કે વધારે યોગ્ય રીતે ગ્રન્થકર્તાને નજરમાં રાખીને કહીએ તો અષ્ટાંગસંગ્રહ અને અષ્ટાંગહૃદયના કર્તા વાગ્ભટનું અવલોકન પહેલાં કરી લેવું યોગ્ય છે.

વાગ્ભટના એ ગ્રન્થોમાં અષ્ટાંગસંગ્રહ વૃદ્ધવાગ્ભટ નામથી યોગ્ય રીતે જ પ્રસિદ્ધ છે. એમાં અષ્ટાંગસંગ્રહ પહેલો લખાયો છે અને મોટો પણ છે, એટલે પહેલાં એનો જ વિચાર કરવો ઉચિત છે.

અષ્ટાંગસંગ્રહ અને અષ્ટાંગહૃદયના કર્તા એક છે કે ભિન્ન એ પ્રશ્નને પાછળ રાખી પહેલાં અષ્ટાંગસંગ્રહના સમયનો વિચાર કરી લઈએ. અષ્ટાંગસંગ્રહમાં ચરક અને સુશ્રુત બેયનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે,[૧] અને એ બન્ને ગ્રન્થોમાંથી સળંગ પુષ્કળ ઉતારા

---

૧. જુઓ અષ્ટાંગસંગ્રહ ઉ. અ. ૫૦ માં ऋषिप्रणीते એ શ્લોક.

કર્યાં છે.[1] અષ્ટાંગસંગ્રહકાર પોતે જ ગ્રન્થના આરંભમાં કહે છે તેમ "આયુર્વેદમાં જુદાં જુદાં તંત્રોમાં એ જ વસ્તુ કવચિત્ થોડા વિશેષ સાથે વારંવાર કહી છે અને એ બધાં તન્ત્રો જોતાં જિંદગી પૂરી થઈ જાય, માટે વિસ્તાર અને પુનરુક્તિ છોડી થઈને તથા સંક્ષેપ માટે ક્રમનો ફેરફાર કરીને આયુર્વેદનાં સર્વ તંત્રોનો સાર અષ્ટાંગસંગ્રહમાં ખેંચ્યો છે." ચરક–સુશ્રુતમાં ન મળતું અથવા એથી મતભેદવાળું જે કાંઈ અષ્ટાંગસંગ્રહમાં મળે છે તે અત્યારે લુપ્ત બીજાં તંત્રોમાંથી લેવામાં આવ્યું છે એ ચોક્કસ છે. એમ છતાં અષ્ટાંગસંગ્રહનો મુખ્ય આધાર તો ચરક–સુશ્રુત જ છે. ચરક અને સુશ્રુત બેયની વસ્તુનો સંગ્રહ કરવાની ગ્રન્થકારની મતલબ છે એ વાત અષ્ટાંગહૃદયમાં તો સ્પષ્ટ કહી પણ છે.[2]

ટૂંકામાં ચરક–સુશ્રુત પ્રસિદ્ધ થયા પછી એટલે ઈ. સ. ચોથા શતક પછી અષ્ટાંગસંગ્રહની રચના થઈ છે, અને એની અર્વાચીન મર્યાદા જોઈએ તો માધવનિદાનના કર્તા માધવ અષ્ટાંગહૃદયમાંથી ઉતારો કરે છે;[3] માટે માધવ પહેલાં અષ્ટાંગહૃદય અને અષ્ટાંગસંગ્રહ બેયના કર્તા થઈ ગયા છે. હવે માધવનો સમય અરબી પુરાવા ઉપરથી ઈ. સ. સાતમા અથવા આઠમા શતકમાં માનવાનો મત હર્નલે આપ્યો છે અને એ સાધારણ રીતે સર્વમાન્ય થયો છે.[4]

---

૧. જુઓ દાખલા તરીકે વૈદ્ય પં. રામચન્દ્ર શાસ્ત્રી કિંજવડેકરે સંપાદિત અષ્ટાંગસંગ્રહ શારીરસ્થાનની ૧૯૩૮ની આવૃત્તિમાં આપેલી ઉલ્લેખસૂચિઓ.

૨. અષ્ટાંગહૃદય ઉ. અ. ૪૦, શ્લો. ૮૪.

૩. જુઓ માધવનિદાનના આરંભના निदानं पूर्वरूपाणि આદિ શ્લોકો અષ્ટાંગહૃદય નિ. અ. ૧ માંથી ઉતાર્યા છે. તેમ જ અર્શોનિદાનમાં અષ્ટાંગ–હૃદય અ. ૭ માંથી શ્લો. ૨૮ થી ૪૫ ઉતાર્યા છે.

૪. જુઓ જોશીનું 'ઇંડિયન મેડિસિન' પૃ. ૭–૯ તથા હર્નલનું 'સ્ટડીઝ ઇન ધી મેડિસિન ઑફ ઍન્શ્યંટ ઇંડિયા' પૃ. ૧૬ અને પી. સી. રાયનું 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી'નો ઉપોદ્ઘાત, પૃ. ૧૧૨.

અષ્ટાંગસંગ્રહનો સમય આથી વધારે નિશ્ચિત કરતાં હર્નલ કહે છે કે બૌદ્ધયાત્રી ઇત્સિંગ, જેઓ લગભગ ઈ. સ. ૬૭૫ થી ૬૮૫ સુધીનાં દશ વર્ષ નાલન્દામાં રહ્યા હતા, તેઓએ લખ્યું છે કે "પહેલાં (વૈદ્યકની) આઠ શાખાઓ આઠ પુસ્તકોમાં હતી, પણ હમણાં એક માણસે તેનો સંગ્રહ કરીને એક પુસ્તક બનાવ્યું છે અને હિંદુસ્તાનના વૈદ્યો તેને અનુસરીને ચિકિત્સા કરે છે" (રેકોર્ડ ઑફ બુદ્ધિસ્ટ પ્રેક્ટિસ). ઇત્સિંગનું ઉપરનું કથન વાગ્ભટના અષ્ટાંગ-સંગ્રહને ખાસ લાગુ પડે છે એમ હર્નલ કહે છે[1] એ મને સયુક્તિક લાગે છે, પણ એ ઉપરથી તેઓ એનો સમય ઈ. સ. ૬૨૫ ઠરાવે છે તે થોડો વહેલો હોવો જોઈએ એવું મને નીચેના કારણથી લાગે છે.

પ્રખ્યાત જ્યોતિષાચાર્ય વરાહમિહિર, જેઓ શક ૪૨૧ (ઈ. સ. ૫૫૬) માં થઈ ગયા છે, તેઓએ કાંદર્પિક પ્રકરણ (બૃહત્સંહિતા અ. ૭૬)માં માક્ષિક આદિ દવાઓવાળો એક પાઠ આપ્યો છે, જે અષ્ટાંગસંગ્રહ (ઉ. અ. ૪૯)માંથી ઉતારવામાં આવ્યો છે એ મેં અન્યત્ર વીગતવાર બતાવ્યું છે.[2] અને એ પુરાવાના બળથી હું અષ્ટાંગસંગ્રહને ઈ. સ. પાંચમા શતકમાં કે ઈ. સ. ૫૦૦ની આસપાસમાં મૂકું છું. મ. મ. કવિરાજ ગણનાથ સેન પણ ઉપલા પુરાવાનો ઉલ્લેખ કર્યા વગર અષ્ટાંગસંગ્રહને ઈ. સ. પાંચમા શતકમાં મૂકે છે.[3]

અષ્ટાંગસંગ્રહના કર્તાનું નામ વાગ્ભટ હતું. એના પિતામહનું નામ પણ વાગ્ભટ જ હતું અને તેઓના પિતાનું નામ સિંહગુપ્ત અને પોતે સિંધુમાં જન્મેલા એટલી હકીકત અષ્ટાંગસંગ્રહને

---

૧. હર્નલ : એજન, પૃ. ૧૦.

૨. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન,' પુ. ૩, પૃ. ૩૫૮.

૩. 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્ઘાત, આ. ૩, પૃ. ૫૪.

અન્તે આપી છે.[૧] આ મહાન વૈદ્ય વિશે આપણે એટલું જ જાણીએ છીએ. અલબત્ત, વાગ્ભટની પ્રખ્યાતિ એટલી બધી જૂના વખતમાં હતી કે એને વિશે ઘણી દંતકથાઓ ચાલેલી, જેમાં એક દંતકથામાં[૨] વાગ્ભટ, માળવાની ધારાનગરીમાં ભોજ રાજાના વૈદ્ય કહેલ છે, અને વૃદ્ધ વાગ્ભટ સસરો અને લઘુ વાગ્ભટ જમાઈ એવી કલ્પના કરી છે. આ વાગ્ભટે માત્ર દવાની સુગંધથી ભોજ-રાજાના શરીરમાંથી રાજ્યક્ષ્માનો રોગ દૂર કર્યાની ચમત્કારિક કથા આપી છે તથા કૌતુકવાળી કથા વાગ્ભટને આરોપી છે. પણ આ દંતકથાઓથી વાગ્ભટના ચરિત્ર ઉપર કશો પ્રકાશ પડતો નથી.

વાગ્ભટ એક કે બે?—અષ્ટાંગસંગ્રહના કર્તા વાગ્ભટ અને અષ્ટાંગહૃદયના કર્તા વાગ્ભટ એ એક જ કે જુદા જુદા? અષ્ટાંગસંગ્રહમાં કર્તાની ઓળખાણ જે શ્લોકથી આપી છે એ શ્લોક તો અષ્ટાંગ-હૃદયમાં નથી આપ્યો, પણ પ્રત્યેક સ્થાનની સમાપ્તિમાં 'સિંહગુપ્તના પુત્ર વાગ્ભટની આ કૃતિ' એ રીતે શબ્દો છે. અષ્ટાંગસંગ્રહના કર્તાના પિતાનું નામ પણ સિંહગુપ્ત છે. આ ઉપરથી વૈદ્યોમાં બેય ગ્રન્થોના કર્તા એક જ હોવાથી માન્યતા પ્રચલિત હતી. પછી પાશ્ચાત્ય વિદ્વાન હર્નલે અષ્ટાંગસંગ્રહના કર્તા ઈ. સ. ૬૨૫ માં થઈ ગયા અને એથી અર્વાચીન કાળમાં માધવ અને દઢબલ પછી. પણ ચક્રપાણિ દત્તે પહેલાં ઈ. સ. નવમા શતકમાં અષ્ટાંગહૃદયકાર થઈ ગયા છે એમ કહ્યું છે.[૩] હર્નલની આ વિષયની દલીલોનો સવિસ્તર વિચાર કર્યા પછી

---

૧. भिषग्वरो वाग्भट इत्यभून्मे पितामहो नामधरोऽस्मि यस्य ।
सुतोऽभवत् तस्य च सिंहगुप्तस्तस्याप्यहं सिन्धुषु लब्धजन्मा ॥
—અ. સં. ઉ. અ. ૫૦

૨. જુઓ મેરુતુંગના 'પ્રબંધચિંતામણિ' ગ્રન્થનો મેં કરેલો અને ફા. ગુ. સભાથી પ્રકાશિત અનુવાદ, પૃ. ૨૫૮ થી ૨૬૦

૩. હર્નલ 'સ્ટડીઝ ઇન મેડિસિન ઑફ એન્શ્યન્ટ ઇંડિયા', પૃ. ૧૬.

મેં સપ્રમાણ સાબિત કર્યું છે કે દૃઢબલ તો અષ્ટાંગસંગ્રહકારનીયે પહેલાં થયા છે, પણ અષ્ટાંગહૃદયકારને માધવ પછી માનવાની પણ જરૂર નથી.[૧] ખરી રીતે અષ્ટાંગહૃદયમાંથી માધવે ઉતારો કર્યો છે.[૨] એટલે અષ્ટાંગસંગ્રહકાર અને અષ્ટાંગહૃદયકાર જુદા કે એક એટલું જ વિચારવાનું છે. હર્નલ જુદા માને છે અને એને અનુસરીને બીજા પણ કેટલાક વિદ્વાનો જુદા માને છે. વધારે આશ્ચર્યકારક તો એ છે કે પં. હરિપ્રપન્નજી એને ભિન્ન માને છે અને 'સિંહગુપ્તસૂનુ' જેવા શબ્દો લેખકોએ અને પ્રકાશકોએ મૂળમાં ન જોયા છતાં મૂકયા છે એમ કહે છે.[૩] પણ બીજા કવિરાજ ગણનાથ સેન અને વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્ય જેવા વિદ્વાન વૈદ્યો અષ્ટાંગહૃદયના ઉ. અ. ૪૦ના ૭૯–૮૦ શ્લોકો ઉપર ભાર મૂકીને બન્નેના એક કર્તા હોવાનું માને છે. કવિરાજ ગણનાથ સેન તો બેય ગ્રન્થની ભાષા સરખી હોવાની તથા બેમાં મતભેદ ન હોવાની પણ દલીલ કરે છે, જોકે મને તો અષ્ટાંગહૃદયની કેટલીક પદ્યરચના વધારે સુન્દર લાગે છે. 'સિંહગુપ્તસૂનુ બેય વાગ્ભટ' છે એ દલીલમાં તો બહુ દમ નથી, કારણ કે રસરત્નસમુચ્ચયના કર્તા વાગ્ભટને પણ સિંહગુપ્તસૂનુ કહેલ છે.[૫] અને વાગ્ભટ નામના ઘણા ગ્રન્થકારો થઈ ગયા છે,[૬] પણ "અષ્ટાંગ વૈદ્યકરૂપ સમુદ્રના મંથનમાંથી અષ્ટાંગસંગ્રહરૂપ જે મોટો અમૃતરાશિ મળ્યો તેમાંથી

---

૧. જુઓ, 'આયુર્વેદ વિજ્ઞાન' પુ. ૮, પૃ. ૩૮ થી ૪૩.

૨. જુઓ ઉપર પૃ. ૧૫૫ તથા તેની ટિ. ૩.

૩. રસયોગસાગરનો ઉપોદ્‌ઘાત, પૃ. ૩૨.

૪. જુઓ 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્‌ઘાત, પૃ. ૫૪ તથા ચરકસંહિતાની આવૃત્તિ બીજીનો ઉપોદ્‌ઘાત, પૃ. ૧૩.

૫. રસરત્નસમુચ્ચય, અ. ૧–૯.

૬. જુઓ સટીક અષ્ટાંગહૃદય, નિ. સા. નું છઠ્ઠું સંસ્કરણ, ઈ. સ. ૧૯૩૯માં 'વાગ્ભટવિમર્શ', પૃ. ૪૧ માં આપેલી યાદી.

ઓછો શ્રમ કરનારાઓ માટે આ મોટા ફળવાળું જુદું તન્ત્ર રચ્યું છે" એ અષ્ટાંગહૃદય (ઉ. અ. ૪૦, શ્લો. ૮૦)નું વચન એકકર્તૃત્વનું સ્પષ્ટ સૂચક છે. અને એકતાના પક્ષમાં સૌથી પ્રબળ પુરાવો એ જ છે. સામા પક્ષમાં અષ્ટાંગસંગ્રહમાં હાડકાં વિસ્તારથી ગણાવ્યાં છે ત્યારે અષ્ટાંગહૃદયમાં હાડકાં ૩૬૦ છે એટલું જ કહી દીધું છે. તે ઉપરથી અસ્થિજ્ઞાનની જે આવશ્યકતા સુશ્રુતકાળમાં મનાતી તે અષ્ટાંગસંગ્રહના કાળમાં નહોતી મનાતી, છતાં પોતાનો ગ્રન્થ પૂરો સંગ્રહ ગણાય માટે અષ્ટાંગસંગ્રહમાં વીગતથી ગણાવ્યાં પછી વૈદ્યકના વિદ્યાર્થી માટે અનાવશ્યક લાગવાથી અષ્ટાંગ-હૃદયમાં છોડી દીધાં એમ માનવું કે અષ્ટાંગસંગ્રહ અને અષ્ટાંગહૃદય વચ્ચેના કાળમાં શરીરજ્ઞાનની ઉપેક્ષા વૈદ્યોમાં વધતી ગઈ એમ ગણવું? ચોક્કસ ઉત્તર આપવો મુશ્કેલ છે. જોકે હર્નલ તો માને છે કે વૃદ્ધ વાગ્ભટના કાળમાં શારીરજ્ઞાન સુશ્રુતથી ઓછું થયું હતું અને અષ્ટાંગહૃદયના કાળમાં ઘણું વધારે ઓછું થયું. બીજા પણ આવા દાખલાઓ છે. અષ્ટાંગસંગ્રહ અને અષ્ટાંગહૃદયના દિનચર્યાધ્યાયને સરખાવતાં ચરક–સુશ્રુતમાં નથી એવું કેટલુંક નવું અને ઉપયુક્ત અષ્ટાંગસંગ્રહમાં મળે છે, પણ અષ્ટાંગહૃદયમાં અષ્ટાંગ-સંગ્રહમાંથી દશ જ શ્લોકો છે, જયારે બાકીના ૧૯ નવા છે; તે નવામાં કોઈક રત્નરૂપ છે, છતાં અષ્ટાંગસંગ્રહમાં એ નથી. એથી ઊલટું અષ્ટાંગસંગ્રહના વ્યવહારોપયોગી શ્લોકો 'હૃદય'માં છોડી દીધા છે તે શા માટે? સંક્ષેપનું કારણ હોય તો નવા શા માટે મૂકયા?[1] આવી ઘણી મુશ્કેલીઓ એકતા માનવાના પક્ષમાં મને દેખાય છે, છતાં પ્રાચીન માનસને આધુનિક ગજથી ન માપવું જોઈએ; એટલે અષ્ટાંગસંગ્રહ રચ્યા પછી અમુક વર્ષો ગયાં કેડે અષ્ટાંગહૃદય એ જ વૈદ્ય વાગ્ભટે રચ્યું હોય કે સો દોઢસો વર્ષ

૧. જુઓ, મારો 'આયુર્વેદના દાર્શનિક તથા સદ્‌વૃત્ત સંબંધી પ્રકરણોનો અભ્યાસ', પૃ. ૬૮, ૬૯ એ લેખ, જેમાં બે વાગ્ભટને ભિન્ન માન્યા છે.

પછી એ જ નામના બીજા માણસે રચ્યું હોય એય સંભવ છે. ચોક્કસ કહેવા માટે પુરાવો નથી એવો મારો મત છે.

વૈદ્ય વાગ્ભટ ધર્મે વૈદિક હતા કે બૌદ્ધ એ વિશે પણ મતભેદ થયો છે, પણ મને તો અષ્ટાંગસંગ્રહનું મંગલાચરણ સ્પષ્ટ બૌદ્ધ લાગે છે. પહેલા શ્લોકમાં સ્પષ્ટ बुद्धाय છે અને બીજા શ્લોકના રાગાદિ રોગને સમૂલ ઉખેડી નાખનાર એક વૈદ્ય તે પણ બુદ્ધ જ. વળી, અષ્ટાંગસંગ્રહમાં સર્વ જ્વરનિવૃત્તિ માટે આર્યાવલોકિતને તથા આર્ય તારાને નમસ્કાર કરવાનું કહ્યું છે. આર્યાવલોકિતને ગુરુ પણ કહેલ છે (અ. સં. ઉ. અ. ૫૦). અન્યત્ર જિન, જિનસુત અને તારાની આરાધનાનો ઉલ્લેખ છે (ચિ. અ. ૨૧). મહાવિદ્યાનો એક સ્થળે ઉલ્લેખ છે (ઉ. અ. ૮). આવા ઉલ્લેખો ઉતારી વાગ્ભટવિમર્શના[1] લેખક વિષગાચાર્ય હરિશાસ્ત્રી પરાડકર વાગ્ભટને બૌદ્ધમતાવલંબી કહે છે, તે યથાર્થ લાગે છે. અષ્ટાંગહૃદયકાર એક હો કે જુદા, પણ બૌદ્ધ તો છે જ.

અષ્ટાંગસંગ્રહ અને અષ્ટાંગહૃદયનું વસ્તુ—વાગ્ભટે મુખ્યત્વે ચરક-સુશ્રુતમાંથી અને કંઈક અંશે અત્યારે ન મળતાં બીજાં તંત્રોમાંથી વૈદ્યકનાં સર્વ અંગોને લગતાં વસ્તુનો સંગ્રહ કરીને તેની ચરક-સુશ્રુતથી જરા જુદી રીતે ગોઠવણ કરી છે: (૧) સૂત્ર, (૨) શારીર, (૩) નિદાન, (૪) ચિકિત્સા, (૫) કલ્પ અને (૬) ઉત્તરસ્થાન. આ વિભાગો સુશ્રુતને અનુસરતા છે, છતાં સુશ્રુતના કલ્પસ્થાનમાં અગદતન્ત્ર છે, જ્યારે અષ્ટાંગસંગ્રહના કલ્પસ્થાનમાં વમન, વિરેચન અને બસ્તિના કલ્પો તથા તેની વ્યાપત્તિઓ વગેરે ચરકના કલ્પ અને સિદ્ધિસ્થાનવાળા વિષયોનું વર્ણન છે. ચરક અને સુશ્રુતનાં વસ્તુનો જ નહિ પણ ગોઠવણનો પણ વાગ્ભટે કેવો સંગ્રહ કર્યો છે એનો આ દાખલો છે. એ જ રીતે કાયચિકિત્સાનો

1. જુઓ અષ્ટાંગહૃદય સટીકની નિર્ણયસાગરે પ્રકાશિત કરેલી ૧૯૩૯ની આવૃત્તિમાં વાગ્ભટવિમર્શ, પૃ. ૯.

આખો વિષય પહેલાં પાંચ સ્થાનોમાં બહુધા સમાવી દઈને છઠ્ઠા ઉત્તરસ્થાનમાં બાકીના કૌમારભૃત્ય, ભૂતવિદ્યા (ઉન્માદ, અપસ્માર પણ), શાલાક્ય, શલ્ય, અગદતંત્ર અને રસાયન–વાજીકરણનો સમાવેશ કર્યો છે અને એ રીતે પ્રાધાન્ય કાયચિકિત્સાને આપ્યું છે. કદાચ એ જ કારણથી હાડકાંઓના વર્ણનમાં સુશ્રુતોક્ત ઘણી વાતો સ્વીકાર્યા છતાં કુલ સંખ્યા ચરકને અનુસરી ત્રણસો સાઠ કહી છે.

વાગ્ભટની દૃષ્ટિ સમજવા માટે આટલી તુલના બસ છે. બાકી વાગ્ભટે નવું ભાગ્યે જ કહ્યું છે એમ સામાન્ય રીતે કહી શકાય. છતાં ચરક-સુશ્રુતની બહારનો વધારો અષ્ટાંગસંગ્રહમાં કેટલોક છે. દા. ત. બાલગ્રહના પ્રકરણમાં, સુશ્રુતમાં જુદાજુદા ગ્રહના પ્રતિષેધમાં સ્નાનની—નવરાવવાની વાત અર્ધા કે એક શ્લોકમાં કહેલી છે (જુઓ ઉ. અ. ૨૮, શ્લો. ૯; અ. ૨૯, શ્લો. ૮; અ. ૩૦, શ્લો. ૮ વગેરે) અને આજ સુધી શીતળા વગેરેમાં નવરાવવાનો વિધિ પ્રચલિત છે, પણ અષ્ટાંગસંગ્રહમાં સ્નપનવિધિ નામનો લાંબો અધ્યાય છે (ઉ. અ. ૫), તેમાં નવરાવવા વખતે બોલવાના મંત્રો લંબાણથી આપ્યા છે. સુશ્રુતમાં સમંત્ર નવરાવવું એટલું જ છે. મતલબ કે વાગ્ભટમાં આ જાતનો વિશેષ છે અને તે બીજાં તંત્રોમાંથી આવ્યો હોવાનો સંભવ છે.

બીજો દાખલો શસ્ત્રકર્મોપયોગી યંત્રોના વર્ણનમાં (જુઓ અ. સં., સૂ. અ. ૩૪) સુશ્રુત કરતાં બે સંદંશયંત્રો ત્રણ શલાકાયંત્રો તથા કેટલાંક નાડીયંત્રો વધારે કહ્યાં છે. આ નાડીયંત્રોમાં યોનીક્ષણયંત્ર જેવા ઉપયોગી નાડીયંત્રનો સુશ્રુતમાં ઉલ્લેખ નથી, જ્યારે અ. સં. માં છે.[૧] આ જાતના વધારે દાખલાઓ આપવાની અહીં જરૂર નથી, અભ્યાસીઓ શોધી શકશે.

---

૧. યંત્રો સંબંધમાં આ બે ગ્રન્થોની તુલના માટે જુઓ સટીક સુશ્રુતની નિ. પ્રે. ની ૧૯૩૧ ની આવૃત્તિ, સૂ. અ. ૭ માં સંપાદકીય ટિપ્પણીઓ.

અષ્ટાંગસંગ્રહનો અષ્ટાંગહૃદય સંક્ષેપ છે; અષ્ટાંગસંગ્રહમાં સૂ. ના ૪૦, શારીરના ૧૨, નિદાનના ૧૬, ચિ. ના ૨૪, કલ્પના ૮ અને ઉત્તરના ૫૦ મળી કુલ ૧૫૦ અધ્યાયો છે, જ્યારે અષ્ટાંગ-હૃદયમાં કુલ ૧૨૦ અધ્યાયો છે. વળી, અષ્ટાંગસંગ્રહમાં ગદ્યપદ્યના મિશ્રણવાળી ક્લિષ્ટ રચના છે, જ્યારે અષ્ટાંગહૃદયમાં વિદ્યાર્થીને યાદ રાખવામાં અનુકૂળ સરસ પદ્યમય રચના છે. અધ્યાયો ઓછા કરવા સિવાય રચના બેયની એક જ છે. અલબત્ત, ક્વચિત્ અષ્ટાંગસંગ્રહની વીગતો જેમ અષ્ટાંગહૃદયમાં છોડી દીધી છે, તેમ નવી ઝીણી વીગતો ઉમેરી પણ છે. દિનચર્યાધ્યાય (અષ્ટાંગહૃદય સૂ. અ. ૨)નો વધારોઘટાડો ઉપર નોંધ્યો છે. બીજા દાખલાઓ અભ્યાસીઓ શોધી શકશે.

વાગ્ભટના આ બે ગ્રન્થોમાંથી અષ્ટાંગસંગ્રહ કદાચ એની રચનાની ક્લિષ્ટતાના કારણે બહુ લોકપ્રિય થયો નથી, પણ અષ્ટાંગ-હૃદય ખૂબ લોકપ્રિય થયો છે. દક્ષિણમાં, વિશેષતઃ મલબાર તરફ, સૈકાઓથી એ જ વૈદ્યકનો મુખ્ય પાઠ્યગ્રન્થ છે. "कलौ वाग्भट-नामा च" એ પ્રચલિત ઉક્તિમાં સત્યાંશ જરૂર છે.

વાગ્ભટે ઉપર કહેલા બે ગ્રન્થો ઉપરાંત અષ્ટાંગનિઘંટુ અને અષ્ટાંગાવતાર નામના ગ્રન્થો પણ રચ્યા હોવાનું વૈદ્ય હરિશાસ્ત્રી પરાડકર કહે છે[1] અને પુરાવામાં નોંધે છે કે મદ્રાસની ઓરિયેન્ટલ લાઇબ્રેરીના કેટલોગમાં 'શ્રી વાહટે રચેલ અષ્ટાંગહૃદય સંહિતામાં અષ્ટાંગનિઘંટુ સમાપ્ત થયો' એવી પુષ્પિકાવાળી હાથપ્રતો હોવાની નોંધ છે તથા અરુણદત્તે (સૂ. અ. ૧, શ્લો. ૫ ની) ટીકામાં 'આ જ તંત્રકારે અષ્ટાંગાવતારમાં કહ્યું છે' એમ લખ્યું છે. પણ અષ્ટાંગાવતારની હાથપ્રત હજી સુધી ક્યાંયથી મળી નથી અને અષ્ટાંગનિઘંટુ મદ્રાસ તરફના કોઈ વૈદ્યનો ઉમેરો હોય તો

---

૧. જુઓ અ. હ. ની નિ. પ્રે. ૧૯૩૯ ની આવૃત્તિમાં વાગ્ભટવિમર્શ, પૃ. ૨૬, ૨૭.

જુદી વાત, પણ તે અષ્ટાંગહૃદયની ઉપર સિવાયની હાથપ્રતોમાં મળતો નથી. એટલે વાગ્ભટે આ ગ્રંથો રચ્યા હોય એમ માનવામાં શંકા રહે છે.

વૃદ્ધત્રયીના ટીકાકારો

વૃદ્ધત્રયીમાં જેમ દૃઢબલની અનુપૂર્તિ વગરની ચરકસંહિતા પહેલી રચાઈ છે તેમ એના ઉપરની ટીકા પણ પહેલી રચાઈ છે–ઘણું કરી ઈ. સ. પાંચમા શતકમાં.

(૧) **ભટ્ટાર હરિચન્દ્ર**—ચરકના ટીકાકારોમાં પહેલું નામ ભટ્ટાર હરિચન્દ્રનું મળે છે. તેની રચેલી ચરકન્યાસ નામની ટીકાના શરૂઆતથી સૂત્રસ્થાનના ત્રણ અધ્યાય સુધીના ભાગનું એક પુસ્તક મદ્રાસના સરકારી પ્રાચ્ય પુસ્તકાલયમાં મળેલું છે, અને રાવળપિંડીના આયુર્વેદાચાર્ય પં. મસ્તરામ શાસ્ત્રી તરફથી કટકે કટકે છપાય છે. પહેલો કટકો છપાઈ ગયો છે.

બાણ કવિએ જે ભટ્ટાર હરિચન્દ્રનો 'હર્ષચરિત' (ઉ. ૧, શ્લો. ૧૨)-માં ઉલ્લેખ કર્યો છે તે આ જ અને ટીકાકાર જેજ્જટ[1] પોતાને વાગ્ભટના શિષ્ય ગણે છે અને તેણે હરિચન્દ્રનો ઉલ્લેખ કર્યો છે. વળી વાગ્ભટ પહેલાં હરિચન્દ્ર થઈ ગયો હોય એમ ચક્રપાણિ માને છે અને છેવટ મહેશ્વરે 'વિશ્વપ્રકાશકોશ'ના આરંભમાં ચરકના ટીકાકાર હરિચન્દ્ર સાહસાંક રાજાના વૈદ્ય હતા એમ કહેલું છે. એ બધા પુરાવાને આધારે સાહસાંક એટલે વિક્રમાદિત્ય અને ગુપ્તવંશનો ચંદ્રગુપ્ત બીજો એ જ વિક્રમાદિત્ય એવા ઇતિહાસવિદોના મતને અનુસરી વૈદ્યરાજ જાદવજી ત્રિકમજી આચાર્યે ભટ્ટાર હરિચન્દ્રનો સમય ઈ. સ. પાંચમા શતકમાં માન્યો છે.[1]

---

૧. જુઓ સટીક ચરકસંહિતા, નિ. પ્રે. ની ૧૯૪૦ ની આવૃત્તિનો ઉપોદ્ઘાત તથા 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૧૮, પૃ. ૧૮૧ માં બીજી આવૃત્તિના ઉપોદ્ઘાતનો અનુવાદ, તેમ જ એ જ પુ. માં પૃ. ૧૩૪ ઉપર ભટ્ટાર હરિચન્દ્ર નામનો લેખ.

આ ભટ્ટાર હરિચન્દ્રે ખરનાદસંહિતાનો પ્રતિસંસ્કાર કર્યો છે એવી જનશ્રુતિ અષ્ટાંગસંગ્રહની ઇન્દુ વ્યાખ્યાના સમયમાં પ્રચલિત હતી.

(૨) જેજ્જટ—ચરકના ટીકાકાર જેજ્જટ વાગ્ભટના શિષ્ય હોવાનું પોતે જ કહે છે. એની રચેલી નિરંતરપદ વ્યાખ્યાન નામની ટીકાનું એક પુસ્તક ચિકિત્સાસ્થાનથી આરંભી સિદ્ધિસ્થાન પર્યંત, પણ વચ્ચે વચ્ચે ઘણું ત્રુટિત, મદ્રાસના સરકારી પ્રાચ્ય પુસ્તકાલયમાંથી વૈદ્યરાજ જા. ત્રિ. આચાર્યે મેળવ્યું છે.[૧] આ જેજ્જટ ભટ્ટાર હરિચન્દ્રનું નામ લખે છે, માટે તેના પછી પણ વાગ્ભટનો સમકાલીન હોઇને ઈ. સ. પાંચમાના પાછલા ભાગમાં કે છઠ્ઠામાં થયો હશે. જેજ્જટે સુશ્રુતની વ્યાખ્યા પણ રચી હતી એમ ડલ્લન અને મધુકોશના ઉતારાઓથી જણાય છે. એના કૈય્યટ, મમ્મટ પેઠે ટાન્ત નામ ઉપરથી એ કાશ્મીરનો વતની હોવાની વૃદ્ધ વૈદ્યોમાં માન્યતા હતી; પણ એ વાગ્ભટનો શિષ્ય છે એ જોતાં સિન્ધનો હોવાનો સંભવ છે.[૨] આ જેજ્જટ સુશ્રુતના ટીકાકારોમાં સૌથી જૂનો છે. એની સુશ્રુત ઉપરની ટીકા અત્યારે મળતી નથી. ડલ્લને જેજ્જટની ટીકા જોઇને પોતાની ટીકા લખી છે એમ કહ્યું છે.

(૩) **ચક્રપાણિ દત્ત**—આ વૈદ્યકાચાર્ય, જેમણે ચરક ઉપર આયુર્વેદદીપિકા અને સુશ્રુત ઉપર ભાનુમતી ટીકા લખી છે, તેઓ નરદત્ત વૈદ્યના શિષ્ય, ગૌડ દેશના રાજાના વિશ્વાસપાત્ર વૈદ્ય, નારાયણના પુત્ર અને એ જ ગૌડરાજાના અન્તરંગ ભાનુદત્તના ભાઇ હતા, એ રીતે એમણે ચક્રસંગ્રહને અન્તે પોતાનો પરિચય આપ્યો છે. ચક્રપાણિ દત્તના આશ્રયદાતા આ ગૌડરાજા છે નયપાલદેવ એમ શિવદાસ સેને કહ્યું છે, અને આ નયપાલ રાજાનો સમય ઈ. સ.

૧. એજન.

૨. જુઓ ભાનુમતી ટીકા સાથેના સુશ્રુત સૂત્રસ્થાનનો ઉપોદ્ઘાત તથા ‘આયુર્વેદ વિજ્ઞાન’, પુ. ૨૨, અં. ૧૧, ૧૨ માં તેનો અનુવાદ.

૧૦૪૦ થી ૧૦૭૦ ઇતિહાસવિદોએ માન્યો છે, માટે ચક્રપાણિ દત્તનો પણ એ જ સમય ઠરે છે.

ચક્રપાણિ દત્તે કુલ ચાર ગ્રંથો લખ્યા છે. તેમાં ચરકની આયુર્વેદદીપિકા નામની ટીકા આખી મળે છે અને વારંવાર ચરક સાથે છપાઈ છે. તેની બીજી ટીકા સુશ્રુત ઉપર ભાનુમતી છે, તે સૂત્રસ્થાન સુધીની જ મળે છે અને હમણાંજ સુશ્રુતસૂત્રસ્થાન સાથે છપાઈ છે.[1] ચક્રપાણિ દત્તે ચક્રસંગ્રહ અને દ્રવ્યગુણસંગ્રહ એ બે ગ્રન્થો પણ લખ્યા છે, પણ એ વિષે કહેવાનો પ્રસંગ પાછળ આવશે.

(૪) **શિવદાસ સેન**—તેણે ચરકની તત્ત્વચન્દ્રિકા નામની વ્યાખ્યા લખી છે. વ્યાખ્યાની એક હાથપ્રત, જેમાં સૂત્રસ્થાનના આરંભથી ૨૭ અધ્યાયો સુધીની વ્યાખ્યા મળે છે, તે મુંબઈની રો. એ. સો. ના પુસ્તકાલયમાં છે. પ્રયત્ન કરવામાં આવે તો આખી પ્રત મળી શકે એવો વૈદ્યરાજ જા. ત્રિ. આચાર્યને વિશ્વાસ છે. આ શિવદાસ સેનનો વિશેષ વિચાર પાછળ આવશે.

સુશ્રુતના ટીકાકારો

(૫) **ગયદાસ**—સુશ્રુતના ટીકાકારોમાં પ્રાચીનતમ જેજ્જટનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે, અને કાળક્રમમાં બીજા ગયદાસ આવે છે. આ ગયદાસની પંજિકા નામની સુશ્રુત ઉપર ટીકા હતી. ટીકાકાર ડલ્લને વારંવાર ગયદાસનો ઉલ્લેખ કર્યો છે, અને પોતે મોટે ભાગે ગયદાસના પાઠોને સ્વીકાર્યા છે. આ ગયદાસે જેજ્જટનો ઉલ્લેખ કર્યો છે માટે એ જેજ્જટ પછી અને ડલ્લન પહેલાં ઘણું કરી ઈ. સ. સાતમા–આઠમા શતકમાં થયા હોવાનો સંભવ છે. ગયદાસની ટીકા પંજિકા કે ન્યાયચન્દ્રિકા નિદાનસ્થાનની મળી

---

૧. ચક્રપાણિ દત્ત વિશે ઉપર જે લખ્યું છે તે ભાનુમતી સાથે નિ. પ્રે. માંથી ૧૯૩૯ માં બહાર પડેલ સુશ્રુતસૂત્રસ્થાન સાથે મ. મ. કવિરાજ ગણનાથ સેનના ઉપોદ્ઘાતના આધારે છે.

છે અને સટીક સુશ્રુતની ૧૯૩૮ની ત્રીજી આવૃત્તિમાં છપાઈ છે. ઘણે સ્થળે ડલ્લનની ટીકા કરતાં સ્પષ્ટતર અને વિસ્તૃત છે. ગયદાસની શારીરસ્થાનની ટીકાની પ્રત પણ નરેશ શાસ્ત્રી પાસે છે એમ એ કહે છે.[1]

(૬) **ડલ્લનાચાર્ય** અથવા ડલ્હણાચાર્ય—કવિરાજ ગણનાથ સેન મથુરા પ્રદેશના નિવાસીનું નામ ડલ્લન જ ઠીક લાગે છે એમ કહે છે.[2] આ ડલ્લનાચાર્ય ઈ. સ. દશમા શતકમાં થઈ ગયા એવું અનુમાન થાય છે. તેઓ મથુરા પાસે આવેલ ભાદાનક દેશના ભરતપાલ નામના વૈદ્યના પુત્ર અને સહપાલ રાજાના પ્રીતિપાત્ર હતા, એમ એ પોતે જ સુશ્રુતની ટીકાના આરંભમાં કહે છે. આ સહપાલ રાજા મથુરા પ્રદેશના કોઈક ભાગનો અધિપતિ પણ સામંત હશે એવો ડલ્લને તેને સાદી રીતે 'ભાદનકનાથ' કહેલ છે[3] તે ઉપરથી કવિરાજ ગણનાથ સેન તર્ક કરે છે.[4] આ સહપાલ ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધ બંગાળના પાલ વંશનો, ઘણું કરી મહીપાલનો, પૂર્વજ હશે, એવો ગણનાથ સેનનો મત છે. પણ એ સામંત છે એટલે કોઈ ફટાયો હશે એવો મારો તર્ક છે. પાલ રાજાઓની સત્તા દશમા–અગિયારમા શતકમાં બંગાળની બહાર પણ ભારતમાં ફેલાઈ હતી એ ઇતિહાસપ્રસિદ્ધ છે.

બીજી તરફથી ગણનાથ સેન બતાવે છે[5] તેમ ૧૧મા શતકના ચક્રપાણિ દત્તનો, બીજી ટીકાઓમાં પુષ્કળ ઉતારા કરનાર ડલ્લને ક્યાંય ઉલ્લેખ કર્યો નથી અને નામ લીધા વગર ચક્રપાણિએ

---

૧. બોડલિયન લાયબ્રેરીમાંથી મંગાવેલી આ ખંડિત પ્રત છે.

૨. જુઓ ભાનુમતી સાથેના સુશ્રુતસૂત્રસ્થાનનો ઉપોદ્ઘાત.

૩. જુઓ સુ. ઉ. અ. ૨૬ ની ટીકાનો અન્તભાગ.

૪. જુઓ બીજી ટિપ્પણીમાં કહેલો ઉપોદ્ઘાત.

૫. એજન.

ડલ્લનના મતનું ખંડન કર્યું છે. એ જોતાં ડલ્લન ચક્રપાણિ પહેલાં એટલે દશમા શતકમાં થઈ ગયા હોવા જોઈએ.

ડલ્લન અને ચક્રપાણિની ટીકાના ઉત્કર્ષાપકર્ષનો વિચાર કરતાં ચક્રપાણિની ટીકા ઉચ્ચ કોટિનું પાંડિત્ય દર્શાવે છે, પણ વિદ્યાર્થીઓને ઉપકારક થાય એવી સરલાર્થતા, બીજા મતોને સંગ્રહવાની નિપુણતા, અનેકવિધ પ્રાચીન પાઠોને દર્શાવવાની કુશળતા અને વિદ્યાર્થીઓને બોધ થવામાં ખાસ ઉપયોગિતા ડલ્લનની ટીકાની છે એમ જે કવિરાજ ગણનાથ સેન કહે છે[1] તે યથાર્થ છે. અને એ જ કારણથી એની નિબન્ધસંગ્રહ ટીકાનો વધારે પ્રચાર થયો છે. ખરી રીતે હજી સુધી તો સુશ્રુતની સંપૂર્ણ ટીકા એ એક જ મળી છે.

ચરક અને સુશ્રુતની સંપૂર્ણ ટીકાઓ જેની મળે છે તે બે ટીકાકારો ચક્રપાણિ દત્ત અને ડલ્લન વિશે ગણનાથ સેન સુશ્રુતના પ્રથમ અધ્યાયમાંથી દાખલો ટાંકીને કહે છે કે[2] "ખોટા પાઠો કાઢી નાખીને જેનો અર્થ યુક્તિયુક્ત હોય એવા પાઠો નક્કી કરવાનો તો એમાંથી એકેય ટીકાકારે પ્રયત્ન કર્યો નથી."

સુશ્રુતના બીજા ટીકાકારો—ડલ્લને પોતાની ટીકાના આરંભમાં જેજ્જટ અને ગયદાસ ઉપરાંત પંજિકાકાર ભાસ્કર અને ટિપ્પનકાર માધવ તથા બ્રહ્મદેવનો ઉલ્લેખ કર્યો છે, અને કાર્તિક કે કાર્તિકકુંડ, સુધીર, સુકીર એટલા બીજા ટીકાકારોનાં નામો ડલ્લનની ટીકામાંથી ગણનાથ સેને ઉમેર્યાં છે. વળી, ટિપ્પણીકાર લક્ષ્મણનું નામ ક્વચિત્ ડલ્લનમાં મળે છે તથા ગૂઢપદભંગ નામની એક વ્યાખ્યાનું નામ પણ ડલ્લનમાં મળે છે, પણ તેના કર્તાનું નામ મળતું નથી એમ પણ એ વિદ્વાન કહે છે.[3] આ રીતે

૧. એજન.

૨. એજન.

૩. એજન.

સુશ્રુતની બાર વ્યાખ્યાઓ થઈ હોય એમ જણાય છે, પણ સંપૂર્ણ તો એક જ ડલ્લનની નિબન્ધસંગ્રહ મળે છે, જ્યારે ગયદાસની તથા ચક્રપાણિની અપૂર્ણ મળે છે. બાકીની બધી કાલમહોદધિમાં તણાઈ ગઈ છે.

વાગ્ભટની ટીકાઓ

અષ્ટાંગસંગ્રહ ઉપર જેજ્જટાદિની રચેલી બેત્રણ ટીકાઓ છે એમ ભિષગાચાર્ય શ્રી. હરિશાસ્ત્રી પરાડકર કહે છે,[1] પણ તેઓ કહે છે તેમ અત્યારે ઇન્દુએ રચેલી શશિલેખા નામની એક જ ટીકા સંપૂર્ણ મળે છે, જે ત્રિચુરના મંગલોદય પ્રેસમાંથી વૈદ્ય ટી. રુદ્રપારશવે ઈ. સ. ૧૯૨૬ માં છપાવેલ છે.

આ ઇન્દુનો ઉલ્લેખ હેમાદ્રિની અષ્ટાંગહૃદયની ટીકા (સૂ. અ. ૭, શ્લો. ૪)માં છે. એથી જૂનો ઉલ્લેખ મળ્યો નથી, એટલે ઈ. સ ૧૩મા શતક પહેલા ટીકાકાર ઇન્દુ થઈ ગયા હોવા જોઈએ. બીજી તરફથી કેરલ(મલબાર)ના વૈદ્યોમાં પરંપરાથી પ્રચલિત એક દંતકથા ઉતારતાં તન્ત્રયુક્તિવિચાર નામનો ગ્રન્થ લખનાર વૈદ્ય નીલમેઘે ગ્રન્થારમ્ભે કરેલા નમસ્કારમાં ઇન્દુ અને જેજ્જટને વાગ્ભટના શિષ્યો કહેલા છે.[2] અલબત્ત, આ દંતકથાને વિશેષ પુરાવાની અપેક્ષા તો રહે જ છે. ઇન્દુએ અષ્ટાંગહૃદય ઉપર પણ ટીકા કરી હોવાનું શ્રી. હરિશાસ્ત્રી પરાડકર કહે છે.[3]

અષ્ટાંગહૃદયના ટીકાકારો—અષ્ટાંગહૃદયની ઘણી ટીકાઓ થઈ છે. આયુર્વેદના બીજા કોઈ ગ્રન્થ ઉપર એટલી ટીકાઓ નહિ લખાઈ હોય એમ વૈદ્ય શ્રી. હરિશાસ્ત્રી પરાડકર કહે છે તે યથાર્થ

---

૧. સટીક અષ્ટાંગહૃદય, નિ. પ્રે. ૧૯૩૯માં વાગ્ભટવિમર્શ, પૃ. ૩૯.

૨. જુઓ શ્રી વંચીસેતુ લક્ષ્મી ગ્રન્થમાળામાં છપાયેલ તન્ત્રયુક્તિ-વિચારના આરંભના શ્લોકો તથા તેની અવતારિકા.

૩. વાગ્ભટવિમર્શ, પૃ. ૧૫.

લાગે છે.[૧] ચરક-સુશ્રુતના ભટ્ટાર હરિચન્દ્ર અને જેજ્જટ જેવા ટીકાકારોએ પણ અષ્ટાંગહૃદયની ટીકા કરી છે, એમ તેઓ કહે છે, પણ શા ઉપરથી કહે છે એ નોંધ્યું નથી. અને હરિચન્દ્ર તો વાગ્ભટ પહેલાં હોવાનો સંભવ ઉપર દર્શાવ્યો છે. એમણે અષ્ટાંગહૃદયની કુલ ૩૪ ટીકાઓનાં નામો લખ્યાં છે,[૨] જેમાંથી ૧૧ ના કર્તાઓનાં નામની ખબર નથી. વળી, એ યાદીમાં કર્ણાટી, દ્રાવિડી, કેરલી વગેરે ટીકાનાં નામો છે તે તો કદાચ કાનડી વગેરે ભાષામાં અનુવાદોના વાચક હશે. એ ગમે તેમ હો, પણ એ સંપૂર્ણ યાદી અહીં ન ન ઉતારતાં જે નવ ટીકાઓની પુરાવિદ પી. કે. ગોડેએ અષ્ટાંગહૃદયની પ્રસ્તુત આવૃત્તિના અંગ્રેજી ઉપોદ્‌ઘાતમાં ચર્ચા કરી છે[૩] તે તથા છપાયેલી એની ટૂંકામાં અહીં નોંધ કરી છે.

આ ચોત્રીસ કે અગિયારમાંથી જે બે છપાઈ છે તેનો વિચાર પાછળ રાખી બાકીની નવનાં નામ નોંધવામાં આવે છે.

(૧) આશાધરની ઉદ્યોત. આનો ઉલ્લેખ પીટર્સને આશાધરના ગ્રંથો ગણાવતાં કર્યો છે, પણ ઓફ્રેટના કેટેલોગસ કેટેલો-ગોરમમાં એની હાથપ્રતની નોંધ નથી એમ શ્રી. પી. કે. ગોડે કહે છે. આશાધર સપાદલક્ષના જૈન વિદ્વાન હતા અને ઈ. સ. ૧૨૪૦ માં વિદ્યમાન હતા.

(૨) ચન્દ્રનન્દનની પદાર્થચન્દ્રિકા. ઓફ્રેટમાં એની હાથપ્રતોની નોંધ મળે છે.[૪] શ્રી. પરાડકર પાસે પણ એની હાથપ્રતો છે. આ ચન્દ્રનન્દનનો હેમાદ્રિએ તથા ડલ્લને ઉલ્લેખ કર્યો છે એટલે એ દશમા શતક પહેલાં થઈ ગયા.

---

૧. જુઓ સટીક અષ્ટાંગહૃદય, નિ. પ્રે. ૧૯૩૯ માં વાગ્ભટવિમર્શ, પૃ. ૨૮.

૨. એજન, પૃ. ૨૯, ૩૦.

૩. એજન, પૃ. ૬ થી ૮ તથા તે ઉપરની ટિપ્પણીઓ.

૪. શ્રી. પી. કે. ગોડેના અંગ્રેજી ઉપોદ્‌ઘાતની ટિપ્પણીઓમાં કેટેલોગસ કેટેલોગોરમના સ્થળનિર્દેશો છે તે જિજ્ઞાસુએ ત્યાં જોઈ લેવા.

(૩) સમનારની ટીકાની હાથપ્રતની પણ ઓફ્રેટમાં નોંધ છે. સૂત્રસ્થાનની ટીકા તો વેંકટેશ્વર પ્રેસ (મુંબઈ)માં છપાઈ ગઈ છે.

(૪) ટોડરમલ્લની ટીકાની નોંધ પણ એમાં જ છે. શ્રી. પરાડકરે પણ એની હાથપ્રતો મેળવી છે. આ ટોડરમલ્લ તે મહાન મોગલ શહેનશાહ અકબરના મંત્રી ટોડરમલ્લ જ હશે. એના નામ ઉપર એક વૈદ્યક ગ્રન્થ પણ છે.

(૫) પાઠ્યા નામની એક ટીકાની પણ એમાં જ નોંધ છે.

(૬) હૃદયબોધિકા
(૭) બાલપ્રબોધિકા } આ બે ટીકાઓની પણ એમાં જ નોંધ છે.

(૮) ભટ્ટ નરહરિ અથવા નૃસિંહ કવિ—ભટ્ટ શિવદેવના પુત્ર—ની વાગ્ભટખંડમંડન ટીકાઓની એમાં જ નોંધ છે.

(૯) દામોદરની સંકેતમંજરીની નોંધ પણ એમાં જ છે.

(૧૦) અરુણદત્તની સર્વાંગસુંદરા ટીકા સંપૂર્ણ મળે છે. આ અરુણદત્ત મૃગાંક દત્તના પુત્ર અને આયુર્વેદના તેમ જ સંસ્કૃતવિદ્યાના સારા જ્ઞાતા હતા અને તેણે અનેક આયુર્વેદતંત્રોમાંથી ઉતારા કર્યા છે. અરુણદત્તે પોતાની ટીકામાં ક્વચિત્ પોતાનાં રચેલાં પદ્યો પણ મૂક્યાં છે. અરુણદત્ત વૈદિકધર્માવલંબી હતા એમ એના મંગલાચરણથી જણાય છે.[૧]

અરુણદત્તના સમયનો નિર્ણય ડૉ. હર્નલે નીચે ટૂંકામાં નોંધેલા પુરાવાથી નીચે પ્રમાણે કર્યો છે.[૨] અને કવિરાજ ગણનાથ સેન, વૈ. જાદવજી ત્રિ. આચાર્ય, શ્રી. પી. કે. ગોડે વગેરેએ એ નિર્ણયને માન્ય રાખ્યો છે.

---

૧. અરુણદત્ત નામધારી ત્રણેક ગ્રંથકારો સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં થઈ ગયા છે. (જુઓ સટીક અ. હૃ. માં વાગ્ભટવિમર્શ તથા શ્રી. ગોડેનો અંગ્રેજી ઉપોદ્ઘાત, પૃ. ૮.)

૨. હર્નલ, પૃ. ૧૭.

વાચસ્પતિએ માધવનિદાન ઉપર આતંકદર્પણ નામની ટીકા લખી છે અને તેના આરંભમાં એ કહે છે કે પોતે વિજયરક્ષિત અને તેના શિષ્ય શ્રીકંઠદત્તની મધુકોશ ટીકા જોઈ છે અને વિજયરક્ષિતે ચક્રદત્તનો ઉલ્લેખ કર્યો છે તથા આંખની રચનાની ચર્ચામાં અરુણદત્તના મતનું ખંડન કર્યું છે.[1] અહીં અરુણદત્તનું નામ લીધું નથી, પણ અરુણદત્તે (અ. હૃ. ઉ. અ. ૧૨, શ્લો. ૧ ની ટીકામાં) દર્શાવેલા મતથી તદ્દન ઊલટો મત દર્શાવ્યો છે.

હવે વાચસ્પતિએ ટીકાના આરંભના શ્લોકોમાં કહ્યું છે કે પોતાના પિતા પ્રમોદ હમ્મીર રાજાની અને મોટાભાઈ મહમ્મદ રાજાની સભામાં હતા. આ મહમ્મદ તે પ્રખ્યાત મહમ્મદ ઘોરી (ઈ. સ. ૧૧૯૩ થી ૧૨૦૫) એમ હર્નલ ધારે છે. વળી, વિજયરક્ષિતે ઈ. સ. ૧૨૯૩ માં યોગરત્નમાલા લખનાર ગુણાકરનો[2] ઉલ્લેખ કર્યો છે. મને એ ઉલ્લેખ મળ્યો નથી. આ ઉપરથી હર્નલે ઉપરના ત્રણ ટીકાકારો માટે નીચેનો કાલાનુક્રમ ગોઠવ્યો છે :

અરુણદત્ત	ઈ. સ. ૧૨૨૦ લગભગ
વિજયરક્ષિત	ઈ. સ. ૧૨૪૦ લગભગ
વાચસ્પતિ	ઈ. સ. ૧૨૬૦ લગભગ

અને આ ગોઠવણ ઘણે ભાગે સ્વીકારાઈ છે, પણ મને નીચેના કારણથી એમાં શંકા પડે છે. અલબત્ત, હેમાદ્રિએ પણ જેનો ઉલ્લેખ કર્યો છે તે અરુણદત્ત તો ઈ. સ. ૧૨૨૦ કે તેથીયે પહેલાં થયા હશે, કારણ કે તેણે સાતમા શતકના બાણ અને આઠમા શતકના માઘનો ઉલ્લેખ કર્યો છે, પણ તે પછીના કોઈનો નથી કર્યો, એટલે કદાચ ચક્રપાણિના અરુણદત્ત સમકાલીન પણ હોય.

---

૧. મા. નિ., નેત્રરોગનિદાન, શ્લો. ૨૯ ની ટીકા.

૨. પીટર્સનનો રિપોર્ટ, ૧૮૮૬ થી ૯૨, પૃ. ૨૬.

પણ વિજયરક્ષિતનો સમય હર્નલે ઈ. સ. ૧૨૪૦ માં મૂક્યો છે તેમાં શંકા પડવાનું એ કારણ છે કે વિજયરક્ષિતના શિષ્ય શ્રીકંઠે હેમાદ્રિનો ઉલ્લેખ કર્યો છે[1] એ જોતાં વિજયરક્ષિત અને શ્રીકંઠ ઈ. સ. ૧૩૦૦ પહેલાં થયા હોવાનો સંભવ નથી અને વાચસ્પતિ તે પછી ઈ. સ. ૧૪ મા શતકમાં થયા હોવા જોઈએ. તેણે ઉલ્લેખેલો મહમ્મદ તે મહમ્મદ ઘોરી નહિ, પણ પછીનો દિલ્હીનો સુલતાન અલાઉદ્દીન મહમ્મદશાહ પહેલો (ઈ. સ. ૧૨૯૬ થી ૧૩૧૬) કે મહમ્મદ તઘલખ (ઈ. સ. ૧૩૨૫ થી ૧૩૫૧) ગમે તે હોય અને હમ્મીર તે રણથંભોરનો ચોહાણ હમ્મીર (ઈ. સ. ૧૨૮૨ થી ૧૩૦૧) હોય એમ બધા ઉલ્લેખો જોતાં મને લાગે છે.

(૧૧) **હેમાદ્રિ**—અષ્ટાંગહૃદય ઉપર બીજી ટીકા હેમાદ્રિની આયુર્વેદરસાયન નામની છે. આ ટીકા ઘણો પ્રયત્ન કર્યા છતાં હજી સુધી સૂત્રસ્થાન અને કલ્પસિદ્ધિ સ્થાનની જ પૂરી મળી છે. અને એ ઉપરાંત નિદાનચિકિત્સાસ્થાનના પાંચછ અધ્યાયોની ૧૯૩૯ ની નિ. પ્રે. ની આવૃત્તિના સંપાદકને મળી છે, જોકે બાકીના ભાગની ટીકા પણ હેમાદ્રિએ રચી હશે એમ શ્રી પરાડકર માને છે.[1]

આ હેમાદ્રિ ચતુર્વર્ગચિન્તામણિ નામના ગ્રન્થના રચનાર તરીકે સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તે દેવગિરિના યાદવરાજા મહાદેવ (ઈ. સ. ૧૨૬૦ થી ૭૧) અને તેના અનુયાયી રામચન્દ્ર (ઈ. સ. ૧૨૭૧ થી ૧૩૦૯) ના મંત્રી હતા અને તેણે ઘણા સંસ્કૃત ગ્રન્થો લખ્યા છે.[2] હેમાદ્રિ કે હેમાડપંતને નામે મહારાષ્ટ્રનાં ઘણાં જૂનાં બાંધકામો પણ ચઢ્યાં છે. આયુર્વેદ-

---

૧. વાગ્ભટવિમર્શ, પૃ. ૩૩

૨. જુઓ દક્ષિણનો પૂર્વસમયનો ઇતિહાસ તથા 'હેમાદ્રિ યાંચે ચરિત્ર', મરાઠી પુસ્તક.

રસાયન ટીકા હેમાદ્રિએ ચતુર્વર્ગચિન્તામણિ લખ્યા પછી ઈ. સ. ૧૨૭૧ થી ૧૩૦૯ વચ્ચે રચેલ છે એમ શ્રી પી. કે. ગોડેએ આયુર્વેદરસાયનના આરંભના શ્લોકો ઉપરથી તર્ક કર્યો છે તે યથાર્થ લાગે છે. હેમાદ્રિની ટીકા એની વિદ્વત્તાની સૂચક તથા ઉલ્લેખોથી ભરેલી છે. વળી, તેણે મૂળ અ. હૃ.ના અધ્યાયોનો ક્રમ બદલીને જુદાજુદા સ્થાનના અધ્યાયોને પ્રકરણવાર સાથે લઈને ટીકા કરી છે. આ ફેરફાર હેમાદ્રિએ 'સુખસંગ્રહણ' માટે કર્યો છે એમ એ પોતે જ કહે છે.

હેમાદ્રિએ પોતાનું આત્મવૃત્ત ચતુર્વર્ગચિન્તામણિના આરંભમાં લખ્યું છે.

ઉપર ગણાવી છે તે ઉપરાંત ટીકાકાર શિવદાસ સેનની અ. હૃ. ઉત્તરસ્થાનની ટીકાની હાથપ્રત કવિરાજ શ્રી જ્યોતિષચન્દ્ર સેનને મળી છે[1] અને શ્રદ્ધેય સુરુજી પાસેથી સાંભળ્યું છે કે એ ટીકા કવિરાજ જ્યોતિષચન્દ્ર સેનથી જ સંપાદિત થઈને છપાશે.

હેમાદ્રિની ટીકામાંથી તથા વિજયરક્ષિત અને શ્રીકંઠદત્તની વૃન્દની ટીકામાંથી સુદાન્ત સેન, વાપ્યચન્દ્ર, ગદાધર અને ઈશાનદેવનાં નામો મળે છે, પણ તેઓની રચના વિશે કશું કહેવું મુશ્કેલ છે; જોકે વાપ્યચન્દ્ર અને ઈશાનદેવ ચરકના ટીકાકાર હોય એમ અનુક્રમે હેમાદ્રિના તથા વિજયરક્ષિતના ઉલ્લેખથી જણાય છે.[2] ગદાધર સુશ્રુતના ટીકાકાર શ્રીકંઠની ટીકા ઉપરથી જણાય છે[3] અને સુદાન્તસેન સ્વતંત્ર ગ્રન્થકાર વિજયરક્ષિતના કહેવાથી જણાય છે.[4]

---

૧. જુઓ વૈ. સં. પ. ડિસેમ્બર ૧૯૩૯ માં શ્રી જ્યોતિષચન્દ્ર સેનનો લેખ. આ ટીકા લક્ષ્મીરામ ટ્રસ્ટ તરફથી છપાય છે.

૨. જુઓ અ. હૃ. (નિ. પ્રે.ની ૧૯૩૯ આ.) પૃ. ૧૧૧, તથા માધવનિદાનની બે ટીકાવાળી ૧૯૨૦ ની નિ. પ્રે. ની આવૃત્તિ, પૃ. ૫૦.

૩. જુઓ વૃન્દમાધવ, પૃ. ૧૦૨ માં ટીકા.

૪. જુઓ મા. નિ. ની ઉપર કહેલી આવૃત્તિમાં પૃ. ૧૦.

વૈદ્યકના સંગ્રહગ્રન્થો અને તેના લેખકો

ચરક-સુશ્રુતની સંહિતાઓ રચાયા પછી તરતમાં સંગ્રહગ્રન્થો રચાવાનો આરંભ થયો છે એમ કહી શકાય. જૂનામાં જૂનો સંગ્રહ-ગ્રન્થ નાવનીતક[1] મળ્યો છે. આ ગ્રન્થના નામની પણ પચાસ વર્ષ પહેલાં કોઈને ખબર ન હતી. એ ગ્રન્થ કાશગર (પૂર્વ તુર્કસ્તાન)ના ખાંડેયરમાંથી લેફ્ટેનન્ટ બોઅરને મળ્યો હતો અને ઈ. સ. ૧૮૯૦ થી ૧૯૧૪ વચ્ચે એને ઉપોદ્ઘાત વગેરે સાથે હર્નલે પૂરેપૂરો પ્રકાશિત કર્યો. એ ગ્રન્થ, હર્નલે સપ્રમાણ સાબિત કર્યા પ્રમાણે, ઈ. સ. ચોથા શતકમાં લખાયો છે. આ રીતે નાવનીતક એ જૂનામાં જૂનો યોગસંગ્રહ છે; જોકે એ ગ્રન્થના કર્તાના નામનો પત્તો નથી. એમાં ચૂર્ણયોગાધ્યાય, ઘૃતપાનાધ્યાય, તૈલાધ્યાય, મિશ્રકાધ્યાય, બસ્તિ-યોગાધ્યાય, યવાગૂ અધ્યાય, વૃષ્યયોગાધ્યાય, નેત્રાંજન, કેશરંજન, અભયાકલ્પ, શિલાજિત અધ્યાય, ચિત્રકાધ્યાય, કુમારભૃત્ય, વંધ્યા-ચિકિત્સિત અને સુભગાચિકિત્સિત એ રીતે કુલ ૧૬ અધ્યાયો છે, પણ જે એક જ ચોથા શતકમાં લખાયેલ હાથપ્રત મળી છે તેમાં ૧૪ મા અધ્યાયથી આગળનાં પાનાં નથી.

આ ગ્રન્થના કર્તાએ ચરક, સુશ્રુત અને ભેલમાંથી ચૂર્ણો આદિના પાઠો ઉતાર્યા છે, પણ એને વૃદ્ધ વાગ્ભટની ખબર નથી; એટલું જ નહિ, પણ દૃઢબલનીયે ખબર નથી.[2] એટલે ચરકની દૃઢબલે અનુપૂર્તિ કરી તે પહેલાં આ રચાયો છે. અત્યારે આયુર્વેદના ઈતિહાસની દૃષ્ટિએ એ ગ્રન્થ ઘણો કીમતી છે.

ચિકિત્સાકલિકા—નાવનીતક પછી અનેક સંગ્રહગ્રન્થો રચાયા હશે, પણ ચિકિત્સાકલિકા પહેલાંનો કોઈ ગ્રન્થ મળ્યો નથી.

---

૧. નાવનીતકનો ઇતિહાસ જાણવા જેવો છે; પણ એ ઇતિહાસને સવિસ્તર જોવા ઇચ્છનારે 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૭, અં. ૧૦ માં છપાયેલો 'નાવનીતક' લેખ જોવો.

૨. જુઓ ઉપલી ટિપ્પણીમાં કહેલો લેખ.

ચિકિત્સાકલિકાના કર્તા તીસટ વાગ્ભટના પુત્ર હતા એમ ડૉ. ઑફ્રેટે લખ્યું હોવાની વૈદ્ય જા. ત્રિ. આચાર્યે નોંધ કરી છે;[1] પણ તીસટે પોતાના પિતાનું નામ જ લખ્યું નથી; એટલું જ નહિ, પણ ગ્રન્થના આરંભમાં હારીત, સુશ્રુત, પરાશર, ભોજ વગેરે ચિકિત્સકોનાં નામો લખ્યાં છે તેમાંય વાગ્ભટનું નામ લખ્યું નથી. વળી, પ્રથમ શ્લોકમાં પિતાના ચરણને નમસ્કાર કર્યા છે ત્યાં ટીકાકાર ચન્દ્રટ, જે તીસટના પુત્ર છે, તેણે પણ પોતાના દાદાનું નામ લખ્યું નથી; એટલે એકાદ હાથપ્રતની ઇતિશ્રી[2] ઉપરથી કરેલું ઑફ્રેટનું કથન વિશ્વાસપાત્ર નહિ માની શકાય.

તીસટે ચારસો શ્લોકમાં આ ગ્રન્થ લખ્યો છે. પહેલા ૯૮ શ્લોકમાં આયુર્વેદના ત્રણ દોષ, ધાતુઓ, મલો, શિરાઓ, ત્રણેય દોષનાં પ્રકોપનો, દોષો પ્રકુપિત થતાં થતા રોગો, તે તે દોષના પ્રશમનના ઉપાયો, ઔષધોના ગુણો, પછી તેલ, ઘૃત, ચૂર્ણ, પ્રલેપ, આસ્થાપન, અનુવાસન, નસ્ય, અંજન, બસ્તિ વગેરે યોગોનો વિધિ ઇત્યાદિ સામાન્ય સૂત્રોનું ટૂંકામાં નિરૂપણ કર્યા પછી જ્વરાદિ રોગોની લક્ષણકથનપૂર્વક સંક્ષિપ્ત ચિકિત્સા કહી છે. પણ તેમાં પ્રાચીન પ્રણાલિકાને અનુસરી કાયચિકિત્સા પૂરી કર્યા પછી શાલાક્ય, શલ્ય, ભૂતવિદ્યા, કૌમારતન્ત્ર, રસાયન અને વાજીકરણ એ રીતે વિભાગ પાડીને ચિકિત્સા કહી છે. અલબત્ત, ચારસો શ્લોકમાં "ઓછી વિદ્યાવાળા, જેની બુદ્ધિ સુશ્રુતાદિ શાસ્ત્રસમુદ્રમાં અજ્ઞાનથી મૂંઝાઈ જાય તેવા અબુધ વૈદ્યો માટે આ યોગસમુચ્ચય" રચેલો

---

૧. જુઓ સટીક ચરકસંહિતા, નિ. પ્રે., આ. ૨., ઉ. પૃ. ૧૩.

૨. શ્રી. હરિશાસ્ત્રી પરાડકર 'વાગ્ભટવિમર્શ' પૃ. ૧૬ માં લખે છે કે ચિકિત્સાકલિકાની ભાંડારકર પ્રાચ્ય વિદ્યામંદિરની હાથપ્રતમાં वाग्भटसूनुना तीसटदेवेन रचितं चिकित्साशास्त्रं એવી ઇતિશ્રી છે. કદાચ એ ઉપરથી ઑફ્રેટે નોંધ કરી હશે.

હોવાથી કયા રોગમાં શસ્ત્રકર્મ કરવું, કયા રોગોમાં શિરામોક્ષ કરવો, કયામાં જળો લગાડવી, કયાં દ્રવ્યોથી સોજાને પકાવવો અને વ્રણમાં ગુગ્ગુલુતિક્ત ઘૃત ક્યારે ભરવું વગેરે શલ્યતંત્રનો સાર આઠ જ શ્લોકમાં કહી દીધો છે. અલબત્ત, જ્વરાદિ રોગોની ચિકિત્સામાં જે જે પ્રાચીન ગ્રન્થોમાં રહસ્યભૂત ગ્રન્થકારને લાગ્યું તે કહ્યું છે અને એ રીતે ગ્રન્થ કીમતી છે, પણ કાયચિકિત્સાનું પ્રાધાન્ય અને શલ્યાદિ બીજાં અંગોની ઉપેક્ષા થઈને એ જ્ઞાનની અધોગતિનો આયુર્વેદના ઇતિહાસમાં આરંભ આ ગ્રન્થના રચનાકાળથી ગણવો જોઈએ એમ મને લાગે છે.

આ ચિકિત્સાકલિકા ઉપર એના કર્તા તીસટના પુત્ર ચન્દ્રટની વિદ્વત્તાભરેલી ટીકા છે. એ ટીકામાં ચન્દ્રટે ચરક, સુશ્રુત, ક્ષારપાણિ, ખરનાદ, ભેલ, પરાશર, વિદેહ, હારીત વગેરે જે નામો લખ્યાં છે તેમાં હરિચન્દ્ર અને જેજ્જટનું નામ છે. વળી, પોતે જોયેલા ગ્રન્થો ગણાવતાં જેજ્જટની સુશ્રુત ઉપરની ટીકાનો એ ઉલ્લેખ કરે છે. એ ઉપરથી જેજ્જટ પછી ચન્દ્રટ થયા છે એ નક્કી અને જેજ્જટ પોતાને વાગ્ભટના શિષ્ય કહે છે,[1] માટે વાગ્ભટ પછી પણ વાગ્ભટનો સીધો ઉલ્લેખ તીસટે કે ચન્દ્રટે નથી કર્યો એ જોતાં વાગ્ભટની પ્રસિદ્ધિ થયા પહેલાં એટલે છઠ્ઠા શતકમાં એ પિતાપુત્ર થયા હોવા જોઈએ એવો મારો મત છે.

ચન્દ્રટ—તીસટના પુત્ર ચન્દ્રટે પિતાના ગ્રન્થ ઉપર ટીકા રચવા ઉપરાંત એ પોતે એ ટીકાને અન્તે કહે છે તેમ યોગરત્નસમુચ્ચય અને સુશ્રુતની પાઠશુદ્ધિ એ બે રચના કરી છે. ચન્દ્રટ આયુર્વેદનો સારો વિદ્વાન છે એ તો એની ટીકા ઉપરથી જ દેખાય છે. એ જેને સુશ્રુતની પાઠશુદ્ધિ કહે છે તેની એક પ્રત ઇન્ડિયા ઑફિસ

---

૧. જુઓ ઉપર પૃ. ૧૬૪.

લાયબ્રેરીમાં છે.[1] કવિરાજ ગણનાથ સેન તો એને સુશ્રુતનો પ્રતિસંસ્કાર કહે છે.[2]

તીસટ અને ચન્દ્રટ બેય સૂર્યભક્ત છે.

રવિગુપ્ત—સિદ્ધસારસંહિતા અથવા સારસંગ્રહ નામના એક વૈદ્યક ગ્રન્થની હાથપ્રતો નેપાળમાંથી મળી છે. આ રવિગુપ્ત બૌદ્ધ હતા અને વૈદ્ય હોવા ઉપરાંત કવિ અને નૈયાયિક પણ હતા. સર્વાંગસુંદરા ટીકામાં જે રવિગુપ્તના સિદ્ધસારનો ઉલ્લેખ છે તે આ જ હોવાનો સંભવ છે. આ રવિગુપ્ત ઈ. સ. આઠમા શતકના આરંભમાં થઈ ગયા.[3]

માધવનિદાન અને તેના કર્તા માધવકર—તીસટ કહે છે તેમ ઓછી વિદ્યાવાળા વૈદ્યો માટે જેમ ઔષધોના સંગ્રહોની આવશ્યકતા લાગવા માંડી હતી તેમ જ કેવળ નિદાનવિષયક વચનોનો જુદો સંગ્રહ હોવાની પણ આવશ્યકતા લાગી જ હશે. અત્યારે આ વિષયમાં સૌથી જૂનો અને સૌથી માન્ય ગ્રન્થ **માધવનિદાન** છે. એના કર્તા પોતે કહે છે તેમ એણે પહેલાંના મુનિઓ—ચરક-સુશ્રુતાદિનાં વચનોનો સંગ્રહ કરેલો હોવા છતાં એને સ્વતંત્ર ગ્રન્થની પ્રતિષ્ઠા મળી ગઈ છે.

માધવકરે પોતાના ગ્રન્થનું નામ જોકે રોગવિનિશ્ચય રાખ્યું છે, પણ ગ્રન્થ 'માધવનિદાન' નામથી જ વધારે પ્રખ્યાત થયો છે. એમાં આરંભમાં પંચનિદાનલક્ષણ આપ્યા પછી જ્વર, અતિસાર વગેરે રોગોનું નિદાન ચરક, સુશ્રુત, વાગ્ભટાદિ ગ્રન્થોમાંથી વચનો ખેંચી લઈને તથા એ સંહિતાગ્રન્થોનો કેટલોક વિસ્તાર છોડી દઈને આપ્યું છે.

---

૧. જુઓ હર્નલ 'સ્ટડીઝ ઇન ધ મેડિસિન ઑફ એન્શ્યંટ ઇંડિયા', પૃ. ૧૦૦.

૨. ઉપર પૃ. ૭૩.

૩. જુઓ 'જર્નલ ઑફ આયુર્વેદ', એપ્રિલ, ૧૯૨૬, પૃ. ૩૭૩.

માધવનિદાનનો સમય—અરબી પુરાવો માધવને સાતમા-આઠમા શતકમાં મૂકે છે,[1] કારણ કે એલ્બીરૂની કહે છે તેમ પહેલા અબ્બાસીદ ખલીફોના સમયમાં જે સંસ્કૃત ગ્રન્થોનાં અરબીમાં ભાષાન્તરો થયાં છે તેમાં માધવનિદાન પણ હતું[2] અને કવિરાજ ગણનાથ સેન આદિ વિદ્વાન વૈદ્યોએ એ સમય કબૂલ રાખ્યો છે.[3] બીજી રીતે વાગ્ભટ પછી અને ચક્રપાણિ તથા વૃન્દની પહેલાં માધવ થઈ ગયા છે. તે ઇન્દુકરના પુત્ર છે, અને નામને છેડે કર આવે છે એ ઉપરથી તથા કિંવદન્તી ઉપરથી કવિરાજ ગણનાથ સેન એને બંગાળી ધારે છે. એ શિવભક્ત છે. માધવકરે રત્નમાલા નામનો પણ એક ગ્રન્થ લખેલો હોવાનો ઉલ્લેખ શ્રી ગોપીમોહન કવિરાજકૃત મુક્તાવલીના એક પદમાં મળે છે.[4]

માધવના ટીકાકારો—'માધવનિદાન' ઉપર બે ટીકાઓ મળે છે: (૧) શ્રી વિજયરક્ષિત અને તેના શિષ્ય શ્રીકંઠની મધુકોશ ટીકા, અને (૨) શ્રી વાચસ્પતિ વૈદ્યે રચેલી આતંકદર્પણ ટીકા. આને માટે ઉપર સકારણ બતાવ્યું છે તેમ વાચસ્પતિ ઈ. સ.ના ૧૪ મા શતકના પાછલા ભાગમાં થઈ ગયા અને વિજયરક્ષિત તથા તેના શિષ્ય શ્રીકંઠદત્ત તે પહેલાં પણ હેમાદ્રિ પછી એટલે ઈ. સ. ના ૧૪ મા શતકના પહેલા ભાગમાં થઈ ગયા.[5]

વિજયરક્ષિતની વિદ્વત્તા એની ટીકામાં પદેપદે દેખાય છે. તેણે આયુર્વેદની સંહિતાઓમાં ઊંડું અવગાહન કરેલું છે. એ શિવભક્ત છે. તેના શિષ્ય શ્રીકંઠદત્તે ગુરુની અધૂરી ટીકા પૂરી કરવા ઉપરાંત વૃન્દકૃત 'સિદ્ધયોગ' ઉપર કુસુમાવલી નામની ટીકા

---

૧. જોલીનું 'ઇંડિયન મેડિસિન', પૃ. ૭, ૯ અને હર્નલ પૃ. ૧૬.

૨. 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી,' પૃ. ૧૧૧, ૧૧૨.

૩. જુઓ 'પ્રત્યક્ષશારીર,' ઉપોદ્ઘાત, પૃ. ૫૫.

૪. જુઓ 'માધવનિદાન' (નિ. પ્રે.)નો ઉપોદ્ઘાત.

૫. ઉપર પૃ. ૧૭૨.

લખી છે. એ પણ આયુર્વેદનો વિદ્વાન છે. તેણે સિદ્ધયોગની ટીકામાં અનેક ટીકાકારોનાં નામ લખ્યાં છે. એ પણ શિવભક્ત છે.

વૃન્દકૃત સિદ્ધયોગ—ચિકિત્સાકલિકાના ધોરણ ઉપર રચાયેલો પણ એ કરતાં ઘણો વિસ્તૃત આ સિદ્ધયોગ ગ્રન્થ છે. માધવના ગદ-વિનિશ્ચયને અનુસરી જેનું ફળ અનુભવમાં આવ્યું હોય એવા યોગોનો પોતે સંગ્રહ કર્યો છે એમ વૃન્દ કહે છે. માધવનિદાનમાં આપેલા રોગવર્ણનના ક્રમને વૃન્દ અનુસરે છે એમાં તો શંકા નથી. બાકી એમાં આપેલા યોગો 'દષ્ટફળ' છે કે નહિ તે તો વૈદ્યોએ અનુભવ કરીને નક્કી કરવાનું રહ્યું. આ વૃન્દ ચરક, સુશ્રુત, વાગ્ભટ અને માધવ પછી અને ચક્રદત્તની પહેલાં થયા છે. માધવને વૃન્દ અનુસરે છે એટલે એની પછી એમાં તો શંકા જ નહિ. સ્નાયુક રોગ, જેનું વર્ણન માધવનિદાનમાં નથી, તેનું વર્ણન વૃન્દે વિસ્ફોટાધિકારને અન્તે કર્યું છે. એ વર્ણન યથાર્થ છે અને ચક્રદત્તે વૃન્દના શબ્દો જ સ્નાયુક રોગની ચિકિત્સાના વર્ણનમાં ઉતાર્યા છે. ચક્રદત્તે એ રોગનું નિદાન તો લખ્યું જ નથી, પણ વૃન્દોક્ત નિદાન પોતાને કબૂલ છે એવો આશય રાખ્યો છે. ચક્રદત્તના ટીકાકાર શિવદાસ સેન કહે છે તેમ "સ્નાયુક રોગ રુગ્વિનિશ્ચયમાં નથી કહ્યો, પણ વૃન્દમાં કહ્યો છે." મતલબ કે એમાંથી ચક્રદત્તે લીધો છે. ચક્રદત્તે પોતે વૃન્દના સિદ્ધયોગમાંથી યોગો લીધા હોવાનો સ્વીકાર ચક્રસંગ્રહને અન્તે કર્યો છે. ચક્રદત્તનો સમય ઈ. સ. ૧૦૬૦ નિશ્ચિત હોવાથી વૃન્દનો સમય કવિરાજ ગણનાથ સેન કહે છે[૧] તેમ ઈ. સ. નવમા કે દશમા શતકમાં હોવાનો સંભવ છે.

વૃન્દના ટીકાકાર કહે છે તેમ પશ્ચિમમાં (મારવાડમાં) વધારે થતા નવા રોગોનું વૃન્દે ખાસ વર્ણન કર્યું છે એ જોતાં તે પશ્ચિમ હિંદના વતની હોય એવો તર્ક થઈ શકે. વૃન્દ શિવભક્ત છે.

---

૧. જુઓ 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્ઘાત, પૃ. ૫૫.

ચક્રપાણિ દત્ત જેવા ચરક–સુશ્રુતના પારંગત વિદ્વાને જેનું અનુસરણ કરવું યોગ્ય ગણ્યું છે તે ગ્રન્થ યોગસંગ્રહની દૃષ્ટિએ કીમતી હોવો જ જોઈએ.

જ્વરથી આરંભી વાજીકરણ સુધીના ૭૦ અધિકારોમાં આરંભમાં ચિકિત્સાના સિદ્ધાન્તો ટૂંકામાં કહ્યા પછી યોગોનો સંગ્રહ કર્યો છે. પછીના અધ્યાયોમાં સ્નેહ, સ્વેદ, વમન, વિરેચન, બસ્તિ, ધૂમ, નસ્ય, કવલ અને અરિષ્ટનું વર્ણન કર્યું છે. પછી ૮૧ મો સ્વસ્થાધિકાર છે, જેમાં પ્રાચીન આયુર્વેદાચાર્યોની પ્રથાને અનુસરી આરોગ્ય માટે પરસ્ત્રી અને પરધનની ઇચ્છા ન કરવાનો તથા અહિંસાપરાયણ રહેવાનો ઉપદેશ આપ્યો છે. છેલ્લો મિશ્રકાધિકાર છે, જેમાં વૈદ્યકનાં ચાર પાદ, માન, પરિભાષા વગેરે પ્રકીર્ણ વિષયો છે.

વૃન્દના આ સિદ્ધયોગ ઉપર શ્રીકંઠ દત્તની વ્યાખ્યા કુસુમાવલી નામની ટીકા છે. આ શ્રીકંઠે જ માધવનિદાનની ટીકા લખવામાં ભાગ લીધો છે એ ઉપર કહ્યું છે. એ ૧૪ મા શતકમાં થઈ ગયો. એણે ટીકા ક્યાંક ક્યાંક અધૂરી રાખેલી તે નાગરજ્ઞાતિના ભાભલ્લના પુત્ર નારાયણે પૂરી કરી છે એમ આનન્દાશ્રમ ગ્રન્થમાલાની આવૃત્તિમાં ટીકાને અન્તે લખેલું છે.

ભોજરાજાનો રાજમાર્તંડ—ભોજના નામ ઉપર અલંકાર, જ્યોતિષ વગેરે વિષયોના ગ્રન્થો મળે છે, તેમ રાજમાર્તંડ નામનો એક વૈદ્યક ગ્રન્થ પણ મળે છે. આ રાજમાર્તંડ યોગસંગ્રહાત્મક ટૂંકો ગ્રંથ છે. એ માળવાના પ્રખ્યાત રાજા ભોજ (વિ. સં. ૧૦૫૭ થી ૧૧૧૨)નો છે એની ખાતરી નથી, પણ પોતે મહારાજા હોવાનું તો ગ્રન્થારમ્ભે કર્તા કહે છે, અને રાજા ભોજ જાતે વિદ્વાન અને વિદ્વાનોના આશ્રયદાતા તરીકે પ્રસિદ્ધ છે. એ જોતાં એણે કે એના આશ્રિત વૈદ્યે આ ગ્રન્થ રચ્યો હોવાનો સંભવ છે.[1]

---

૧. વૈદ્યરાજ જા. ત્રિ. આચાર્યે આયુર્વેદ ગ્રન્થમાળામાં મુંબઈમાં આ ગ્રન્થ છપાવ્યો છે.

ચક્રદત્તના બે ગ્રન્થો—ચરક-સુશ્રુતના આ પ્રખ્યાત ટીકાકારના સમય વગેરેની ચર્ચા એની ટીકાના અવલોકન પ્રસંગે કરી છે. એ વૈદ્ય મહામહોપાધ્યાય અને શિવભક્ત છે એમ એના ચક્રસંગ્રહના મંગલાચરણથી જણાય છે અને બ્રાહ્મણ છે એમ ગ્રન્થાન્તે આપેલા શાપથી અનુમાન થાય છે. ચક્રદત્તે વૃન્દના સિદ્ધયોગને અનુસરીને પોતાનો યોગસંગ્રહ લખ્યો છે એટલું તો એ પોતે પર સ્વીકારે છે. અલબત્ત, વૃન્દ કરતાં એણે યોગો વધારે લખ્યા છે અને કદાચ એ જ એની વિશેષતા હશે. સાધારણ રીતે આ પાછલા જમાનામાં એ જ દ્રવ્યોના નવા નવા યોગો વધતા ગયા છે. એક જ યોગમાં થોડો ફેરફાર તથા ફલશ્રુતિમાં વધારોઘટાડો પણ જોવામાં આવે છે. બાકી તો આદિથી અન્ત સુધી ચક્રસંગ્રહ વૃન્દના સિદ્ધયોગને અનુસરે છે.

ચક્રસંગ્રહ ઉપર રત્નપ્રભા નામની કોઈની ટીકા હતી, પણ એ વધારે વિસ્તૃત તથા ભૂલભરેલી લાગવાથી ચરકસંહિતા ઉપર ટીકા લખનાર શિવદાસ સેને ચક્રસંગ્રહ ઉપર તત્ત્વચન્દ્રિકા નામની ટીકા લખી છે.

શિવદાસ સેન મંગલાચરણથી વૈષ્ણવ ઠરે છે, સેનાન્ત નામથી બંગાળના વૈદ્ય જાતિના જણાય છે. એ પોતાને ગૌડદેશના માલંચિકા ગામનો વતની અને ગૌડરાજાના વૈદ્ય અનન્ત સેનનો પુત્ર કહે છે. એના સમયનો નિર્ણય એ દ્રવ્યગુણસંગ્રહની ટીકામાં પોતે ગૌડરાજા બાર્બક સાહ પાસેથી અન્તરંગ પદવી અને છત્ર પ્રાપ્ત કર્યું હતું એમ કહે છે તે ઉપરથી થઈ શકે છે.[1] આ બાર્બક સાહ વે

---

૧. ચક્રદત્તના દ્રવ્યગુણસંગ્રહની શિવદાસ સેનની ટીકાના ઉપર કહેલા શ્લોકનો પાઠ પહેલાં તો ખોટો છપાયેલો, પણ હમણાં કવિરાજ જ્યોતિષ ચન્દ્રસેને બાર્બક સાહ પાઠ જોઈએ એમ નક્કી કર્યું છે. જુઓ વૈ. સં. ૫. ડિસેમ્બર, ૧૯૩૯ માં શિવદાસ સેનની 'લઘુવાગ્ભટ ટીકા' નામનો લેખ.

જોનપુરનો દિલ્હીથી નિમાયેલો સૂબો હતો. એનો સમય ઈ. સ. ૧૪૮૭ થી ૧૪૮૯ છે.[1] શિવદાસ સેનની લઘુવાગ્ભટ ટીકાની હાથપ્રત શકાબ્દ ૧૪૪૮ની મળી છે.

બંગસેન—વૃન્દના સિદ્ધયોગને અને ચક્રદત્તના ચક્રસંગ્રહને મળતો આ બંગસેનનો ચિકિત્સાસારસંગ્રહ નામનો ગ્રન્થ છે. એ ગ્રન્થના કર્તા પોતાને કાન્તિકાવાસમાં જન્મેલા તથા ગદાધરના પુત્ર કહે છે, અને મંગલાચરણ ઉપરથી શિવભક્ત તથા સેનાન્ત નામ ઉપરથી બંગાળી જણાય છે. ચરક–સુશ્રુત, વાગ્ભટ અને માધવ પછી તો બંગસેન છે જ, પણ વાળા(स्नायुक)નાં નિદાન-ચિકિત્સા વૃન્દમાંથી ઉતારે છે એટલું જ નહિ, પણ એમાં પોતાના તરફથી ઉમેરો કરે છે એ જોતાં વૃન્દ પછી અમુક કાળે બંગસેન થયા છે એટલું નક્કી. હવે ચક્રદત્તની ગ્રહણીચિકિત્સામાં એક રસપર્પટિકા છે, જેને માટે निबद्धा चक्रपाणिना એ રીતે ચક્રપાણિ કહે છે. મતલબ કે એ એની પોતાની બનાવટ છે. અને બંગસેને રસાયનાધિકારમાં એને ગન્ધકપર્પટી કહીને આપી છે. એ જોતાં બંગસેન ચક્રદત્ત પછી થાય છે એમ નક્કી થાય છે. અભ્રક, લોહ, પારદ, ગન્ધક, તામ્ર વગેરે ખનિજ ઔષધોના ઉપયોગની બાબતમાં પણ ચક્રદત્ત અને બંગસેન સમાન કક્ષામાં પણ બંગસેન પાછળના જણાય છે. બીજી તરફથી હેમાદ્રિએ બંગસેનમાંથી પુષ્કળ ઉતારા કર્યા છે.[2] એ જોતાં ચક્રદત્ત પછી અને હેમાદ્રિ પહેલાં. વળી, મહારાષ્ટ્ર સુધી બંગાળી ગ્રન્થકારની ખ્યાતિ પહોંચવાને ઓછામાં ઓછાં પચાસ વર્ષનો ગાળો તો જોઈએ, એ જોતાં બંગસેનનો સમય ઈ. સ. ૧૨૦૯ ની આસપાસમાં ઠરે છે. કવિરાજ

---

૧. જુઓ ડફની ક્રોનોલોજી, પૃ. ૨૬૪ તથા ૩૧૫.

૨. જુઓ સટીક અષ્ટાંગહૃદયની નિ. પ્રે. વાળી ૧૯૩૯ ની આવૃત્તિમાં હેમાદ્રિએ ઉલ્લિખિત ગ્રન્થોની સૂચી.

ગણુનાથ સેને શાર્ઙ્ગધર પછી અને ભાવમિશ્ર પહેલાં મૂકેલ છે[1] તે ભ્રમ લાગે છે.

ગદનિગ્રહ અને સોઢલનિઘંટુના કર્તા વૈદ્ય સોઢલ

બારમા શતકમાં જ ગુજરાતમાં એક સોઢલ નામના વૈદ્ય થઈ ગયા. એ જોશી પણ હતા. પોતે ગુણસંગ્રહ નામથી રચેલા નિઘંટુને અન્તે સોઢલ પોતાને વત્સગોત્રના રાયકવાળ બ્રાહ્મણ, વૈદ્ય નન્દનના પુત્ર અને સંધદયાળુના શિષ્ય કહે છે.[2] આ ઉપરાંત સૂરતની ઈ. સ. ૧૯૧૫ ની ગુજરાતી સાહિત્ય પરિષદમાં સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસે વૈદ્ય ધીરજરામ કાશીરામ પાઠકના સંગ્રહમાંથી ગદનિગ્રહની જે એક હાથપ્રત મૂકી હતી તેમાં આપેલી વિશેષ પ્રશસ્તિમાં પોતાને જ્યોતિઃશાસ્ત્રી પણ કહે છે.[3] તેના નિઘંટુમાં પણ ज्योति सोढलकृता द्रव्यावलि समाप्ता એવા શબ્દો છે. અને સોઢલના સમયનિર્ણયમાં આ હકીકત ઘણી ઉપયોગી છે. વૈદ્યક સાહિત્યના પૌર્વાપર્ય ઉપરથી અનુમાને મેં એને પચીશ વર્ષ પહેલાં બારમા શતકમાં મૂક્યો હતો.[4] પણ સ્વ. મ. બ. વ્યાસે જ વિ. સં. ૧૨૫૬ના ભીમદેવ બીજાના એક તામ્રપત્ર ઉપર ધ્યાન ખેંચ્યું છે કે જેમાં રાયકવાળ જ્ઞાતિના બ્રાહ્મણ જ્યોતિ સોઢલના પુત્રને દાન આપવામાં આવ્યું છે.[5] રાયકવાળ જ્ઞાતિ અને જ્યોતિ સોઢલ એ બે સાથે છે, એટલે આ સોઢલ તે ગદનિગ્રહના કર્તા સોઢલ જ. મતલબ કે

---

૧. 'પ્રત્યક્ષશારીર'નો ઉપોદ્ઘાત, પૃ. ૫૭.

૨. જુઓ ગદનિગ્રહની ભૂમિકામાં આપેલી ટીપ ૨.

૩. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન,' પુ. ૨, પૃ. ૩૭ થી ૩૯.

૪. જુઓ સૂરતની સાહિત્ય પરિષદમાં 'ગુજરાતનું વૈદ્યક સાહિત્ય' નામનો મારો નિબંધ.

૫. જુઓ ગુ. ઐ. લે., ભા. ૨, લેખ નં. ૧૫૮ તથા 'આયુર્વેદ વિજ્ઞાન,' પુ. ૨, પૃ. ૩૮, ૩૯.

ગદનિગ્રહના કર્તા વૈદ્યક સોઢલ ઈ. સ. બારમા શતકમાં થઈ ગયા. વળી રાયકવાળ જ્ઞાતિ ગુજરાતમાં જ હોવાથી તેઓ ગુજરાતી હતા એ પણ નક્કી.

આ વૈદ્ય સોઢલે રચેલા ગદનિગ્રહમાં કુલ દશ ખંડો છે. પહેલા પ્રયોગખંડમાં ચૂર્ણ, ગુટિકા, અવલેહ વગેરે બનાવટોનો જુદાજુદા ગ્રન્થોમાંથી સંગ્રહ કરવામાં આવ્યો છે. શાર્ઙ્ગધરના મધ્યમ ખંડમાં પણ આ રીતે જ ચૂર્ણ, ગુટિકા વગેરેના અધ્યાયો છે. અલબત્ત, શાર્ઙ્ગધરમાં રસોનો અધ્યાય છે, ત્યારે ગદનિગ્રહમાં એ નથી. ગદનિગ્રહ શાર્ઙ્ગધર કરતાં જૂનો ગ્રન્થ છે. ગદનિગ્રહના બાકીના નવ ખંડોમાં કાયચિકિત્સા, શાલાક્ય, શલ્ય, ભૂતવિદ્યા, કૌમારભૃત્ય, અગદતન્ત્ર, રસાયન, વાજીકરણ અને પંચકર્માધિકાર એ રીતે વિભાગો પાડી, શરૂઆતમાં સંક્ષિપ્ત નિદાન અને પછી ચિકિત્સા કહેલી છે.

સોઢલને માધવનિદાનની તો ખરી જ પણ વૃન્દનીયે ખબર છે, કારણ કે સ્નાયુકનાં નિદાન–ચિકિત્સા વૃન્દમાંથી સોઢલે ઉતાર્યાં છે. આથી આગળ ચક્રદત્તના ચક્રસંગ્રહની ખબર એને હોય એમ દેખાતું નથી. ચક્રદત્તમાં છે તેવા રસયોગોયે સોઢલમાં નથી. સોઢલ બંગસેનના લગભગ સમકાલીન હોવા છતાં બંગસેનને ચક્રસંગ્રહની ખબર છે અને સોઢલને નથી તેનું કારણ બંગસેન બંગાળી છે એટલે તે બંગાળી ગ્રન્થથી તરત પરિચિત થાય અને સોઢલ ગુજરાતી હોવાથી ન થાય એ જ લાગે છે. વળી, રસોનો ઉપયોગ કદાચ બંગાળામાં વહેલો શરૂ થયો હશે.

સોઢલ ગુજરાતી છે એ ઉપર કહ્યું જ છે. ગુજરાતી હોવાથી જ બીજા નિઘંટુઓમાં ન લખેલી એવી ગુજરાતમાં ઉત્પન્ન થતી વનસ્પતિઓ એણે નોંધી છે. આ વનસ્પતિઓનાં નામો પણ હાલમાં પ્રચલિત ગુજરાતી નામોને મળતાં છે.

બારમા શતકના આ ગુજરાતી વૈદ્ય સોઢલે ચિકિત્સાથી પ્રયોગોને જુદા પાડવાની પહેલ કરી છે એ એની વિશેષતા નોંધવા જેવી છે. વળી, પ્રાચીન સંહિતાઓને ધોરણે કાયચિકિત્સા, શાલાક્ય વગેરે વિભાગો એણે રાખ્યા છે ખરા, પણ વિભાગ પાડવામાં કેટલીક ગડબડ પણ કરી છે. દા. ત., અશ્મરી આદિ શલ્યતંત્રના રોગોને કાયચિકિત્સામાં નાખ્યા છે, જ્યારે ગ્રન્થી, અપચી, સદ્યોવ્રણ વગેરેને શાલાક્યતંત્રના નેત્રરોગાદિ પછી શલ્યતંત્રમાં નાખી માધવવૃન્દના ક્રમને ફેરવ્યો છે. બાકી, શસ્ત્રચિકિત્સા તો શલ્યાધિકારમાંયે નથી. ટૂંકામાં ઘણી રીતે સોઢલના વૈદ્યક ગ્રન્થો જૂના અને અગત્યના હોવા છતાં એનો પ્રચાર બીજે કે એના જન્મસ્થાન ગુજરાતમાં વિશેષ જોવામાં આવ્યો નથી.

ચતુર્થ ખંડ

રસવિદ્યા અને રસગ્રન્થો

ચરકસંહિતા (સૂ. અ. ૧, શ્લો. ૬૮ થી ૭૦)માં ઔદ્ભિદ વનસ્પતિજન્ય ઔષધો સાથે જંગમ—પ્રાણિજ અને પાર્થિવ—ખનિજને ગણાવ્યાં છે તથા ખનિજમાં સુવર્ણ, પંચલોહ (તામ્ર, રૌપ્ય, સીસું, લોહ અને કલઈ ટીકાકાર પ્રમાણે), શિલાજિત, મણશીલ, હરતાલ, સૂરમો, ચૂનો, રેતી વગેરેને ગણાવ્યાં છે. અન્યત્ર (સૂ. અ. ૩) મણશીલ, હરતાલ, મોરથૂથુ, ગેરુ, હીરાકસી અને સુરમો એટલાંને ચામડીના રોગો ઉપર લેપોમાં વાપર્યાં છે. બીજે (સૂ. ૧, શ્લો. ૮૮) સંચળ, સિંધાલૂણ, બિડ, ઔદ્ભિદ (સાંભર મીઠું) અને સાદું મીઠું એ પાંચેય મીઠાં વર્ણવ્યાં છે. ચરકમાં ક્ષારકર્મને જોકે સુશ્રુત જેટલું પ્રાધાન્ય નથી, છતાં જવખાર, સાજીખારનો પુષ્કળ ઉપયોગ કર્યો છે, અને પલાશક્ષારનો પ્રતિસારણીય ક્ષાર તરીકે ઉલ્લેખ કર્યો છે.[1] વળી પાંડુરોગ ઉપર લોહમાક્ષિક અને મંડૂરનો ચરકે ઉપયોગ કર્યો છે.[2] આંખના રોગ ઉપરની એક વર્તિમાં શંખ, પ્રવાલ, વૈદૂર્ય, લોહ, તામ્ર અને સુરમાનો દૃઢબલરચિત આ અધ્યાયમાં સુશ્રુતને અનુસરી

---

૧. જુઓ ચરક ચિ. અ. ૨૫, શ્લો, ૫૩.

૨. જુઓ ચરક ચિ. અ. ૧૬, શ્લો. ૭૦, ૭૧, ૭૨ અને ૭૮.

ઉપયોગ કર્યો છે[1] અને મુક્તાદ્યચૂર્ણમાં મોતી, પ્રવાલ, વૈદૂર્ય, શંખ, સ્ફટિક, ગન્ધક, તામ્ર, લોહ અને રૌપ્ય ખાવામાં વાપર્યાં છે.[2] આ અધ્યાય દૃઢબલનો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. વળી, રસાયન તરીકે બધી જાતના લોહ (એટલે તામ્ર, રૌપ્ય વગેરે) તથા સુવર્ણને ખાવામાં ચરકે વાપરેલ છે.[3]

પણ ચરકે આ લોહાદિ ધાતુઓનો ખાવામાં ઉપયોગ કર્યો છે તે એનાં ચૂર્ણોનો છે કે શેનો એ સ્પષ્ટ કહ્યું નથી. અત્યારના વૈદ્યો સ્વાભાવિક રીતે ભસ્મ જ વાપરે છે, પણ ભસ્મવિધિનો સ્પષ્ટ પ્રચાર વૃન્દ, ચક્રદત્ત અને સોઢલ સુધીના ગ્રન્થોમાં દેખાતો નથી. લોહનાં પાતળાં પતરાંને ખૂબ તપાવીને ત્રિફળાના ક્વાથમાં, ગોમૂત્રમાં અને ક્ષારના પાણીમાં બોળવાં અને પછી તેનું ચૂર્ણ કરીને ખાવાનો વિધિ ચરકમાં છે.[4] ચક્રદત્તમાં જે વિધિ લંબાણથી આપ્યો છે તે ચરકોક્તનો વિસ્તાર છે.

આ ઉપરાંત ચરકમાં એક સ્થળે “ ગન્ધકના યોગથી કે સુવર્ણમાક્ષિક પ્રયોગથી નિગૃહીત પારો કુષ્ઠના રોગીએ ખાવો ”[5] એવું વિધાન છે. પારો ખાવાની વાત ચરકમાં આ એક જ સ્થળે છે. આપણા રસશાસ્ત્રનો ઇતિહાસ લખનાર પ્રફુલ્લચન્દ્રરાયે આ ઉલ્લેખને તથા વાગ્ભટનો શિલાજત્વાદિ રસાયનયોગ, જેમાં પારો છે તેને પણ નથી ગણ્યો.[6] પણ વૃન્દના ઉપયોગને પહેલો ગણ્યો છે, જ્યારે યુરોપમાં પારદવાળી બનાવટનો ખાવામાં ઉપયોગ ૧૫ મા

---

૧. જુઓ ચરક ચિ. અ. ૨૬, શ્લો. ૨૪૬.
૨. „ „ ૧૭, શ્લો. ૧૨૫–૨૬.
૩. „ „ ૧, પા. ૩, શ્લો. ૪૬.
૪. „ „ ૧, પા. ૩, શ્લો. ૧૫ થી ૧૭.
૫. „ „ ૭, શ્લો. ૭૦, ૭૧.
૬. જુઓ અ. સં. ઉ. રસાયન અધ્યાય; અ. હ. ઉ. અ. ૩૯, શ્લો. ૧૩૧.

શતકના પેરેસેલ્સસથી શરૂ થયો છે એમ ત્યાંના એ વિષયના ઇતિહાસો ઉપરથી શ્રી. પ્ર. રાય કહે છે.[1]

સુશ્રુતમાં ચરક કરતાં જે કેટલીક વિશેષતા છે તેમાં શસ્ત્રકર્મ અને અગ્નિકર્મ પેઠે ક્ષારકર્મ પણ છે એ ઉપર નોંધ્યું છે. ક્ષારકર્મ માટે જરૂરી ક્ષાર બનાવવાનો વિધિ, પાનીય પ્રતિસારણીય એવા ક્ષારના ભેદો, ક્ષારને દાહક બનાવવાનો વિધિ, એ ક્ષારોનો કયા કયા રોગોનાં ઉપયોગ શક્ય છે વગેરે સુશ્રુતમાં વિસ્તારથી આપેલ છે.[2] ચરક પેઠે સુશ્રુતને પણ બંગ, નાગ, તામ્ર, રૌપ્ય, સુવર્ણ, લોહ અને મંડૂર એટલાંની ખબર છે. કાંસાનો પણ ઉલ્લેખ છે[3] અને તેનો ઉપયોગ કર્યો છે. આ ધાતુઓનો ઉપયોગમાં લેવા યોગ્ય બનાવવાનો વિધિ (અયસ્કૃતિ) સુશ્રુતમાં ચરકને મળતો જ છે,[4] પણ એમાં ધાતુઓનાં પતરાંઓ ઉપર લવણ વર્ગનો લેપ કરવાનો હોવાથી એ વિધિ ભલે અપૂર્ણ અને અશાસ્ત્રીય હોય છતાં એમાં ધાતુઓના ક્ષારો (melallic salts) બનાવવાના આધુનિક વિધિનું બીજ છે, એમ શ્રી. પ્ર. રાય કહે છે.[5] એ વિદ્વાન કહે છે તેમ પાછળના રસાર્ણવાદિમાં થયેલા વિકાસનો સુશ્રુતમાં આરંભ દેખાય છે. ખનિજોની બાબતમાં બાકીની ચરકોક્ત વાતો તો સુશ્રુતમાં છે જ, ફક્ત પારદ ખાવાની વાત નથી અને એ જોતાં ચરકમાં એ કટકો દૃઢબલનો હોય એવી શંકા પડે છે. સુશ્રુતે લોહાદિ ધાતુઓનો કૃમિ ઉપર ઉપયોગ કર્યો છે[6] એ નોંધવા યોગ્ય છે.

---

૧. 'હિસ્ટરી આફ હિન્દુ કેમિસ્ટ્રી,' ગ્રં. ૧, ઉ., પૃ. ૧૦૨.

૨. સુશ્રુત સૂ. અ. ૧૧.

૩. ,, ,, ૩૮–૬૩ તથા ઉ. અ. ૧૮, શ્લો. ૧૦૩.

૪. ,, ચિ. અ. ૧૦–૧૧.

૫. 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી,' પૃ. ૪૯.

૬. સુશ્રુત ઉ. અ. ૫૪, શ્લો. ૩૧.

ચરક–સુશ્રુત પછી નાવનીતકમાં કાંઈ વિશેષ નથી. માત્ર આંખ ઉપરના એક અંજનમાં ગેરુ, રસવંતી અને મણશીલ સાથે રીતિકુસુમ પણ નાવનીતકમાં વાપર્યાં છે,[1] એ કદાચ વિશેષતા કહેવાય.

વાગ્ભટ પણ રસવિદ્યાની બાબતમાં સામાન્ય રીતે ચરક–સુશ્રુતથી વિશેષ આગળ નથી જતા. ઉપદંશના વ્રણ ઉપર મોરથૂથુ, મણશીલ, હરતાલ, ફટકડી, હીરાકશી વગેરેને વાગ્ભટે વાપર્યાં છે[2] તે એની વિશેષતા શ્રી. પ્ર. રાયે ગણી છે,[3] પણ એ તો સુશ્રુતે પણ વાપરેલ છે.[4] લેપમાં ઉપયોગી તો એ દ્રવ્યોને ચરકે ગણ્યાં જ છે.[5] સુવર્ણ વગેરેનો ખાવામાં ઉપયોગ વાગ્ભટે કર્યો છે એમાં પણ નવું નથી, પણ બંધ કૂરડી (અન્ધમૂષા)માં[6] તામ્ર, સ્રોતાંજન, લોહ, સુવર્ણ અને રૌપ્યને રાખીને તેમ જ નાગ, ગંધક, તામ્ર, હરતાલને રાખીને ધમીને ગરમી આપવાની સૂચના વાગ્ભટમાં છે. કૂરડી (મૂષા)નો ઉલ્લેખ તો સુશ્રુતમાંય છે,[7] પણ અન્ધમૂષાનો ઉલ્લેખ વાગ્ભટે પહેલો કર્યો છે. અને એ રીતે તૈયાર થયેલી બનાવટ રસગ્રન્થની બનાવટના વર્ગની નજીક આવે છે એમ શ્રી. પ્ર. રાય કહે છે.

શ્રી. પ્ર. રાયે વાગ્ભટ(ઉ. અ. ૧૩)ની પારાવાળા એક અંજનની નોંધ કરીને વાગ્ભટે પારાનો એટલો એક જ ઉપયોગ કર્યો છે એમ લખ્યું છે,[8] પણ વાગ્ભટે પારાને રસાયન તરીકે ખાવામાં ઉપયોગ કર્યો છે એ ઉપર નોંધ્યું છે. વૃન્દમાં એક

૧. નાવનીતક ૧, ૧૧૦.

૨. અ. સં. ઉ., અ. ૩૯ તથા અ. હૃ., ઉ. અ. ૪૩, શ્લો. ૪–૫.

૩. 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી,' ગ્રં. ૧, પૃ. ૫૫.

૪. સુશ્રુત ચિ. અ. ૧૯, શ્લો. ૪૦.

૫. જુઓ ઉપર પૃ. ૧૮૬.

૬. જુઓ અ. હૃ. ઉ. અ. ૧૩, શ્લો. ૨૦, ૨૧ તથા ૩૧, ૩૨.

૭. સુશ્રુત ઉ. અ. ૧૮, શ્લો. ૮૬.

૮. 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી', ગ્રં. ૧, પૃ. ૫૬.

અંજન છે, જેને ચક્રપાણિએ નાગાર્જુનાવટી કહી છે, એમાં કાંઈ વિશેષ નથી. પણ ધતૂરાના રસ સાથે પારાને મેળવીને લગાડવાથી જૂ મરી જાય છે એમ લખ્યું છે[1] એ નવીનતા નોંધવા યોગ્ય છે. હાલમાં જૂ મારવા માટે સ્ત્રીઓ માથામાં પારો ભરે છે. આ ઉપરાંત જે બનાવટો વૃન્દની કાશ્મીરની હાથપ્રતમાં જ મળે છે તેની નોંધ શ્રી. પ્ર. રાયે લીધી છે, પણ એ સ્પષ્ટ પ્રક્ષિપ્ત હોઈને અહીં નોંધવાની જરૂર નથી ગણી.

ચક્રદત્તમાં પારાને, ગંધકને, અભ્રકને તથા લોહને શુદ્ધ કરવાનું કહ્યું છે[2] એ રસવિદ્યાની શોધનપ્રથાનું પહેલું કથન છે. પછી ચક્રદત્તે કજ્જલી અથવા રસપર્પટીનો પાઠ આપ્યો છે અને તેને એ પોતાની શોધ કહે છે.[3] પછી ચક્રદત્તે એક તામ્રયોગ આપ્યો છે, જેમાં તાંબાના પતરાની ઉપર નીચે ગંધક રાખી, પછી સ્થાલીમાં રાખી તેને બીજી સ્થાલી ઢાંકી, બંધ કરી, રેતી ભરેલા વાસણમાં મૂકી, ગરમી આપવાનું લખ્યું છે, આ ક્રિયા પણ રસવિદ્યાનો સંબંધ સૂચવે છે.[4] ચક્રદત્તે લોહની બનાવટ પણ વિસ્તારથી લખી છે, પણ તેમાં નવું તત્ત્વ નથી. પણ અભ્રકનો ઉપયોગ ચક્રદત્તે પહેલી વાર કર્યો છે.[5] ચક્રદત્તમાં એક છીપ, શંખ અને મરખાની રાખ એટલાંને ગધેડાના મૂત્રમાં ઓગાળી એ ક્ષારના આઠમા ભાગ જેટલું સરસવનું તેલ એ સાથે પકાવી વાપરવાથી વાળ ખરી જાય છે, એમ કહેલું છે.[6] આ પ્રયોગ કામશાસ્ત્રમાંથી આવ્યો હોવાનો સંભવ છે.

૧, વૃન્દ (અ. આ.), પૃ. ૧૨૨.

૨. ચક્રદત્ત, અમ્લપિત્તચિકિત્સા.

૩. એજન, ગ્રહણીચિકિત્સા.

૪. એજન, રસાયનાધિકાર.

૫. એજન, રસાયનાધિકાર.

૬. એજન, યોનિવ્યાપત્તિચિકિત્સા, 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી,' ગ્રં. ૧, પૃ. ૫૫.

રસતંત્રોનો યુગ

અગિયારમા–બારમા શતકથી રસતંત્રો રચાવા માંડયાં છે. તે પહેલાંના કાળના આયુર્વેદીય ગ્રન્થકારોને ખનિજોની કેટલી ખબર હતી તથા ઔષધ તરીકે તેનો કેટલો ઉપયોગ તેઓએ કર્યો છે, એ ટૂંકામાં જોઈ લીધું. હવે તાંત્રિક રસવિદ્યાના વિકાસનો ઇતિહાસ ટૂંકામાં જોઈએ.

મહાયાન બૌદ્ધધર્મની પાંખમાં તંત્રમાર્ગ અને તાંત્રિક ગ્રન્થોનો વિકાસ થયો છે એ સામાન્ય ઐતિહાસિક હકીક્ત છે.[1] જોકે પાછળથી બૌદ્ધ, શાક્ત અને શૈવ એ ત્રણેય માર્ગનાં તંત્રો મળે છે, પણ શાક્ત અને શૈવ ઉપર એટલી મહાયાનની અસર થઈ છે એમ જ માનવું યોગ્ય છે. ધાર્મિક ઇતિહાસની વાત બાજુ ઉપર રાખી રસવિદ્યાના ઇતિહાસને જ જોઈએ તો રસવિદ્યામાં નાગાર્જુનના સ્થાનનું મહત્ત્વ જોતાં પણ મહાયાન બૌદ્ધ અસર નીચે રસતંત્રોનો વિકાસ થયો છે એમ માનવું યોગ્ય છે.

રસરત્નસમુચ્ચયના આરંભમાં આદિમ, ચન્દ્રસેન વગેરે રસ-સિદ્ધિપ્રદાયક જે સત્તાવીશ રસસિદ્ધોનાં નામ આપ્યાં છે તેમાં નાગાર્જુનનું નામ છે. વળી, નાગાર્જુનના નામે ચઢેલા રસેન્દ્રમંગલ ગ્રન્થમાં એ યાદીમાંના બે રત્નઘોષ અને માંડવ્યનાં નામ છે. આ રસસિદ્ધ નાગાર્જુનનું વ્યક્તિત્વ તથા તેને નામે ચઢેલા ગ્રન્થોનું કર્તૃત્વ સંદિગ્ધ હોવા છતાં રસવિદ્યાના પ્રકરણનો આરંભ એનાથી જ કરવો યોગ્ય છે.

જોકે તિબેટની બૌદ્ધ દંતકથા બૌદ્ધ શૂન્યવાદના પુરસ્કર્તા અને માધ્યમકવૃત્તિના કર્તા મહાન નાગાર્જુનને રસશાસ્ત્રમાં પણ

---

૧. આ વિષયની વિસ્તૃત ચર્ચા માટે જુઓ 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી,' ગ્રં. ૨ ઉપોદ્ઘાત.

પારંગત માને છે,[1] પણ સુશ્રુતના પ્રતિસંસ્કર્તાની ચર્ચાના પ્રસંગમાં કહ્યું છે તેમ માધ્યમકવૃત્તિના કર્તા દાર્શનિક નાગાર્જુનથી આ રસસિદ્ધ નાગાર્જુન ભિન્ન જ હોવા જોઈએ.[2] નાગાર્જુનના કર્તૃત્વનો દાવો કરનાર રસેન્દ્રમંગલમાં શાહવાહન અને નાગાર્જુન વચ્ચે સંવાદ છે અને દંતકથા પણ શાલવાહન સાથે નાગાર્જુનનો સંબંધ જોડે છે[3] એ જોતાં રસસિદ્ધ નાગાર્જુન તે શાલવાહન કે શાતવાહનના મિત્ર જ અને ઈ. સ. ત્રીજા શતકમાં એ થઈ ગયા હોવાનો સંભવ છે, પણ કીમિયાની વાતોવાળાં જૂનામાં જૂનાં તંત્રો તો ઈ. સ. પાંચમાં–છઠ્ઠા શતકમાં રચાયાં હોવાનો સંભવ છે.[4] એથી જૂના કાળમાં રચાયેલાં તંત્રો મળ્યાં નથી. નેપાળમાંથી મળેલ કુબ્જિકાતન્ત્રમાં પારદને શંકરનું વીર્ય કહેલું છે અને પારદના સંસ્કારનો તથા ષડ્જારણનો ઉલ્લેખ છે.[5] વળી, તામ્રનો રસવેધ કરવાની અર્થાત્ પારદથી વેધ કરીને તાંબાનું સોનું બનાવવાની વાત પણ છે.[1] આ કુબ્જિકાતન્ત્ર મહાયાનમતનું તંત્ર છે અને છઠ્ઠા શતકમાં લખાયું હોવાનો સંભવ છે, પણ એ રસવિદ્યાનો ગ્રન્થ નથી. જેને રસવિદ્યાના પ્રાધાન્યવાળું તંત્ર કહી શકાય એવો જૂનામાં જૂનો ગ્રન્થ તો નાગાર્જુનના નામે ચઢેલો રસરત્નાકર કે રસેન્દ્રમંગલ છે.[7] અને એ ગ્રન્થ સાતમા–આઠમા

---

૧. જુઓ 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી' ગ્રં. ૨, ઉ., પૃ. ૧૬ થી ૧૯.

૨. ઉપર પૃ. ૮૧.

૩. એજન.

૪. હિ. હિ. કે. ગ્રં. ૨, ઉ., પૃ. ૨૪, ૩૮.

૫. એજન, ઉ. પૃ. ૪૩ તથા તેની ટીપ.

૬. એજન, ઉ. પૃ. ૪૪ તથા તેની ટીપ.

૭. રસરત્નાકર કે રસેન્દ્રમંગલને શુદ્ધ તંત્ર ગણવામાં કાં તો શ્રી. પ્ર. રાયે અમુક ભાગ જ જોયો છે અથવા નાગાર્જુનનું નામ જોઈને યોગોવાળા ભાગની ઉપેક્ષા કરી છે.

શતકનો છે એમ. શ્રી. પ્ર. રાય કહે છે, જોકે મારે મતે એથી અર્વાચીન છે.

રસરત્નાકાર કે રસેન્દ્રમંગલ–શ્રી. પ્ર. રાય પાસેની હાથપ્રતની ઇતિશ્રીમાં 'નાગાર્જુનવિરચિત રસરત્નાકર' એ રીતે શબ્દો છે, જ્યારે મેં વર્ષો પહેલાં સ્વ. તનસુખરામ મ. ત્રિપાઠી પાસેથી મેળવેલ હાથપ્રતની ઇતિશ્રીમાં 'નાગાર્જુનવિરચિત રસેન્દ્રમંગલ' એ રીતે નામ છે.[૧] જેટલો કટકો શ્રી. પ્ર. રાયની હિ. હિ. કે. માં છપાયો છે તેને આ રસેન્દ્રમંગલના તે ભાગ સાથે સરખાવતાં બેય એક જ લાગે છે. અને શ્રી. પ્ર. રાયવાળા કટકાને અન્તે "રસેન્દ્ર-મંગલ સમાપ્ત" એવા શબ્દો છે. રસેન્દ્રમંગલના પ્રકાશક રસવૈદ્ય જીવરામ કાલિદાસ પણ રસરત્નાકર અને રસેન્દ્રમંગલ એક જ હોવા જોઈએ એમ ભૂમિકામાં લખે છે.

આ રસરત્નાકર કે રસેન્દ્રમંગલમાં આઠ અધ્યાયો હોવાનું આરંભમાં કહ્યું છે, પણ મળેલી ચાર પ્રતોમાં ચાર જ અધ્યાયો હતા. ગ્રન્થ ખંડિત અને અવ્યવસ્થિત છે એ તો દેખીતું છે. રસના સ્વેદનાદિ અઢાર સંસ્કારો, હલકી ધાતુમાંથી સોનું કરવાનો કીમિયો, રસ, ઉપરસ અને લોહનાં શોધનાદિ, સર્વ લોહનું મારણ, અભ્રક, માક્ષિક વગેરેનાં સત્ત્વપાતન, અભ્રકાદિની દ્રુતિ વગેરે રસતંત્રના જ વિષયો સાથે આ ગ્રન્થમાં મંથાનભૈરવરસ, દશમૂલ ક્વાથ વગેરે રોગહર યોગો પણ છે. એ જોતાં આ ગ્રન્થ જેવો છે તેવો તો ૧૧મા શતક પહેલાંનો નથી લાગતો. અલબત્ત, એમાં નાગાર્જુનરચિત તરીકે પ્રખ્યાત કક્ષપુટ કટકો પણ છે,

૧. એજન, ઉ. પૃ. ૪૧.

૨. સ્વ. શ્રી. ત. મ. ત્રિપાઠી પાસેથી મને મળેલી તથા બીજી ત્રણ પ્રતો ઉપરથી રસવૈદ્ય શ્રી. જીવરામ કાલિદાસે ઈ. સ. ૧૯૨૪ માં ગોંડલમાં રસેન્દ્રમંગલ છપાવેલ છે.

જ્યારે નાગાર્જુનવિરચિત કક્ષપુટ નામના જુદા જ ગ્રન્થની હાથપ્રતો મળે છે. એક મુંબઈની રૉ. એ. સો. ના પુસ્તકાલયમાં છે (જુઓ નં ૮૧૧). એ પ્રતમાં ૧૦૬ પાનાં છે. તેમાં વીશ પટલ છે અને અગ્નિસ્તંભન, ગત્યાદિસ્તમ્ભન, સેનાસ્તમ્ભન, અશનિસ્તમ્ભન, મોહન, ઉચ્ચાટન, મારણ, વિદ્વેષણ, ઇન્દ્રજાલવિધાન વગેરે વિષયો છે.

નાગાર્જુનનો જ રચેલો મનાતો એક **આશ્ચર્યયોગમાલા** નામનો ગ્રન્થ, જેના ઉપર જૈન શ્વેતાંબર સાધુ ગુણાકરની ઈ. સ. ૧૨૩૯ માં રચાયેલ ટીકા છે, તેની નોંધ પીટર્સનના ત્રીજા રિપોર્ટ– (પૃ. ૩૧૩)માં છે. આ ગ્રન્થમાં કક્ષપુટને મળતાં વશીકરણ, વિદ્વેષણ, ઉચ્ચાટન, ચિત્રકરણ, મનુષ્યાન્તર્ધાન,[1] કુતૂહલો, અગ્નિસ્તંભન, જલસ્તમ્ભ, ઉન્માદકરણ, રોમશાતન, વિષપ્રયોગવિધાન, ભૂતનાશન વગેરે વિષયો છે. અહીં આ વિષયોનું વિશેષ વિવરણ આવશ્યક નથી, પણ આ તન્ત્રગ્રન્થોમાં રોમશાતન જેવી સામાન્ય બાબતો સાથે અસંભવિત ચમત્કારો પણ વર્ણવેલા છે અને તેના એવા જ વિચિત્ર ઉપાયો કહેલા છે, એટલું જ સૂચન બસ છે.

નાગાર્જુનના નામ ઉપર કીમિયા, વશીકરણ, મારણાદિ પ્રયોગો અને વૈદ્યક યોગો બધુંય ચઢેલું છે, પણ એ નામ અહીં કશી ઐતિહાસિક કિંમતનું નથી એ દેખીતું છે.

રસહૃદયતંત્ર[2] — રસેન્દ્રમંગલના કરતાં આ રસહૃદયતંત્ર ઘણો વ્યવસ્થિત અને સંપૂર્ણ ગ્રન્થ છે. તંત્ર નામને પણ એ પહેલા

---

૧. દા. ત. મનુષ્યાન્તર્ધાન માટે લખ્યું છે કે—

पितृवनमर्दितमसकृत्कन्यारक्तं मनःशिलायुक्तम् ।
त्रिभुवनमपि निगूहति तिलकक्रियया ललाटतटे ॥

જુઓ મું. રૉ. એ. સો. પુસ્તકાલયનાં હસ્તલિખિત પુસ્તકોનું કેટલૉગ, નં. ૮૧૧.

૨. આયુર્વેદ ગ્રન્થમાળામાં વૈદ્યરાજ જાદવજી ત્રિકમજી આચાર્યે પ્રકાશિત કર્યો છે.

ગ્રન્થ કરતાં વધારે યોગ્ય છે. 'સર્વદર્શનસંગ્રહ'ના કર્તા ૧૪ મા શતકના માધવાચાર્યે રસહૃદયમાંથી નામ સાથે ઉતારો કર્યો છે. અને તે પહેલાંના તેરમા શતકના રસરત્નસમુચ્ચયમાં રસસિદ્ધો ગણાવતાં ગોવિંદ નામ છે. તે આ ગ્રન્થના કર્તા જ હશે. રસરત્નસમુચ્ચયમાં આ ગ્રન્થમાંથી ઉતારો પણ કરેલો છે. મતલબ કે આ ગ્રન્થના કર્તા તેરમા શતક પહેલાં થઈ ગયા છે એ નક્કી. ક્યારે એ કહેવું મુશ્કેલ છે. આ ગ્રન્થનાં પ્રકરણો (જેને ગ્રન્થમાં અવબોધ કહેલ છે)ની પ્રતિશ્રીમાં ગ્રન્થકર્તાને પરમહંસ પરિવ્રાજકાચાર્ય ગોવિંદભગવત્પાદ કહેલ છે. બીજી તરફથી ભગવાન શંકરાચાર્યે પોતાને ગોવિંદભગવત્પાદના શિષ્ય કહેલ છે. આ નામસામ્ય ઉપરથી રસહૃદયનું આયુર્વેદીય ગ્રન્થમાળામાં સંપાદન કરતાં શ્રી. ત્ર્યંબક ગુરુનાથ કાળેએ શંકરાચાર્યના ગુરુ ગોવિંદભગવત્પાદને જ આ ગ્રન્થના કર્તા માન્યા છે. પણ કેવલાદ્વૈતવેદાંતનો પણ કોઈ ગ્રન્થ શંકરાચાર્યના એ ગુરુએ લખેલો મળ્યો નથી, અને કોઈ તંત્રગ્રન્થના કર્તા આ વેદાન્તાચાર્યના ગુરુ હોય એ માનવું મુશ્કેલ છે. પણ રસહૃદય જેવા ગ્રન્થને આઠમા શતક જેટલા જૂના કાળમાં ખેંચી જવામાં મને તો બીજી જ મુશ્કેલી નડે છે. રસહૃદયમાં રસવિદ્યાનું જે બહોળું જ્ઞાન જોવામાં આવે છે તે આઠમા શતકમાં હોય તો ૧૧ મા શતકના ચક્રપાણિ દત્ત જેવા વૈદ્યક સાહિત્યના વિશાળ પરિચયવાળા વિદ્વાન વૈદ્યના ગ્રન્થ ઉપર એની અસર થયા વગર રહે નહિ. માટે હું તો રસરત્નાકર કે રસેન્દ્રમંગલને પણ ૧૧ મા શતક પહેલાં માનતો નથી અને આ રસહૃદયને પણ શ્રી પ્ર. રાય પેઠે ૧૧ મા શતકનો ગ્રન્થ માનવાના મતનો છું.[૧] રસહૃદયના કર્તાએ પોતાનો પરિચય આપતાં ચંદ્રવંશના હૈહયકુળના કિરાતનૃપતિ શ્રી મદન, જેઓ જાતે રસવિદ્યાભિજ્ઞ હતા, તેમની પાસેથી પોતાને બહુમાન મળ્યું હતું

૧. જુઓ હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી, ગ્રં. ૨, ઉ., પૃ. ૫૩.

અને પોતે રસકર્મમાં પ્રવૃત્ત રહેતા એમ ગ્રન્થાન્તે લખ્યું છે. આ કિરાતદેશ તે વિન્ધ્યાચલની પાસેનો પ્રદેશ એમ શ્રી. કાળેએ તર્ક કર્યો છે અને મદનદેવ તે કનિંગહામે આપેલી હૈહયવંશાળીમાંનો આઠમા શતકનો રાજા કામદેવ એમ માન્યું છે. પણ કનિંગહામના પુસ્તકમાં[1] જોતાં એ વંશાવળી તો ભાટચારણોના ચોપડાની છેક ઈ. સ. પૂર્વે ૮૫૭ થી શરૂ થતી સાલ વગરની વંશાવળી છે, જેની કશી ઐતિહાસિક કિંમત ઐતિહાસિક વિદ્વાનોએ ગણી નથી. ખરી રીતે સિક્કાઓ અને ઉત્કીર્ણ લેખો ઉ૰રથી હૈહયોની જે વંશાવળી નક્કી કરવામાં આવી છે તે ઈ. સ. ૮૭૫ થી શરૂ થાય છે અને તેમાં કામદેવ જેવું નામ નથી;[2] એટલે હૈહયરાજાના નામ ઉપરથી રસહૃદયના સમયનો નિર્ણય થઈ શકે એમ નથી.

આ રસહૃદય ગ્રન્થમાં કુલ ૧૯ અવબોધ છે, જેમાં પહેલા અવબોધમાં રસપ્રશંસા છે અને તેમાં કહ્યું છે કે "માણસે ધન, શરીરાદિને અનિત્ય જાણીને મુક્તિ માટે યત્ન કરવો જોઈએ અને એ મુક્તિ જ્ઞાનથી જ મળે, પણ જ્ઞાન અભ્યાસથી થાય, જ્યારે અભ્યાસ શરીર સ્થિર હોય ત્યારે જ થઈ શકે. અને શરીરને સ્થિર અને અજરામર તો એક રસરાજ કરી શકે છે."[3] પણ રસહૃદયકારને માણસ પોતાની મુક્તિ મેળવી શકે એટલાથી સંતોષ થતો નથી. એ તો કહે છે કે "રસસિદ્ધ થતાં હું પૃથ્વીને વૃદ્ધાવસ્થા અને મરણથી રહિત કરીશ."[4] આ ઘણી ઉન્નત વાસના છે. આ ગ્રન્થકારનું આ વલણ વશીકરણ, ઉચ્ચાટન વગેરે–વાળા વામતાંત્રિક માર્ગથી જુદું દક્ષિણમાર્ગીય

---

૧. કનિંગહામનો આ. સ. રિ, ગ્રં. ૧૭, પૃ. ૯૮.

૨. જુઓ એજન, ગ્રં. ૯, પૃ. ૧૧૨; ગ્રં. ૧૭, પૃ. ૨૦; તેમ જ ડફની ક્રોનોલોજી, પૃ. ૨૯૩ અને 'ભારત કે પ્રાચીન રાજવંશ', પ્રથમ ભાગ, પૃ. ૫૫ તથા પૃ. ૫૯ વગેરે.

૩. રસહૃદય ૧, શ્લો, ૧૦, ૧૩.

૪. એજન, શ્લો. ૬.

જ્ઞાનયોગવાદાનુસારી છે. જગતને નિર્જરામર કરવાની વાત મહાયાનમતની સૂચક છે. આ દક્ષિણમાર્ગીય વલણને લીધે જ રસેશ્વર-સિદ્ધાન્તના નિરૂપણમાં સર્વદર્શનસંગ્રહના કર્તાએ રસહૃદયનો આધાર લીધો હશે. બનારસની એક હાથપ્રતના અન્તમાં "તથાગત કલ્યાણ કરો" એવા શબ્દો છે,[૧] એ ઉપરથી શ્રી. પ્ર. રાયે કર્તાને બૌદ્ધ માનેલ છે. પણ "વેદાધ્યયનથી અને યજ્ઞથી અત્યંત શ્રેય થાય છે" એમ કહેનાર લેખક બૌદ્ધ ન હોય એ શ્રી કાળેની દલીલ મને સાચી લાગે છે.

બીજા અવબોધમાં પારદના અઢાર સંસ્કારોનાં નામ અને પછી સ્વેદન, મર્દન, મૂર્ચ્છના, ઉત્થાપન, પાતન, રોધન, નિયમન અને દીપન એટલાનો વિધિ આપ્યો છે. ત્રીજા અવબોધમાં અભ્રકગ્રાસની પ્રક્રિયા છે. ચોથામાં અભ્રકના ભેદ તથા અભ્રકસત્ત્વપાતનનું વિધાન છે. પાંચમામાં ગર્ભદ્રુતિનું વિધાન, છઠ્ઠામાં જારણવિધાન, સાતમામાં બિડવિધાન, આઠમામાં રસરંજન, નવમામાં બીજવિધાન, દશમામાં વૈક્રાન્તાદિમાંથી સત્ત્વપાતન, અગિયારમામાં બીજનિર્વાહણ, બારમામાં દ્વંદ્વાધિકાર, તેરમામાં સંકરબીજવિધાન, ચૌદમામાં સંકરબીજજારણ, પંદરમામાં બાહ્યદ્રુતિ, સોળમામાં સારણ, સત્તરમામાં ક્રામણ, અઢારમામાં વેધવિધાન અને છેલ્લા ઓગણીસમા અવબોધમાં શરીર શુદ્ધ કરીને રસાયન તરીકે સેવવાના યોગો કહ્યા છે. છેવટે કેટલાક ખેચરગુટિકા જેવા યોગો માટે આશ્ચર્યકારક અતિશયોક્તિવાળી ફલશ્રુતિ કહી છે.

ટૂંકામાં રસહૃદય રસવિદ્યાની સારી પ્રગતિ થયા પછી લખાયેલો અને કદાચ અત્યારે ઉપલબ્ધ ગ્રન્થોમાં આદ્ય અને વ્યવસ્થિત ગ્રન્થ છે. જીવનની ફિલસૂફીને રસવિદ્યા સાથે આ રીતે જોડવાની આવશ્યકતા ગ્રન્થકારને લાગી છે એ પણ આ ગ્રન્થની આદ્યતા

---

૧. રસહૃદય પૃ. ૧૩૫, ટિ. માં હિ. હિ. કે. ગ્રં. ૨ માંથી ઉતારેલો શ્લોક.

દર્શાવે છે. વળી આ ગ્રન્થમાં રસાયન તરીકે રસના ઉપયોગ ઉપર તથા રસ સિદ્ધ કરવા અર્થે અભ્રકાદિની ઉપયોગિતા ઉપર ઝોક છે, જ્યારે પાછળથી રસાયન તરીકેનો મહિમા ચાલુ રહેવા છતાં રોગહર તરીકે પારદ પોતે તેમ જ અભ્રકાદિ મહારસો, ગન્ધકાદિ ઉપરસો, કમ્પિલાદિ સાધારણ રસો, રત્નો અને સુવર્ણાદિ ધાતુઓ એ સર્વનો સ્વતંત્ર રીતે યોગો તૈયાર કરીને વૈદ્યકીય ઉપયોગ કરવા તરફ વધારે ને વધારે વલણ થતું ગયું છે.

રસાર્ણવ[1]—રસવિદ્યાના આ ગ્રન્થનો માધવે સર્વદર્શન-સંગ્રહમાં ઉલ્લેખ કર્યો છે, પણ શ્રી. પ્ર. રાય કહે છે કે એમને કાશ્મીરમાંથી એક અને મદ્રાસ ઓરિયેન્ટલ લાયબ્રેરીમાંથી બીજી હાથપ્રત મુશ્કેલીથી મળી હતી. એ બારમા શતકનો ગ્રન્થ છે, એમ એ વિદ્વાન ધારે છે; અને એ યથાર્થ છે.[2] આ રસાર્ણવતંત્ર તંત્રોની સામાન્ય રીતે પાર્વતીપરમેશ્વરના સંવાદરૂપ છે અને તેના વિભાગોને પટલ નામ આપેલ છે. રસાર્ણવતંત્રમાં તેનાં વક્તા "શ્રી ભૈરવ કહે છે કે રસો, ઉપરસો, ધાતુઓ, કપડું, કાંજી, બિડ, ધમણ, લોહનાં પતરાં, ખરલ, પથ્થરના બત્તા, કોષ્ઠીયંત્ર, વાંકી ફૂંકણી, છાણાં, લાકડાં, માટીનાં અને ધાતુનાં વાસણો (કૂરડીઓ, દાથરીઓ, માટલાં, તપેલાં વગેરે), સાણસી, મુસળ, ખાંડણિયો, કાતર, ધાતુની કુલડી, વજનો, કાંટાઓ, છેદનયંત્ર, કસોટી, વાંસની ફૂંકણી, લોઢાની ફૂંકણી, લોઢાની કટોરી, અંગારા, ઓષધિઓ, ઘી, તેલ, ખટાઈ, ક્ષારો, લવણો, વિષો, ઉપવિષો વગેરે બધો સંભાર એકઠો કર્યા પછી રસકર્મ શરૂ કરવું."[3]

---

૧. આ ગ્રન્થ કલકત્તામાં બી. ઈ. સિરીઝમાં છપાયો છે.

૨. હિ. હિ. કે., ગ્રં. ૧, ઉ., પૃ. ૭૩.

૩. રસાર્ણવ, ચતુર્થ પટલ, શ્લો. ૨ થી ૬, તથા 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૧, પૃ. ૧૯૨ માં કરેલો ઉતારો.

ઉપરનો ઉતારો સાતસો આઠસો વર્ષ પહેલાંનો આ દેશનો રસસિદ્ધ (કેમિસ્ટ) કેવાં સાધનો પોતાની પ્રયોગશાળામાં રાખતો એનો ઠીક ખ્યાલ આપે છે.

રસાર્ણવ (ચતુર્થ પટલ)માં યંત્રોની ઉપયોગિતા સ્પષ્ટ કહી છે અને મજબૂત કૂરડીઓ કેવી રીતે બનાવવી તે પણ લખ્યું છે.

જુદી જુદી ધાતુઓની જ્વાળાનો રંગ જુદો જુદો હોય છે એ આધુનિક વિજ્ઞાનપ્રસિદ્ધ વાત છે. રસાર્ણવમાં એ વસ્તુ નોંધાયેલ છે.[1] તે કહે છે કે "ત્રાંબાની જ્વાળા આસમાની રંગની હોય છે, બંગની હોલાના જેવા રંગની, લોઢાની પીળાશ પડતા કાળા રંગની અને મોરથૂથુની લાલ હોય છે." શુદ્ધ ધાતુની પરીક્ષા તથા કાચી ધાતુમાંથી ધાતુ કાઢવાની રીત, જેને પ્રાચીનો સત્ત્વપાતન કહે છે, તે રસાર્ણવમાં લખેલ છે.[2] રસાર્ણવમાંથી નમૂના તરીકે આટલું બસ છે.

રસેન્દ્રચૂડામણિ[3]—કર્તા સોમદેવ. રસરત્નસમુચ્ચય (અ. ૯)માં યન્ત્રોનું વર્ણન કરતાં સ્પષ્ટ લખ્યું છે કે "બધાં રસતંત્રો જોઈને તથા ટૂંકામાં સોમદેવને અનુસરીને નીચે યંત્રોનું વર્ણન કર્યું છે." એ ઉપરથી યંત્રોની બાબતમાં સોમદેવ પ્રમાણભૂત મનાતા હોવા જોઈએ. અને એ સોમદેવનો રસેન્દ્રચૂડામણિ નામનો ગ્રન્થ મળ્યો છે. એ બારમા–તેરમા શતકની વચ્ચેનો હોવો જોઈએ એમ શ્રી. પ્ર. રાય કહે છે અને મને એ માનવામાં કોઈ વાંધો લાગતો નથી.[4]

સોમદેવ પોતે કહે છે કે "અનેકશઃ રસતન્ત્રો જોઈને હવે યન્ત્રો કહેવામાં આવે છે." વળી ઊર્ધ્વપાતનયંત્ર અને કોષ્ઠિકાયન્ત્ર

---

૧. જુઓ રસાર્ણવ, ચતુર્થ પટલ, શ્લો. ૫૦, ૫૧; 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૧, પૃ. ૧૯૩.

૨. એજન, સપ્તમ પટલ, શ્લો. ૧૦, ૩૬ વગેરે; 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૧, પૃ. ૬૯૩.

૩. મોતીલાલ બનારસીદાસે લાહોરથી ૧૯૮૯ માં છપાવ્યો છે.

૪. હિ. હિ. કે., ગ્રં. ૨, ઉ. ૫૫.

નન્દીએ કહેલા છે એમ સોમદેવ કહે છે.[1] મતલબ કે આ નન્દીનો ગ્રન્થ એ વખતે ઉપલબ્ધ હશે. રસરત્નસમુચ્ચયકારે નન્દીનો ઉલ્લેખ કર્યો છે. સોમદેવે નન્દી ઉપરાંત નાગાર્જુન, બ્રહ્મજ્યોતિ, દંડી અને શંભુનાં નામ લખ્યાં છે.[2]

આ સોમદેવ પોતાને કરવાલભૈરવપુરના રાજા કહે છે, પણ એ પુર કે એ રાજાના વંશ વિશે કશું જાણવામાં આવ્યું નથી.

રસપ્રકાશસુધાકર[3]—શ્રી. યશોધરવિરચિત. આ ગ્રન્થના કર્તા શ્રી. યશોધર જૂનાગઢ (કાઠિયાવાડ)ના રહેવાસી ગુજરાતી શ્રીગોડ બ્રાહ્મણ હતા અને એમના વૈષ્ણવ પિતાનું નામ પદ્મનાભ હતું એમ એ પોતે જ ગ્રન્થાન્તે કહે છે.

રસરત્નસમુચ્ચયમાં ઘણા વિષયો આમાંથી લીધા છે. વળી શ્રી. પ્ર. રાય ધારે છે તેમ ર. ર. સ.ના મંગલાચરણનાં ૨૭ રસસિદ્ધોનાં નામોમાં જે યશોધન છે તેનો સાચો પાઠ યશોધર હોવો જોઈએ. વળી, સોમેશ્વર પછી એમાંથી ઉતારો કરનાર યશોધર થયા છે. મતલબ કે, આ ગ્રન્થકર્તા ઈ. સ. ૧૩ મા શતકમાં થઈ ગયા છે.[4] ર. ર. સ. પહેલાંના ગ્રન્થોમાં આ સારો વ્યવસ્થિત રસગ્રન્થ છે. એમાં પારદના અષ્ટાદશ સંસ્કારો, રસબન્ધ અને રસભસ્મવિધિ—જેમાં રસકર્પૂરનો વિધિ પણ છે, સ્વર્ણાદિ ધાતુઓ, મહારસ, ઉપરસ અને રત્નો વગેરેનાં લક્ષણો, ગુણો, શોધન અને મારણ વગેરે, એકસો રસપ્રયોગો, યન્ત્રો, મુષાઓ અને પુટોનું વિવરણ અને વાજીકરણ પ્રયોગો વગેરે રસ-

---

૧. એજન, ટીપ.

૨. એજન, ઉ. પૃ. ૫૫.

૩. આયુર્વેદ ગ્રન્થમાળામાં ગ્રન્થ છપાયો છે.

૪. જુઓ હિ. હિ. કે., ગ્રં. ૨, પૃ. ૫૭.

શાસ્ત્રના બધા વિષયો છે. એ સાથે કીમિયાની વાતો, જેને એ રસ-કૌતુક કહે છે, તે પણ છે. ગ્રંથકાર કહે છે કે "મેં થોડો અનુભવ કર્યો છે અને બાકીનું શાસ્ત્રમાંથી જાણ્યું છે."[1]

રસેન્દ્રસારસંગ્રહ—મહામહોપાધ્યાય ગોપાલ ભટ્ટનો રચેલો આ રસેન્દ્રસારસંગ્રહ ઑફ્રેટના કહેવા પ્રમાણે ૧૩મા શતકમાં રચાયેલો છે[2] અને એમાં રસકપૂરની જે બનાવટ આપી છે તેને રસપ્રકાશ-સુધાકરની અને ભાવપ્રકાશની બનાવટ સાથે સરખાવતાં એ ગ્રન્થ રસપ્રકાશસુધાકર પછી અને ભાવપ્રકાશ પહેલાં રચાયો લાગે છે.[3] આ ગ્રન્થમાં આરંભમાં રસનાં શોધન, પાતન, બોધન, મૂર્છન વગેરે, ગન્ધકનાં શોધનાદિ, વૈક્રાન્ત, અભ્રક, તાલ, મનઃશિલા વગેરેનાં શોધન, મારણ વગેરે અને પછી જ્વરાદિ રોગો ઉપર રસયોગો, એ પ્રમાણે છે. રસવિદ્યાનો વિષય રસરત્નસમુચ્ચય પેઠે વ્યવસ્થિત નથી, પણ આ ગ્રન્થના ઘણા યોગો પાછળના ગ્રન્થોમાં સંગ્રહાયા છે. ગ્રન્થકર્તાએ જ ટૂંકી ટીકા લખી છે.[4]

રસકલ્પ અને **ધાતુક્રિયા** નામના રુદ્રયામલતંત્રના બે કટકાઓની નોંધ શ્રી. પ્ર. રાયે કરી છે અને ધાતુક્રિયામાંથી લાંબો ઉતારો આપ્યો છે. રસકલ્પમાં ગોવિન્દ, સ્વચ્છન્દ ભૈરવ વગેરે આચાર્યોનો ઉલ્લેખ મળે છે. આ ટૂંકા ગ્રંથમાં ધાતુઓ આદિનાં શોધનમારણનો વિષય જ છે. શ્રી. પ્ર. રાય આ ગ્રંથને પણ ૧૩ મા શતકની આસપાસનો ધારે છે.[5]

---

૧. જુઓ રસપ્રકાશસુધાકર, અ. ૧૧, શ્લો. ૧, ૨.

૨. જુઓ વૈદ્યકશબ્દસિન્ધુનું વિજ્ઞાપન.

૩. જુઓ 'આયુર્વેદ વિજ્ઞાન', પુ. ૨, પૃ. ૨૪૨ થી ૨૪૬.

૪. સટીક રસેન્દ્રસારસંગ્રહ કલકત્તામાં ઈ. સ. ૧૮૮૫માં શ્રી. ભુવનચન્દ્ર વસાકે છપાવ્યો છે.

૫. જુઓ હિ. હિ. કે, ગ્રં. ૨, ઉ. પૃ. ૫૮.

રસસાર — ગોવિંદાચાર્યના આ રસસાર ગ્રન્થમાં પારદના અષ્ટાદશ સંસ્કાર વગેરે રસશાસ્ત્રના જાણીતા વિષયો છે. આ ગ્રન્થકર્તા તો લખે છે કે આ પદ્ધતિ ભોટદેશવાસી બૌદ્ધો જાણે છે અને બૌદ્ધમત જાણીને મેં રસસાર રચ્યો છે.[1] મતલબ કે બારમા–તેરમા શતક સુધી બૌદ્ધોમાં અને ખાસ કરીને તિબેટના બૌદ્ધોમાં રસવિદ્યા સારી રીતે જળવાઈ રહી હતી.

આ ગ્રન્થકાર અફીણનો ઉપયોગ કરે છે, જોકે અફીણ શું છે એની સાચી ખબર એને નથી. એ તો કહે છે કે સમુદ્રમાં થતાં ઝેરી માછલાંમાંથી અફીણ નીકળે છે. આ અફીણના ઉપયોગ ઉપરથી શ્રી. પ્ર. રાય ૧૩મા શતકનો ગ્રન્થકર્તાને માને છે.[2]

રસરત્નાકર — પાર્વતીપુત્ર નિત્યનાથ સિદ્ધ વિરચિત રસખંડ, રસેન્દ્રખંડ, વાદિખંડ, રસાયનખંડ અને મંત્રખંડ એ રીતે પાંચ ખંડમાં રચાયેલો આ ગ્રન્થ ઘણો મોટો છે.[3] એમાંથી વાદિખંડ તથા મંત્રખંડને બાદ કરતાં ત્રણેય બાકીના ખંડો વૈદ્યક સાથે સંબંધ ધરાવે છે. રસરત્નસમુચ્ચયમાં નિત્યનાથનું નામ મળતું હોવાથી આ નિત્યનાથ સિદ્ધ તે પહેલાં થઈ ગયા છે અને શ્રી. જા. ત્રિ. આચાર્ય કહે છે[4] તેમ આ ગ્રન્થમાં કહેલો વાલુકામીન પ્રયોગ એ 'સમકઉલ સેદા રેગમાહી' નામથી યૂનાનીમાં પ્રસિદ્ધ પ્રયોગ છે; એ જોતાં યુનાની વૈદ્યક આ દેશમાં આવ્યા પછી એટલે ઈ. સ. ૧૩મા શતકમાં નિત્યનાથ થયા છે. આ ગ્રન્થમાં રસશોધન,

---

૧. एवं बौद्धा विजानन्ति भोटदेशनिवासिनः तथा बौद्धं मतं तथा ज्ञात्वा रससारः कृतो मया ।

૨. હિ. હિ. કે., ગ્રં. ૨, ઉ. પૃ ૬૯.

૩. રસરત્નાકરના પાંચેય ખંડ છપાયા છે. વાદિખંડ અને મંત્રખંડ શ્રી. જીવરામ કાલિદાસે અને રસ તથા રસેન્દ્ર ખંડ કલકત્તામાં છપાયા છે, જ્યારે રસાયનખંડ આયુર્વેદ ગ્રન્થમાળામાં છપાયો છે.

૪. આયુર્વેદ ગ્રન્થમાળામાં સંપાદિત રસાયનખંડનું નિવેદન.

મારણ વગેરે રસવિદ્યાના ખાસ વિષયો રસખંડના આરંભમાં આપ્યા પછી જ્વરાદિ રોગોની ચિકિત્સા વિસ્તારથી આપી છે, જેમાં ઔષધીય યોગો છે, પણ રસયોગો વિશેષ પ્રમાણમાં છે.

ઉપર પ્રમાણે રસરત્નાકરથી—૧૩મા શતકથી રસવૈદ્યક કે રસપ્રચુર ચિકિત્સાનો યુગ શરૂ થયો છે એમ કહી શકાય. જોકે નિત્યનાથ-વિરચિત એ જ એ પ્રકારનો પહેલો ગ્રન્થ છે એમ નથી કહી શકાતું; ઊલટું રસરત્નાકરના યોગોની મોટી સંખ્યા જોતાં એટલા બધા યોગો એકદમ કે એક જ વૈદ્યને હાથે તૈયાર થવાનો સંભવ નથી, પણ જે મળે છે તે ગ્રન્થોનો સમયનિર્ણય ઘણો મુશ્કેલ છે. વળી ૧૧માથી ૧૩મા શતકમાં રસવૈદ્યકમાં પણ પ્રવૃત્તિ થઈ હોય એમ લાગે છે. કેવળ રસવિદ્યાના કહેવાય એવા સારા ગ્રન્થો જોકે થોડા મળ્યા છે, પણ એ સૈકાઓમાં રચાયાં હોય એવાં ઘણાં પ્રકીર્ણ પાનાંઓ મળે છે. ધાતુરત્નમાલા, સુવર્ણતંત્ર, કાકચંડેશ્વરીમત, મદનાન્તસૂરિ-વિરચિત રસચિન્તામણિ વગેરેની શ્રી. પ્ર. રાયે હિ. હિ. કે. ના બીજા ગ્રન્થમાં નોંધ લીધી છે. પણ આ દેશના એ મધ્યકાલીન રસશાસ્ત્રીઓનું ધ્યાન શુદ્ધ રસશાસ્ત્ર (કેમિસ્ટ્રી) કે એમાંથી ઉત્પન્ન થતી બીજી ઔદ્યોગિક વિદ્યાઓ ખેડવા તરફ પહેલેથી જ થોડું હશે. છેક ઈ. સ. ચારસોની આસપાસનો દિલ્હીનો ગુપ્ત લેખવાળો લોહ-સ્તંભ તથા બીજી એવી લોહાદિ ધાતુઓમાંથી બનેલી પ્રાચીન વસ્તુઓ જોતાં ઉદ્યોગોમાં રસશાસ્ત્રીય જ્ઞાન વપરાતું હોવામાં શંકા નથી, પણ એ શાસ્ત્રનું જે જ્ઞાન ગ્રન્થોદ્વારા જળવાયું છે તે તો ઉપર કહ્યા તેવા તાંત્રિક ગ્રન્થોમાં જ છે. અને એ તાંત્રિકો પોતે જ કીમિયાની પાછળ ખુવાર થવામાં સાર ન જોઈને અને પારદ, ગન્ધક, લોહ વગેરેનો વૈદ્યક ઉપયોગ વિશેષ ફલપ્રદ છે એવું જોઈને રસવૈદ્યક તરફ વળ્યા હોય; અથવા વૈદ્યોએ જ તાંત્રિકોની રસવિદ્યાનો લાભ લીધો હોય એમ હોય. રસહૃદય જેવા ગ્રન્થમાં રસના રસાયન તરીકેના ઉપયોગની વાત છે, એ જોતાં મને દક્ષિણમાર્ગી અને

સમજુ તાંત્રિકો પહેલાં વૈદ્યક તરફ વળ્યા અને પછી વૈદ્યોએ એ વિદ્યાને અપનાવી લીધી હોય એમ લાગે છે. છેક તેરમા શતકથી આરંભમાં શુદ્ધ રસપ્રકરણના અધ્યાયો હોય અને પછી જ્વરાદિ રોગો ઉપર રસયોગોથી મુખ્યત્વે ભરેલી ચિકિત્સા હોય એવા ગ્રન્થો લખાવા માંડયા છે.

આ પ્રકારના રસવૈદ્યક ગ્રન્થોમાંના રસેન્દ્રચિન્તામણિ,[1] માળવાના રાજાના વૈદ્ય મથનસિંહનો રસનક્ષત્રમાલિકા,[2] વિષ્ણુદેવનો રસરાજલક્ષ્મી[3] વગેરે અનેક ગ્રન્થો ૧૩મા ૧૪મા શતક જેટલા જૂના છે, પણ ઘણી રીતે સર્વશ્રેષ્ઠ અને એ પ્રકારના ગ્રન્થોમાં સૌથી વધારે પ્રખ્યાતિ પામેલો તો રસરત્નસમુચ્ચય છે.

રસરત્નસમુચ્ચયના કર્તાનું નામ વાગ્ભટ છે અને અષ્ટાંગસંગ્રહના કર્તા વાગ્ભટ પેઠે આ વાગ્ભટ પણ પોતાને સિંહગુપ્તના પુત્ર કહે છે. કેવળ આ નામસામ્ય ઉપરથી જૂના વૈદ્યો અષ્ટાંગસંગ્રહના અને અષ્ટાંગહૃદયના કર્તા વાગ્ભટ જ રસરત્નસમુચ્ચયના પણ કર્તા છે એવું માનતા હતા; પણ આયુર્વેદના ઇતિહાસનો વિચાર જે વિદ્વાન વૈદ્યોએ આ જમાનામાં કર્યો છે, તેઓએ રસરત્નસમુચ્ચયના કર્તા વાગ્ભટને ભિન્ન તથા પાછળના ગણ્યા છે[4] અને રસરત્નસમુચ્ચયમાં ચર્પટીનો તથા સિંઘણ રાજાનો ઉલ્લેખ છે એ ઉપરથી તથા પૌર્વાપર્ય વગેરે

---

૧. આ રસેન્દ્રચિન્તામણિ ગ્રન્થની કેટલીક હાથપ્રતોમાં કર્તાનું નામ કલાનાથના શિષ્ય ઢુંઢુકનાથ એમ છે, જ્યારે કેટલીકમાં ગુહકુલસંભવ રામચંદ્ર એમ છે. છપાયેલાં પુસ્તકોમાં પણ આ મતભેદો જોવામાં આવે છે. ગ્રન્થ પહેલાં કલકત્તામાં છપાયેલ છે, અને સં. ૧૯૯૧ માં વૈદ્ય પં. મણિશર્માએ પોતાની સંસ્કૃત ટીકા સાથે રામગઢ (જયપુર)થી છપાવેલ છે. આ ગ્રન્થને ૧૩ મા ૧૪ મા શતકનો પ્ર. રાય ગણે છે (હિ. હિ. કે., ગ્રં. ૨, પૃ. ૨૫૧).

૨. આ ગ્રન્થમાં અફીણનો ઉપયોગ છે (હિ. હિ. કે., ગ્રં. ૨).

૩. આ વૈદ્ય રાજા બુક્કના રાજવૈદ્ય હતા માટે ૧૪મા શતકના પાછલા ભાગમાં થઈ ગયા (હિ. હિ, કે., ગ્રં, ૨).

૪. જુઓ ‘પ્રત્યક્ષશારીર’નો ઉપોદ્‌ઘાત.

ઉપરથી શ્રી. પ્ર. રાયે ર. ર. સ.નો સમય ૧૩મા શતકમાં માન્યો છે તે બરાબર લાગે છે.[૧]

રસરત્નમુચ્ચયના પહેલા ૧૧ અધ્યાયોમાં રસોત્પત્તિ, મહારસોનાં શોધન આદિનું નિરૂપણ, ઉપરસ, સાધારણ રસનાં શોધનાદિ વગેરે શુદ્ધ રસશાસ્ત્રીય વિષયો છે અને બાકીના ભાગમાં જ્વરાદિ રોગો ઉપર રસયોગોના પ્રાધાન્યવાળી ચિકિત્સા છે.[૨]

ર. ર. સ. માં જે શુદ્ધ રસશાસ્ત્રીય વસ્તુ છે તેમાંથી નમૂના તરીકે થોડું ઉતાર્યું છે.

ર. ર. સ.કાર કહે છે કે "જ્ઞાનવાળો, દક્ષ, રસશાસ્ત્રમાં કુશળ, મંત્રસિદ્ધ, મહાવીર, નિશ્ચલ, શિવ અને પાર્વતીનો ભક્ત, હમેશાં ધૈર્યવાળો, દેવપૂજનતત્પર, સર્વ રસવિદ્યાની વિશેષતા જાણનાર અને રસકર્મમાં કુશળ એવો માણસ આચાર્ય થવાને યોગ્ય છે."

શિષ્યનાં લક્ષણોમાં ગુરુભક્ત, સદાચાર વગેરે સાથે મંત્રારાધન-તત્પરતાને પણ નોંધેલ છે.[૩]

રસશાળા વિશે એ ગ્રન્થકાર કહે છે કે "મનોરમ, રોગરહિત અને ધર્મરાજ્યવાળા દેશમાં તથા ઉમા–મહેશ્વરથી યુક્ત સમૃદ્ધિવાળા સારા નગરમાં મોટા બાગની વચ્ચે ચાર દ્વારથી સુશોભિત રસશાળા કરવી. તેની પાસે અત્યંત ગુપ્ત એવો રસમંડપ કરવો અને તેમાં અરીસા જેવી ચળકતી ભૂમિ બનાવી એના ઉપર રમણીય વેદી કરવી."[૪]

---

૧. જુઓ વાગ્ભટ નિ. પ્રે.ની ૧૯૩૯ની આવૃત્તિમાં વાગ્ભટવિમર્શ, પૃ. ૪૦. ચર્પટીનો ઉલ્લેખ તો ર. ર. સ., અ. ૬, શ્લો. ૫૮માં છે. હિ. હિ. કે., ગ્રં. ૧, ઉ., પૃ. ૮૮ તથા ગ્રં. ૨, પૃ. ૨૨૨–૨૩.

૨. રસરત્નસમુચ્ચયની અનેક આવૃત્તિઓ મળે છે. આ. સં. સી.ની જૂની છે, પણ હાલમાં પં. હજારીલાલ શુક્લની સંસ્કૃત ટીકા સાથે પણ પીલીભીતથી સં. ૧૯૯૪માં છપાઈ છે.

૩. ર. ર. સ., અ. ૬, શ્લો. ૩–૪. એજન, અ. ૫, શ્લો. ૬–૭.

૪. એજન, અ. ૬, શ્લો. ૧૩, ૧૪, ૧૮.

આ રસશાળામાં "હમેશાં રસનું શિવલિંગ બનાવી તેનું પૂજન કરવું".[1] "સોનાનાં પતરાં ત્રણ તોલા અને પારો તોલા ૯ મેળવી ખટાઈમાં ઘૂંટી શિવલિંગ[2] બનાવવું."

આગળ ચાલતાં એ જ ગ્રન્થકાર કહે છે કે "જે રસવિદ્યા શિવે પોતે કહેલી છે તે રસવિદ્યા અતિશય ગુપ્ત રાખવા યોગ્ય છે અને સાધકને વિધિપૂર્વક આપવી."[3]

આ શબ્દો તથા આચાર્યનાં લક્ષણો તેમ જ શિવલિંગપૂજનનો આ માર્ગમાં જે મહિમા કહ્યો છે તે જોતાં મૂળ મહાયાન બૌદ્ધ તાંત્રિકો પાસેથી શૈવ અને શાક્ત તાંત્રિકો પાસે આ વિદ્યા આવેલ છે, અને તેઓએ જ એને ગુપ્ત રાખીને ખેડી છે એ સ્પષ્ટ દેખાય છે. પણ એ તાંત્રિકો વૈદ્યક તરફ વળ્યા એથી આ દેશના વૈદ્યકને મોટો લાભ થયો.

ઉપર કહેલી સર્વસાધનયુક્ત રસશાળામાં ર. ર. સ.કાર કહે છે કે [4] "પૂર્વ દિશામાં રસભૈરવની સ્થાપના કરવી. અગ્નિખૂણામાં ભઠ્ઠીઓ રાખવી. ખરલ વગેરે દક્ષિણ દિશામાં રાખવી. નૈઋત્યખૂણામાં શસ્ત્રકર્મને રાખવું. પશ્ચિમમાં ધોવા વગેરેનાં સાધનો, વાયવ્ય ખૂણામાં સૂકવવાનાં સાધનો અને સિદ્ધ વસ્તુઓને ઈશાન ખૂણામાં રાખવી."

વળી રસકર્મમાં આવશ્યક પદાર્થોની ગ્રન્થકારે યાદી આપી છે: "સત્ત્વપાતન કોષ્ઠી, અનેક જાતની પાણીની કોઠીઓ, બે ધમણો, માટીની ધાતુની તથા પથ્થરની કોઠીઓ, ફૂંકણીઓ, ખાંડવાનાં સાધનો, વાટવાનાં સાધનો, ખરલો, તપાવાય એવી

૧. એજન, અ. ૬, શ્લો. ૧૮.

૨. શિવલિંગ બનાવવાની ક્રિયા કાંઈક રહસ્યવાળી કહી શકાય, છતાં એ રહસ્ય જાણનારા વૈદ્યો છે.

૩. એજન, શ્લો. ૭૦.

૪. ર. ર. સ., અ. ૭, શ્લો. ૩ થી ૧૦.

લોઢાની ખરલો, અનેક જાતના બત્તાઓ, ચાળણીઓ વગેરે સાધનોનો સંગ્રહ કરવો."[૧]

રસશાસ્ત્રે રસરત્નસમુચ્ચય પ્રમાણે ખનિજોને પાંચ ભાગમાં વહેંચેલ છે : રસો, ઉપરસો, સાધારણ રસો, રત્નો અને લોહો. તેમાં રસ મુખ્યત્વે પારાનો વાચક છે, પણ રસશાસ્ત્રીઓ અભ્રકાદિને પણ રસ કહેવા માંડયાં એટલે પારો રસેન્દ્ર કહેવાયો. હવે રસ આઠ છે : (૧) અભ્રક, (૨) વૈક્રાન્ત, (૩) માક્ષીક, (૪) વિમલ, (૫) શિલાજિત, (૬) સસ્યક, (૭) ચપલ, (૮) રસક. ઉપરસ પણ આઠ છે : (૧) ગન્ધક, (૨) ગૈરિક, (૩) કાસીસ, (૪) તુવરી, (૫) હરતાલ, (૬) મણુશીલ, (૭) અંજનો, (૮) કંકુષ્ઠ. પછી સાધારણ રસો : (૧) કમ્પિલ્લ, (૨) ગૌરીપાષાણ, (૩) નવસાર, (૪) કપર્દ, (૫) અગ્નિજાર, (૬) ગિરિસિન્દૂર, (૭) હિંગુલ અને (૮) મૃદ્દારશૃંગ. રત્નો: (૧) વૈક્રાન્ત, (૨) સૂર્યકાન્ત, (૩) ચન્દ્રકાન્ત, (૪) હીરા, (૫) મોતી, (૬) રાજાવર્ત, (૭) પુષ્પરાગ, (૮) ગરુડોદ્દગાર, (૯) પ્રવાલ, (૧૦) ગોમેદ, (૧૧) વૈદૂર્ય, (૧૨) નીલ. રસરત્નસમુચ્ચયકારે ધાતુઓ, જેને એ લોહ કહે છે, તેની ગણતરી આ પ્રમાણે કરી છે : (૧) સુવર્ણ, (૨) રૌપ્ય, (૩) લોઢું, (૪) નાગ, (૫) બંગ, (૬) પિત્તલ, (૭) કાંસ્ય અને (૮) વર્તલોહ[૨]. ર. ર. સ.કારે પિત્તળ, કાંસ્ય અને વર્તલોહ ત્રણેયને મિશ્રધાતુ કહેલ છે અને કાંસું તથા વર્તલોહમાં કઈ કઈ ધાતુનું મિશ્રણ છે તે પણ કહેલું છે.

ર. ર. સ. પછી રસયોગોના મોટા સંગ્રહવાળા ગ્રન્થોની રચનાનો પ્રવાહ વધ્યો છે, છતાં જેમાં રસસંસ્કારો, ધાતુ, ઉપધાતુ,

---

૧. ઉપર ટૂંકો ઉતારો કર્યો છે, પણ એ આખા અધ્યાયમાં રસશાળામાં જોઈતી વસ્તુઓ, કામ કરનાર માણસો વગેરેનું જ વર્ણન છે.

૨. ર. ર. સ. માં રસોનું વર્ણન અ. ૨ માં, ઉપરસો અને સાધારણ રસોનું અ. ૩ માં, રત્નોનું અ. ૪માં અને ધાતુઓનું અ. ૫ માં છે. ર. ર. સ. માં આપેલા રસો વગેરેનાં નામોમાંથી હાલમાં કઈ વસ્તુ ઓળખાય છે તે જાણવા માટે હિ. હિ. કે., ગ્રં. ૧ અથવા ડૉ. વામન ગણેશ દેસાઈનું 'ભારતીય રસશાસ્ત્ર' જુઓ.

મહારસ, ઉપરસ, રત્ન, ઉપરત્ન વગેરેનાં પરિચય, શોધન, મારણ મુખ્ય હોય અને સાથે રસયોગો પણ થોડા હોય એવા પણ કેટલાક ગ્રન્થો રચાયા. દા. ત., રસપદ્ધતિ એ જાતનો ગ્રન્થ છે.[1] એ ભિષગ્વર બિન્દુનો રચેલો છે અને તેના ઉપર તેના પુત્ર મહાદેવની ટીકા છે. ટીકાના ઉતારા ઉપરથી રસરત્નાકર, રસરાજલક્ષ્મી, રસરત્નસમુચ્ચય વગેરે પછી આ ગ્રન્થ રચાયો છે. અને આ ગ્રન્થના સંપાદક શ્રી. જાદવજી ત્રિ. આચાર્ય કહે છે તેમ રસ–કામધેનુ અને આયુર્વેદ–પ્રકાશમાં રસપદ્ધતિમાંથી ઘણાં પદ્યો ઉતાર્યાં છે. એટલે એ ૧૭ મા શતક પહેલાં રચાયો છે. ગ્રન્થકર્તા મહારાષ્ટ્રના છે એમ સંપાદકે જ નોંધ્યું છે.

પણ ર. ર. સ. પછી ધીમે ધીમે રસશાસ્ત્રને પોતાને ખેડવાની વૈજ્ઞાનિક વૃત્તિ ક્ષીણ થતી ગઈ, એ તો પછીના ગ્રન્થો જોતાં સ્પષ્ટ દેખાય છે. ર. ર. સ. ના વખતનો રસવિદ્, કાંસું જાતે બનાવતો કદાચ નહિ હોય, પણ એ શું છે અને શેમાંથી બને છે તે જાણતો હતો.[2] પાછળથી એ પ્રકારનો વૈજ્ઞાનિક વિચાર વધ્યો નથી, પણ ઘટ્યો છે. ગ્રન્થનાં કેટલાંક વચનો પણ સંદિગ્ધ થઈ [illegible] ત્યપૂણામાં રસકવૈદ્યકમાં પાછળથી થોડું જ્ઞાન વધ્યું પણ છે. દા. ત., [illegible]રથૂથુમાંથી તામ્રરૂપ સત્ત્વ મળે છે એ તો ર. ર. સ.માં નોંધ્યું છે.[3] પણ ભાવપ્રકાશમાં મોરથૂથુને સ્પષ્ટ તામ્રની ઉપધાતુ કહેલ છે એ વસ્તુને વિશેષજ્ઞાનસૂચક કહી શકાય.[4] વળી, જોકે રસાર્ણવાદિ ગ્રન્થોમાં બિડનો નિર્દેશ છે, પણ શંખદ્રાવ જેવા તેજાબનો સ્પષ્ટ નિર્દેશ તો પાછલા ગ્રન્થોમાં જ મળે છે. સોનીઓ વગેરે કારીગરોએ તેજાબનો પહેલાં, ઘણું કરી અકબરના સમયમાં ઉપયોગ કરવા માંડ્યો લાગે છે.[5]

---

૧. આયુર્વેદ ગ્રન્થમાળા (૧૪મું પુષ્પ)માં આ ગ્રન્થ ૧૯૨૫માં છપાયો છે.

૨. ર. ર. સ., અ. ૫, શ્લો. ૨૦૫ તથા ૨૧૨.

૩. એજન, અ. ૨, શ્લો. ૧૩૫.

૪. હિ. હિ. કે., ગ્રં. ૧, પૃ. ૧૭૨.

૫. એજન, પૃ. ૧૮૬–૮૭.

ખંડ ૫

દક્ષિણ ભારતનું વૈદક

ઈ. સ. ૧૩ મા ૧૪ મા શતક સુધી આપણે પહોંચી ગયા છીએ. અર્વાચીન કાળ તરફ એથી આગળ વધતાં પહેલાં દક્ષિણ ભારત, જેમાં દ્રાવિડ, આન્ધ્ર, કેરલનો સમાવેશ થઈ જાય છે, તે પ્રદેશના વૈદક ઉપર એક ટૂંકી નજર નાખી લઈએ.

દક્ષિણ ભારતના વિદ્વાન વૈદ્યો પોતાને ત્યાં પ્રચલિત વૈદકને અગસ્ત્યસંપ્રદાય કહે છે અને આત્રેય, સુશ્રુત એ બે જેવો એને ત્રીજો સંપ્રદાય ગણે છે;[1] પણ ઐતિહાસિક દૃષ્ટિએ ખરી વાત એટલી જ લાગે છે કે દક્ષિણ ભારતમાં ઉત્તરમાંથી જે સંસ્કારપ્રવાહ ઘણા પ્રાચીન કાળમાં ગયો તેને ત્યાંના લોકોએ અગસ્ત્ય નામ આપ્યું. પણ આથી દક્ષિણ ભારતનાં તામિલ, કેરલ અ[illegible]ાણું કર[illegible]) બંગ, (ઉત્તરમાંથી સંસ્કારો ગયા પહેલાં કશું સંસ્કૃતિ જેવું [illegible] તર[illegible]હ એમ કહેવાની મારી મતલબ નથી, પણ એ પ્રાચ્યાનતર સ્વતંત્ર અંશ અત્યારે છૂટો પાડવો અશક્ય છે; એટલે સ્થાનિક અને ઉત્તરમાંથી આગન્તુક સંસ્કારોનું મિશ્રણ થઈને દક્ષિણ ભારતમાં જે સંસ્કૃતિપ્રવાહ ચાલ્યો તે અગસ્ત્યસંપ્રદાય. વળી, દક્ષિણનો પ્રદેશ મધ્યકાળમાં પણ કાંઈક છૂટો રહેવાથી ત્યાં જે વિકાસ થયો તે પણ

---

૧. જુઓ 'દક્ષિણ ભારતમાં આયુર્વેદવિદ્યાનો પ્રચાર' એ નામનું ૨૬-૨-૧૯૧૭ને દિવસે પૂનાના આઠમા નિ. ભા. વૈદ્ય સંમેલનમાં આપેલું અને 'આયુર્વેદ વિજ્ઞાન' પુ. ૧ ના પૃ. ૧૧૫ થી આગળ છપાયેલું વ્યાખ્યાન. એ વ્યાખ્યાનમાંથી આ પ્રકરણમાંની માહિતી ઉતારી છે.

ઉત્તરથી કાંઈક જુદી રીતે એની પોતાની વિશિષ્ટ રીતે થયો, પણ મૂળ આત્મા તો ઉત્તરમાંથી ઊતરી આવેલો તે જ રહ્યો. બીજી બાબતમાં આ વિધાન કેટલું સાચું હશે તે નથી કહી શકતો, પણ વૈદ્યક બાબતમાં લગભગ પૂરા અંશમાં સાચું છે.

દક્ષિણ ભારતની શ્રુતપરંપરા પ્રમાણે અગસ્ત્યસંપ્રદાયનો પહેલાં મહાદેવે પાર્વતીને ઉપદેશ કર્યો, તેણે નન્દીશ્વરને, તેણે ધન્વન્તરિને, ધન્વન્તરિએ અગસ્ત્યને, અગસ્ત્યે મહર્ષિ ચુલસ્ત્યને, તેણે તેરય્યરને ઉપદેશ કર્યો અને તેની પાસેની અઢાર કે બાવીસ સિદ્ધોને વૈદ્યકવિદ્યા પ્રાપ્ત થઈ. આ પરંપરામાં અગસ્ત્યના ઉપદેશક ધન્વન્તરિ છે એ હકીકત ઉપર કરેલા અનુમાનને ટેકો આપે છે.

એ ૧૮ કે ૨૨ સિદ્ધોના પાછા બે ભેદ છે : (૧) વડસંપ્રદાય, અને (૨) તેનસંપ્રદાય.[૧] જે સિદ્ધોએ સંસ્કૃતભાષામાં ગ્રન્થો રચ્યા છે કે સંસ્કૃત ગ્રન્થોના દ્રાવિડ ભાષામાં અનુવાદો કર્યા છે તેઓ વડ-સાંપ્રદાયિક કહેવાય છે, અને જેઓએ દ્રાવિડ ભાષામાં ગ્રન્થો લખ્યા છે તેઓ તેનસાંપ્રદાયિક કહેવાય છે.

અગસ્ત્યસંપ્રદાયના ગ્રન્થો મોટે ભાગે રસકર્મનો ઉપદેશ આપે છે. જોકે રસાર્ણવ વગેરે ગ્રન્થોનાં રસકર્મોથી આ 'અગસ્ત્યસંપ્રદાયોક્ત કર્મો કાંઈક ભિન્ન છે, છતાં તેમાં રસકર્મનું પ્રાધાન્ય છે. આ સંપ્રદાય સિદ્ધોથી ચાલ્યો ગણાય છે. હાલમાં પણ એ સિદ્ધવૈદ્યક જ કહેવાય છે. એ જોતાં રસવિદ્યાના વિકાસ સાથે આ અગસ્ત્યસંપ્રદાયનો પ્રચાર થયો છે એમ જણાય છે;[૧] છતાં દક્ષિણ ભારતના સિદ્ધસંપ્રદાયમાં ઉત્તરના ગ્રન્થોમાં નથી મળતી એવી કેટલીક ક્રિયાઓ છે તેમ નવા યોગો પણ કહેલા છે.

---

૧. દક્ષિણ ભારતમાં આ રીતે વડ અને તેન બે ભેદો સાર્વત્રિક છે. ધાર્મિક ઇતિહાસમાં પણ એ ભેદ મળે છે. (જુઓ મારો 'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ', આ. ૨. પૃ. ૧૮૧). તામિલના સિદ્ધવૈદ્યક ગ્રન્થોની એક યાદી એઇન્સ્લીએ પોતાના મેટીરિયા મેડિકા (ઈ. સ. ૧૮૨૬), ભા. ૨ માં પૃ. ૪૯૧ થી આગળ આપી છે.

બીજું, નાડીપરીક્ષાની વાત વૃદ્ધત્રયીમાં નથી એ પ્રસિદ્ધ છે. પાછળના ગ્રન્થોમાં એ વિદ્યા ક્યાંથી આવી? દ્રાવિડભાષામાં લખાયેલા ઠીક જૂના ગણાય એવા ગ્રન્થોમાં નાડીજ્ઞાન અને મૂત્રપરીક્ષાની વાત છે, એ જોતાં નાડીજ્ઞાન દક્ષિણમાંથી ઉત્તરમાં આવ્યું હોય એ સંભવિત છે. અલબત્ત, ચોક્કસ નિર્ણય એ દ્રાવિડ ગ્રન્થોનો ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ થયા પછી થઈ શકે.

આ સિદ્ધસંપ્રદાયના વૈદ્યક સાહિત્યના કાલનિર્ણય માટે ઐતિહાસિક દૃષ્ટિએ સ્વ. પં. ડી. ગોપાલાચાર્લુ કહે છે તેમ વિશેષ વિચાર થયો નથી, અને ગ્રન્થોનાં નામ માત્ર ઉતારવાનો કશો અર્થ નથી, એટલે એ સ્વ. દ્રાવિડ વિદ્વાનને અનુસરી જે ગ્રન્થો વિશે ટૂંકી પણ નોંધ મળે છે તેની જ યાદી નીચે ઉતારી છે.

દ્રાવિડ પ્રદેશમાંથી ત્યાંના વૈદ્યો છેક સિંહલદ્વીપ સુધી પ્રવાસ કર્યો છે. આનન્દકન્દ[1] નાથના ગ્રન્થનો કર્તા મન્થાનભૈરવ સિંહલદ્વીપની રાજસભાનો વૈદ્ય હતો એમ કહે છે. જે અનેકનાં તન્ત્રો જોઈને ૨. ૨. સ.ની રચના પોતે કરી હોવાનું તેનો કર્તા કહે છે તેમાંનો જ જો આ મન્થાનભૈરવ હોય તો તાંત્રિક રસવૈદ્યો દક્ષિણમાં છેક સિંહલદ્વીપ સુધી ફેલાયા હતા એમ જણાય છે. બીજી તરફથી દ્રાવિડ રસવિદ્યાનાં અને ઉત્તરની રસવિદ્યાનાં મૂળરૂપ તંત્રો લગભગ એક જ હતાં એમ દેખાય છે.

સિંહલદ્વીપના વૈદ્યક સાહિત્યમાં ૭-૮ ગ્રન્થોનાં નામો પં. ડી. ગોપાલાચાર્લુએ ગણાવ્યાં છે, જેમાંનો ભેષજમંજૂષા પાલીભાષામાં લખેલો ગ્રન્થ છે અને તેમાં મોટે ભાગે વનસ્પતિયોગો તથા થોડા રસયોગો છે. સારસંક્ષેપ સિંહલ ભાષામાં છે, જ્યારે સારાર્થસંગ્રહ, ભેષજકલ્પ, યોગશતક વગેરે ગ્રન્થો સંસ્કૃત ભાષામાં છે. યોગશતક ઉપર સંસ્કૃત ટીકા પણ છે. એમાં યોગોનો સંગ્રહ છે અને

---

૧. શ્રી ભૈરવોક્ત આનન્દકન્દ નામનો ગ્રન્થ સં. ૧૯૯૭માં નિ. ભા. વૈદ્ય સંમેલન તરફથી છપાયો છે.

સિંહલદ્વીપના વૈદ્યો મોટે ભાગે આ ગ્રન્થને અનુસરીને ચિકિત્સા કરે છે. યોગરત્નાકર નામનો ગ્રન્થ મયૂરપાદ ભિક્ષુ નામના પ્રખ્યાત વૈદ્યે રચેલો છે. આ પણ યોગસંગ્રહ છે.

કેરલમાં આયુર્વેદ—કેરલ જોકે દ્રાવિડદેશ નથી, પણ દક્ષિણ ભારતનો તો છેડો ગણાય. એ પ્રદેશમાં અષ્ટાંગહૃદયનો ઘણો પ્રચાર છે. ખરી રીતે વૃદ્ધત્રયીમાંથી અષ્ટાંગહૃદયનું જ પઠનપાઠન ત્યાં થાય છે. સામાન્ય વૈદ્યો માટે તો એ સિવાય બીજો વૈદ્યક ગ્રન્થ જ ન હોય એવું વલણ રૂઢ છે, પણ કેરલના વૈદ્યકમાં કેટલીક વિશેષતા છે. સ્નેહ-સ્વેદાદિ પંચકર્મ કરવાની ત્યાં સામાન્ય પ્રથા છે. ત્યાંના વૈદ્યકમાં આ કર્મો મોટો ભાગ ભજવે છે અને એ કર્મો માટે ખાસ સાધનો વપરાય છે. બીજી વિશેષતા કેરલમાં કેટલાક વૈદ્યો જ લીલી અને સૂકી ઓષધીય વનસ્પતિઓ વેચવાનો ધંધો કરે છે. અને કેરલમાં અગદ-તંત્રનો ઘણો પ્રચાર છે. કેટલાંક વૈદ્યકુટુમ્બો જૂના કાળથી વિષવૈદ્યકનું કામ કરનારાં છે.

કેરલમાં અષ્ટ વૈદ્ય નામથી પ્રસિદ્ધ આઠ વૈદ્યકુટુમ્બો છે. તેઓના મૂળપુરુષો પરશુરામાવતારના વખતમાં અષ્ટાંગઆયુર્વેદના એક એક અંગમાં પારંગત હતા એવી દંતકથા છે. આ કુટુમ્બો નમ્બૂદ્રી બ્રાહ્મણ ગણાય છે અને સારી સ્થિતિમાં છે. તેમાંના કોઈ કોઈને રાજ્યો તરફથી જૂના વખતમાં દાનો મળ્યાં છે.

કેરલના વૈદ્યક સાહિત્યમાં અષ્ટાંગસંગ્રહની ઇન્દુ ટીકા કેરલમાં લખાઈ હોવાનો સંભવ છે. પછી ભદન્ત નાગાર્જુનરચિત રસ-વૈશેષિકસૂત્ર નામનો ગ્રન્થ તથા તેના ઉપરનું નરસિંહકૃત ભાષ્ય કેરલ દેશમાં લખાયેલ છે. આ રસવૈશેષિકસૂત્રમાં આરોગ્યશાસ્ત્રની મીમાંસા છે. આ પ્રકારનો હું ધારું છું કે આ એક જ ગ્રન્થ આયુર્વેદિક સાહિત્યમાં છે. આ ગ્રન્થના કર્તા ભદન્ત નાગાર્જુન, સભાષ્ય રસ-વૈશેષિકસૂત્રના સંપાદક શ્રી. શંકર મેનન કહે છે તેમ, બીજા

નાગાર્જુનોથી ભિન્ન અને કેરલના બૌદ્ધ સંન્યાસી જણાય છે.[1] એના ટીકાકાર નરસિંહ પણ કેરલના છે. ટીકાકારનો સમય શ્રી. શંકર મેનન ઈ. સ. આઠમા શતકમાં અને સૂત્રકારનો તે પહેલાં પાંચમાથી સાતમા શતકની વચ્ચે માને છે,[2] પણ એ સમયનિર્ણય માટે અપાયેલો પુરાવો પૂરતો નથી લાગતો.

તન્ત્રયુક્તિવિચાર નામનો નીલમેઘ વૈદ્યનો રચેલો એક ગ્રન્થ પણ કેરલીય છે. આ નીલમેઘ વૈદ્યનું અપર નામ વૈદ્યનાથ હતું. એ ગ્રન્થના મંગલધ્યાનમાં ઇન્દુ અને જેજ્જટને ભણાવતા વાહટ (વાગ્ભટ)-નો ઉલ્લેખ છે. એ જોતાં કર્તા વાગ્ભટ અને જેજ્જટ પછી થયા છે. ક્યારે તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. શ્રી. શંકર મેનન નીલમેઘ વૈદ્યને શંકરાચાર્યના સમકાલીન ગણે છે, પણ એમની દલીલ હૃદયગ્રાહી નથી; પણ અષ્ટાંગહૃદયની લોકપ્રિયતા, વાગ્ભટવિષયક દંતકથા, તન્ત્રયુક્તિવિચાર જેવા ગ્રંથની રચના વગેરે કેરલમાં ઉત્તરના આયુર્વેદિક ગ્રન્થોનો સારો પ્રચાર દર્શાવે છે.

રસોપનિષદ નામનો પાર્વતીપરમેશ્વરના સંવાદરૂપ અષ્ટાદશાધ્યાયાત્મક એક ગ્રન્થ ત્રિવેન્દ્રમ્ સંસ્કૃત સિરીઝમાં છપાયો છે, જેમાં રસવિદ્યાની જ માટીમાંથી ધાતુ કાઢવાની તથા કીમિયાની વાતો રસહૃદય વગેરેથી કાંઈક જુદી રીતે કહેલી છે અને રસયોગો નથી. રસમહોદધિ નામના કોઈ મોટા ગ્રન્થનો ભાગ હોય એવો આ ગ્રન્થ છે. કેરલના વૈદ્યવર કાલિદાસનો રચેલો વૈદ્યમનોરમા નામનો એક ગ્રન્થ આયુર્વેદ ગ્રન્થમાળામાં (આઠમું પુષ્પ) છપાયો છે.

ઉપર નોંધ્યા છે તે ઉપરાંત ધારાકલ્પ[3], હરમેખલા[4], સહસ્ર-

---

૧. જુઓ રસવૈશેષિકસૂત્રની શ્રી. વંચિસેતુ લક્ષ્મી ગ્રન્થાવલિ આ. (ગ્રન્થાંક ૮)માં શંકર મેનનનો અંગ્રેજી ઉપોદ્ઘાત પૃ. ૧૨, ૧૪.

૨. એજન, પૃ. ૨૦.

૩. ધારાકલ્પ નામનો એક ગ્રન્થ આયુર્વેદ ગ્રન્થમાળા(પુષ્પ ૯મું)માં છપાયો છે, અને સ્વેદકર્મની કેરલમાં પ્રચલિત પદ્ધતિ માટે એ જોવા જેવો છે.

૪. ત્રિવેન્દ્રમ્ સંસ્કૃત સિરીઝમાં હરમેખલા ગ્રન્થ ૧૯૩૭માં છપાયો છે.

યોગ,[1] આરોગ્યકલ્પદ્રુમ, સર્વરોગચિકિત્સારત્ન, ચિકિત્સાનૂલુ વગેરે ગ્રન્થો કેરલમાં પ્રસિદ્ધ છે.

કર્ણાટકમાં આયુર્વેદ—પૂજ્યપાદ નામના જૈન આચાર્યનો પૂજ્યપાદીય નામનો સંસ્કૃત ગ્રન્થ જૂનો ગણાય છે, પણ જૈન વૈદ્ય ઉગ્રાદિત્યાચાર્ય એ પોતે કહે છે તેમ રાષ્ટ્રકૂટ રાજા નૃપતુંગના વૈદ્ય હતા અને એ કારણથી ઈ. સ. ના નવમા શતકના આરંભમાં થઈ ગયા. પણ કર્ણાટકમાં કાનડી ભાષામાં ગ્રન્થો લખનાર ઘણા વૈદ્યો થઈ ગયા છે. તેમાં જૈન મંગળરાજ, જે ઈ. સ. ૧૩૬૦માં થઈ ગયા, તેણે વિષચિકિત્સા સંબંધી ખગેન્દ્રમણિદર્પણ નામનો મોટો ગ્રન્થ કાનડી ભાષામાં લખ્યો છે, જેમાં સ્થાવર વિષચિકિત્સાનો વિષય પૂજ્યપાદીયમાંથી લીધો હોવાનું પોતે કહે છે. પછી બ્રાહ્મણ અભિનવચન્દ્ર ઈ. સ. ૧૪૦૦ માં થઈ ગયા. તેઓએ ચન્દ્રરાજના ગ્રન્થોમાંથી ઉદાહરણો લઈને અશ્વવૈદ્ય નામનો નવીન ગ્રન્થ કાનડી ભાષામાં લખ્યો છે. જૈન દેવેન્દ્ર મુનિએ બાળગ્રહચિકિત્સા નામનો ગ્રંથ લખ્યો છે.

વળી રામચન્દ્ર, ચન્દ્રરાજ વગેરેએ અશ્વવૈદ્યક, કીર્તિમાન નામના ચાલુકય રાજાએ ગાયોનું વૈદ્યક અને વીરભદ્રે પાલકાપ્યના ગજાયુર્વેદ ઉપર કર્ણાટક ભાષામાં ટીકા લખેલ છે. આ ઉપરાંત વાગ્ભટ, ચિન્તામણિ વગેરે ગ્રન્થોનાં કાનડી ભાષામાં જૂના કાળથી ભાષાન્તરો મળે છે.

આન્ધ્ર દેશનું વૈદ્યક—આન્ધ્રના વૈદ્યો ચિન્તામણિ અને બસવરાજીયમ્ નામના બે સંસ્કૃત ગ્રન્થો મુખ્યત્વે વાપરે છે. ચિન્તામણિ ગ્રન્થનો કર્તા વલ્લભેન્દ્ર નિયોગી બ્રાહ્મણ કુળનો વિદ્વાન વૈદ્ય હતો. આ ગ્રન્થમાં નાડી, મૂત્ર વગેરેની પરીક્ષા સાથે જ્વરાદિ રોગોની સનિદાન ચિકિત્સા વર્ણવેલ છે. ચિકિત્સામાં ચૂર્ણો, ગુટિકા અવલેહ વગેરે સાથે રસયોગોનો પણ ઉપયોગ કરેલો છે.

---

૧. આ ગ્રન્થ મેંગલૂર જેળુમાં ડૉ. એમ. આર. ભટ્ટે છપાવ્યો છે,

બીજો એવો જ અતિ પ્રચલિત ગ્રન્થ બસવરાજીયમ્[1] છે. કર્ણાટકમાં લિંગાયત મતના મુખ્ય પ્રચારક ૧૨મા શતકના બસવનો રચેલો આ ગ્રન્થ ગણાય છે, પણ એમાં પૂજ્યપાદીય ગ્રન્થમાંથી તથા નિત્યનાથના ગ્રન્થમાંથી ઉતારા છે. રસયોગો પુષ્કળ છે અને અફીણ પણ વાપર્યું છે. એ જોતાં ૧૩ મા શતકથી એ ગ્રન્થ જૂનો ન હોઈ શકે.

જ્વરાદિ રોગોનાં નિદાન–ચિકિત્સા વર્ણવનારો આ ગ્રન્થ છે. આ ગ્રન્થમાં કેટલાક આન્ધ્રમાં પ્રચલિત નવા યોગો છે. કેટલાક યોગો આન્ધ્ર પદ્યમાં છે. વળી આન્ધ્રમાં જ મળતી કેટલીક દવાઓ આ ગ્રન્થમાં વપરાઈ છે.

આ ગ્રન્થમાં માધવનિદાનના નામ નીચે રસયોગો ઉતારવામાં આવ્યા છે એ વિચિત્ર લાગે છે.

દક્ષિણ ભારતના વૈદ્યક સાહિત્યની નોંધ કરતાં પં. ડી. ગોપાલાચાર્લુએ આયુર્વેદસૂત્રનો ઉલ્લેખ કર્યો છે,[2] પણ જે સૂત્રગ્રન્થ જોવામાં આવ્યો છે તે તો પ્રાચીનતાની પ્રતીતિ કરાવતો નથી. બાકી શિવતત્ત્વરત્નાકર, જગન્નાથસૂરિના પુત્ર મંગળગિરિનો રસપ્રદીપિકા વગેરે રસગ્રન્થો સારી સંખ્યામાં દક્ષિણ ભારતમાં રચાયા છે, એમ કહી શકાય.

આ રસગ્રન્થો ઉપરાંત કેટલાક સંગ્રહગ્રન્થો પણ દક્ષિણ ભારતમાં રચાયા છે. દા. ત., શ્રીનાથ પંડિતનો પરહિતસંહિતા નામનો ગ્રન્થ, જેમાં શલ્ય, શાલાક્યાદિ આઠે અંગોનું નિરૂપણ છે, એમ પં. ડી. ગોપાલાચાર્લુ કહે છે. એ ગ્રન્થ જોયો નથી, પણ ભાવપ્રકાશને

---

૧. બસવરાજીયમ્ છપાયો છે.

૨. યોગાનન્દભાષ્યસમેત એક આયુર્વેદસૂત્ર મૈસૂરમાં ૧૯૨૨માં છપાયેલ છે.

મળતો હોવાનો સંભવ છે. પછી આન્ધ્ર બ્રાહ્મણ ત્રિમલ્લભટ્ટનો બૃહદ્યોગતરંગિણી,[1] પરમશૈવાચાર્ય શ્રીકંઠ પંડિતનો રચેલો યોગરત્નાવલિ, પછી ભેષજસર્વસ્વ, ધન્વન્તરિવિલાસ, સન્નિપાતચન્દ્રિકા, યોગશતક, ધન્વન્તરિસારનિધિ, રાજમૃગાંક, પ્રશ્નોત્તરરત્નમાલા, ગદ્યસંજીવની, ઉમામહેશ્વરસંવાદ વગેરે ગ્રન્થો દક્ષિણ ભારતમાં રચાયા છે. પછી નાડીજ્ઞાનવિનિર્ણય–ષડ્વિધનાડીતંત્ર, નાડીનક્ષત્રમાલા, નાડીજ્ઞાન વગેરે નાડીપરીક્ષાના ગ્રન્થો, શ્રીકંઠનિદાન જેવા નિદાનગ્રન્થો તથા અભિધાનચૂડામણિ, દ્રવ્યગુણચતુઃશ્લોકી, અષ્ટાંગહૃદયનિઘંટુ વગેરે નિઘંટુ ગ્રન્થો પણ દક્ષિણ ભારતમાં રચાયા છે.

સ્વ. પં. ડી. ગોપાલાચાર્લુના એક જ નિબંધનો આધાર લઈને ઉપર જે દક્ષિણ ભારતના આયુર્વેદિક સાહિત્યની નોંધ કરી છે તે ઘણી રીતે અપૂર્ણ છે, પણ દ્રાવિડ વિદ્વાનો જ એ વિષય ઉપર ભવિષ્યમાં વધારે પ્રકાશ નાખી શકશે.

---

૧. આ બૃહદ્યોગતરંગિણી મોટો સંગ્રહ ગ્રન્થ છે અને બે ભાગમાં આનન્દાશ્રમ સંસ્કૃત ગ્રન્થમાળામાં ઈ. સ. ૧૯૧૩માં છપાયો છે. આ ગ્રન્થમાં અનેક વૈદ્યક ગ્રન્થોમાંથી સંગ્રહ કરીને પંચકર્મ, દિનચર્યા, ઋતુચર્યા, સિદ્ધાન્નના ગુણો, પ્રવાહીઓના ગુણો, નિઘંટુ, ધાત્વાદિનાં લક્ષણ, શોધન, મારણ અને ગુણો તથા જ્વરાદિ રોગોની ચિકિત્સા વગેરે વિસ્તારથી કહેલાં છે. ચરક, સુશ્રુત, વાગ્ભટ, શાર્ઙ્ગધર, રસરત્નપ્રદીપ, રસેન્દ્રચિન્તામણિ, સારસંગ્રહ વગેરે ગ્રન્થોમાંથી ઉતારા કરેલા છે. શંખદ્રાવનું વર્ણન પણ છે. ભાવપ્રકાશનું નામ નથી અને ફિરંગ રોગનો ઉલ્લેખ નથી એ સૂચક છે. ગ્રન્થની એક હાથપ્રત શક ૧૭૩૩ માં લખાયેલી છે. ગોંડલ ઠાકોર સાહેબ ભગવતસિંહજીના આયુર્વેદના ઇતિહાસમાં અને તે ઉપરથી જોલીમાં ઈ. સ. ૧૭૫૧ માં આ ગ્રન્થ રચાયો એમ લખ્યું છે, પણ ત્રિમલ્લના એક ગ્રન્થની હાથપ્રત ૧૪૯૮ ની મળે છે એમ જોલી જ (પૃ. ૨) કહે છે.

ખંડ ૬

નિઘંટુઓ

ચરક–સુશ્રુતના કાળમાં જ ઓષધીય દ્રવ્યોના ગુણ–ઉપયોગના વર્ણનની આવશ્યકતા વૈદ્યોના ધ્યાનમાં આવી હતી. ચરકના અન્નપાનવિધિ (સૂ. અ. ૨૭) અધ્યાયમાં શૂકધાન્યવર્ગ, શમીધાન્યવર્ગ, માંસસર્ગ, શાકવર્ગ, ફલવર્ગ, હરિતવર્ગ, મદ્યવર્ગ પાડી તે તે વર્ગમાં શું શું આવે છે તે કહેવા સાથે દરેકના ગુણદોષ પણ વર્ણવ્યા છે. એ જ રીતે ષડ્વિરેચનશતાશ્રિતીય (સૂ. અ. ૪) ૨૧૭ માં જીવનીય, બૃંહનીય, લેખનીય વગેરે પચાસ મહાકષાયો ગણાવ્યા છે. તેમાં પણ નિઘંટુપદ્ધતિનું બીજ છે. સુશ્રુત આ વિષયમાં ચરકથી આગળ જાય છે. સુશ્રુત સૂત્રસ્થાનના ૩૮ મા અધ્યાયમાં જે ૩૭ દ્રવ્યગણો ગણાવ્યા છે તેમાં વૈદ્યકીય દષ્ટિની પ્રગતિ દેખાય છે. વાગ્ભટ આ બાબતમાં સુશ્રુતને અનુસરે છે (જુઓ અ. હૃ. સૂ. અ. ૧૫). અન્નપાનવિધિઅધ્યાય ચરક પેઠે સુશ્રુતમાં પણ છે જ (જુઓ સૂ. અ. ૪૬), પણ પ્રવાહી દ્રવ્યો—દૂધ, ઘી, છાશ, દહીં, પાણી વગેરેના વર્ણનનો સુશ્રુતમાં જુદો અધ્યાય છે (સૂ. અ. ૪૫).

આ રીતે નિઘંટુ સાહિત્ય મૂળ તો ચરક-સુશ્રુતમાં જ છે, પણ પ્રત્યેક ઓષધીય દ્રવ્યનું પૃથક્ વર્ણન કરવાની પદ્ધતિ વૃદ્ધત્રયીના

કાળ પછી શરૂ થઈ છે. હાલમાં જૂનામાં જૂનો નિઘંટુ જોકે ધન્વન્તરીય નિઘંટુ ગણાય છે; અને ધન્વન્તરિ તો સુશ્રુતના ઉપદેશકોનું નામ છે માટે એ જ ધન્વન્તરિનિઘંટુના પણ કર્તા એવી પ્રાચીનોની સ્વાભાવિક માન્યતા હતી, પણ સુશ્રુતના ઉપર કહેલા ગણોની રચનાથી ધન્વન્તરિનિઘંટુનું સ્વરૂપ ઘણું પાછલા કાળનું છે. અલબત્ત, આરંભમાં ધન્વન્તરિને નમસ્કાર છે; એથી વિશેષ ધન્વન્તરિ સાથે એ નિઘંટુને કાંઈ સંબંધ હોય એમ લાગતું નથી. બધું જોતાં અમરકોશમાં જે ઔષધોનો નિઘંટુ છે તે કદાચ જૂનામાં જૂનો હશે. અમરનો સમય ઈ. સ. ૫૦૦ની આસપાસમાં મેકડોનલે[1] મૂક્યો છે. અમરની દૃષ્ટિ વૈદ્યકીય નથી એટલે એની ઉપયોગિતા પણ મર્યાદિત છે. એ જ જાતનો બીજો કોશ માળવાના રાજા મુંજના સમકાલીન દશમા શતકના હલાયુધનો અભિધાનરત્નમાલા[2] છે, પણ વૈદ્યક નિઘંટુઓમાં જૂનામાં જૂનો કદાચ ચક્રદત્તનો દ્રવ્યગુણસંગ્રહ હોય એમ મને લાગે છે, કારણ કે એમાં ચરક-સુશ્રુત પેઠે ધાન્યવર્ગ, માંસવર્ગ, શાકવર્ગ, મદ્યવર્ગ, કૃતાન્નવર્ગ, આહારવિધિવર્ગ અને અનુપાનવર્ગ એટલા વર્ગોનું જ વર્ણન છે; ઔષધીય દ્રવ્યોનું વર્ણન નથી. ચક્રપાણિ દત્તના આ નાના ગ્રન્થ ઉપર શિવદાસ સેનની ટીકા પણ છે.

ચક્રદત્તને ચરક–સુશ્રુત બેયની ખબર તો છે જ, પણ એ આ દ્રવ્યગુણસંગ્રહમાં મુખ્યત્વે સુશ્રુતને અનુસરે છે હવે ધન્વન્તરિનિઘંટુને પણ ચરક–સુશ્રુત બેયની ખબર છે. બેયમાંથી ગુણ–વર્ણનના અર્ધા કે આખા શ્લોકો ધન્વન્તરિનિઘંટુમાં ઉતાર્યા છે, છતાં સુશ્રુતના વર્ગીકરણથી ધન્વન્તરિનિઘંટુકારે ભિન્ન વર્ગીકરણ

---

૧. જુઓ મેકડોનલનો 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' (ગુ. ભા.) ઈ. સ. ૧૯૨૧, પૃ. ૫૬૨.

૨. એજન.

સ્વીકાર્યું છે. દા. ત., સુશ્રુત અને ચરકમાં દાડમને ફલવર્ગમાં ગણ્યું છે અને ચક્રદત્તે એનું પૂરું અનુકરણ કર્યું છે, પણ ધન્વન્તરિનિઘંટુમાં દાડિમને આમ્રાદિ વર્ગ, જેમાં મોટો ભાગ ફલવર્ગનો છે, તેમાં ન મૂકતાં શતપુષ્પાદિ વર્ગમાં મૂકેલ છે. એ જ રીતે કેળાંને કરવીરાદિ વર્ગમાં મૂકેલ છે. આ વર્ગીકરણનો ફેરફાર તેમ જ કેટલીક બીજી વિશેષતા ઉપરથી ધન્વન્તરિનિઘંટુ ચક્રદત્ત પછી રચાયેલ છે; કદાચ બારમા શતકના આરંભમાં એમ અત્યારે તો હું માનું છું. કવચિત્ ધન્વન્તરિનિઘંટુમાં દ્રવ્યગુણસંગ્રહનાં વચનો ઉતારવામાં પણ આવ્યાં છે.

ધન્વન્તરિનિઘંટુને એ ગ્રન્થમાં દ્રવ્યાવલિ કહેલ છે. એમાં ગુડૂચ્યાદિ, શતપુષ્પાદિ, ચન્દનાદિ, કરવીરાદિ, આમ્રાદિ અને સુવર્ણાદિ છ વર્ગમાં ૩૭૦ દ્રવ્યોનું વર્ણન કર્યું છે, એમ એ પોતે જ કહે છે, પણ પ્રતોમાં પાઠફેર છે. દ્રવ્યોની સંખ્યાની ગણતરીમાં પણ ફેરફાર છે.[1] આનન્દાશ્રમ સંસ્કૃત ગ્રન્થાવલિમાં છપાયેલ ધ. નિ. માં જે મિશ્રકાદિ વર્ગ છે તે તો પાછળથી ઉમેરાયેલો લાગે છે.[2] આ નિઘંટુમાં પહેલાં ગુડૂચ્યાદિ વર્ગોનાં ઔષધો ગણાવ્યાં છે. તે સાથે જ ગુડૂચ્યાદિ ઔષધસમૂહોના તથા વર્ગાન્તે આખા વર્ગના ગુણો લખ્યા છે તેમાં સુશ્રુત–વાગ્ભટની ગણવર્ણનપદ્ધતિની અસર દેખાય છે. બાકી પ્રત્યેક ઔષધના પર્યાયો આપ્યા છે તથા ટૂંકામાં ગુણો કહ્યા છે તે આ નિઘંટુઓની વિશેષતા છે.

ધન્વન્તરિનિઘંટુ પછી બીજો નિઘંટુ સોઢલનો નિઘંટુ છે. વૈદ્ય સોઢલ બારમા શતકમાં થઈ ગયો છે.[3] એ ધન્વન્તરિને અનુસરે

---

૧. સરખાવો રૂગનાથજી ઇન્દ્રજીના નિઘંટુસંગ્રહની પ્રસ્તાવનામાં કરેલો ઉતારો તથા આ. સં. ગ્ર. માં છપાયેલ ધ. નિ.

૨. જુઓ છઠ્ઠા સુવર્ણાદિ વર્ગનો છેલ્લો શ્લોક.

૩. જુઓ ઉપર પૃ. ૧૮૩.

છે, પણ એણે વિસ્તારથી લખ્યું છે તથા વનસ્પતિઓને ઓળખીને ભેદો દર્શાવ્યા છે.

દાખલા તરીકે વૈદ્ય રૂગનાથજી ઇન્દ્રજીએ નોંધ્યું છે કે ધન્વન્તરિનિઘંટુમાં ‘યાસ’ એક જ લખ્યું છે ત્યાં સોઢલે ‘યાસકદ્વયમ્’ એટલે ધમાસો તથા જવાસો એ જુદાં લખ્યાં છે. ‘ખદિર’ને ઠેકાણે ‘ખદિર બે’ (ખેર તથા ગોરડ) તેમ જ બે નિંબ (લીંબડો અને બકાન) જુદા ગણ્યા છે.[1]

સિદ્ધમંત્ર—વૈદ્યવર કેશવનો રચેલ સિદ્ધમંત્ર નામનો ગ્રન્થ, જેને મુંબઈમાં સં. ૧૯૬૫ માં શ્રી. મુરારજી વૈદ્યે છપાવ્યો છે, જોકે ધન્વન્તરિ વગેરે નિઘંટુઓને મળતો નથી, છતાં એની નોંધ અહીં જ કરવી યોગ્ય છે. આ ટૂંકા ગ્રન્થમાં વાતઘ્ન, વાતઘ્ન પિત્તલ, વાતઘ્ન શ્લેષ્મલ વગેરે સત્તાવન ગુણભેદો દર્શાવી તેમાંના પ્રત્યેક ગુણ ધરાવનાર વર્ગનાં દ્રવ્યો સૂચવ્યાં છે. આ ગ્રન્થકાર આરંભમાં જ કહે છે કે ચરકે એક દ્રવ્યને વાતલ કહ્યું હોય અને સુશ્રુતે વાતઘ્ન કહ્યું હોય તો એવા મતભેદોનો આ ગ્રન્થમાં અમુક ધોરણથી નિર્ણય કરવામાં આવ્યો છે અને એ જ એની વિશેષતા છે. આ ગ્રન્થ ઉપર ગ્રન્થકર્તાના પુત્ર બોપદેવની ટીકા છે અને તેઓ દેવગિરિના યાદવરાજા મહાદેવ અને રામચંદ્રના મંત્રી હેમાદ્રિના સભાપંડિત હતા, એટલે એ ઈ. સ. ૧૨૭૧ થી ૧૩૦૯ ના અરસામાં થઈ ગયા[2]. આ કેશવના પુત્ર બોપદેવે શતશ્લોકી ચન્દ્રકલા નામથી એક ટૂંકો વૈદ્યક ગ્રંથ લખ્યો છે.[3]

મદનવિનોદનિઘંટુ—મદનપાલનો મદનવિનોદનિઘંટુ ૧૪ મા શતક (ઈ. સ. ૧૩૭૫)માં રચાયો હોવાનું અનુમાન ડો. ભાંડારકરે

૧. નિઘંટુસંગ્રહ, પૃ. ૫૦૪.

૨. મારો ‘વૈષ્ણવધર્મ’નો સંક્ષિપ્ત ઇતિહાસ,’ ઈ. સ. ૧૯૩૯ ની આવૃત્તિ ૩, પૃ. ૨૧૪ અને મરાઠીમાં ‘હેમાદ્રિ યાચે ચરિત્ર’.

૩. શતશ્લોકી ચન્દ્રકલા ગ્રન્થ ગુજરાતી ભાષાન્તર સાથે છપાઈ ગયો છે.

કરેલું છે[1] અને એને યથાર્થ માનવામાં વાંધો નથી. ડૉ. રાજેન્દ્રલાલ મિત્રે તથા વિશ્વેશ્વરનાથ રેઉએ આ નિઘંટુના કર્તા મદનપાલને કનોજના ગહડવાલ વંશના રાજા મદનપાલ (ઈ. સ. ૧૦૯૮ થી ૧૧૦૯) માનેલ છે,[2] પણ તે ભૂલ છે, કારણ કે કનોજના મદનપાલના પૂર્વજોનાં નામો મદનવિનોદના કર્તાના પૂર્વજોનાં નામોથી ભિન્ન જ છે. નિઘંટુકાર કહે છે તેમ મદનપાલ કાષ્ઠાના રાજા હતા. આ કાષ્ઠા જમના નદીને કાંઠે દિલ્હીની ઉત્તરે હતું. એ કાષ્ઠાના ટક્ક વંશના રાજાઓમાં મદનપાલના કહેવા પ્રમાણે પહેલો રત્નપાલ થયો, તેનો ભરતપાલ, તેનો હરિશ્ચન્દ્ર, તેનો સાધારણ, તેનો સહજપાલ અને તેનો ભાઈ મદનપાલ.[3] મદનપાલનિઘંટુની રચના તો ધન્વન્તરિને મળતી છે, પણ તેમાં દ્રવ્યો વધારે વર્ણવાયાં છે. છેલ્લા ૧૩ મા મિશ્રકાધ્યાયમાં મદનપાલે દિનચર્યા અને ઋતુચર્યાનું પણ વર્ણન કર્યું છે, તો પછી તૈયાર ખોરાક (कृतान्न)નું વર્ણન કર્યું હોય એમાં શું આશ્ચર્ય ? મદનપાલે ધન્વન્તરિ ઉપરાંત બીજા પણ ઘણા નિઘંટુઓ જોયા હતા એમ એ પોતે કહે છે. મદનપાલ કૃષ્ણભક્ત છે એમ એની વર્ગવર્ણનના આરંભની સ્તુતિથી દેખાય છે.

રાજનિઘંટુ કે અભિધાનચૂડામણિ—આ ગ્રન્થના કર્તા નરહરિ પોતાને કાશ્મીરવાસી કહે છે. તેઓ અમૃતેશાનન્દના શિષ્ય અને શિવભક્ત હતા. આ નરહરિ પંડિત કહે છે કે પોતે ધન્વન્તરિ,

---

૧. જુઓ ભાંડારકર સંસ્કૃત રિપોર્ટ ૧૮૮૩-૮૪, પૃ. ૪૭ તથા ડફની ક્રોનોલૉજી. પૃ. ૨૨૮ તથા ૨૯૫.

૨. જુઓ આર. એલ. મિત્રની 'નોટિસીસ ઑફ સંસ્કૃત મેન્યુસ્ક્રિપ્ટ્સ' ૧, પૃ. ૨૬૫ તથા 'ભારતકે પ્રાચીન રાજવંશ,' ભા. ૩, પૃ. ૯૮, ૯૯. રાજેન્દ્રલાલ મિત્રની નોંધ જ નિઘંટુઆદર્શની પ્રસ્તાવના પૃ. ૩૫ માં ઉતારી છે.

૩. આ વંશાવળીને મદનવિનોદનિઘંટુ સિવાય બીજો આધાર ન મળે ત્યાંસુધી એમાંનાં 'સાધારણ' જેવાં નામો સંદિગ્ધ રહેશે.

મદન, હલાયુધ, વિશ્વપ્રકાશ, અમરકોશ વગેરે કોશો જોઈને આ નિઘંટુરાજ રચ્યો છે. આમાંથી હલાયુધ ૧૧ મા શતકમાં, વિશ્વ પ્રકાશ ૧૨ મામાં અને ઉપર બતાવ્યું છે તેમ મદનવિનોદ ૧૪ મા શતકમાં રચાયો, એ જોતાં આ રાજનિઘંટુ ૧૫ મા શતકથી વહેલો રચાયો હોવાનો સંભવ નથી.

રાજનિઘંટુમાં આગલા નિઘંટુઓ કરતાં દ્રવ્યો વધારે છે, વર્ગો પણ વધારે છે. કુલ ૨૩ વર્ગ છે અને તેમાં પણ્યવર્ગ (બજારમાં વેચાતી દવાઓનો વર્ગ), અનેકાર્થ નામોના વર્ગો, રોગનાં નામોના અર્થો, તેમ જ બુદ્ધિ, આદાન, નિદાન, આત્મા, ઋતુઓ, રાતનાં નામો વગેરે ઘણા વૈદ્યકોપયોગી શબ્દોવાળા વર્ગો છે, પણ તેમાં કશી શાસ્ત્રીય વ્યવસ્થા નથી. વળી, બીજા નિઘંટુઓ કરતાં જે વધારે વનસ્પતિનામો છે તેમાંનાં કેટલાંક માટે તે ભિન્ન વનસ્પતિનાં જ સૂચક છે કે જૂનાં નામ ભુલાઈ જતાં નવાં પડેલાં છે તેનો નિર્ણય, વૈદ્ય રૂગનાથજી ઇન્દ્રજી કહે છે તેમ, મુશ્કેલ છે. તેઓ જ કહે છે તેમ રાજનિઘંટુકારે જાતે વનસ્પતિને જોઈને નામ લખ્યાં નથી. વળી, રાજનિઘંટુકાર કહે છે કે પોતે કર્ણાટી તથા મહારાષ્ટ્રી ભાષામાં સ્પષ્ટતા કરી છે, પણ આન્ધ્ર, લાટાદિ ભાષાનાં નામો તે તે દેશવાસીઓ પાસેથી જાણી લેવાં. આ જોતાં તેઓના વડવા કાં તો મહારાષ્ટ્ર કે કર્ણાટકથી કાશ્મીર ગયા હોય અથવા પોતે લાંબો વખત આ દેશોમાં રહ્યા હોય એવી શંકા પડે છે.

પાકશાસ્ત્ર—પ્રાચીનોએ કૃતાન્ન—રાંધેલા જુદી જુદી જાતના ખોરાકોનું પણ શૂકધાન્ય, શમીધાન્ય વગેરે સાથે વર્ણન કર્યું છે (જુઓ ચરક સૂ. અ. ૨૭), પણ પાછળથી ધન્વન્તરિ આદિ નિઘંટુઓમાં શાસ્ત્રીય વર્ગીકરણની દૃષ્ટિથી આ વિષય છોડી દેવામાં આવ્યો, પણ જૂના વખતથી રાજાઓના ખોરાક ઉપર ધ્યાન રાખવાની વૈદ્યની ફરજ ગણાતી એ પહેલાં કહ્યું જ છે. રાજાનું આરોગ્ય સચવાઈ રહે એ માટે ખોરાકની પથ્યાપથ્ય દૃષ્ટિથી ચૂંટણી કરવાની

તથા ઝેરથી ખોરાકનું રક્ષણ કરવાની વૈદ્યની ફરજ હતી. એ માટે રસોડાના ઉપરી તરીકે ઘણીવાર વૈદ્યને રાખવામાં આવતો. વળી, સામાન્ય દર્દીઓને પણ પથ્યાપથ્યની સૂચના આપવા માટે ખોરાકની વિવિધ વાનીઓની બનાવટ, ગુણદોષ વગેરે સંબંધી જ્ઞાન વૈદ્યોમાં વિકાસ પામ્યું છે.

મહાભારતના નલાખ્યાનમાં નલરાજાને પાકશાસ્ત્ર સિદ્ધ હતું એવી માન્યતા હોવાથી નલરાજાને નામે ચઢેલો નલપાકદર્પણ નામનો એક ગ્રન્થ કાશીમાં ચૌખમ્બા સંસ્કૃત સિરીઝમાં છપાયો છે. બીજો ગ્રન્થ ક્ષેમકુતૂહલ નામનો વૈદ્યવર શ્રી. ક્ષેમશર્માનો રચેલો આયુર્વેદીય ગ્રન્થમાળામાં વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્યે છપાવ્યો છે. આ ક્ષેમકુતૂહલ ગ્રન્થ વિ. સં. ૧૬૦૫ માં રચ્યો છે એમ ગ્રન્થકર્તાએ પોતે જ ગ્રન્થાન્તે લખ્યું છે.

ક્ષેમકુતૂહલ ગ્રન્થમાં કુલ બાર ઉત્સવો છે, જેમાં દ્રવ્યપાકની પરિભાષા, ભોજનગૃહ, રાંધવાનાં વાસણો, રસોડાને ઉપયોગી સાધનો, સવિષ અન્નની પરીક્ષા, રાજાએ કેવા વૈદ્યને રસોડા ઉપર રાખવો, વૈદ્યે ભોજનની બાબતમાં રાજાની કેવી સંભાળ રાખવી, રસોયાની પ્રશંસા, ઋતુભેદ અને તેને યોગ્ય ચર્યાનું સામાન્ય કથન, દિનચર્યા, ભોજનપ્રકાર, ખોરાક ઉપર નજર પડે નહિ તેની સંભાળ, જુદાં જુદાં ઘીના ગુણો, ખીચડી, કચોરી, મૂળા, પટોલ, આદુ, વગેરેના ગુણો, જુદાં જુદાં માંસને રાંધવાની ક્રિયા, માછલાંના ખોરાકો, શાકના પ્રકારો, ખાવાની વસ્તુઓ બગડે નહિ તે રીતે તેમને રાખી મૂકવાની રીતો, પોળી, શીરો, ઘેવર, લાડુ, દૂધની બનાવટો, જલેબી, ભૂખ લગાડનારી બનાવટો વગેરે ઘણી બનાવટોનું વર્ણન છે.

આ ક્ષેમશર્માએ પોતાના વંશનું વર્ણન ગ્રન્થારંભે આપ્યું છે, જેમાં એના પ્રપિતામહે દિલ્હી શકેશ્વર(સુલતાન)ની સેવા કરીને ૧૧ ગામ મેળવેલાં હોવાનું કહ્યું છે. એની પોતાની માતા પોતાના પતિ પછવાડે સતી થયેલી. ક્ષેમશર્માએ પોતે વિક્રમસેન

રાજાની સેવા કરીને મેળવેલા ગામમાં એક વાવ બંધાવી હતી. આ વિક્રમસેન ક્યાંનો રાજા હતો તે સમજાતું નથી.

આ ક્ષેમશર્માએ જે ગ્રન્થો જોયા હોવાનું લખેલું છે તેમાં ભીમનો ગ્રન્થ કયો અને રવિનો સિદ્ધપાક ગ્રન્થ કયો તે જાણવામાં નથી. વળી, તેણે નલપાકનું નામ નથી લખ્યું એ પણ સૂચક છે. આ પછી ભોજનકુતૂહલ નામનો પણ એક ગ્રન્થ લખાયો છે. પણ વિ. સં.ની ગઈ સદીના છેલ્લા ભાગમાં લખાયેલ સિદ્ધભેષજમણિમાલામાં જે ખોરાકની બનાવટોનું વર્ણન છે તે તો વર્તમાન કાળની પ્રચલિત બનાવટોનું જ છે એમ કહી શકાય.

આ ઉપરાંત કૈયદેવનો પથ્યાપથ્યવિબોધક ગ્રન્થ કે કૈયદેવનિઘંટુ,[1] શિવદત્તનો નિઘંટુ,[2] રાજવલ્લભકૃત દ્રવ્યગુણસંગ્રહ જે ઈ. સ. ૧૭૬૦માં રચાયો છે,[3] માધવકૃત દ્રવ્યાવલિ, રત્નમાલા, રત્નાવલિ, ચન્દ્રનન્દનકૃત ગણનિઘંટુ, શિવરાજનિઘંટુ, મુદ્‌ગલકૃત દ્રવ્યરત્નાકરનિઘંટુ, વિશ્વનાથસેનકૃત પથ્યાપથ્યનિઘંટુ, ત્રિમલ્લભટ્ટકૃત દ્રવ્યગુણશતશ્લોકી[4] વગેરે નિઘંટુગ્રન્થો છે.

રાજનિઘંટુ પછીનો પ્રસિદ્ધ મોટો નિઘંટુ તો ભાવપ્રકાશનો છે, પણ ભાવપ્રકાશની નોંધ પાછળ આવવાની છે. વૈદ્ય રૂગનાથજી ઇન્દ્રજીએ ભાવપ્રકાશ પછીના શક ૧૬૦૩ (ઈ. સ. ૧૬૮૧) માં અહમદનગરના માણિક્યભટ્ટના પુત્ર વૈદ્ય મોરેશ્વરે રચેલા વૈદ્યામૃત ગ્રન્થની[5] તથા કાશીમાં વૈદ્ય બલરામે રચેલા આતંકતિમિરભાસ્કરની

---

૧. ભાષા ટીકા સહિત સંપાદિત કૈયદેવનિઘંટુ, મેહરચન્દ લક્ષ્મણદાસે લાહોરથી ૧૯૨૮ માં પ્રકાશિત કર્યો છે.

૨. શિવદત્તમાંથી રૂગનાથજી ઇન્દ્રજીના નિઘંટુમાં ઉતારા કર્યા છે.

૩. જુઓ વૈદ્યકસિન્ધુનું વિજ્ઞાપન, પૃ. ૧।।।-૦.

૪. આ નામો વિરજાચરણ ગુપ્તે આપ્યાં છે, અને શ્રી. બાપાલાલ ગ. વૈદ્યે નિઘંટુઆદર્શમાં ઉતાર્યાં છે.

૫. વૈદ્યામૃત છપાઈ ગયો છે.

નોંધ કરી છે. તેમાંથી છેલ્લો તો સો વર્ષ ઉપર રચાયેલો હોઈને આધુનિક ગણાય; જોકે એમાં આધુનિકતા ભલે ન હોય. અને તે પછીના તો આધુનિક કાળના અવલોકનમાં જ આવવા જોઈએ.

સમગ્ર રીતે નિઘંટુસાહિત્યનું અવલોકન કરતાં એટલું સ્પષ્ટ દેખાય છે કે ધન્વન્તરિનિઘંટુએ નિઘંટુરચનાનો જે ચીલો પાડયો તેમાં પાછળથી ફેરફાર કે સુધારો ભાગ્યે જ થયો છે. પાછળના નિઘંટુકારોએ દ્રવ્યનામોનો સંગ્રહ સંપૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો એને પોતાનું કર્તવ્ય માન્યું છે. દા. ત., મદનપાલ, રાજનિઘંટુ વગેરેના ઉમેરા જુઓ. છેલ્લે, ઉપર કહેલા વૈદ્યામૃતકારે યુનાનીમાંથી પ્રચારમાં આવેલું ઓથમીજીરું ઉમેર્યું તો આતંકતિમિરભાસ્કરકારે ચાનો ઉમેરો કર્યો એ નોંધવું જોઈએ.

પણ દ્રવ્યોની સવિસ્તર ઓળખાણ આપવાનો કોઈએ પ્રયાસ કર્યો નથી. શિવદત્ત જેવા એકાદ નિઘંટુમાં કાંઈક પરિચય આપવાનો પ્રયાસ થયો છે, જોકે તેયે ઘણો અપર્યાપ્ત છે. તેનો તથા જૂની પરિચયજ્ઞાપિકા સંજ્ઞાઓ કે ટીકાકારોએ કવચિત્ આપેલો પરિચય એનો આધાર લઈને હાલના શોધકોને સંદિગ્ધ વનસ્પતિનિર્ણય માટે માર્ગ શોધવો પડે છે. અને અનેકધા પ્રયત્નો થયા છતાં હજી ઘણાં દ્રવ્યો સંદિગ્ધ છે એ વસ્તુસ્થિતિ સમગ્ર નિઘંટુ-સાહિત્યમાંથી પણ કેટલો ઓછો પરિચય મળે છે એ દર્શાવવા માટે પૂરતી સૂચક છે.

દ્રવ્યોના ગુણોના વર્ણનની બાબતમાં પણ નિઘંટુઓ સંતોષ-કારક નથી. તેમ જ એ વર્ણનની શૈલીમાં પાછળથી કશો ફેરફાર થયો નથી; અને ગુણાવગુણના કથનમાં કવચિત્ અનુભવનો અંશ હશે તો એ એટલો અલ્પ છે કે સાંપ્રદાયિક વર્ણનમાં દબાઈ જાય છે. અલબત્ત, બહારથી—લોક કે અન્ય વૈદ્યકમાંથી દાખલ થયેલાં નવાં દ્રવ્યોના વર્ણનમાં અનુભવનો પ્રકાશ દેખાય છે ખરો.

ખંડ ૭

પાછલા સંગ્રહગ્રન્થો

નાડીવિદ્યા

શાર્ઙ્ગધરસંહિતામાં નાડીપરીક્ષાનું પ્રકરણ (પૂર્વખંડ, અ. ૩, શ્લોક ૮½) છે. એ જોતાં એના વખતમાં વૈદ્યો માટે નાડીજ્ઞાન આવશ્યક મનાવા લાગ્યું હતું. આયુર્વેદના પ્રાચીન ગ્રન્થોમાં નાડીપરીક્ષાની વાત નથી, પણ દ્રાવિડ વૈદ્યકમાં નાડીજ્ઞાન સંબંધી ગ્રન્થો લખાયા હોવાનું પહેલાં નોંધ્યું છે. દક્ષિણ ભારતમાં જ કદાચ નાડીવિદ્યાનો ઉદ્ભવ થયો હશે. સ્પર્શપરીક્ષાનો જ નાડીપરીક્ષા વિસ્તાર હોવા છતાં એમાં નવાં તત્ત્વો છે જ. નાડીની ગતિ ધીમી કે ઉતાવળી હોવી, નાડી ભારે કે હળવી લાગવી, કઠણ કે મૃદુ લાગવી વગેરે ઉપરથી શરીરની સ્થિતિનું અનુમાન કરવું એમાં સ્પર્શપરીક્ષાથી કાંઈક વિશેષ જરૂર છે; અને એ વિશેષતા ધ્યાનમાં રાખીને નાડીવિદ્યાનો વિકાસ થયો છે. શાર્ઙ્ગધરસંહિતા પહેલાં થોડાં વર્ષથી જ આ વિદ્યાનો વિકાસ થયો છે, કારણ કે એ પહેલાંના ગ્રન્થોમાં એનો ઉલ્લેખ નથી.

શાર્ઙ્ગધર, ભાવપ્રકાશ અથવા દક્ષિણ ભારતના ગદસંજીવની, વૈદ્યશાસ્ત્ર, બૃહદ્યોગતરંગિણી જેવા ગ્રન્થોમાં નાડીપરીક્ષાનાં પ્રકરણો હોવા ઉપરાંત એના સ્વતંત્ર ગ્રન્થો પણ મળે છે, અને તેમાંના કેટલાક જેમ દક્ષિણ ભારતમાં તેમ કેટલાક ઉત્તરમાં લખાયા છે. આમાંથી કણાદ મુનિનું નાડીવિજ્ઞાન ઘણું પ્રસિદ્ધ છે. એ મુંબઈમાં હિન્દી ભાષાન્તર સાથે તથા કલકત્તામાં કવિરાજ ગંગાધરની

વ્યાખ્યા સાથે છપાઈ ગયું છે. એક નાડીપરીક્ષા નામનો રાવણકૃત ગ્રન્થ મુંબઈમાં આયુર્વેદ ગ્રન્થમાળામાં છપાયો છે. ઉપરાંત નાડીપરીક્ષા નામના તથા એને મળતાં નામના નાનામોટા લગભગ ૪૬ ગ્રન્થોનાં નામ મળે છે અને તેમાંથી ઘણાની હાથપ્રતો મળે છે. જૂના ગ્રન્થો ઉપરથી આધુનિક સમયમાં (૧) નાડીવિજ્ઞાન, (૨) નાડીજ્ઞાનતંત્ર, (૩) નાડીદર્પણ, (૪) નાડીજ્ઞાનતરંગિણી, (૫) નાડીજ્ઞાનશિક્ષા, અને (૬) નાડીજ્ઞાનદીપિકા લખાયા છે. આમાંથી રઘુનાથપ્રસાદ વિરચિત નાડીજ્ઞાનતરંગિણી ગુજરાતી ભાષાન્તર સાથે ઈ. સ. ૧૯૦૮ માં મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટેએ છપાવેલ છે. નાડીદર્પણ હિંદી ભાષાન્તર સાથે મુંબઈમાં છપાયેલ છે અને બાકીના ચાર કલકત્તામાં છપાયેલ છે.[1]

ટૂંકામાં નાડીજ્ઞાનનો આ દેશના વૈદ્યોમાં સાતસો વર્ષથી લગભગ પ્રચાર છે. વૈદ્ય તો નાડી જોઈને રોગ પારખી શકે એવી માન્યતા લોકમાં બંધાઈ ગઈ છે—કદાચ વૈદ્યોએ જ બંધાવા દીધી છે; એટલું જ નહિ, પણ બિલાડીને પગે દોરો બાંધ્યો હોય તો એ દોરો પકડીને પણ બિલાડીએ શું ખાધું છે એ કહી આપે એવા ચમત્કારની દંતકથાઓ પણ કોઈ કોઈ જૂના વૈદ્યો વિશે પ્રચલિત છે. આવી અતિશયોક્તિને બાદ કરતાં અભ્યાસથી કેટલાક જૂના વૈદ્યો નાડીપરીક્ષાથી સારું અનુમાન કરી શકતા. અને એ શક્તિ કેળવી શકાય છે એટલું કબૂલ કરવું જોઈએ.

---

૧. ઉપર કહેલા પ્રકાશિત તથા હસ્તલિખિત ગ્રન્થો ઉપરથી આ વિષયના આયુર્વેદિક સાહિત્ય ઉપર તથા નાડીવિદ્યા ઉપર એક સવિસ્તર લેખ ડૉ. એકેન્દ્રનાથ ઘોષ એમ. એલ. સી., એમ. ડી., તેઓએ જર્નલ ઑફ આયુર્વેદ, ૧૯૨૪ના ઑક્ટોબરમાં તથા ૧૯૨૬ના કેટલાક અંકોમાં લખ્યો છે. તે જિજ્ઞાસુએ જોવા જેવો છે. ઉપરની નોંધ એ લેખ ઉપરથી કરી છે. નાડીવિજ્ઞાનના હસ્તલિખિત ગ્રન્થોની સંપૂર્ણ યાદી ૧૯૨૪ ના ઑક્ટોબરના અંકમાં છે.

પાછલા કાળના રસયોગોવાળા સંગ્રહગ્રન્થો

સંગ્રહગ્રન્થોના પ્રકરણમાં ઈ. સ. ૧૨૦૦ સુધી પહોંચીને રસવિદ્યાના વિકાસનું અવલોકન કરવા માટે અટકવું પડયું હતું, કારણ કે ઈ. સ. ૧૨૦૦ પછી ચિકિત્સામાં રસયોગોનું વિશિષ્ટ સ્થાન દેખાય છે. રસવિદ્યા અને રસગ્રન્થોના પ્રકરણમાં રસચિકિત્સાના પ્રાધાન્યવાળા ગ્રન્થોની ૧૩મા ૧૪મા શતકમાં બહોળા પ્રમાણમાં રચના થઈ હતી એ પણ જોયું છે. હવે રસગ્રન્થોની સામાન્ય વૈદ્યક ઉપર અસર થયા પછી જે ગ્રન્થો લખાયા છે તેમાંથી ઐતિહાસિક વિશિષ્ટતાવાળા એચાર ગ્રન્થોનું દિગ્દર્શન કરવાથી ૧૩માથી ૧૮મા શતક સુધીની આયુર્વેદની સ્થિતિની સ્પષ્ટતા થશે.

આ કાળમાં મુસ્લિમ અસર આ દેશની બીજી સંસ્થાઓ ઉપર તેમ વૈદ્યક ઉપર પણ થઈ છે. અફીણનો વપરાશ એ મુસ્લિમ અસરનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

શાર્ઙ્ગધરસંહિતા—આ ગ્રન્થ લખનાર શાર્ઙ્ગધરે પોતે દામોદરના પુત્ર છે એથી વિશેષ કશું કહ્યું નથી, પણ સંસ્કૃત સાહિત્યમાં સુભાષિતોના સંગ્રહ તરીકે પ્રસિદ્ધ શાર્ઙ્ગધરપદ્ધતિના કર્તા કવિ શાર્ઙ્ગધર પણ દામોદરના પુત્ર હોવાથી અને એનો સમય તેના દાદા રાઘવદેવના આશ્રયદાતા રણથંભોરના ચોહાણરાજા હમ્મીર (ઈ. સ. ૧૨૮૨ થી ૧૩૦૧)ના સમય ઉપરથી ૧૪માં શતકમાં નિશ્ચિત ઠરવાથી આ વૈદ્યનો સમય પણ ૧૪ માં શતકમાં ઘણાએ માન્યો છે.[૧] પણ પદ્ધતિના કવિ પોતાને વૈદ્ય નહિ પણ કવિ જ કહે છે અને શાર્ઙ્ગધરસંહિતાનો પદ્ધતિમાં ઉલ્લેખ કરતા નથી; એટલું જ નહિ, પણ ભાષા, ધાર્મિક માન્યતા, કવિત્વશક્તિ, પદ્ધતિમાં, વૈદ્યકને લગતા ઉલ્લેખો વગેરે બાબતોમાં બે ગ્રન્થકર્તાઓના ઐકયનું સૂચક

૧. જુઓ ‘ પ્રત્યક્ષશારીર ’ નો ઉપોદ્ઘાત.

કાંઈ નથી મળતું, પણ ભેદનું સૂચક ઘણું મળે છે.[1] વળી, શાર્ઙ્ગધરસંહિતાનો હેમાદ્રિએ ઉલ્લેખ કર્યો છે[2] એ જોતાં પદ્ધતિકાર પહેલાં લગભગ દોઢસો વર્ષે ૧૩મા શતકના આરંભમાં વૈદ્ય શાર્ઙ્ગધર થયા હોવા જોઈએ. શાર્ઙ્ગધરે અફીણ વાપર્યું છે એટલે ૧૨૦૦ પહેલાં ન હોઈ શકે.

શાર્ઙ્ગધરસંહિતામાં ત્રણ ખંડ છે. તેમાંથી પહેલા ખંડમાં પરિભાષા, દવા લેવાનો વખત વગેરે, નાડીપરીક્ષા, દીપનપાચનાધ્યાય, કલાદિકાખ્યાન, સૃષ્ટિક્રમ અને રોગગણના એ રીતે સાત અધ્યાયો છે. બીજા મધ્યખંડમાં સ્વરસ, કવાથ, ફાંટ, હિમ, કલ્ક, ચૂર્ણ, ગુગ્ગુલ, અવલેહ, સ્નેહ, આસવ, ધાતુઓનાં શોધનમારણ, રસશોધનમારણ તથા રસયોગો એ રીતે બનાવટને અનુસરતા વિભાગો પાડી વૈદ્યકમાં સામાન્ય રીતે પ્રચલિત બનાવટોનો સંગ્રહ કર્યો છે. ગુજરાતમાં શાર્ઙ્ગધરોક્ત યોગોનો બહુ પ્રચાર થયો છે. મહારાષ્ટ્રમાં જેવી યોગરત્નાકરની અને બંગાળામાં રસેન્દ્રસારસંગ્રહ કે ભૈષજ્યરત્નાવલિની લોકપ્રિયતા છે તેવી ગુજરાતમાં શાર્ઙ્ગધરની છે. શાર્ઙ્ગધરના ત્રીજા ઉત્તર ખંડમાં સ્નેહપાનવિધિ, સ્વેદવિધિ, વમનવિધિ, વિરેચનાધ્યાય, બસ્તિ, નિરુહબસ્તિ, ઉત્તરબસ્તિ, નસ્ય, ગંડૂષકવલ, ધૂમપાન, લેપ, અભ્યંગ, રક્તસ્રાવવિધિ અને નેત્રકર્મવિધિ એ રીતે પંચકર્માદિ ચિકિત્સાપ્રકારો વર્ણવ્યા છે.

ગ્રન્થકર્તા પોતે જ ગ્રન્થાન્તે કહે છે કે આયુર્વેદ ઉપર જે વિવિધ સંહિતાઓ છે તેમાંથી થોડો સાર લઈને અલ્પબુદ્ધિવાળા અલ્પાયુષી લોકો માટે આ ગ્રન્થ રચ્યો છે. અને એણે ઠીક સાર ખેંચ્યો છે એમ કહેવું પડશે. એણે ક્વચિત્ નવીન વસ્તુ પણ નોંધી છે. દા. ત., પ્રાણવાયુ વિષ્ણુપદામૃત પીવા બહાર જાય છે

---

૧. જુઓ 'આયુર્વેદવિજ્ઞાન', પુ. ૨૨, પૃ. ૨૭૫ થી ૨૮૦.

૨. નિ. પ્રે., અ. હ. ની આ.માં હેમાદ્રિ ઉલ્લિખિત ગ્રન્થસૂચિ.

એ કથન.[1] શાર્ઙ્ગધરસંહિતા ઉપર બે ટીકાઓ છપાઈ છે: (૧) આઢમલ્લવિરચિત દીપિકા જે આઢમલ્લી તરીકે પ્રખ્યાત છે, અને (૨) પં. કાશીરામ વૈદ્યવિરચિત ગૂઢાર્થદીપિકા.

આમાંથી આઢમલ્લ હમ્મીરપુરના શ્રીવાસ્તવ્ય કુલના વૈદ્ય ચક્રપાણિના પુત્ર ભાવસિંહના પુત્ર હોવાનું અને હસ્તીકાન્તિપુરીના રાજા જૈત્રસિંહના રાજ્યમાં ટીકા લખી હોવાનું એ પોતે જ ગ્રન્થારંભે કહે છે. આ આઢમલ્લના પૂર્વજ ચક્રપાણિ અને ચરકટીકાકાર ચક્રપાણિ એક જ એમ નિ. પ્રે. માં સટીક શાર્ઙ્ગધરસંહિતાનું સંપાદન કરનાર પં. પરશુરામ શાસ્ત્રીએ કહ્યું છે તે તો ભ્રમ છે, કારણ કે ચરકટીકાકાર શ્રીવાસ્તવ્યકુલોત્પન્ન નથી, લોધ્રવલી કુલોત્પન્ન છે. વળી, ગ્રન્થાન્તે શકાબ્દ એકાદશ એટલું લખેલું મળે છે, પણ દશકનો આંકડો નથી. છતાં એમાં કાંઈ ભૂલ ન હોય તો શકાબ્દ ૧૧૯૯ એટલે ઈ. સ. ૧૨૭૭ પહેલાં આઢમલ્લ થયા હોવા જોઈએ અને જેસલમેરનો એક જૈતસી એ અરસામાં થઈ ગયો છે.[2] અને જોકે હસ્તીકાન્તિપુરીનો પત્તો નથી, પણ બીજી રીતે જોતાં શાર્ઙ્ગધરના ટીકાકાર આઢમલ્લનો સમય ઈ. સ. ૧૩મા શતકના પાછલા ભાગથી વહેલો ન હોઈ શકે.

શાર્ઙ્ગધરના બીજા ટીકાકાર કાશીરામ પોતે શાહ સલીમના રાજ્યમાં ટીકા લખી હોવાનું કહે છે; એટલે તેઓ ઈ. સ. ૧૬મા શતકમાં થઈ ગયા એ ચોક્કસ છે. આ કાશીરામ કૃષ્ણભક્ત હતા.

વચલા કાળમાં, ઘણું કરી શાર્ઙ્ગધર પછી, વૈદ્યક ગ્રન્થોની જે મોટી સંખ્યા રચાઈ છે, તેમાં અમુક એક જ વૈદ્યક અંગ ઉપર થયેલી રચના ખાસ નોંધવી જોઈએ. માધવનિદાનથી આ પ્રકારની શરૂઆત થઈ છે એમ કહી શકાય. આ પ્રકારના થોડા ગ્રન્થોની નોંધ નીચે કરી છે, ત્યારે બાકીનાનાં નામો પૃ. ૨૩૮માં આપેલી યાદીમાં છે.

---

૧. 'પ્રત્યક્ષશારીર', આ. ૩, ઉ., પૃ. ૬૩.

૨. જુઓ ડફની ક્રોનોલોજી, પૃ. ૨૯૦.

જ્વરસમુચ્ચય નામના એક પ્રાચીન આયુર્વેદીય ગ્રન્થોનાં વચનોના સંગ્રહરૂપ ગ્રન્થની તાડપત્ર ઉપર લખાયેલી આઠસોથી વધારે વર્ષ જૂની હાથપ્રત નેપાળના શ્રી રાજગુરુ હેમરાજ શર્માના સંગ્રહમાં[1] છે. એ જોતાં વૈદ્યકનાં એક એક અંગ સંબંધી ગ્રન્થો જૂના કાળથી લખાવા માંડયા છે એમ નક્કી થાય છે.

કાયસ્થ ચામુંડનો **જ્વરતિમિરભાસ્કર** ઉપર નોંધેલા જ્વરસમુચ્ચયની જ યાદ આપે છે. અલબત્ત, ચામુંડનો ગ્રન્થ પાછળનો હોવાથી એમાં સન્નિપાતનું વર્ણન છે તે જૂના ગ્રન્થમાં હોવાનો સંભવ નથી. જ્વરતિમિરભાસ્કરની બિકાનેરમાં ઈ. સ. ૧૪૮૯ ની હાથપ્રત છે.[2] **રસસંકેતકલિકા** પણ આ જ ચામુંડની લખેલી હોવી જોઈએ, કારણ કે એની એક હાથપ્રતમાં સં. ૧૫૩૧ (ઈ. સ. ૧૪૭૫)ની સાલ મળે છે.[3]

કર્મવિપાક—આયુર્વેદ પુનર્જન્મને તથા પૂર્વકર્મને જરૂર માને છે,[4] પણ જન્માંતરકૃત પાપોને લીધે રોગો થાય છે એ વાત જૂના ગ્રન્થોમાં નથી. પાછળથી એ ઉપર ભાર દેવાઈને જ્યોતિઃ-શાસ્ત્ર અને વૈદ્યકના વિચારોના મિશ્રણવાળા કર્મવિપાકના ગ્રન્થો લખાયા છે.

વીરસિંહાવલોક[5] નામનો આ જાતનો જ્યોતિઃશાસ્ત્રના અભિપ્રાયથી જુદાજુદા રોગોનાં કારણો તથા ઉપાયો વર્ણવતો એક

---

૧. જુઓ કાશ્યપસંહિતા, પરિશિષ્ટ, પૃ. ૨૩૪.

૨. જોલીનું મેડિસિન, પૃ. ૪.

૩. આયુર્વેદ ગ્રન્થમાળામાં રસસંકેતકલિકા છપાયેલ છે, તેની ભૂમિકાની ટીપ જુઓ.

૪. ચરક, સૂ. અ. ૧૧.

૫. વીરસિંહાવલોક ક્ષેમરાજ શ્રીકૃષ્ણદાસે મુંબઈમાં વિ. સં. ૧૯૫૪માં છપાવ્યો છે.

ગ્રન્થ તોમર વંશના વીરસિંહનો ઈ. સ. ૧૩૮૩માં લખાયેલો મળ્યો છે[1] અને બીજા સારગ્રાહકકર્મવિપાક નામના ગ્રન્થની હાથપ્રત મળે છે,[2] જે જોલી પ્રમાણે ઈ. સ. ૧૩૮૪માં લખાયેલ છે.

ત્રિશતી—આ જ શતકમાં કે કદાચ તે પછીના ૧૫મા શતકમાં ત્રિશતી નામનો ત્રિદોષજ્વરનાં નિદાન-ચિકિત્સાનો એક ગ્રન્થ ગુજરાતના વૈદ્ય દેવરાજના પુત્ર શાર્ઙ્ગધરનો રચેલો મળે છે.[3] ભાવમિશ્રે જ્વરપ્રકરણમાં આ ગ્રન્થમાંથી ઉતારો કર્યો છે.

મોમહનવિલાસ—શાર્ઙ્ગધરના વખત પહેલાં જ મુસલમાની અસર વૈદ્યક ઉપર થઈ હતી અને અફીણનો ઉપયોગ એ મુસ્લિમ અસરનો એક સચોટ દાખલો છે. પણ પછી મહમૂદશાહના વખતમાં ઈ. સ. ૧૪૧૧માં કાલ્પીમાં મોમહનવિલાસ નામનો મુસ્લિમ નામવાળો વાજીકરણ તથા સ્ત્રીબાલકની ચિકિત્સાને લગતો એક ગ્રન્થ લખાયો છે.[4]

બાલચિકિત્સાના ગ્રન્થો—કૌમારભૃત્ય વિશે જીવકાદિ આચાર્યોના ગ્રન્થો સંહિતાકાળમાં હતા એ પહેલાં કહ્યું જ છે, પણ પાછલા કાળમાંયે બાળકોની ચિકિત્સાને ઉદ્દેશીને ગ્રન્થો લખાયા છે. **શિશુરક્ષારત્ન** નામનો એક ગ્રન્થ પૃથ્વીમલ્લનો લખેલો મળ્યો છે. તેમાં મદનપાલનિઘંટુનો ઉલ્લેખ છે અને એ ઉપરથી જોલી ઈ. સ. ૧૪૦૦ પછીનો એને માને છે.[5]

બીજો આ જાતનો ગ્રન્થ વૈદ્ય કલ્યાણનો બાલતન્ત્ર નામનો ઈ. સ. ૧૫૮૮ (વિ. સં. ૧૬૪૪)માં કાશીમાં રચાયો છે.[6] આ

૧. જોલી, મેડિસિન, પૃ. ૫.

૨. એજન.

૩. શાર્ઙ્ગધર ત્રિશતી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ છે.

૪. જોલી, મેડિસિન, પૃ. ૫.

૫. જોલી, મેડિસિન, પૃ ૫. આ ગ્રન્થની હાથપ્રત ઇંડિયા ઑફિસ પુસ્તકાલયમાં છે.

૬. બાલતન્ત્ર મુંબઈમાં હિન્દી ભાષાન્તર સાથે વિ. સં. ૧૯૭૦માં છપાયું છે. પ્રકાશક હરિપ્રસાદ ભગીરથજી.

વૈદ્ય કલ્યાણ મૂળ ગુજરાતના પ્રશ્નોરા બ્રાહ્મણ હતા.[૧] ત્રીજો રાવણકૃત કુમારતન્ત્ર છે, જેના ચોક્કસ સમયની ખબર નથી.[૨]

સ્ત્રીવિલાસ—સોળમા શતકના અન્તમાં કે સત્તરમા શતકમાં ગુજરાતના જ શ્રીગોડ જ્ઞાતિના વૈદ્ય દેવેશ્વરે સ્ત્રીવિલાસ નામનો સ્ત્રીરોગચિકિત્સાને લગતો ગ્રન્થ લખ્યો છે.[૩]

વિષચિકિત્સાનો કાશ્યપસંહિતા નામનો એક ગ્રન્થ મૈસૂરમાં ૧૯૩૩માં છપાયો છે. એ પૃ. ૯૬ માં નોંધેલો જ ગ્રન્થ છે કે પાછળનો એ કહેવું મુશ્કેલ છે.

ભાવપ્રકાશ—શાર્ઙ્ગધર પછી મોટો, વૈદ્યોમાં ખૂબ પ્રીતિપાત્ર અને સર્વાંગસંગ્રહ તરીકે છેલ્લો ગ્રન્થ ગણાય એવો ભાવપ્રકાશ ગ્રન્થ રચાયો છે. લઘુત્રયીમાં એનું સ્થાન જોતાં વૈદ્યકના પઠનપાઠનમાં છેલ્લા સૈકાઓમાં એનો સામાન્ય પ્રચાર હશે એ સમજી શકાય છે. આ ભાવપ્રકાશના કર્તા ભાવમિશ્ર પોતાને શ્રીમિશ્રલટકતનય કહે છે. એથી વધારે પોતાનો કશો પરિચય એમણે આપ્યો નથી. પણ આયુર્વેદ-વિજ્ઞાન, અ. ૧ ના કથનને અનુસરી જોલી એને બનારસના ગણે છે,[૪] જ્યારે ગણનાથ સેન એને કાન્યકુબ્જના કહે છે. વળી, ભાવ-પ્રકાશમાં ફિરંગરોગનું વર્ણન અને ફિરંગી સ્ત્રીઓ સાથેના પ્રસંગથી એ રોગ થાય છે એમ લખ્યું છે, એ જોતાં ફિરંગીઓ—પોર્ટુગીઝો—આ દેશમાં આવીને વસ્યા તે પહેલાં અર્થાત્ ૧૬ મા શતકના આરંભ પહેલાં રચાયો હોવાનો સંભવ નથી એમ કહે છે તે યથાર્થ છે.[૫]

---

૧. જુઓ 'ગુજરાતનું વૈદ્યક સાહિત્ય' નામનો મારો સૂરતની સાહિત્ય પરિષદમાં આપેલો નિબંધ, વૈદ્યકલ્પતરુ, પુ. ૨૧.

૨. ભાષાટીકા સાથે ખેમરાજ કૃષ્ણદાસે આ ગ્રન્થ છપાવ્યો છે.

૩. જુઓ ટિપ્પણી ૧ વાળો નિબંધ.

૪. જોલી, મેડિસિન, પૃ. ૨.

૫. પ્રત્યક્ષશારીર, આ. ૩, ઉ., પૃ. ૫૭.

ટુબીન્જનમાં ઈ. સ. ૧૫૫૮ ની હાથપ્રત છે;[૧] એટલે ભાવપ્રકાશ એથી મોડો તો નથી જ. કવિરાજ ગણનાથ સેન કહે છે તેમ શારીર-વર્ણન સુશ્રુતાદિ ગ્રન્થોમાંથી 'ગતાનુગતિક રીતે' ભાવમિશ્રે ઉતાર્યું છે અને 'પ્રમાદસંકુલ' છે, પણ એનો સમય જોતાં એ ક્ષમ્ય છે અને બીજી રીતે એ ગ્રન્થની કીમતને એથી કશો બાધ આવતો નથી. વાગ્ભટ પછી આયુર્વેદનાં સર્વ અંગોનો જેમાં સમાવેશ કરવામાં આવ્યો હોય એવો ગ્રન્થ તો એક ભાવપ્રકાશ જ છે, એમ વિરજા-ચરણ ગુપ્તે કહ્યું છે;[૩] પણ સોઢલ પછી એમ ખરી રીતે કહેવું જોઈએ. વળી, જે ચરક-સુશ્રુતોક્ત શલ્ય-શાલાક્યાદિ વાતોનો પ્રચાર વૈદ્યોમાં ઓછો થઈ ગયો હતો તેનો ભાવપ્રકાશમાં ટૂંકો સાર જ આપવામાં આવ્યો છે, જ્યારે જે અનેક નવા યોગો પ્રચારમાં આવ્યા હતા તેમાંથી પોતાને સારા લાગ્યા તે ભાવમિશ્રે આપ્યા છે. વળી, અફીણ તો શાર્ઙ્ગધરાદિમાંય છે, પણ ચોપચીનીનો ભાવમિશ્રે જ પહેલો ઉપયોગ કર્યો છે. ફિરંગરોગનું વર્ણન તથા મસૂરિકા રહેવા દઈને પણ લોકપ્રસિદ્ધ શીતલાનું વર્ણન કર્યું છે એ ગ્રન્થકારની જાગરૂકતા દર્શાવે છે.

ભાવમિશ્રે પૂર્વખંડ, મધ્યખંડ અને ઉત્તરખંડ એ રીતે ત્રણ ખંડમાં ગ્રન્થ રચ્યો છે, જોકે છેલ્લો ઉત્તરખંડ તો તદ્દન નાનો છે. વળી પૂર્વખંડ અને મધ્યખંડમાં પહેલો ભાગ, બીજો ભાગ એ રીતે ભાગો પાડ્યા છે. પ્રથમ ખંડમાં અશ્વિનીકુમારની અને આયુર્વેદાચાર્યોની ઉત્પત્તિથી આરંભી સૃષ્ટિક્રમ, ગર્ભપ્રકરણ, દોષ અને ધાતુનું વર્ણન, દિનચર્યા, ઋતુચર્યા વગેરે વિષયો પછી વિસ્તારથી નિઘંટુ આપ્યો છે, જેમાં અમુક દ્રવ્ય ન મળે તો એને બદલે કયું લેવું તે એટલે

૧. જોલી, મેડિસિન, પૃ. ૩.

૨. પ્રત્યક્ષશારીર, ઉ., પૃ. ૬૩.

૩. જુઓ 'વનૌષધિદર્પણ'ની ઉપક્રમણિકા, પૃ. ૩૬.

પ્રતિનિધિનિર્ણય પણ છે. નિઘંટુની પદ્ધતિ તો રાજનિઘંટુ આદિના જેવી જ છે. રાંધેલા ખોરાકનું વર્ણન પણ આ નિઘંટુમાં છે જ. પૂર્વખંડના જ દ્વિતીય ભાગમાં માનપરિભાષા, ધાતુ વગેરેના શોધન-મારણનો વિધિ અને પંચકર્મવિધિ એટલું છે. પછી મધ્યખંડમાં જ્વરાદિ રોગોની ચિકિત્સા કહી છે. અલબત્ત, આ ચિકિત્સાવર્ણનમાં સોઢલ પેઠે શલ્ય–શાલાક્યાદિ અંગોના જુદા વિભાગો નથી પાડ્યા. અને છેલ્લા ઉત્તરખંડમાં માત્ર વાજીકરણ અધિકાર છે. એટલે એ રીતે પણ પ્રાચીન પ્રણાલીનું અનુસરણ ભાવમિશ્રે નથી કર્યું. અલબત્ત, એના સમયના વૈદ્યકનું એમાં સ્પષ્ટ પ્રતિબિંબ છે. વળી ત્રણસો વર્ષથી મુસલમાનો અને તેઓમાં પ્રચલિત યુનાની વૈદ્યક આયુર્વેદિક વૈદ્યો સમક્ષ હોવા છતાં એની વિશેષ અસર થઈ નથી એ ખાસ જોવા જેવું છે.

ભાવમિશ્રના જ રચેલા એક ગુણરત્નમાળા નામના ગ્રન્થની હાથપ્રત ઇંડિયા ઑફિસ પુસ્તકાલયમાં હોવાનું જોલી કહે છે.[1]

૧૬મા શતકનો જ બીજો ગ્રન્થ ટોડરાનંદ છે, જે અકબરના હિન્દુ સચિવ ટોડરમલ્લનો રચેલો છે.

આ જ શતકમાં કે કદાચ ૧૭મામાં જૈન હર્ષકીર્તિસૂરિનો યોગચિન્તામણિ નામનો ગ્રન્થ રચાયો છે.[2] એની ઈ. સ. ૧૬૬૬ની હાથપ્રત મળે છે.[3] બીજી તરફથી એમાં ફિરંગનું વર્ણન છે એ જોતાં ભાવપ્રકાશ પછી રચાયો હોવાનો સંભવ છે.

૧૭મા શતકમાં જ રચાયેલો ટૂંકો પણ એની કાવ્યચમત્કૃતિથી લોકપ્રિય થઈ ગયેલો ગ્રન્થ લોલિંબરાજનો ‘વૈદ્યજીવન’ છે. આ નાના ગ્રન્થ ઉપર એક કરતાં વધારે ટીકાઓ થઈ છે તથા એનાં અનેક

---

૧. જોલી, મેડિસિન, પૃ. ૩.

૨. આ ગ્રન્થ છપાઈ ગયો છે, ઈ. સ. ૧૮૯૯માં મુંબઈમાં.

૩. જોલી, મેડિસિન, પૃ. ૩.

ભાષામાં ભાષાન્તરો થયાં છે.[1] આ વૈદ્યજીવન ગ્રન્થ ઈ. સ. ૧૬૩૩માં રચાયો છે એમ મરાઠી ભાષાન્તરકારે લખેલા ચરિત્ર ઉપરથી ગોંડલ ઠાકોરસાહેબે લખ્યું છે; પણ જોલી કહે છે કે ઈ. સ. ૧૬૦૮ની હાથપ્રત મળી છે.[2] આ લોલિંબરાજનાં પિતાનું નામ દિવાકર ભટ્ટ એણે પોતે જ લખ્યું છે; પણ એ જુન્નરના રહેવાસી હતા અને લોલિંબરાજે વૈદ્યાવતંસ નામનો એક બીજો ગ્રન્થ લખ્યો છે એમ મરાઠી ભાષાન્તરકારે તેના જીવનચરિત્રમાં લખ્યું છે.[3]

આ વૈદ્યજીવન ઉપરાંત ૧૭મી સદીમાં અનેક ગ્રન્થો લખાયા છે. દા. ત. જગન્નાથનો યોગસંગ્રહ ૧૬૧૬માં, સુખબોધ ૧૬૪૫–૪૬માં, કવિચન્દ્રનો ચિકિત્સારત્નાલિ ઈ. સ. ૧૬૬૧માં, રઘુનાથ પંડિતનો વૈદ્યવિલાસ ઈ. સ. ૧૬૯૭માં, વિદ્યાપતિનો વૈદ્યરહસ્ય ૧૬૯૮માં રચાયેલ છે[4] એમ જોલીએ (પૃ. ૨) નોંધ્યું છે.

વૈદ્ય ચિન્તામણિનો પ્રયોગામૃત અને નારાયણનો વૈદ્યામૃત અઢારમી સદીમાં લખાયા છે એમ જોલી (પૃ. ૨) ધારે છે. વળી, આ જ સદીમાં ઉપાધ્યાય માધવનો આયુર્વેદપ્રકાશ લખાયો છે.[5] ભાવપ્રકાશનો માધવે ઉલ્લેખ કર્યો છે અને ઈ. સ. ૧૭૧૩ (વિ. સ. ૧૭૮૬)ની હાથપ્રત ઇંડિયા ઑફિસ પુસ્તકાલયમાં છે.[6] આયુર્વેદપ્રકાશમાં રસશાસ્ત્રના બધા વિષયો બહુ સારી રીતે વર્ણવેલા છે. આ માધવનો

---

૧. હિંદી ભાષાન્તર સાથે શેઠ વ્રજવલ્લભ હરિપ્રસાદે છપાવેલ છે અને ગુજરાતી ભાષાંતર સાથે નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ છે.

૨. જોલી, મેડિસિન, પૃ. ૨.

૩. જુઓ ગુજરાતી પ્રેસમાં છપાયેલ વૈદ્યજીવનમાં લોલિંબરાજનો વૃત્તાન્ત. આ વૈદ્યાવતંસ હિંદી ભાષાન્તર સાથે છપાઈ ગયો છે.

૪. વૈદ્યરહસ્ય છપાઈ ગયો છે.

૫. આયુર્વેદ ગ્રન્થમાળામાં આ ગ્રન્થ ઈ. સ. ૧૯૧૩ માં છપાયો છે.

૬. જોલી, મેડિસિન, પૃ. ૨.

લખેલો પાકાવલિ નામનો એક ગ્રન્થ પણ છપાયો છે. ઈ. સ. ૧૭૯૪માં રચાયેલા જયરવિના જ્વરપરાજયની નોંધ ગોંડલના ઇતિહાસમાં છે.

યોગરત્નાકર—વૈદ્યોમાં ખૂબ વપરાતો યોગરત્નાકર નામનો યોગસંગ્રહ ગ્રન્થ ઘણું કરી ૧૮ મા શતકમાં રચાયો છે. યોગરત્નાકર આનન્દાશ્રમ સંસ્કૃત ગ્રન્થશાળામાં છપાયો છે. ગ્રન્થકર્તાના નામની ખબર નથી, પણ એની એક હાથપ્રત શક ૧૬૬૮ની આનન્દાશ્રમ પાસે હતી એટલે ઈ. સ. ૧૭૪૬થી પહેલાં ગ્રન્થ રચાયો છે એટલું નક્કી.

તેરમાથી અઢારમા શતક સુધીમાં થઈ ગયેલા વૈદક ગ્રન્થકારોની જે ટૂંકી નોંધ ઉપર કરી છે તે ઉપરથી એ છસો વર્ષના ગાળામાં રચાયેલા વૈદક ગ્રન્થોના પ્રકારનો ખ્યાલ વાંચનારને જરૂર આવશે; જોકે જથ્થાનો ખ્યાલ પૂરો નહિ આવે, કારણ કે એ અરસામાં થયેલી ગ્રન્થરચનામાંથી પાછળથી જે તદ્દન નષ્ટ થઈ ગઈ તેને ન ગણવામાં આવે તોપણ જેની હાથપ્રત ક્યાંક પણ જળવાઈ રહી હોય તે સર્વની આ સંપૂર્ણ યાદી નથી. જુદાં જુદાં પુસ્તકાલયોમાં સચવાઈ રહેલ હાથપ્રતોની લખ્યા સાલ વગેરે ઉપરથી જોલી વગેરેએ જુદાજુદા સૈકાઓમાં થયેલી ગ્રન્થરચના વિષે જે અનુમાનો કર્યાં છે તે ઉપરથી અહીં નોંધ કરી છે, પણ લખ્યા સાલ વગરની હાથપ્રતો ઘણી છે. કેટલાક છપાયેલા ગ્રન્થોનો પણ રચનાસમય જાણવાનું કાંઈ સાધન નથી. એ સ્થિતિમાં નીચે જેના સમયની બરાબર ખબર નથી એવા તથા પહેલાં જેનો ઉલ્લેખ નથી થયો તેવા પ્રકાશિત તથા અપ્રકાશિત ગ્રન્થોની એક યાદી ઉતારી છે.

આ યાદી સંપૂર્ણ નથી. વિવિધ પુસ્તકાલયોનાં કેટલોગો કે કેટેલોગસ કેટેલોગમ ઉપરથી વધારે સંપૂર્ણ યાદી થઈ શકે, પણ નીચેની યાદી તો રસયોગસાગરમાં આપેલી યાદી, ગોંડલ ઠાકોર

સાહેબના ઇતિહાસમાં આપેલી યાદી, જેનું મૂળ કદાચ ઓફ્રેટ જ હશે, તથા વનૌષધિદર્પણમાં આપેલી યદી ઉપરથી તૈયાર કરી છે. આ યાદીમાંના કેટલાક ગ્રન્થો ૧૮ મી સદી પછી એટલે આધુનિક સમયમાં રચાયા છે, પણ એમનું સ્વરૂપ આધુનિક સમય પહેલાંના ગ્રન્થોને મળતું છે.

પ્રકીર્ણ ગ્રન્થોની યાદી

અભ્રકકલ્પ—ગોંડલના ઇતિહાસમાં નામ છે.

અજીર્ણામૃતમંજરી—કાશીરાજકૃત નિઘંટુરત્નાકરની બીજી આવૃત્તિના પહેલા ભાગમાં છપાઈ ગયેલ છે.

અનુપાનતરંગિણી—ગુજરાતી ભાષાન્તર સાથે મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેએ છપાવ્યો છે.

અનુપાનદર્પણ– ભાષા ટીકા સાથે વેંકટેશ્વર પ્રેસમાં છપાયો છે.

આયુર્વેદસુષેણસંહિતા—ભાષા ટીકા સાથે વેંકટેશ્વર પ્રેસમાં છપાયો છે

અર્કપ્રકાશ—રાવણકૃત ભાષા ટીકા સાથે વેંકટેશ્વર પ્રેસમાં છપાઈ ગયો છે.

આરોગ્યચિન્તામણિ—પં. દામોદરકૃત.

કલ્યાણકારક—ઉગ્રાદિત્ય વિરચિત. ૧૯૪૦ માં સોલાપુરમાં છપાયો છે.

કામરત્ન—કર્તાનું નામ રસયોગસાગરના નિર્માતાએ નથી આપ્યું, પણ વેંકટેશ્વરમાં આ ગ્રન્થ છપાયો છે અને તેમાં યોગેશ્વર નિત્યનાથપ્રણીત કહેલ છે.

કાલજ્ઞાન—ભાષાટીકા સાથે વેંકટેશ્વર પ્રેસમાં અને ગુજરાતી ભાષાન્તર સાથે જાગુષ્ટેએ છપાવેલ છે.

કૂટમુદ્ગર—માધવપ્રણીત. નાનો ચિકિત્સાનો ગ્રન્થ છે. વેંકટેશ્વર પ્રેસમાં ભાષા ટીકા સાથે છપાયો છે.

ગોરક્ષસંહિતા—કર્તા ગોરખનાથ. અમુદ્રિત.

ગૌરીકાંચલિકા—ચિકિત્સાગ્રન્થ. છપાયો છે વેંકટેશ્વર પ્રેસમાં, જેમાં મંત્ર, તંત્ર, જ્યોતિષ વગેરે ચિકિત્સા છે.

ચમત્કારચિંતામણિ—ગોવિંદરાજકૃત. ગોંડલના ઇતિહાસમાં નામ છે.

ચિકિત્સાક્રમકલ્પવલ્લી—કાશીરામ ચતુર્વેદી સંકલિત. વેંકટેશ્વર પ્રેસમાં છપાયો છે.

ચિકિત્સાંજન[1]—વિદ્યોપાધ્યાયકૃત. અપ્રકાશિત.

ચિકિત્સારત્નાભરણ*—સદાનન્દ દાધીચ વિરચિત.

ચિકિત્સારહસ્યમ્*—હારીતમુનિ વિરચિત.

ચિકિત્સાસાર—ગોપાળદાસકૃત. છપાયો છે.

દ્રવ્યગુણશતક—ત્રિમલ્લ ભટ્ટકૃત. વેંકટેશ્વર પ્રેસમાં છપાયો છે.

ધાત્રીમંજરી—કર્તાના નામની ખબર નથી. ગોંડલના ઇતિહાસમાં નામ છે.

નરપતિજયચર્યા—સં. ૧૨૩૨માં મૂળ ધારાના આમ્રદેવના પુત્ર નરપતિ કવિએ અણહિલવાડમાં લખેલો શકુનશાસ્ત્રગ્રન્થ છે.[2] સંસ્કૃત ટીકા સાથે વેંકટેશ્વરમાં છપાઈ ગયો છે.

નામસાગર—કેન્દ્રદેવે રચેલો અપ્રકાશિત ચિકિત્સાગ્રન્થ છે.[3]

નારાયણવિલાસ—નારાયણભૂપતિ વિરચિત.

પથ્યાપથ્ય — મહામહોપાધ્યાય વિશ્વનાથ કવિરાજકૃત. આ આધુનિક ગ્રન્થ ભાષા ટીકા સાથે છપાઈ ગયો છે.

---

૧. વનૌષધિદર્પણની ઉપક્રમણિકામાં નામ છે.

* આ નિશાનીવાળા ગ્રન્થોની રસયોગસાગરમાં પ્રમાણરૂપે લીધેલા અપ્રકાશિત ગ્રન્થોની યાદીમાં નોંધ છે.

૨. જુઓ મારો 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ', વિ. ૨, પૃ. ૩૩૪ અને ડફની ક્રોનોલોજી, પૃ. ૧૬૧.

૩. વનૌષધિદર્પણની ઉપક્રમણિકામાં નામ છે.

પથ્યાપથ્યનિઘંટુ— કવિ શ્રીમુખકૃત. ગોંડલના ઇતિહાસમાં નોંધ છે.

પરિભાષાવૃત્તિપ્રદીપ—ગોવિંદસેનકૃત.

પારદ યોગશાસ્ત્ર—શિવરામ યોગીન્દ્રકૃત. છપાઈ ગયો છે.

પ્રયોગચિન્તામણિ—રામમાણિક્ય સેન વિરચિત. કલકત્તામાં છપાયો છે, એમ શ્રી વિરજાચરણ ગુપ્ત કહે છે. ગોંડલના ઇતિહાસમાં કર્તાનું નામ માધવ લખ્યું છે.

પ્રયોગસાગર—ગોંડલના ઇતિહાસમાં નામ છે. કર્તાનું નામ નથી.

બાલચિકિત્સાપટલ[1]—ગ્રન્થકાર અજ્ઞાત. અમુદ્રિત.

બાલબોધોદય—શ્રી કાશીનાથ ચતુર્વેદી વિરચિત. ભાષાનુવાદ સાથે છપાયો છે.

બાલબોધ[2]—વામાચાર્યકૃત. અમુદ્રિત.

ભૈષજ્યસારામૃતસંહિતા*—ઉપેન્દ્રવિરચિત.

મધુમતી[3]—દ્રાવિડવાસી નીલકાન્ત ભટ્ટના પુત્ર રામકૃષ્ણ ભટ્ટના શિષ્ય નરસિંહ કવિરાજનો રચેલો દ્રવ્યગુણ તથા ચિકિત્સા સંબંધી અમુદ્રિત ગ્રન્થ.

યોગચન્દ્રિકા*—લક્ષ્મણવિરચિત. ગોંડલના ઇતિહાસમાં ઈ. સ. ૧૬૩૩માં રચાયેલ એમ લખ્યું છે.

યોગદીપિકા*—ગુજરાતના નાગર રણકેશરીનો લખેલો[4] ૩૯૦ શ્લોકનો ટૂંકો યોગસંગ્રહ ગ્રન્થ. ગ્રન્થ જૂનો છે. હાથપ્રત વૈદ્ય જા. ત્રિ. આચાર્ય પાસે છે.

યોગમહાર્ણવ*—રામનાથ વિદ્વાને સંગૃહીત.

૧-૨. વનૌષધિદર્પણની ઉપક્રમણિકા.

૩. ‘ જુઓ ગુજરાતનું વૈદ્યક સાહિત્ય ’ નામનો મારો નિબંધ.

૪. એજન.

યોગમહોદધિ[1]—કર્તા અજ્ઞાત. અમુદ્રિત. મળેલી હાથપ્રતમાં નિઘંટુભાગ છે.

યોગરત્નમાલા—ગંગાધર યતીન્દ્રની ઈ. સ. ૧૫૭૪માં અમદાવાદમાં લખાયેલી હાથપ્રત ઇંડિયા ઑફિસ લાયબ્રેરીમાં છે.[2]

યોગરત્નાકર[3]—નયનશેખરનો ગુજરાતી ચોપાઈમાં ઈ. સ. ૧૬૮૦ માં લખાયેલો ગ્રન્થ.

યોગશતક[4]—શ્રીકંઠદાસરચિત. આના ઉપર વરરુચિની અભિધાનચિંતામણિ નામની ટીકા છે.

યોગસંગ્રહ*—કર્તા અજ્ઞાત. અપ્રકાશિત.

યોગસમુચ્ચય—ગુજરાતી શ્રીગૌડ બ્રાહ્મણ હરિરામના પુત્ર માધવનો લખેલો ટૂંકો ગ્રંથ, જેની હાથપ્રત સ્વ. તનસુખરામ મ. ત્રિપાઠીના સંગ્રહમાં હતી.

યોગસમુચ્ચય—વ્યાસ ગણપત રચિત. ગુજરાતી ભાષાંતર સાથે રાજવૈદ્ય જીવરામ કાલિદાસે છપાવ્યો છે.

રત્નાકરૌષધયોગ*—કર્તા અજ્ઞાત. અપ્રકાશિત.

રસકંકાલીય*—કંકાલયોગી વિરચિત. આ ગ્રંથ છપાયો છે.

રસકલ્પલતા*—મગ્નીરામ વિરચિત.

રસકામધેનુ—વૈદ્યવર શ્રી ચૂડામણિ સંગૃહીત. આ ગ્રંથ મુંબઈની આયુર્વેદીય ગ્રંથમાળા (પુષ્પ ૧૬મું)માં છપાયો છે.

રસકિન્નર*—કર્તા અજ્ઞાત.

રસકૌમુદી*—શક્તિવલ્લભ વિરચિત.

રસકૌમુદી—જ્ઞાનચંદ્ર વિરચિત. આ ગ્રંથ લાહોરમાં છપાઈ ગયો છે.

---

૧. હાથપ્રત વૈદ્ય જા. ત્રિ. આચાર્ય પાસે છે.

૨. જુઓ ‘ગુજરાતનું વૈદ્યક સાહિત્ય’ નામનો મારો નિબંધ.

૩. એજન.

૪. વનૌષધિદર્પણની ઉપક્રમણિકામાં તથા ગોંડલના ઇતિહાસમાં નામ છે.

રસકૌમુદી[1]—માધવ વિરચિત.

રસજ્ઞાનમ્*—જ્ઞાનજ્યોતિ વિરચિત.

રસચંડાંશુ—દત્તાત્રેયે સંગૃહીત. છપાયો છે.

રસચિન્તામણિ—અનન્તદેવ વિરચિત. ભાષાટીકા સાથે વેંકટેશ્વર પ્રેસમાં છપાયો છે.

રસતરંગમાલિકા[2]—જનાર્દન ભટ્ટકૃત.

રસપારિજાત—ગોંડલના ઇતિહાસમાં વૈદ્યશિરોમણિકૃત એમ લખ્યું છે. ર. સા. સં.માં નામ નથી.

રસપ્રદીપ*—પ્રાણનાથ વૈદ્યવિરચિત, ગોંડલના ઇતિહાસમાં ઈ. સ. ૧૪૮૩માં વીશલદેવે લખેલો છે એમ લખ્યું છે. ભાષાટીકા સાથે વેંકટેશ્વરમાં એક રસપ્રદીપ છપાયો છે.

રસબોધચન્દ્રોદય—કર્તા અજ્ઞાત. અમુદ્રિત.

રસમુક્તાવલિ—કર્તા અજ્ઞાત. અમુદ્રિત.

રસમંજરી—શાલિનાથ વિરચિત. ભાષાટીકા સાથે વેંકટેશ્વરમાં છપાયો છે.

રસરત્નકૌમુદી—કર્તા અજ્ઞાત. અમુદ્રિત.

રસરત્નપ્રદીપ—રામરાજ વિરચિત. શ્રી. ભાનુદત્ત વિદ્યાલંકારે લાહોરથી છપાવ્યો છે.

રસરત્નમણિમાલા—વૈદ્ય બાવાભાઈ અચળજી સંગૃહીત. અમુદ્રિત.

રસરાજશંકર*—રામકૃષ્ણ વિરચિત.

રસરાજશિરોમણિ*—પરશુરામ વિરચિત.

રસરાજસુન્દર—દત્તરામ સંગૃહીત. છપાયો છે.

---

૧. વનૌષધદર્પણની અનુક્રમણિકામાં નામ છે.

૨. ગોંડલના ઇતિહાસમાં નામ છે.

રસસંગ્રહસિદ્ધાન્ત*—ગોવિંદરામ વિરચિત.

રસસાગર*—ક્ષેમાદિત્ય વિરચિત

રસસારસંગ્રહ*—કર્ત્તા અજ્ઞાત. અમુદ્રિત.

રસાધ્યાય—કાશી સંસ્કૃત સિરીઝમાં ૧૯૩૦માં છપાયો છે.

રસામૃત—વૈદ્યકેન્દ્ર પંડિત કૃત. ઈ. સ. ૧૪૯૫માં રચાયો છે એમ ગોંડલના ઇતિહાસમાં છે.

રસાયનપરીક્ષા—કર્તા અજ્ઞાત. અમુદ્રિત.

રસાલંકાર—ભટ્ટ રામેશ્વર વિરચિત. અમુદ્રિત.

રસાવતાર—કર્તા અજ્ઞાત. અમુદ્રિત.

રસાવતાર—માણિકયચન્દ્ર જૈન વિરચિત. હાથપ્રત વૈદ્ય જા. ત્રિ. આચાર્ય પાસે છે.

રસાયનપ્રકરણ[1]—મેરુતુંગ નામના જૈન સાધુનો ઈ. સ. ૧૩૮૭માં બનાવેલો ગ્રન્થ.

રસેન્દ્રકલ્પદ્રુમ*—રામકૃષ્ણ ભટ્ટ વિરચિત.

રસેન્દ્રરત્નકોષ*—દેવેન્દ્ર ઉપાધ્યાય વિરચિત.

રામવિનોદ[2]—પદ્મરંગકૃત રસગ્રન્થ.

રોગનિદાન[3]—ધન્વન્તરિકૃત. અમુદ્રિત.

લોહપદ્ધતિ—સુરેશ્વર વિરચિત. આયુર્વેદ ગ્રન્થમાળામાં છપાયો છે.

વાણીકરી[4]—વાણીકવિકૃત.

વિષોદ્ધાર[5]—ગ્રન્થકાર અજ્ઞાત. અમુદ્રિત. વિવિધ વિષ-વિષયક ગ્રન્થ.

---

૧. ગોંડલના ઇતિહાસમાં આ ગ્રન્થનું નામ છે.

૨. ગોંડલના ઇતિહાસમાં નામ છે.

૩-૫. વનૌષધિદર્પણની ઉપક્રમણિકામાં નામ છે.

વૈદ્યકલ્પદ્રુમ[1]—રઘુનાથપ્રસાદકૃત. છપાયો છે.

વૈદ્યકૌસ્તુભ—શ્રી મેવારામ વિરચિત. ૧૯૨૮માં છપાયો છે.

વૈદ્યચિંતામણિ*—કર્તા અજ્ઞાત.

વૈદ્યચિંતામણિ*—કર્તા અજ્ઞાત.

„ (લઘુ)— „

વૈદ્યદર્પણ - અમુદ્રિત. કર્તા કલ્યાણ ભટ્ટના પુત્ર પ્રાણનાથ વૈદ્ય.

વૈદ્યરત્ન—કેદાર ભટ્ટ સંગૃહીત. વેંકટેશ્વરમાં છપાયો છે.

વૈદ્યવલ્લભ—હસ્તિરુચિકૃત ભાષાટીકા સાથે વેંકટેશ્વરમાં છપાયો છે. આ ગ્રન્થ ઈ. સ. ૧૬૭૦માં રચાયો છે એમ ગોંડલના ઇતિહાસમાં લખ્યું છે. કર્તાનું નામ હસ્તિરુચિને બદલે હસ્તિસૂરિ લખ્યું છે.

વૈદ્યવૃન્દ—નારાયણકૃત. અમુદ્રિત.

વૈદ્યોત્તંસ—શ્રી. રાજસુન્દર વૈદ્ય વિરચિત. સિલોનમાં છપાયો છે.

શતયોગ—કર્તા અજ્ઞાત. ગોંડલના ઇતિહાસમાં નામ છે.

સર્વવિજયીતંત્ર—કર્તા અજ્ઞાત. ગોંડલના ઇતિહાસમાં નામ છે.

સિદ્ધાન્તમંજરી—બોપદેવકૃત છે એમ વનૌષધિદર્પણની ઉપક્રમણિકામાં લખ્યું છે. અમુદ્રિત.

સૂતપ્રદીપિકા*—કર્તા અજ્ઞાત.

હરિતાલ કલ્પ[1]—કર્તા અજ્ઞાત.

હંસરાજનિદાન—હંસરાજકૃત ભાષાટીકા સહિત. વેંકટેશ્વરમાં છપાયો છે

હિતોપદેશ—જૈનાચાર્ય શ્રીકંઠસૂરિ વિરચિત. વેંકટેશ્વરમાં છપાયો છે.

હિતોપદેશ—પરમશૈવાચાર્ય શ્રીકંઠ શિવપંડિત વિરચિત. અમુદ્રિત.

---

૧. ગોંડલના ઇતિહાસમાં નામ છે.

આધુનિક સમય

આધુનિક સમયનો આરંભ કયા વર્ષથી ગણવો એ મોટો પ્રશ્ન છે. રાજકીય ઇતિહાસમાં બ્રિટિશોની રાજ્યસત્તા જે સાલમાં આ દેશમાં સ્થિર થઈ તે ઈ. સ ૧૭૫૭ થી બ્રિટિશ અથવા આધુનિક સમયનો આરંભ ગણવામાં આવે તે ઘણાં કારણથી ભલે યોગ્ય હો, પણ સાંસ્કૃતિક ઇતિહાસમાં એ તારીખ કશા મહત્ત્વની નથી. મારા મતે તો આયુર્વેદના ઇતિહાસમાં આધુનિક સમયનો આરંભ ઈ. સ. ૧૮૩૫-૩૬ થી ગણવો જોઈએ, કારણ નવી સ્થપાયેલી મેડિકલ કૉલેજ ઑફ બેંગાલમાં ઈ. સ. ૧૮૩૫ માં એક બંગાળી બ્રાહ્મણ પં. મધુસૂદન ગુપ્તે મડદું ચીરીને શારીર શીખવવાનો આરંભ કર્યો[૧] અને એ જ મધુસૂદન ગુપ્ત કલકત્તામાં તરતમાં સ્થપાયેલ સંસ્કૃત કૉલેજનો અધ્યાપક થયો અને તેણે જ ઈ. સ. ૧૮૩૬માં સુશ્રુતને પહેલી વાર છાપ્યો. આ બે બનાવ—આયુર્વેદના અધ્યાપન સાથે આધુનિક વિજ્ઞાનનો સંસર્ગ અને આયુર્વેદિક ગ્રન્થનું પ્રથમ મુદ્રણ એનાથી આયુર્વેદના ઇતિહાસના આધુનિક સમયનો હું આરંભ ગણું છું.

આયુર્વેદનો આ ઇતિહાસ વાંચનારને ચરક–સુશ્રુતની સંહિતાઓના કાળમાં આયુર્વેદીય વિજ્ઞાનની પરમ ઉન્નતિ થઈ હતી એ કહેવાની જરૂર નથી. સંહિતા પછીના કાળમાં મનુષ્યશરીરને થતા રોગો અને તેની ચિકિત્સા સંબંધમાં નવું કહેવાય એવું ભાગ્યે જ શોધાયું છે એ પણ જોયું. શારીર આદિ ઉપાંગો તો પાછળથી ખેડાતાં બંધ થઈ ગયાં અને ધીમે ધીમે એનું જ્ઞાન ક્ષીણ થઈ ગયું; છતાં

---

૧. મધુસૂદન ગુપ્તની આ હિંમત માટે ધન્યવાદ આપવા અર્થે કલકત્તામાં ફોર્ટ વિલિયમ ઉપરથી એ દિવસે તોપ ફોડવામાં આવી હતી. જુઓ ભાનુમતી વ્યાખ્યાસહિત સુશ્રુત સૂત્રસ્થાન(૧૯૩૯ નિ. પ્રે.)નો ઉપોદ્ઘાત, પૃ. ૧૩.

પ્રાચીન ગ્રન્થો સમજવાનો તથા એમાંથી મળતા જ્ઞાન વડે વૈદ્યક વ્યવહાર કરવાનો માર્ગ ચાલુ રહ્યો. જૂના ગ્રન્થોમાંથી વીણેલા થોડા સદ્યઃફલપ્રદ ગણાતા યોગો વડે વૈદ્યક કરી ખાનાર ઓછું ભણેલા વૈદ્યો જોકે મધ્યકાળમાં વધારે હતા, પણ જૂના ગ્રન્થોમાં તલસ્પર્શી અવગાહન માટે પ્રયત્ન કરનારા વિદ્વાન વૈદ્યો પણ કોઈ કોઈ થઈ ગયા છે. વળી, શસ્ત્રચિકિત્સા જેવાં કેટલાંક કર્મો વૈદ્યોમાંથી નીકળી ગયાં, પણ રસવિદ્યાના વિકાસ સાથે તથા મુસ્લિમોના આવવા સાથે કેટલાંક નવાં ઔષધોનો વૈદ્યોને લાભ મળ્યો. અહીં કહેવું જોઈએ કે પ્રસૂતિકર્મ, અગ્નિકર્મ, શસ્ત્રકર્મ, જળો મૂકવી વગેરે વૈદ્યોમાંથી નીકળી ગયાં, પણ એ કર્મો પોતે લોકમાં રહ્યાં હતાં. જેમ સુવાવડ કરાવનારી દાઈઓ કે સુયાણીઓનો વર્ગ થયો, તેમ પાટપીંડી કરનારનો પણ એક વર્ગ નીકળ્યો. મધ્યકાળની લડાઈઓમાં આ વર્ગનો ઉપયોગ જરૂર થતો. પણ તે તે કર્મ સાથે વિજ્ઞાનનો યોગ જે પ્રાચીનકાળમાં હતો તે નીકળી ગયો; એટલું જ નહિ, પણ ઘણીવાર અવનતિ પણ થઈ.

ભારતમાં સામાન્ય સાંસ્કૃતિક ઇતિહાસ ઉપર દૃષ્ટિ નાખતાં ગુપ્તયુગને મધ્યમાં રાખીને ઈ. સ. બીજા–ત્રીજા શતકથી સાતમા–આઠમા શતક સુધી આ દેશ સંસ્કૃતિના શિખર ઉપર હતો એમ કહી શકાય. આયુર્વેદની બાબતમાં આ યુગના આરંભમાં સંહિતાઓ રચાઈ ત્યારે શિખર આવી ગયેલું. ઈ. સ. સાતમા–આઠમા શતક પછી આ દેશમાં વિદ્યા–કલાની અવનતિ શરૂ થઈ છે. અલબત્ત, બધી વિદ્યા–કલાઓ એકસાથે અવનતિને પંથે પડે એ સંભવિત નથી, પણ ધીમે ધીમે પ્રત્યેકમાં અવનતિનાં ચિહ્ન જોઈ શકાય છે. આયુર્વેદની બાબતમાં સંહિતાકાળ પછી, ઉપર કહ્યું છે તેમ, વૈજ્ઞાનિક બુદ્ધિની અવનતિ શરૂ થઈ ખરી, છતાં કેટલાક કાળ સુધી વિદ્યા રહી હતી. પરંતુ છેલ્લા સત્તરમા–અઢારમા સૈકાઓમાં તો

વિદ્યા પણ ઘણી ક્ષીણ થઈ ગઈ. સામાન્ય રીતે આ દેશની બુદ્ધિશક્તિ છેક નીચલે પગથિયે અઢારમા શતકમાં પહોંચી ગઈ હતી એમ મને આ દેશનો ઇતિહાસ જોતાં લાગે છે. યુરોપમાં જે સૈકાઓમાં આધુનિક વિજ્ઞાનનો ભારે વિકાસ થયો હતો તે સૈકાઓમાં જ આપણે ત્યાં ગાઢ અંધકાર જામ્યો હતો.

બ્રિટિશો સાથેના સંસર્ગ પછી આપણા લોકોના ચિત્તને જે પહેલો ધક્કો લાગ્યો તે ધક્કાથી જેની પહેલી આંખ ઊઘડી તે ગાળાના રાજા રામમોહન રાયથી ગુજરાતના કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ અને કવિ નર્મદ સુધીના સર્વને આ દેશ વહેમ અને અજ્ઞાનના અંધારા ખાડામાં પડેલો લાગ્યો હતો.

આયુર્વેદની બાબતમાં પણ આધુનિક યુગના આરંભ પહેલાંના સૈકામાં સ્થિતિ છેક નીચલે પગથિયે પહોંચી ગઈ હતી. જૂના ગ્રન્થોમાં શારીર, શસ્ત્રકર્મ જેવા ભાગો તો ઘણા વખતથી સમજાતા મટી ગયા હતા, પણ મોટા ભાગના વૈદ્યોમાં, ખાસ કરીને ગુજરાતમાં, તો ચરક–સુશ્રુતનું અધ્યયન–અધ્યાપન પણ વિરલ થઈ ગયું હતું. દવા તરીકે વપરાતી વનસ્પતિઓને ઓળખનારા વૈદ્યોને શોધવા મુશ્કેલ હતા. ગાંધીઓને ત્યાંથી જે મૂળિયાં, લાકડાં વગેરે મળે તેના ઉપર વિશ્વાસ રાખવામાં આવતો. મહારસો, ધાતુઓ, ઉપરસો વગેરેમાં પણ ઘણી સંદિગ્ધતા પેસી ગઈ હતી. રસવિદ્યાની ક્રિયાઓ થોડી જ વ્યવહારમાં જળવાઈ રહી હતી. નાના નાના યોગસંગ્રહો-માંથી યોગો ચૂંટીને ઘણાખરા અને કેટલાક તો પોતાના કુટુંબમાં વડવાઓએ લખી રાખેલ યાદી ઉપરથી વૈદ્યક કરતા. લઘુત્રયીનું ઠીક અધ્યયન કર્યું હોય એ સારું ભણેલો વૈદ્ય ગણાય. એ સ્થિતિ પચાસ–સાઠ વર્ષ ઉપરના વૈદ્યોએ ગુજરાતમાં જાતે જોયેલી. સંસ્કૃત ન જાણનાર વૈદ્યક ન કરી શકે એવું તો હતું જ નહિ; ડોશીઓ પણ દવા બતાવી શકતી અને દેશી ભાષાના સાહિત્યના વિકાસ

સાથે છેલ્લાં ત્રણસો–ચારસો વર્ષમાં દેશી ભાષામાં વૈદ્યક ગ્રન્થો લખાયા છે. ગુજરાતમાં ખાસ કરીને જૈનોના હાથે[1] આ દેશી ભાષાના ગ્રન્થો વાંચીને પણ વૈદ્યકનો ધંધો કરનારા ઘણા હતા. ટૂંકામાં વૈદ્યકના સિદ્ધાંતો લગભગ ભુલાઈને યોગો અને નુસખા ઉપર વૈદ્યક આવી ગયું હતું. હજી એ અંધકારયુગની અસર છે; પણ જેને બ્રિટિશ અમલનો પહેલો ધક્કો લાગ્યો તે બંગાળામાં પહેલાં અને પછી ધીમેધીમે બધે સો વર્ષથી આધુનિક યુગનો સૂર્યોદય થયો છે.

આ સૂર્યોદય સાથે આયુર્વેદનું અધ્યાપન, પાશ્ચાત્ય વૈદ્યકનો સંસર્ગ, ગ્રન્થપ્રકાશન વગેરે જે પ્રવૃત્તિઓ ચાલુ થઈ તેમાંથી કેટલીકનું, નમૂના તરીકે, અવલોકન કરવાથી આધુનિક સમયની આયુર્વેદિક સ્થિતિનો સામાન્ય ખ્યાલ આવી જશે.

ગ્રન્થપ્રકાશન—ઈ. સ. ૧૮૩૬ માં, ઉપર કહ્યું છે તેમ, સુશ્રુતસંહિતા પહેલી વાર કલકત્તામાં છપાઈ. પછી તો ચરકસંહિતા આદિ આયુર્વેદના ગ્રંથો કલકત્તામાં, પૂનામાં, મુંબઈમાં, લાહોરમાં એમ ઝપાટાબંધ મૂળ તથા સટીક પણ છપાવા માંડ્યા. કેટલાક ગ્રન્થોની તો અત્યારે અનેક આવૃત્તિઓ મળે છે. પહેલાં કલકત્તામાં બંગાળી લિપિમાં કેટલાક ગ્રન્થો છપાયેલા, પણ પાછળથી તો દેવ-નાગરીમાં છપાવા માંડ્યા છે. વળી શરૂઆતમાં ગ્રન્થો છાપી નાખવા એટલું જ પ્રકાશકોનું લક્ષ્ય હતું, પણ પછી અનેક હાથપ્રતો મેળવી સાચો પાઠ શુદ્ધ રૂપમાં છાપવાનો આદર્શ લક્ષમાં રાખીને ઘણા ગ્રન્થો છપાયા છે. નિર્ણયસાગર પ્રેસમાંથી તથા આ. મા. જાદવજી ત્રિકમજી આચાર્યને હાથે સંપાદિત થયેલા ગ્રન્થો એ આયુર્વેદિક સાહિત્યના ઉત્તમ પ્રકાશનના નમૂના છે એમ ખુશીથી કહી શકાય.

---

૧. ઉપર આપેલી યાદીમાં યોગરત્નાકર નામના એક ગુજરાતી ગ્રન્થની ખાસ નોંધ લીધી છે.

આયુર્વેદિક ગ્રન્થોના પ્રકાશન સાથે ઓછું સંસ્કૃત જ્ઞાન ધરાવનાર માટે ગ્રન્થોનાં દેશી ભાષામાં ભાષાન્તરો હોવાની જરૂર લાગી હતી અને બંગાળી, હિંદી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષામાં ભાષાન્તરો થઈને છપાયાં અને ખપ્યાં પણ ખરાં. સંસ્કૃત પુસ્તક કરતાં ભાષાન્તરવાળાં પુસ્તકો વધારે ખપતાં હોવાથી પ્રકાશકો અને બુકસેલરોનું એ તરફ વધારે આકર્ષણ થયું. બંગાળી વિશે મને ખબર નથી, પરંતુ હિંદી, મરાઠી અને ગુજરાતીમાં થયેલાં ભાષાન્તરોમાં ઘણાં અતિ અશુદ્ધ છે. શુદ્ધ અને સારાં ભાષાન્તરો વિરલ છે, એમ કહી શકાય. છતાં છેલ્લાં વર્ષોમાં શુદ્ધિનો આગ્રહ વધ્યો છે ખરો. વળી, ભાષાન્તરો—ખાસ કરીને હિંદી ભાષાન્તરોની મોટી સંખ્યા હોવા છતાં બધા શિષ્ટ ગ્રન્થોના પાઠ્યપુસ્તક તરીકે વાપરી શકાય એવા અનુવાદો હિંદીમાં પણ થયા નથી એ સખેદ સ્વીકારવું પડે છે અને ગુજરાતી ભાષામાં તો હિંદી અને મરાઠી કરતાં અનુવાદો થયા જ છે ઓછા.

પ્રાચીન ગ્રન્થોની અર્વાચીન સંસ્કૃત ટીકાઓ

ઉપર કહ્યું તેમ દેશી ભાષામાં ભાષાન્તરો થવા માંડ્યા, છતાં એનો ઉપયોગ અલ્પજ્ઞો માટે છે એવી ભાવના વિદ્વાન વૈદ્યોમાં રહી છે અને અર્વાચીન કાળમાં સંસ્કૃતમાં સારી ટીકાઓ લખાઈ છે. આ જમાનામાં સંસ્કૃતમાં ટીકાઓ લખવાનું માન મુખ્યત્વે બંગાળાને ફાળે જાય છે. બંગાળામાં વૈદ્યજ્ઞાતિ હોવાથી કે ગમે તે કારણથી ત્યાંના વૈદ્યોમાં સંસ્કૃતનો અભ્યાસ વધારે જળવાઈ રહ્યો હતો અને એ કારણથી પુનરુત્થાન પણ ત્યાં જ શરૂ થયું.

ચરકની જલ્પકલ્પતરુ ટીકા—મુર્શિદાબાદના કવિરાજ ગંગાધરજી[1] ઈ. સ. ૧૭૯૮ માં જન્મ્યા હતા, અને જૂની રીતે

૧. કવિરાજ ગંગાધરના જીવનચરિત્ર માટે જુઓ આયુર્વેદ મહામંડળનો રજત જયંતી ગ્રન્થ, દ્વિતીય ભાગ, પૃ. ૧૨૨.

અધ્યયન કર્યા પછી ૨૧ વર્ષની ઉમરે ચિકિત્સા શરૂ કરી. એ વખતના તેઓ પ્રથમ પંક્તિના વૈદ્ય ગણાતા હતા; એટલું જ નહિ, પણ સર્વશાસ્ત્રજ્ઞ ગણાતા હતા.

આ કવિરાજ ગંગાધરજીએ વૈદ્યકેતર વિષયો ઉપર પણ અનેક ગ્રન્થો લખ્યા છે અને વૈદ્યક વિષયો ઉપર ઘણા ગ્રન્થો લખ્યા છે; પણ અહીં જે પ્રસ્તુત છે તે તો ચરક ઉપરની એમણે લખેલી પાંડિત્યપૂર્ણ જલ્પકલ્પતરુ ટીકા છે.[૧] કવિરાજ ગંગાધરજી ૮૬ વર્ષની ઉમરે ઈ. સ. ૧૮૮૪માં સ્વર્ગવાસી થયા.

કવિરાજ ગંગાધરના શિષ્યો અને પ્રશિષ્યો મોટા વિદ્વાન અને ભારતવિખ્યાત થયા છે. એમના એક શિષ્ય કવિરાજ હારાણચન્દ્ર ચક્રવર્તી[૨] (ઈ. સ. ૧૮૪૯ થી ૧૯૩૫) પ્રખ્યાત વૈદ્ય થઈ ગયા. તેઓએ સુશ્રુત ઉપર સુશ્રુતાર્થસંદીપન નામનું ભાષ્ય લખ્યું છે.[૩]

કવિરાજ ગંગાધરજીના બીજા શિષ્ય મહામહોપાધ્યાય કવિરાજ દ્વારકાનાથ સેન (ઈ. સ. ૧૮૪૩ થી ઈ. સ. ૧૯૦૯), પણ કલકત્તાના બહુ પ્રખ્યાત વૈદ્ય થઈ ગયા.[૪] એમના પુત્ર અને શિષ્ય કવિરાજ યોગીન્દ્રનાથ સેન વૈદ્યરત્ન એમ. એ. (ઈ. સ. ૧૮૭૧ થી ૧૯૩૧) પણ કલકત્તાના પ્રખ્યાત વૈદ્ય હતા[૫] અને નિ. ભા. વૈદ્યસંમેલનના બે વાર પ્રમુખ થયા હતા. એમણે ચરક ઉપર ચરકોપસ્કાર નામની ટીકા લખી છે.[૬]

---

૧. આ ટીકા બરહામપોરમાં ઈ. સ. ૧૮૬૯માં પહેલી વાર છપાયેલ છે.

૨. હારાણચન્દ્ર ચક્રવર્તીનું ચરિત્ર રજત જયન્તી ગ્રન્થ, દ્વિતીય ભાગ, પૃ. ૭૬ માં છપાયું છે.

૩. સુશ્રુતાર્થસંદીપનભાષ્ય શક ૧૮૨૭ માં કલકત્તામાં છપાયું છે.

૪. રજત જયન્તી ગ્રન્થના પૃ. ૪૮૪ ઉપર દ્વારકાનાથ સેનનું ચરિત્ર છપાયું છે.

૫. એજન, પૃ. ૪૯૨ ઉપર ચરિત્ર છપાયું છે.

૬. ગ્રન્થકર્તાએ પોતે ઈ. સ. ૧૯૨૦ માં કલકત્તામાં છપાવેલ છે.

યોગસંગ્રહગ્રન્થો—યોગસંગ્રહના જેવા ગ્રન્થો છેલ્લાં સેંકડો વર્ષથી રચાતા હતા તેવા અનેક ગ્રન્થો છેલ્લાં સો વર્ષમાં પણ રચાયા છે,[૧] પણ એમાંના કેટલાક ખાસ નોંધપાત્ર છે.

ભૈષજ્યરત્નાવલિ—બંગાળાના કવિરાજ શ્રી વિનોદલાલ સેનને પોતાના ઘરમાં મહામહોપાધ્યાય ગોવિંદદાસની રચેલી એક જીર્ણ શીર્ણ યોગસંગ્રહની પુસ્તિકા મળી આવતાં એમાં અનેક ગ્રન્થોમાંથી પોતાને ગમ્યા તેવા ઉમેરા કરી, એ પુસ્તિકાને હૃષ્ટપુષ્ટ બનાવી ભૈષજ્યરત્નાવલિ નામથી છપાવી છે. આ ગ્રન્થના યોગો વૈદ્યોમાં—વિશેષ કરીને બંગાળાના વૈદ્યોમાં—ખૂબ પ્રચલિત છે. એમાં ઔપસર્ગિકમેહ અને શીર્ષામ્બુ જેવા નવા રોગોનું દાક્તરી વૈદ્યકમાંથી લઈને વર્ણન પણ લખ્યું છે.

કવિરાજ વિનોદલાલ સેને આયુર્વેદવિજ્ઞાન નામનો સૂત્ર, શારીર, દ્રવ્યસ્થાન, નિદાન, ચિકિત્સન એ રીતે પાંચ સ્થાનોમાં આયુર્વેદનાં શારીર, નિઘંટુ, યંત્રશાસ્ત્રોનું વર્ણન વગેરે સર્વ અંગોના વર્ણનવાળો એક ગ્રન્થ છપાવ્યો છે. આ ગ્રન્થમાં ઉપર કહેલા નવા રોગોનું પણ વર્ણન છે.

નિઘંટુરત્નાકર—બ્રિટિશ હકૂમત સ્થપાઈ અને છાપખાનાં આવ્યાં તે પછી વૈદ્યકના ઉદ્ધારની જે વાસના આ દેશમાં જાગી અને છાપખાનાંની સગવડથી મોટા ગ્રન્થો રચી છપાવી શકવાની જે સગવડ મળી તેને પરિણામે નિઘંટુરત્નાકર જેવા ગ્રન્થો રચાયા છે એવું માનવામાં વાંધો નથી.

---

૧. ઉપર (પૃ. ૨૪૨ માં) નોંધેલ રસરત્નમણિમાલા સંસ્કૃતમાં થયેલી માત્ર યોગોના સંગ્રહની અમુદ્રિત રચનાનો સરસ દાખલો છે, જ્યારે શ્રી રઘુનાથ શાસ્ત્રી દાતયે અને કૃષ્ણશાસ્ત્રી ભાટવડેકર એ બેએ તૈયાર કરી છપાવેલો મરાઠી વૈદ્યસારસંગ્રહ (જેનું ગુજરાતી ભાષાન્તર પણ છપાયું છે) મુદ્રિત રચનાનો સારો દાખલો છે.

ઈ. સ. ૧૮૬૭માં વૈદ્યવર્ય વિષ્ણુ વાસુદેવ ગોડબોલેએ વૈદ્યવર્ય ગણેશ રામચંદ્ર શાસ્ત્રી દાતાર આદિ દક્ષિણી વૈદ્યો પાસે તૈયારી કરાવી શેઠ હંસરાજ કરમશી રણમલ્લ જેવા ગુજરાતી શેઠિયાએ આપેલા મોટા આશ્રયથી મરાઠી ભાષાન્તર સાથે નિઘંટુરત્નાકર ત્રણ ભાગમાં છપાવ્યો હતો.[૧] આ ગ્રન્થ આયુર્વેદના ગ્રન્થોમાંથી મૂળ વચનો જ ઉતારીને તૈયાર કરવામાં આવ્યો છે. ઔષધિગુણદોષ, પરિભાષા, પંચકષાય, સુશ્રુત શારીર, અષ્ટવિધ પરીક્ષા, ધાતુશોધનમારણ વગેરે, પારદ, મહારસ, ઉપરસ, રત્નો, અર્કપ્રકાશ, અજીર્ણમંજરી વૈદ્યકશાસ્ત્રીય પારિભાષિક કોષ, રોગવિજ્ઞાન અને ચિકિત્સા એ રીતે વિભાગો પાડીને સંગ્રહ કરવામાં આવ્યો છે.

બૃહન્નિઘંટુરત્નાકર—ઉપર નોંધેલા નિઘંટુરત્નાકરથી પણ બૃહત્કાય આ ગ્રન્થ પં. દત્તરામ ચૌબેદ્વારા સંકલિત તથા ભાષા ટીકા સહિત છ ભાગમાં વેંકટેશ્વરમાં છપાયો છે. જ્યારે આ બૃહન્નિઘટુરત્નાકરના સાતમા આઠમા ભાગ તરીકે લાલા શાલગ્રામસંકલિત શાલગ્રામનિઘંટુભૂષણના બે ભાગની યોજના કરી છે. આ સાતમા-આઠમા ભાગમાં સંસ્કૃત, હિંદી, બંગલા, મરાઠી, ગુજરાતી, દ્રાવિડી વગેરે ભાષાનાં નામો સાથે ઔષધોનું ગુણવર્ણન છે.

બૃહન્નિઘંટુરત્નાકર વિશે મને વિશેષ ખબર નથી. એની શુદ્ધિ વિશે હું સાશંક છું, પણ નિઘંટુરત્નાકરનો તો એ છપાયા પછી અને રસયોગસાગર છપાયા પહેલાં દક્ષિણી અને ગુજરાતી વૈદ્યોમાં ઘણો ઉપયોગ થતો જોયો છે. પણ ભારે કદના આવા સર્વસંગ્રહાત્મક ગ્રન્થો કરતાં ચૂંટેલા પાઠોવાળા અને બનાવટમાં તથા યોગની પસંદગીમાં પોતાના અનુભવોનો દાવો પણ

---

૧. ઈ. સ. ૧૯૩૬ માં આ મોટા ગ્રંથની આવૃત્તિ બીજી, બે ભાગમાં, છપાઈ, કાગળ વગેરે સુંદર બહિરંગમાં તથા મરાઠી ભાષાન્તર અને મૂળ વચનોની શુદ્ધિની બાબતમાં તથા ગોઠવણમાં ઘણા જ ઇષ્ટ સુધારા સાથે નિ. પ્રે. તરફથી છપાયેલ છે.

કરવામાં આવ્યો હોય એવા ગ્રન્થો તરફ વિશેષ આકર્ષણ દેખાતાં હાલમાં શ્યામસુંદરાચાર્યવિરચિત (શ્યામસુંદર રસાયનશાલા, ગાયઘાટ, કાશીમાં છપાયેલ, તૃતીયાવૃત્તિ, ૧૯૩૫) રસાયનસાર તથા ઠાકર નાથુસિંહ વર્માનો (કાલેડા–બોગલા, પો. કેકડી, જિલ્લા અજમેર, દ્વિતીયાવૃત્તિ, ૧૯૩૮) રસતન્ત્રસાર અને સિદ્ધપ્રયોગસંગ્રહ બેય હિંદી ભાષા ટીકાવાળા ગ્રન્થો, ખાસ ઉદાહરણરૂપ ગણાય એવા ગ્રન્થો છે.

પણ જૂની વસ્તુના સંગ્રહ સાથે સ્વાનુભવની ઝળક જેમાં પદે પદે દેખાઈ આવતી હોય એવો ગ્રન્થ તો સિદ્ધભેષજમણિમાલા છે. મૂળ અમદાવાદ(ગુજરાત)ના પણ જયપુરમાં ચાર પેઢીથી વસેલા ભટ મેવાડા જ્ઞાતિના શ્રી. કૃષ્ણરામ વ્યાસનો રચેલો આ ગ્રન્થ છે.[1] એમના પિતા કુન્દનજીએ પણ 'હિકમન્મન્દારબન્ધ' નામનો ગ્રન્થ લખેલો. સિદ્ધભેષજમણિમાલામાં જૂના ગ્રન્થોનાં વચનોનો સંગ્રહ નથી, પણ જૂના ગ્રન્થોમાંથી, યુનાની વૈદ્યકમાંથી તથા વ્યવહારમાંથી વસ્તુ લઈને ગ્રન્થકર્તાએ સ્વતંત્ર રચના કરી છે, અને એ કારણથી આયુર્વેદિક સાહિત્યમાં એ ગ્રન્થનું ખાસ સ્થાન છે.

રસયોગસાગર—ઉપર નિઘંટુરત્નાકર અને બૃહન્નિઘંટુરત્નાકર એ બે મોટા સંગ્રહગ્રન્થોની વાત કરી છે. એથી કાંઈક જુદા ધોરણ ઉપર રસયોગસાગરમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રકાશિત તથા અપ્રકાશિત—અપ્રકાશિતમાં તો કેટલાક દુર્મિલ ગ્રન્થોને ભારે પ્રયત્નથી મેળવીને યાવદુપલભ્ય ગ્રન્થોમાંથી જેમાં કેવળ રસયોગોનો હિંદી ભાષાંતર સાથે ઉલ્લેખપૂર્વક સંગ્રહ કરવામાં આવ્યો છે તે રસયોગ-

૧. સિદ્ધભેષજમણિમાલા, ગ્રન્થકર્તાના શિષ્ય અને ભારતપ્રસિદ્ધ લક્ષ્મીરામ સ્વામીની ટિપ્પણીઓ સાથે કર્તાના પુત્રે સં. ૧૯૫૬ માં વેંકટેશ્વર પ્રેસમાં છપાવ્યો છે. આ ગ્રન્થનો શ્રી. બા. ગ. વૈદ્યે કરેલો સરસ ગુજરાતી અનુવાદ 'આયુર્વેદ વિજ્ઞાન'ના છેલ્લા અંકોમાં કટકે કટકે છપાતો હતો.

સાગર સ્વ. પં. હરિપ્રપન્નજીનું નામ ચિરંજીવ રાખે એવો ગ્રન્થ છે.[1]

ભારતભૈષજ્યરત્નાકર—ઉપરના જેવો જ પણ જેનો આરંભ પહેલાં થયેલો પણ મોટો ભાગ રસયોગસાગર પછી તૈયાર થયેલો તેવો આ ગ્રન્થ છે. પણ એમાં કેવળ રસયોગોનો નહિ, પણ ક્વાથ, ચૂર્ણ, ગુટિકા, તેલ, વગેરે સર્વ બનાવટોનો ભાષા ટીકા સામે સંગ્રહ કરવામાં આવ્યો છે.[2] રસયોગસાગરનો આ ગ્રન્થના પછી તૈયાર થયેલા ભાગોને લાભ મળ્યો હોય એ સ્વાભાવિક જ છે.

બ્રિટિશ અમલ સાથે આધુનિક વિજ્ઞાનનો પણ આ દેશમાં પ્રવેશ થતાં એની સહાયથી આપણી જૂની વિદ્યાઓને નવું જીવન આપવાના પુષ્કળ પ્રયાસો થયા છે એ સામાન્ય હકીકત છે. આયુર્વેદની સાથે સંબંધવાળા એ પ્રકારના થોડા પ્રયાસોની, તેઓ આયુર્વેદની વર્તમાન સ્થિતિના પ્રકાશક તથા ભાવિના સૂચક હોવાથી, અહીં અતિ ટૂંકામાં પણ નોંધ કર્યા વગર ચાલે નહિ,

બંગાળાના કવિરાજ ગંગાધરજીની પહેલાં બે વર્ષે એટલે ઈ. સ. ૧૭૯૬ માં જન્મેલા જામનગરના પ્રશ્નોરા વૈદ્ય વિઠ્ઠલ ભટ્ટે[3] જાતે કોઈ ગ્રન્થ લખ્યો નથી, પણ એમના શિષ્ય જૂનાગઢના પ્રશ્નોરા વૈદ્ય રૂગનાથ ઇન્દ્રજીએ નિઘંટુસંગ્રહ નામનો જે ગ્રન્થ લખ્યો છે તેમાં આધુનિક વનસ્પતિશાસ્ત્રનો પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી આદિની મદદથી થોડો પણ લાભ લેવામાં આવ્યો

---

૧. રસયોગસાગર કર્તાએ જ ભાસ્કર ઔષધાલય, મુંબઈ નં. ૨ માંથી સં. ૧૯૮૪ અને ૧૯૮૭ માં બે ભાગમાં છપાવ્યો છે,

૨. ભારતભૈષજ્યરત્નાકર વૈદ્ય ગોપીનાથ ગુપ્તની ભાષા ટીકા સાથે સં. ૧૯૮૧ થી ૧૯૯૩ વચ્ચે પાંચ ભાગમાં ઊંઝા આયુર્વેદિક ફાર્મસી તરફથી પ્રકાશિત થયો છે.

૩. આ વિઠ્ઠલ ભટ્ટ તથા એમની શિષ્યપરંપરાની નોંધ 'ગુજરાતનું વૈદ્યક સાહિત્ય' નિબંધમાં લીધી છે. (જુઓ વૈદ્યકલ્પતરુ, ૧૯૧૬)

છે. એ પ્રકારનો એ પહેલો નિઘંટુ છે.[1] બીજો બંગાળના કવિરાજ વિરજાચરણ ગુપ્તનો વનૌષધિદર્પણ[2] છે અને ત્રીજો ભાઈ બાપાલાલ ગ. વૈદ્યનો નિઘંટુઆદર્શ છે.[3] આ વિષયના આ ત્રણ ગ્રન્થોની જ નોંધ નમૂના તરીકે પૂરતી છે.[4] વળી, અહીં સંસ્કૃત અથવા ગુજરાતી ગ્રન્થોની જ નોંધ લઈ શકાય એમ છે; મરાઠી, હિંદી આદિ ભાષાના ગ્રન્થોની નોંધ શક્ય નથી.

રસશાસ્ત્રનો આ પ્રકારનો ગ્રન્થ પં. સદાનન્દ શર્માએ સંસ્કૃત પદ્યમાં રચેલો અને સં. ૧૯૮૧ માં કવિરાજ નરેન્દ્રનાથ મિત્રે લાહોરથી છપાવેલો રસતરંગિણી નામનો છે, જે વૈદ્યોમાં ઘણો વપરાય છે.

